
Saurashtra Ni Rasdhar Vol.III) (Gujarati Edition)

Meghani, Jhaverchand


સૌરાષ્ટ્રની રસધાર
3
ઝવેરચંદ મેઘાણી

સૌરાષ્ટ્રની રસધાર
૩

ઝવેરચંદ મેઘાણી

અનુક્રમણિકા

લેખકનું નિવેદન

'દિ લાવર સંસ્કાર' નામનો લાંબો પ્રવેશક આ પુસ્તકમાંથી બાદ દઈને, લોકસાહિત્યના મારા તમામ વિવેચન-લેખોના જે બે સંગ્રહો 'લોકસાહિત્ય' તથા 'ધરતીનું ધાવણ' નામે મેં જુદા પાડેલા છે, તેમાંના બીજામાં મૂકી આપેલ છે, 'રસધાર' વગેરે વાર્તાઓના વાચન પછી, સોરઠી સંસ્કાર જીવનનું અને લોકસાહિત્યનું હાર્દ પકડવા માટે તેમ જ ઉચ્ચ અભયાસ માટે એ બેઉ અલગ સંગ્રહો વાંચવા મારી સૌને ભલામણ છે.

ઝવેરચંદ મેઘાણી.

૧૯૪૪

'' આ આવૃત્તિમાં પણ વધુ પુનઃ સંસ્કરણ કરવાનું ચાલુ રહ્યું છે. દરેક વાર્તાને ફરી તપાસી, શૈલીની કઠોરતા તેમ જ વિચારની અતિશયતા દૂર કરી છે. પ્રવેશકમાંથી પણ આવેશીલા લાગતા કેટલાક ફકરા બાદ કર્યા છે.

સનાળીવાળી ચારણ - સ્નેહી શ્રી ગગુભાઈને મેં સદાને માટે ગુમાવ્યા છે. પણ આમાંની કેટલીક વાર્તાઓ ફરી તપાસતાં એમનું સ્મરણ ફરી લીલુંછમ થાય છે.

ઝવેરચંદ મેઘાણી.

રાણપુર : ૮-૭-૪૧

'ર સધાર'ના સમગ્ર સાહિત્ય માટે જે આદર જન્મ્યો છે તેમાં આ ત્રીજી ધારાને ભાગે

સર્વથી અધિક લોકાદર જમા થયાની વાતનો સ્વીકાર કરતાં અંતઃકરણ વાચક-જનતા પ્રતિ આભારભીનું બને છે, મુદ્રણની મુશ્કેલીઓ ન નિવારાય તેવી હોવાથી છેલ્લા એક વર્ષથી આ બીજી આવૃત્તિની છપાઈ ઠેલાયે જતી હતી, અને વાચકોની ઉત્સુકતાને ધક્કા મારવા પડતા હતા, છેવટે અત્યારે, શૈલી અને સામગ્રીનું બન્યું તેટલું શુદ્ધીકરણ કરીને, જાહેર પ્રજા સન્મુખ આ નવી આવૃત્તિ ધરી શકાઈ છે.

આટલો આદર મળ્યાની પ્રતીતિ થયા પછી પણ હું આ સંગ્રહની ત્રુટીઓ વિષે, ઘણું કરીને તો, ભ્રમણામાં નથી જ પડી રહ્યો. કેટલીએક સ્વતઃ સૂઝેલી તેમ જ કેટલીએક ટીકાકારોએ સૂચવેલી ત્રુટીઓનું નિવારણ મને જેટલું જરૂરી લાગ્યું તેટલું હું કરતો જ આવું છું – તેમ હવે પછી પણ, વિના શરમે, કરતો જ રહીશ. મારા આલેખનની તેમ જ વિવેચનની અંદર નવી અને જૂની યુગદૃષ્ટિની અથડાઅથડીનું જ્યાં જ્યાં મને ભાન થતું જાય છે, ત્યાં ત્યાં મેં શબ્દરચનાને નિર્દોષ બનાવવાની સાવધાની વાપરી છે. ધૂળમાંથી ખોદી યથામતિ સાફ કરેલી આ ધાતુ શાણા વાચકોના વિવેકની ભઠ્ઠીમાં તવાઈને શુદ્ધ કંચન બને તે જ મારો કોડ છે. મારું શોધેલું હોવાને કારણે એ સોનું જેવું મે રાખ્યું તેવું મેલું જ રહેવું જોઈએ – એવા અહંભાવથી બચવા હું સતત પ્રયત્નશીલ છું.

'દિલાવર સંસ્કાર'વાળો મારો પ્રવેશક આજથી ત્રણ વર્ષ પૂર્વે લખાયો છે. અને એ લાંબો હોવા છતાંયે અપૂર્ણ જ છે. કેવળ આ કથાઓમાંથી જ નહિ, પણ રાસ, ભજનો, વ્રતો, મર્મભાષિતો, રીતરિવાજો, કલાકારીગરી ઇત્યાદિ સાહિત્ય તેમ જ જીવનનાં તમામ અંગોની છણાવટથી જ સોરઠી સંસ્કૃતિના ગુણદોષનું નવનીત વલોવી શકાય. આવો એક પ્રયાસ કરવાનો મનોરથ મનમાં ઘોળાય છે.* પરંતુ અત્યારે તો, મારા જુદા જુદા સંગ્રહની અંદર જુદા જુદા જ પ્રવેશકો મૂકી શક્યો છું – અને તેમાં પણ મુખ્ય દોર ભાવના જાગ્રત કરવાનો રહે છે. એ રીતે, આ પુસ્તકો માંહેલા

1. *આવા પ્રયાસરૂપે મેં ' લોકસાહિત્ય : ધરતીનું ધાવણ ' એ નામના મારા પ્રવેશકો તેમ જ ઇતર લેખોના બે ખંડો પ્રકટ કરેલ છે.

પ્રવેશકની પરિમિતતા ટાળવા ખાતર પાઠકે મારા અન્ય પ્રવેશકો

પણ તપાસી જાય એટલું માગું છું; સમગ્રતાની દૃષ્ટિ પકડવા માટે આટલું આવશ્યક ગણું છું.

ઝવેરચંદ મેઘાણી

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર

માગશર પૂર્ણિમા : સં. ૧૯૮૫

૬ રેક વખતે લખાતાં નામોમાં આ વખતે એક પ્રિય નામ ઉમેરવાનું બને છે : ગઢવીશ્રી ગગુભાઈ રામભાઈ નીલાનું. સૌરાષ્ટ્રના નાનકડા કાઠી-સંસ્થાન વડિયા-તાબે સનાળી ગામ, જે આ 'રસધાર' માંહેલા વીર રાઠોડ ધાધલની શેષ યુદ્ધલીલાની યશભૂમિ છે, ત્યાંના રહીશ આ શ્રી ગગુભાઈ ગઢવીએ મારા પ્રત્યે શુદ્ધ સ્નેહભાવથી પ્રેરાઈને મને કેટલીએક વાર્તાઓ આપી છે, અને કાઠી જાતિની સંસ્કૃતિનો વિશેષ પરિચય કરાવ્યો છે. એમની ખ્યાતિ જેતપુર પંથકનાં કાઠી રાજ્યોમાં સારી છે. એમની રસભરી વાર્તાશૈલીનો આસ્વાદ 'ગુજરાત મહાવિદ્યાલય'નાં બહેન બધુંઓએ લીધો છે ને હજી એ સ્મૃતિ જાળવી છે. એમના પૂર્વજ કશિયાભાઈ ગઢવી તદ્દન નિરક્ષર તથાપિ કોઈ સંતની કૃપા પામીને ધુરંધર ચારણ કવિ થયા હોવાનું પ્રસિદ્ધ છે. સોરઠના ચારણ કવિઓનો ઇતિહાસ લખીશ તે વેળા કશિયાભાઈનો સંપૂર્ણ પરિચય કરાવીશ. શ્રી

ગગુભાઈની છાપ તો ભવિષ્યના ભાગોમાં પણ પડતી જ આવશે.

બીજું નામ હડાળા દરબાર શ્રી વાજસુર વાળા સાહેબના આશ્રિત ગઢવી શ્રી જલાભાઈનું છે. પોતાની ઠાવકી અને વ્યવહારુ બુદ્ધિ વડે એમણે કાઠી ઇત્યાદિ કોમોના રીતરિવાજ, ખાનપાન, વસ્ત્રાભૂષણ વગેરેની સમજ પાડી સોરઠને વધુ ઓળખાવ્યા છે.

પ્રથમ ભાગમાં કોઈ ચોક્કસ ભાષાશૈલી નહોતી સ્વીકારી. બીજા ભાગમાં સોરઠી પરિભાષા તથા વાક્યરચના લાવવાની શરૂઆત થઈ. ત્રીજા ભાગમાં એ અસલી ભાષાશૈલીને જરા જોર અપાયું છે, જેની જીવનકથાઓ આલેખાય છે તેઓની જ ભાષા યોજાવી જોઈએ – નહિ તો ભાવો માર્યા જાય છે, ને અસલી જીવનની જોરદાર છાપ ઊઠતી નથી, અને ભાષા તો જીવનની તસવીર છે, માનવ-ઇતિહાસની જિહ્વા છે : એને ન ઓળખીએ તો જીવનની સાચી ઓળખાણ ક્યાંથી ? આજનો માનવી સ્વાભાવિક જીવનથી દૂર ચાલ્યો ગયો છે; તેટલે દરજ્જે અસલી ભાષાનું જોર એ હારી બેઠો છે. કૃત્રિમતાના લોચા વાળતી આપણી જીભ અને નિશ્ચેતન વર્ણસંકરી વાણીને ટેવાયેલા આપણા કાન અવશ્ય પુરાણી શુદ્ધ ભાષાને જલદી ઝીલી નહિ શકે, તથાપિ, અસલી વીર-જીવનના સાચા પડછંદા ઝીલવા હોય તો થોડી મહેનત લઈ એ જૂની ભાષામાં પ્રવેશ કરવો. પણ આ યુગમાં એ સહુને માટે સહેલ નથી. શબ્દકોશ વગેરે સાધનો વાટે આપણે પરસ્પર મહેનત કરવી રહી.

ઝવેરચંદ મેઘાણી
સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર

જન્માષ્ટમી : સં. ૧૯૮૧

દિલાવર સંસ્કાર

ભાતીગળ ફાલ

બગીચામાં રંગબેરંગી ફૂલો ખીલતાં હોય છે પણ કોઈ કોઈ ફૂલોની પાંખડીએ પાંખડીએ એકસામટા સાત સાત રંગોની ભાત પડેલી દીસે છે તેનું કારણ શું હશે ? પુષ્પોનાં વિધવિધ પુંકેસરો ઊડીને વિધવિધ સ્ત્રીકેસરો ઢળી પડ્યાં, એના અંતરમાં ઉતારા કરી લીધા, એમાંથી આવો ભાતીગળ ફાલ નીપજ્યો. ગુલાબોએ અને ગલગોટાએ કંઈ કંઈ રંગો બદલ્યા છે, ને હજુ લોહીમિશ્રણ પુષ્પોની દુનિયામાં ચાલી રહ્યું છે. એમાંથી નવાં નવાં અનેક છાંટણા લઈને નવીન સૌંદર્યની રમઝટ જામશે.

પુષ્પની દુનિયામાં જે બન્યું તે આ સોરઠી પ્રજાની દુનિયામાં પણ બની ગયું. આજે 'કાંટિયા વરણ' કહીને જેની આપણે અવગણના કરી છે, તે બધી જાતિઓના ચહેરા નીરખીને જુઓ : એના પહેરવેશ, રીતરિવાજ, દાઢીમૂછના વળાંક, આંખોની અણીઓ અને ભમરનાં ભાલાં નિહાળો; એની રમણીઓના અંગ-લાવણ્ય, અવાજની મીઠાશ, ગાવાની હલક, ઓરડાની કલા-કારીગરી, સીવણગૂંથણના શણગાર, એ બધું તપાસો; એ બધામાં અનેકવિધ સંસ્કારોની રળિયામણી ભાત પડી છે. એક મેરાણીના દેહને નિહાળો; ચોવીસેય કલાક પરિશ્રમ કરતી કણબણ જેવા એના સ્નાયુઓ છે, રાતદિવસ ધૂળમાં રોળાતા એ અંગોમાં રાણીવાસની કોઈ તન્વંગી રજપૂતાણીનાં રૂપ નીતરે છે, અને છતાંય કામદેવની કામઠી સરીખાં એનાં નેણની નીચે કોઈ ચારણી જોગમાયાની અગ્નિઝરણી આંખો ઝગે છે. એવી જ રીત એના પુરુષને તપાસો અને પછી એ સાંતી હાંકતો કણબી છે, થોભાળો રજપૂત છે કે દેવીને પૂજક કોઈ

ચારણ છે, તે શોધવાની રમણીય મૂંઝવણ અનુભવો.

સુવાસ ને સુરંગો

બગીચાની અંદર વસંતના વાયરા વાયા અને સેંકડો પુષ્પો જાણે હોરી ખેલવા નીસરીને સામસામાં પોતાના પરમાણુઓ ફેંકી ફૂલદડે રમ્યાં. એમ રમતાં રમતાં કંઈ કંઈ વર્ષો વીત્યે ભાતભાતના રંગબેરંગી પાકા છાંટા પરસ્પરની પાંખડીઓ પર ઉપડી આવ્યા. ભભક પણ અકેક ફૂલમાંથી જાણે વિવિધ જાતની ફોરી. એમ કાઠીઓ અને કોટીલાઓ, મેરો ને ખસિયાઓ, આયરો ને ચારણો, એ બધા પણ ભાતભાતના લોહીમિશ્રણમાંથી રંગાઈને ખીલેલાં માનવ-પુષ્પો છે. અને એવી મિલાવટમાંથી જન્મેલી સુવાસ સોરઠી સાહિત્યરૂપે, શૌર્ય કથાઓને અને પ્રેમકથાઓને રૂપે, સુખદુઃખના રાસડાઓ, વાજિંત્રો, કલા-કારીગીરીઓ અને ગાર-ગોરમટીને રૂપે મંદ મંદ મહેકી રહી હતી. સોરઠી જીવનને એણે સુવાસિત બનાવ્યું હતું. આજ એ સુવાસ બંધ પડી છે. એ રંગોની ઉપર રજ ચડી છે. આજ સંસ્કૃતિનાં પારણામાં હીંચેલી એ બધી જાતિઓ બલાત્કારે જીવે છે. વિકૃત બનીને ઊલટું આપણી સંસ્કૃતિને વિશે ભુલાવો ખવરાવે છે.

કોટીલા

સોરઠી પ્રજાજીવનનો એ નવરંગી ફાલ કેવી રીતે ઊતરતો આવ્યો છે ? પાંચસો વર્ષ પૂર્વે શિહોરના રાજમહેલમાંથી એક બ્રાહ્મણ પોતાનો જીવ લઈને નાસતો હતો. એની પાછળ મોત પોકારતું હતું. સાંજ પડી ત્યાં તળાજા ગામના પાદરમાં આવીને એનું થાકેલું શરીર ઢગલો થઈ ગયું. ભૂખ લાગી હતી. ગામમાંથી આટો આણ્યો. આસપાસથી અડાયાં વીણીને આગ પેટાવી. પણ પાસે વાસણ નહોતું. આટો રૂમાલમાં નાખીને એમાં નાખ્યું પાણી. પાણી શી રીતે રહે ? લોટ મસળાતો નથી, ભૂખે અંધારાં આવે છે, માથે મોત ગાજે છે, ધુમાડો લાગવાથી નેત્રોમાં પાણી ઝરે છે. દુઃખનાં આંસુએ એ ધુમાડાનાં આંસુઓની સાથે ભળીને શ્રાવણ-ભાદરવાની ધારા સરજાવે છે. સામી વાવને કાંઠે બે યુવતીઓ બેઠેલી. કુમારિકા નણંદે કહ્યું : ભાભી, જુઓ તો ખરાં, બિચારો બ્રાહ્મણ કેવો દુઃખી થાય છે ! કોઈ દિવસ કર્યું નથી લાગતું. લાગે છે કોઈક સુંવાળું માણસ, ભાભીએય દયા ખાધી : નણંદ તો મુસાફર સામે જોતી જાય ને ઊદ્‌ગારો કાઢતી જાય : ભાભીથી ન રહેવાયું. બહુ દયા આવતી હોય તો જઈને એના રોટલા ઘડો ને બા : વાહ વાહ ભાભી, ભોજાઈ તો માને ઠેકાણે; માની આજ્ઞા મળી ગઈ. લ્યો રામ રામ : તરુણીને મોઢે શરમના શેરડા પડ્યા હતા. દેહમાંથી જાણે રૂપનાં ટીપાં નીતરતાં હતાં. એ કુમારિકા બ્રાહ્મણના મંગાળા પાસે ગઈ. ઊઠો મહારાજ, આજથી તમારા જ રોટલા ઘડીશ : બ્રાહ્મણનું બધું દુઃખ કોઈ અમંગળ સ્વપ્નની માફક ઊડી ગયું. મીઠી મીઠી નજરે ટગરટગર ટાંપી રહ્યો : ફરી અવાજ આવ્યો, ઊઠો : પણ તમે કેવાં છો ? અમે ધાંખડા બાબરિયા : અરર ! હું બ્રાહ્મણ વટલી જાઉં : ના, ના, પ્રીતિને વળી વટાળ કેવા ! ઊઠો : બ્રાહ્મણ ઊઠ્યો, ત્યાં શાસ્ત્ર નહોતું, પુરોહિતના મંત્રોચ્ચાર નહોતા, સપ્તપદી, ચોરી, કાંઈ નહોતું, ત્રણ પથ્થરના મંગળામાં અગ્નિદેવ બળતા હતા. તેની સાક્ષીએ લગ્ન થયાં : બ્રાહ્મણ ને બાબરિયાનાં રક્ત મળ્યાં. ગામના રાજા એભલ વાળાએ દંપતીને દુવા આપીને ટીલું કર્યું ; પણ કપાળે નહિ, કોટે : કારણ કે બ્રાહ્મણ વટલ્યા : તિલક એટલું નીચું ઊતર્યું. એ બ્રાહ્મણ હતો શિહોરનો રાજા ત્રિકમ જાની, અને એ રમણી એક બાબરિયાની દીકરી : આજે એ લગ્નનું કોઈ સાક્ષી છે ? કોઈ શિલાલેખ ? કોઈ પાળિયો ? અરે ભાઈ, કોટીલા નામની આખી જાતિ જ આજ મોજૂદ છે. એને ઘેર રાજ ચાલ્યાં આવે છે. જંજીરાના હબસી રાજાને હંફાવનાર ડેડાણનો દંતો કોટીલો સોરઠી ઇતિહાસનું

એક તેજસ્વી પાત્ર છે.

ખસિયા

સાતસો વરસ પહેલાંની એક બીજી પ્રેમકથા સંભારો : ગંગાજળ જેવા પવિત્ર ગોહિલકુળને લઈને આ સોરઠમાં ભક્ત વીર સેજકજી પધાર્યા. પોતાના ભાઈઓ સહિત એક વખત મૃગયા ખેલવા નીકળ્યા, એક ભાઈ રસ્તો ભૂલીને એકલો પડી ગયો. ભાલ કાંઠાના ખસ ગામને પાદર નીકળ્યો. બપોરનો કાળો તડકો સળગતો હતો. ચારકોસી એક વાડીના લેલુંબ વડલાને છાંયડે એ ભૂખ્યો રાજકુમાર ઘાસિયો પથારીને પોઢી ગયો. સાંજે આંખ ઉઘાડે ત્યાં તો પનિયારીઓનું વૃંદ ચાલ્યું આવે છે. 'સોનલા ઈંઢોણી ને રૂપલાં બેડલાં'નો રાસડો ગાજતો આવે છે. વચલી પનિયારીને માથે મોતીની ઈંઢોણું અને તે ઉપર પિત્તળનું ઊજળું બેડું. ધોરિયામાંથી છાલિયે છાલિયે બેડું ભરાવા લાગ્યું : રજપૂતે પાણી માગ્યું. રંભા જેવી એ પનિહારીએ છાલિયું ભરીને હેમની દીવી જેવો પોતાનો હાથ લંબાવ્યો. રજપૂત છાલિયું હોઠે માંડ્યું. પૂરુ પી ન શક્યો, કેમકે એની બે આંખો પેલી પનિયારીના સૌંદર્યને પી રહી હતી. છાલિયું પાછું દેતાં દેતાં રજપૂત પૂછે છે કે, કેવાં છો ! જવાબ મળ્યો : કોળી : અ ર ર ર ! હું વટલી ગયો : પનિયારી મોં મચકોડી બોલી : બહેનો, પાણી પીને પછી જાત પૂછે એનું નામ ? પનિયારીઓએ સામટો ઉત્તર દીધો : 'ગમાર.' રજપૂત જોતો રહ્યો. આખું વૃંદ બેડાં ભરીને ગાજતેવાજતે ગામમાં ગયું. શોધ કરતા કરતા સેજકજી આવી પહોંચ્યા. વિસાજીભાઈ, ચાલો. પણ વિસાજી તે શી રીતે ચાલે ? ભાઈ, હું તો વટલી ગયો : અરે વટલ્યો હો તો ગંગાજીએ જઈએ : ના ના, એ ડાઘ તો અંતર પર પડ્યા; ગંગોદક વડેય ન જાય. એ તો સાત જન્મારાના સ્નેહ-વટાળ : ગામના કોળી દરબારની એ કુંવરીની સાથે વિસોજી ગોહિલ પરણ્યો. ખસ ગામ ઉપરથી એની ઓલાદનું નામ 'ખસિયા' પડ્યું. ખસિયાની રાજવટે પણ ક્ષત્રીવટની માફક ખાંડાના ખેલ કરી જાણ્યા છે. એમાંયે મિતિયાળાના વીજ ખસિયા ને મહુવાના જસા ખસિયા જેવા બળિયા જન્મ્યા છે. એણે નાનાં નાનાં રાજ માણ્યાં છે. આજ પણ એ રાજવેલ, છૂંદાયલી ને કચરાયલી છતાંયે કોળી રહી છે. કારણ કે એનાં મૂળમાં તો પ્રેમલગ્નનાં મીઠાં પાણી સિંચાયેલાં છે. ભાવનગર તાબે મહુવા પરગણામાં એનાં બાર ગામ હજુયે ખાય છે. લોકો કહે છે. કે હજુય ખસિયો પોતાની આંખ ઉપરથી ઓળખાય છે – કેરીની ફાડ જેવી એ આંખો ! લોહી-મિશ્રણનું આ બીજું રમ્ય દૃષ્ટાંત : નવલકથા કે દંતકથા નહિ, પણ તાજી જ ઇતિહાસ-કથા.

કાઠી

આજ જે વીર્યવંત જાતિનું નામ ધારણ કરીને આ કાઠિયાવાડ ઊભો છે, તે જાતિના બીજમાં પણ કેવાં મિશ્ર લોહીનાં મધુર સિંચન થયાં છે ? ઢાંકના સૂર્યપૂજક વાળા રાજાને જંગલી પટગર કાઠીઓની સહાય મળી. અથવા કોઈ કહે છે કે એણે પટગરોને સિંધના બાદશાહથી રક્ષણ આપ્યું. એ મહોબ્બતને તો વાળા રાજાએ પોતાની જાતનો ભાગ આપીને અમર બનાવી. પટગરની પુત્રી રૂપાંદેને એણે પોતાના પવિત્ર અંગની અર્ધાંગી બનાવી. ક્ષત્રીવંશમાંથી બહિષ્કાર મળ્યો તે એણે માથે ચડાવ્યો. શાસ્ત્રના ધર્મ ને જ્ઞાતિના ધર્મ કરતાં પણ વીરધર્મ એણે વધુ વહાલો કરી લીધો. રૂપાંદેનાં માવતરે કડક શરત મૂકી કે, 'મારા ભાણેજોની વચ્ચે ભેદભાવ રાખવા નહિ પાલવે.' વાળાએ એવા કરારને પણ મંજૂર રાખ્યો. આજ કાઠી રાજ્યના કુંવરો વચ્ચે પાટવી-ફટાયા જેવો ભેદ હોવાને બદલે 'ભાઈએ ભાગ' પ્રથા ટકી રહી છે તે પાંચસો વરસના પ્રેમપ્રેરિત, વીરધર્મપ્રેરિત રક્તમિશ્રણનો પુરાવો છે. વાળા, ખાચર અને ખુમાણ કાઠીઓનાં પચીસ હજાર જીવંત માનવીઓ એ બલિદાનની ઉચ્ચતા

ઉજવતાં આજ પણ ઊભાં છે.

મોટાભાઈ

હજુ તો થોડાં જ વર્ષ પૂર્વે પોરબંદર રાજની તખ્તનશીની વખતે જેઠવા રાજાના કપાળ પર જે લોહીનું તિલક કરવામાં આવ્યું હતું, તે લોહીનું ટીપુ કોનું હતું ? પોતાની ટચલી આંગળી વાઢનાર એ બખરલા ગામનો વીરમ પટેલ રાજસખા નામની મેર શાખાનો એક વંશજ છે. હનુમંતના સંતાન તરીકેનું ગૌરવ લેનાર જેઠવા વંશમાંથી એક સમયે એક આશક અવતર્યો. તેણે પોતાનો પ્યાર એક વનવાસિની મેર-કન્યાને સમર્પ્યો. પોતે પોતાની મેળે જ વંશભ્રષ્ટ થઈ ગયો. પોતે મોટો ભાઈ હોવા છતાંય રાજપાટનો હક્ક મૂકી દીધો. નાના ભાઈને ગાદીએ બેસાડી, પોતાની ટચલી આંગળીમાંથી લોહીનો ટશિયો કાઢી ભાઈને તિલક કર્યું. આજ એ 'મોટાભાઈ'નાં પ્રેમલગ્ન અને બલિદાનમાંથી ચાલેલી ઓલાદ મોજૂદ છે. બખરલાની મેર રમણીઓનાં લાવણ્યમાંથી આજે પણ જાણે એ પ્રેમ ને બલિદાનની સુગંધ મહેકે છે. મરદોની મુખ-કાન્તિમાં પણ પ્રેમશૌર્યવંત માબાપની લગ્ન-કથા લખાયેલી લાગે છે આજ પણ 'મોટાભાઈ' પદ ચાલ્યું આવે છે. એક પછી એક તમામ જેઠવા રાજાએ પોતાના રાજ્યારોહણને 'મોટાભાઈ'ના લોહીના તિલક વિના અધૂરું ગણ્યું છે. અને આજ જોકે વીરમ પટેલના લોહીનું તિલક લેવા પૂરતી એકતરફી જ વિધિ કરવામાં આવી છે, પરંતુ પ્રાચીન રિવાજ તો એવો ચાલ્યો આવતો હતો કે તિલક કરનાર 'મોટાભાઈ'ને રાજ તરફથી છડી વગેરે એનાયત થાય. આજ લગભગ ફરજિયાત અને એકતરફી બની ગયેલી આ ક્રિયામાં પણ એક સુંદર શોણિત-મિશ્રણની યાદગીરી રહી ગઈ છે.

ભીલ-ક્ષત્રી

નીલીછમ નાઘેરના દીવ પરગણામાં કોળીની એક શાખા વસે છે. ઘણું કરીને એની શાખ ગોહેલ છે. એ પ્રજા કોના વીર્યમાંથી જન્મી ? કોઈ કામી પુરુષનું એ વીર્ય નહોતું. એ તો હમીરજી ગોહિલનું તુખમ હતું. સોમૈયો મહાદેવ જેટલો એ જુવાનને વહાલો હતો તેટલો તો પ્રભાસના ઉપવીતધારી ને વેદગામી પૂજારી બ્રાહ્મણોને પણ નહોતો. ચારસો વરસ પહેલાં ત્રીજી વાર એ સોમનાથ પર ઇસ્લામની તલવારનો પડછાયો પડ્યો. બ્રાહ્મણો નાઠા. ક્ષત્રિયો લપાઈ ગયા. ત્યારે અરઠીલા ગામના ભર્યા ઘરમાંથી કુંવારો કનૈયો હમીરજી એકલો ચાલી નીકળ્યો. રસ્તે ગીરમાં વેગડા ભીલની મહેમાની સ્વીકારી. મોતને માર્ગે જતાં જતાં પણ એ ગંગાજળિયા ગોહિલને પ્રેમ લાગ્યો. કોની સાથે ? વેગડા ભીલની કાળી કાળી કન્યા સાથે. જીવનના ગોધૂલિ-સમયે, પહાડોની નિર્જન છાંયડીમાં, પ્રકૃતિના રમ્ય મંડપ નીચે એ લગ્ન હતાં. એક ઊંચી રજપૂત જાતિ, બીજી ભીલ જાતિ : એક જ રાત્રિનો ઘરવાસ : બીજે દિવસે સોમૈયાને શિર-સમર્પણ: એ લગ્નમાં વાસના ક્યાં હતી ? એક જ રાત્રિના સંબંધ માટે જીવનપર્યંતનું વૈધવ્ય સ્વીકારનાર એ ભીલ કન્યા કેવી હશે ? એક રાત્રિના એ દાંપત્યમાંથી એક જાતિ જન્મી ચૂકી. એ લગ્નને કે એ જાતિને કોઈએ અપમાનેલ નથી, લોકવાણીએ સત્કારેલ છે, એવાં બેનમૂન અને જાતવંત લોહી મિશ્રણ આ ભૂમિ પર થયાં છે.

સોરઠના પ્રેમભક્તોએ જ્યારે જ્યારે આત્માના ઉચ્ચ આદેશો સાંભળ્યા, ત્યારે રૂઢિનાં બંધનો કેવી નીરવ હિંમત રાખીને તોડ્યાં. અને એ આત્માની દિલાવરીમાંથી કેવાં મનુકુળ જન્મ્યાં, તે જોવાઈ ગયું. કોઈપણ જાતના મતપ્રચારની દૃષ્ટિએ આ હકીકતો નથી કહેવાતી. તેઓ પણ કાંઈ સુધારકો નહોતા. તેઓ તો પ્રેમમાર્ગના પ્રવાસીઓ હતા. એ માર્ગે જે મળે તે જીવન કે મૃત્યુ; તેને તેઓ આલિંગન દેતા.

ધર્મભાવના

જેમ જાતિ વચ્ચે ઝનૂનો નહોતાં, તેમ ધર્મભેદનાં ઝનૂનો પણ ઉચ્ચ માનવધર્મનો આદેશ ઊતરતાં કેવી રીતે શમી જતાં ! સોરઠનો અણનોંધ્યો ઇતિહાસ એ ધાર્મિક દિલાવરીની વિચિત્ર ઘટનાઓને સંઘરી રહ્યો છે. અને તે ઘટનાઓમાંથી કાવ્ય ફૂટ્યાં છે. વસ્તુતઃ તે ખુદ ઘટનાઓ જ સોરઠી જીવનનાં જીવતાં જાગતાં કાવ્ય જેવી છે.

હાલોજી

કેવાં વિરોધી દૃષ્ટાંતો ! જે રાણપુરમાં ધર્માંધ રાજા રાણજી ગોહિલ, સ્વાર્થી બ્રાહ્મણોનો શીખવ્યો, એક મુસલમાન વિધવાના એકના એક નિર્દોષ બેટાનો ઘાત કરી બેઠો, તે જ રાણપુરમાં સ્વેચ્છાથી જ મુસલમાન થઈ ગયેલા તેના જ ભાણેજ હાલાજી પરમારની જબરી ઓલાદ હજુ ચાલી આવે છે. ચુસ્ત હિંદુઓ હાલોજી: હામી તરીકે એને અમદાવાદમાં બાદશાહની આગળ રહેવું પડ્યું. પોતાના દેહને એણે મુસલમાની પાણીનો છાંટોય ન અડવા દીધો. બાદશાહે બતાવેલી બધી લાલચો અને ઉલેમાઓએ ચલાવેલી બધી દલીલો સામે એના હિન્દુત્વે તિરસ્કારયુક્ત હાસ્ય કર્યું. પણ ઘેરે આવતાં ભાભીએ દિયરને

1. ** જુઓ: ' એક અબળાને કારણે ' (સૌરાષ્ટ્રની રસધાર , ભાગ ૨).

પાણિયારેય ન અડવા દીધો. અરે ભાભી, મેં એનું ટીપુંય નથી

પડવા દીધું : પણ તમે એની સાથે વસ્યા ખરા ને : ભાભી ! સાથે વસવાનું પણ ન સાંખે તેવો નિર્દય તારો હિન્દુ ધર્મ ! માનવધર્મ એનાથી મોટો છે. હાલાજીએ પાછા જઈ સુલતાનને કહ્યું : ચાલો બાદશાહ, મને ઇસ્લામની દીક્ષા આપો.

હાલોજી વટલ્યો, પણ તેથી શું ? એનું મનુષ્યત્વ ન લોપાયું. એક દિવસ હાકલ પડી કે ગાયોનાં ધણ ચોરાય છે. પાણી પીવાયે એ મુસલમાન ઊભો ન રહ્યો. ધંધુકાની સીમમાં ગાયોને લૂટનારાઓ સાથે સમશેરનો મુકાબલો કર્યો. આજ ધંધુકાની સીમમાં 'હાલા પીર'ની દરગાહ સાક્ષી આપે છે. અને એની વિધવા રાણીએ સુલતાન પાસે જઈને શું માગ્યું ? સ્વામીના મૃત્યુસ્થાન આસપાસની જમીનને ગૌચર તરીકે દેવાની માગણી. હિન્દુ ધર્મને તિરસ્કાર દઈને મુસલમાન થયેલો માનવ ગાયને માટે મર્યો. મુસલમાનોએ એમાં પીર સ્થાપ્યો. પતિવ્રતા સ્ત્રીએ સ્વામીની જારતમાં ગૌચરો અપાવ્યાં, અને મુસલમાન રાજાએ વિના આગ્રહે ગૌચરો દીધાં. ચારસો વર્ષ વીત્યે અંગ્રેજ રાજ્યે એ ગૌચર રદ કીધાં ! સંસ્કૃતિનાં નોખ-નોખાં પાનાં વાંચી લ્યો.

આજે એ ઉદાર માનવધર્મી હાલાજીની સંતતિ બીજાં ઘણાં ઘણાં બિરદ ભલે ગુમાવી બેઠી હોય, પરંતુ ગાયો પ્રત્યેનો ધર્મભાવ હજુ તે પ્રજામાં સજીવન છે. અહિંસાનો લોપ નથી થયો. હિન્દુ ધર્મ પ્રત્યે તેઓની કરડી નજર નથી. તેઓની લગ્ન તેમ જ મરણની અનેક વિધિઓમાં હિન્દુત્વ હાજર છે. ઝનૂન જેવું તો જરાયે તત્ત્વ તેઓને નથી વળગી શક્યું.

જત-પરમાર

માંડવના ડુંગર ઉપર હિન્દુ-મુસલમાનનાં લોહીની બે ધારાઓ વચ્ચે એક સંધ્યાકાળે ત્રિવેણી સંગમ થયો હતો તે યાદ આવે છે ? એને ચારસો વર્ષ વીત્યાં. સિંધના લંપટ રાજ સુમરાની મદભરી આંખ એક જત મુસ્લિમની ખૂબસૂરત કન્યા ઉપર ઠરી. દોઢ હજાર જતો એ દીકરીનું શિયળ રક્ષવા નાઠા, ભલભલાએ જાકારો દીધો. મૂઠીભર પરમારોએ મૂળીમાં આશરો આપ્યો. પછી તો સૂમરાઓની તલવારો સાથે જત અને પરમારની તલવારો તાળી દેતી દેતી લોહીને રંગે હોરી ખેલી. મુસલમાનની દીકરીને માટે રંગભીના ક્ષત્રિયો કપાયા : સેંકડો

પરમારણોના કસૂંબલ ચૂડલા ઊતર્યા. સંધ્યાની રાતી છાયા માંડવના ડુંગર ઉપર નીતરતી હતી. યુદ્ધના નાદ શમી ગયા હતા : ડુંગર પર બે યોદ્ધા પડખે પડખે સૂતા સૂતા છેલ્લી સલામો દેતા હતા : એક જત અને બીજો પરમાર : એક મુસ્લિમ ને બીજો હિંદુ : બેઉનાં શરીરમાંથી લોહીની ધારા પડીને ધરતી પર રેલાવા લાગી. છેલ્લી ઘડીએ એ બેહોશ મુસલમાનને ભાન થયું કે હમણાં મારા લોહીની ધાર પરમારના લોહીની ધાર સાથે ભળશે અને છેલ્લી ઘડીએ આ પાક ક્ષત્રિય નાપાક બની અસદ્‌ગતિ પામશે. હું કૃતઘ્ન બનીશ ? જખ્મોમાં વેતરાઈ ગયેલો જત એ લોહીનો સંગમ અટકાવવા માટે પોતાની કમજોર ભુજાને ભોંય પર પસારી પોતાના લોહી આડી ધૂળની પાળ બાંધીને એ પ્રવાહ બીજી બાજુ વાળવા લાગ્યો. ત્યાં તો છેવટના શ્વાસ ઘૂંટતો પરમાર પોતાનું તમામ જોર સમેટીને પોકારી ઊઠ્યો :

ઈસા સુણ, આસો કહે, મરતાં પાળ મ બાંધ,
જત પરમારાં એક જો, રાંધ્યો ફરી મ રાંધ.

વીંખી નાખ, એ ઈસા ! પાળ વીંખી નાખ. જિંદગીની બાંધેલ દોસ્તી ઉપર મરણની અમર મહોર અંકાવા દે : જત અને પરમાર તો એકલોહિયા બન્યા. એ મિલન તો રંધાઈ ગયું. હવે ફરી વાર એને ન રાંધતો : પાળ તૂટી. લોહી ભેટ્યાં, સદાને માટે જત ને પરમાર 'લોહીભાઈ' કહેવાયા. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ'નો કર્તા વૉટસન તો એટલે સુધી કહે છે કે જત પરમારોનું એ લોહીઆલિંગન આંતરલગ્નો રૂપે પણ અમર થયું છે.

મેર-નાઘોરી

આ બનાવ જો એકલવાયો બનીને જ ઇતિહાસના પાનામાં પડ્યો રહ્યો હોત, તો તેનો મહિમા બહુ ન ગણાત. પણ સોરઠી સંસ્કારે અને લોકજીવને તો એ બનાવને ઝીલ્યો, ઝીલીને અંતરમાં ઉતાર્યો. આખી ભાવનાને ધર્મભાવથી પોતાની કરી લીધી. એટલે જ તેની કિંમત છે. કાંધલજી મેર જૂનાગઢના રાજાને તિરસ્કાર દઈને ચાલી નીકળ્યા. વાંસે જૂનાગઢની વાર ચડી. વણથળીના નાઘોરી મુસલમાનોએ વિનાપિછાન્યે એ પાદરથી નીકળેલા પરોણાને 'અતિથિદેવો ભવ' કહી આશરો દીધો. આ આશરા-ધર્મ ખાતર તે દિવસ નવસો મીંઢળબંધો મુસ્લિમો સમરાંગણે પોઢ્યા, અને કંકુની પૂતળી જેવી નવસો નાઘેરણોએ ચૂડલા ભાંગ્યા. એ ઘટના એટલેથી બનીને અટકી ગઈ હોત તો સોરઠી લોકોની ધાર્મિક દિલાવરી સાબિત કરવામાં એનો ઊપયોગ ન કરત. તો તો એ ઘટનાની ભવ્યતા એકાકી બનીને ઊભી રહેત. પણ એ ઘટના તો યુગના કોઈ સંદેશરૂપે પ્રજાના પ્રાણમાં ટપકી પડી. વણથળીના નાઘોરીઓ અને કાંધલજી મેરના વંશવારસો આજ પણ પરસ્પર 'લોહીભાઈ 'કહાવવામાં પોતાનું ગૌરવ સમજે છે.'રસધાર'માં પડેલી આ પ્રેમશૌર્યની ઘટનાઓને અકસ્માત ગણીને નવલકથાના નાટકીય રસની વ્યર્થ શોધમાં ન પડજે. પણ માતૃભૂમિનાં દટાયેલાં ખંડેરોની છિન્નભિન્ન ઈંટો ઉપર મમતાભર્યા નેત્રે બારીક નિરીક્ષણ ચલાવીને એના ભૂતકાળની કલ્પના કરજે. આંહીં સાચું શૌર્ય હતું, કારણ કે સાચાં બલિદાનો, સાચાં લગ્નો, સાચાં ઔદાર્ય હતાં.

સોરઠના તખ્ત પર ઇસ્લામ આવ્યો ખરો, પણ આવી ને એણે હિન્દુવટને પોતાની બહેન કરી લીધી. હિન્દુ-મુસલમાન એકદિલીનાં એવાં ઊંડા મૂળ સોરઠની ધરતીમાં બાઝી ગયાં હતાં.

સોરઠનાં પીર-પીરાણાંની આખી સંસ્થા જ એ રામ-રહેમાનના હસ્તમેળાપનો અમર સિક્કા જેવી સજીવન પડી છે. સોરઠના જીવણદાસ જેવા ભક્તોએ એ અભેદભાવની મીઠી મીઠી અનેક કલામો દાસીભાવે ગાઈ છે.

ભગવાં રે વસ્તર મારે અંગડે વિરાજે
મારે ફરવું અતીતુંના વેશમાં.
દાસી ને તેડી રે જાજો તમારા દેશમાં !
લીલુડો અંચળો મારે અંગડે બિરાજે
મારે ફરવું ફકીરુંના વેશમાં
દાસીને તેડી રે જાજો તમારા દેશમાં !

પીરની સ્તુતિમાં

કહાનદાસ મહેડુ નામનો ચુસ્ત હિન્દુધર્મી ચારણ પોતે જ્યારે કોઈ જૂઠા આરોપ બદલ અંગ્રેજોનો કેદી બન્યો હતો ત્યારે પોતાની વહારે ધાવા માટે દરિયાઈ પીરની સ્તુતિ કરી. ને એ બંદીખાનામાં દરિયાઈ પીરે આવી એની બેડી તોડ્યાની દંતકથા છે. એ આખા પોકારમાં કહાનદાસ ચારણે ગોરાને હિન્દુ-મુસ્લિમ બંને ધર્મથી વિમુખ કરીને આલેખ્યો છે. તે આલેખનમાં પણ એણે ઇસ્લામના દીનને હિંદુ ધર્મ જેવો જ પ્રભુનો પંથ માનેલ છે –

ભુજ દંડ કોપ્યો દુઠ ભૂરો ઘાટ જેહડો તણ ઘડી,
લોહરા નોંધી દિયા લંગર કિયો કબજે કોટડી,
તણ ઉપર જડિયાં સત તાળાં ઉપર પહેરો આવગો,
દુલ્લા મહમ્મદ પીર દરિયાઈ ભીદ કર બેડી ભગો.

અને એ કોપ કરનાર 'દુષ્ટ ભૂરો' કેવો છે ?

કલબલી ભાષા પેર્ય કુરતી મેર નૈ દલ માંઈયાં,
તોફંગ હાથે સરાં ટોપી સોઈ ન ગણે સાંઈયાં,
હરરામ ચીજાં તરક હિન્દુ લાલ ચહેરે તણ લગો.
દુલ્લા મહમ્મદ પીર દરિયાઈ ભીર કર બેડી ભગો.

અને વળી –

શાખા ન ખત્રી નહિ શુદર વૈશ બ્રહ્મન કુલ નહે,
હલ્લે ન મુસલમાન હિન્દુ કમણ જાતિ તણ કહે ?

અશુદ્ધ રેવે, ખાય અમ્મખ, નાય જલમાં હુઈ નગો;
દુલ્લા મહમ્મદ પીર દરિયાઈ ભીર કર બેડો ભગો.

ઇદ કા નાહીં દીપ ઓછવ, ગામદેવાં નહ ગણે,
કુરાન ગીતા નહિ ખટક્રમ, બહ્મવાણી નહિ ભણે,

ચલ હોઈ થડકો નહિ નક્કો દોહી રસ્તેથી દગો,

દુલ્લા મહમ્મદ પીર દરિયાઈ ભીર કર બેડી ભગો.

આપણા ઉપયોગ પૂરતું તો ગોરાનું આ રમૂજી ચિત્ર ગૌણ છે. આપણે તો આ એક ચારણના પંથચુસ્ત પ્રાણમાં રહેતી બે મહાન ધર્મોની અણસમજુ છતાં રક્તગત સમદૃષ્ટિ જોઈ લેવાની છે.

વાછરા ડાડા

પોરબંદર પંથકમાં ગામડે ગામડે પીપળાના ઝાડ તળે દેવસ્થાનો જોયાં. બીજી કશી મૂર્તિ નહિ, પથ્થરમાંથી કંડારેલા ત્રણ ત્રણ ઘોડા : સુંદર આકૃતિઓ (બરડાના મીણ સરીખા મુલાયમ પથ્થર ઉપર ગામડિયો શિલ્પી મનમાની મૂર્તિ કંડારી શકે છે) : ગામ બહારથી ચાલ્યો આવતો ચાહે તે ઘોડેસવાર, રાય હો કે રંક, એ દેવસ્થાનની સમીપે ઊતરી પડે, અને એટલું અંતર પગપાળો ચાલે. એ થાનક વાછરા ડાડાનું કહેવાય છે. એના ભૂવા રબારી : એના ભક્તો હિન્દુ : ગાયોના એ પરમ રક્ષણહાર : એની માનતા માન્યે હડકાયાં કૂતરાંનો કરડ હાનિ ન કરે : ડાડા ઉપર લોકોને અનહદ આસ્થા : એ કોણ હતા ? એ હતા એક ક્ષત્રિય. મહુવા પાસે દુંદાસ ગામના એ વતની હતા. વાછરા (વત્સરાજ) સોલંકી એનું નામ. ચોરીમાં પરણતાં પરણતાં રજપૂતે ધા સાંભળી –

પોપટ પારેવાં તણી રાણા રમતું મેલ્ય,

ધણ આવ્યું ધણસેર, વેગડ નાવી વાછરા !

ચોથો ફેરો અધૂરો રાખી વત્સરાજ ચડ્યો. વેગડની વહાર કરતાં ખપી ગયો. એ ત્યાગ ને એ વીરત્વને લોકોએ દેવપદ દીધું. પણ ખૂબી તે એ છે કે વાછરો કેવળ હિન્દુનો જ પૂજનીય નથી. હિન્દુઓએ એને કર્ણનો અવતાર માન્યો, તેમ મુસલમાનોએ પણ એને –

વાય ઉડાણું વાછરા, મક્કે મદીનાં,

પોતરો અલી હુસેનજો, ભડ હુસેનજો વીયા.

કહી પોતાનેય પીર તરીકે સ્થાપ્યો છે. આ દુહો એની સાહેદી દે છે. આમ સૌરાષ્ટ્રનું હિંદુ-મુસ્લિમ તત્ત્વ ઠેર ઠેર બંધુતા બાંધીને ઊભું છે.

દાદવો કે દ્વારિકાધીશ !

રૂઢિચુસ્ત ચોખલિયા ઈશ્વરદાન ચારણને મુસલમાનનું મોં ન જોવાનાં કરડાં વ્રત : ચિતોડના રાણાએ ઘણો સરપાવ કર્યો, ઘણી ચાકરી કરી, દેવાધિદેવને મળે તેવાં પૂજનઅર્ચન આપ્યાં : પણ ચારણ રાણાની તારીફનો એક દુહોય ન કહેતાં ચાલી નીકળ્યો. રાણો સીમાડા સુધી વળાવવા જાય છે : રાણાજી, બસ હવે પાછા વળો : કવિરાજ, શ્રીમુખના એક દુહાની આશા હતી : ના રાણા, તું હિન્દવો શાળિગરામ સાચો, પણ દ્વારકાધીશને બિરદાવ્યા પહેલાં માનવીને ન સ્તવવાના મારે શપથ છે : દુભાયેલા રાણાએ શાપ ઉચ્ચાર્યો : અભિમાની ચારણ ! જેનું મુખ નથી જોતો તેને જ ગાવા પડશે, દ્વારિકાધીશ તો દૂર રહી જાશે : તો જેવી હરિની ઈચ્છા, રાણાજી : એવું કહીને ચારણ પંથે પળ્યો. સોરઠના બાલાગામની સીમમાં લૂંટાયો, ગાડાને બળદ ન રહ્યા. રાત અંધારી : અનુચરો ગામમાં બળદની મદદ જાચવા નીકળ્યા.

મશ્કરીખોરોએ દાદવા દરબારની ડેલી ચીંધાડી : દાદવો એક કંગાલ મુસલમાન : કટકો જમીન ખેડી ગુજારો કરે : બે જ બળદ : દુખિયાં વટેમાર્ગુની વહારે ગયો. કવિએ સાંભળ્યું કે એક મુસલમાનને રુદે રામ વસ્યા છે, દ્વારિકાધીશને એણે દાદવાના દિલાવર પણામાં દેખ્યાં. અંતર ફાટવા લાગ્યું : લાખ લાખ રૂપિયાનાં મોતી જેવા દુહાઓની માળા રચી મુસલમાનને પહેરાવી, જાતિભેદને આવા જોડા માર્યા –

ચોખાં જેનાં ચિત્ત, (એનાં) વરણ કાંઉ વચારીએ

પ્રહલાદેય પવિત્ર, (મર) દાવણ હૂતો દાદવા !

વરણ ન કવરણ હોય , (મર) કવરણ ઘર ઊઝર્યો કરણ ,

કોયલ કસદ ન હોય, (મર)દસદે પાળી દાદવા !

ધર્મઝનૂનનાં વિષ નીતરી જાય, તેવાં આ ભૂમિનાં તત્ત્વો હતાં. એવી ઘટનાઓને સંઘરી લેનાર અને પોતાના જીવનમાં વણી લેનાર સોરઠી પ્રજા પણ હિન્દુત્વનું સાચું દિલાવરપણું સમજતી હતી. સોરઠનો એવો ઉદાર સંસ્કાર એક મહિમાશાળી સાહિત્યનું પ્રેરણાબાળ કાં બની શકે ?

મરદાનગીના કરાર

પણ ત્યારે શું સોરઠી ઈતિહાસમાં આ હિન્દુ-મુસ્લિમ સ્નેહભાવનાની બીજી બાજુ નથી ? હા, ચોક્કસ એ પણ છે. હિંદના બીજા પ્રાંતના લોકસાહિત્યની માફક અહીંનું લોકસાહિત્ય પણ હિન્દુ કાઠિયાવાડણોનાં મુસલમાનોએ કરેલાં અપહરણોની કથાઓ નોંધી ગયું છે. અપ્સરાશી આહીરાણી જાહલને સિંધના સુમરા રાજાએ ઝાલી, જોબનવંતી જીવણાંબાઈ ચારણીને સરધારના શેખની મેડીએ ચડવું પડ્યું, અને પાંચાળમાંથી આણું વાળીને ચાલી આવતી કોડભરી કાઠિયાણીને સમીસાંજે ભીમડાદને ખોખરો શેખ રાત રોકવા આડો ફર્યો. લોકગીતોમાં પણ એક એવી ઘટના ગવાય છે કે :

સોનલ રમતી રે ગઢડાને ગોખે જો,

ગઢડાને ગોખે જો ;

રમતાં ઝલાણી સોનલ ગરાસણી.

પરંતુ એ બધાં તો ધર્મઝનૂનનાં દૃષ્ટાંતો નહીં. પણ માનવસહજ કામાંધતાના કિસ્સાઓ. એ કાંઈ પયગમ્બરનું પ્રબોધેલું પશુબળ નથી. ઉપરાંત એ સોરઠી વીરાંગનાઓની મર્દાનગીની સાહેદીઓ છે. જાહલે ચાતુરી વાપરી છ મહિનાની અવધિ માગી. જીભના માનેલ માડી જાયા નવઘણને નવ લાખ ઘોડે નોતરીને રંગીલા સૂમરાને લોહીના રંગે રમાડ્યો. સિંહણરૂપધારિણી જીવણાં આઈએ તો થાપો નાખીને સરધારના શેખનાં આંતરડાં ખેંચી કાઢ્યાં તેનો ઈતિહાસ આ દોહો કહે છે:

બાઈ થારો બોકડો થાનક દેતો ઠેક,

રસધારારો શેખ, ઝોપે લીધો જીવણી !

ને પરપુરુષનો અંગસ્પર્શ પણ અસહ્ય માનનારી એ ચારણી ચંડી પોતે પણ રસધારના ગઢની રાંગમાં સમાણી. સમાતાં સમાતાં એની ચૂંદડીનો જે છેડો બહાર રહી ગયો હતો તે આજ

પૂજાતો હોવાનું કહેવાય છે. ભીમડાદને સીમાડે ઇશ્ક કરવા આવનારા એ છેલબટાઉ ખોખરાની મસ્ત છાતીમાં પેલી આણાત કાઠિયાણીની તાતી કટાર કેટલી ઊંડી બેઠી હતી ! તે દિવસનો આથમતો સૂરજદેવ પોતાની એ વહાલી દીકરીના શૌર્યનો સાક્ષી બનીને આભને આથમણે કાંઠે થંભ્યો હશે અને ગઢડાને ગોખે રમતાં રમતાં ઝલાયેલી એ ગરાસણીને છોડાવવા –

આડો આવ્યો રે સોનલ દાદાનો દેશ જો,

દાદાનો દેશ જો ;

સોનલે જાણ્યું જે દાદા છોડાવશે.

દાદે દીધાં રે સોનલ ધોળુડાં ધણ જો,

ધોળુડાં ધણ જો ;

તોય ન છૂટી સોનલ ગરાસણી.

પછી –

આડો આવ્યો રે સોનલ કાકાનો દેશ જો,

કાકાનો દેશ જો ;

સોનલે જાણ્યું જો કાકો છોડાવશે.

કાકે દીધાં રે સોનલ કાળુડાં ખાડું જો,

કાળુડાં ખાડું જો ;

તોય ન છૂટી, સોનલ ગરાસણી.

આગળ ચાલતાં –

આડો આવ્યો રે સોનલ વીરાનો દેશ જો,

વીરાનો દેશ જો ;

સોનલે જાણ્યું કે વીરો છોડાવશે.

વીરે દીધાં રે સોનલ ધમળાં વછેરા જો,

ધમળાં વછેરાં જો ;

તો ય ન છૂટી, સોનલ ગરાસણી.

પણ જયારે એના દાદાએ લૂંટારાઓને દીધેલાં 'ધોળુડાં ધણ' (ગાયો), કાકાએ દીધેલાં 'કાળુડાં ખાડું' (ભેંસો)ને વીરાએ દીધેલાં 'ધમળાં વછેરાં' ફોગટ ગયાં, ત્યારે પછી –

આડો આવ્યો રે સોનલ સ્વામીનો દેશ જો ;

સ્વામીનો દેશ જો ;

સોનલે જાણ્યુ જે સ્વામી છોડાવશે !

અને સ્વામીએ શું દીધું ?

સ્વામી એ દીધી રે એના માથા કેરી મોળ્યું જો;

માથા કેરી મોળ્યું જો ;

ધમકે છૂટી સોનલ ગરાસણી.

સ્વામીએ દુશ્મનોની સામે સમશેર ચલાવીને પોતાનું લીલું માથું હોડમાં મૂક્યું, ત્યારે સોનલ તરડાના હાથમાંથી કેવી તાબડતોબ છૂટી !

આવી જાતના મરદાનગીના કરાર ઉપર જ સોરઠી હિન્દુ-મુસ્લિમોની સમભાવનાના અણલખ્યા દસ્તાવેજો થયેલા હતા. ઉદાર ધર્મસહિષ્ણુતા એકલી જ કાંઈ નહોતી ચાલી શકી. આ બે સોરઠી કોમોનાં બળનાં છાબડાં જો આજ સુધી બરાબર તોળાઈ રહ્યાં હોય, મુસ્લિમોની સલ્તનતો આવીઆવીને ચાલી ગઈ ત્યાં સુધીમાં અહીં એ છાબડાં જો ઊંચાંનીચાં ન થયાં હોય, આંહી મંદિરો પર મસ્જિદો ચણાયાના કે મસ્જિદોના મિનારાઓ જમીનદોસ્ત થયાના કિસ્સાઓ જે ઓછા બન્યા હોય, તો તે બધું એ ઉદાર જાતિભાવનાની સાથો સાથ આ મરદાનગીની શર્તને પણ આભારી સમજવું.

એ સંસ્કૃતિનાં ઝરણાં એ ધરતીનાં પડ તળે વહી રહ્યાં છે. ભક્તિમાં રંગાયેલા ઘણા ય મુસ્લિમ ભજનિકો પોતાની મંડળી જમાવી જમાવીને અખંડ રાત્રિભર રાધાકૃષ્ણનાં, રામસીતાનાં, અને શુદ્ધ હિન્દુત્વની ભાવનાની ભરપૂર ભજનોની ઝૂક મચાવે છે. એવી જ જમાવટ ગામડાની ઇસ્લામી સ્ત્રીઓમાં પણ માલૂમ પડે છે. એનાં જાગરણ ભલે ઈદ કે રોજાનાં હોય, છતાં એના રાસડા તે એના એ જ. આપણાં જ દેવ-પુરુષો અને દેવ-નારીઓનાં નામ એનાં ગાણાંમાં ગવાઈ રહ્યાં છે. મરજી પડે ત્યારે વળી એના એ જ રાસડામાં કોઈ ઈસ્લામી સિદ્ધોનાં નામ પણ લલકારાય છે.

શિયળની ભાવના

જીવનની ફિલસૂફીને જેમ સોરઠી પ્રજાએ આ જાતિભાવનામાં અને ધર્મભાવનામાં રેડી દીધી, તેમ મૃત્યુની ફિલસૂફી પણ તેઓની પાસે એમની પોતાની હતી. એક રાજાની નજર લગાડી કૂડી થતાં તોતે કામબાઈ પોતાનાં થાનેલાં વાઢી આપે અને પોતાના વૃદ્ધ સ્વામીનું મહેણું વાગતાં યુવાન કાઠિયાણી કમરીબાઈ પોતાના દાંત પડાવી નાખે, એ વસ્તુઓ આજની જનતાને ન સમજાય તેવી તો નથી જ.

એ બધાં સાહસોની વિલક્ષણતા સમજવા માટે આપણે એ જમાનાના મનુષ્યોનાં દૃષ્ટિબિંદુ ("આઉટલુક") સમજવાં જોઈએ. લાઠીના ઠાકરસાહેબ સ્વ. કલાપીનાં માતુશ્રીને માટે કહેવાતી એક કથા છે. એ મોટી વયનાં રજપૂતાણી એક વાર ઓરડામાં બેઠાં છે. પોતાના સગા ભાઈ મળવા આવેલા છે. વાત ચાલે છે. અચાનક એ રાણીના ઘેરદાર લેંઘા નીચે થઈને સાથળ ઉપર સાપ ચઢ્યો. સર્પે ડોકું ઊંચું કર્યું ત્યારે રજપૂતાણીને ભાન થયું. છાનાંમાનાં, કશી વ્યાકુળતા બતાવ્યા વિના એમણે ઉપરથી સાપનું ડોકું ઝાલી લીધું. મૂંઝાયેલા દુશ્મને પોતાના શરીર વડે રાણીના સાથળને ભરડો લીધો. એ જમદૂતનું જોર વધે તેમ તેમ બાઈના મોં પર લોહી ધસે છે. છતાં ભાઈની સાથે વાતોમાં તો એ કશોય વિક્ષેપ દાખવતી નથી. ચોંકેલો ભાઈ પૂછે છે : 'બહેન, કેમ આ લાલ મોઢું ? કાંઈ અસુખ ?' 'ના, ભાઈ, કંઈ નથી, સહેજ તમે જાવ ડેલીએ, દરબાર વાટ જોતા હશે.' ભાઈ ગયા, ઓરડામાં એકાન્ત હતી. પણ દેહની એબ ઓરડાનેય ન દેખાડાય એવું એ વખતનું માનસ હતું. સાદ કર્યો, 'છોડીઓ ! મારો બીજો લેંઘો લાવો, મને એરુ વીંટળાણો છે,' 'બાપ રે !' કહેતી વડારણો રફુચકર થઈ ! તોય રજપૂતાણી ન

ડગી. સાપને બરાબર દબાવીને ઊઠ્યાં. જીવ જાવા જેવું થાય છે, પણ ધીરે રહી સામી ઓળવણથી બીજો લેંઘો લીધો. એક હાથે લેંઘો બદલાવ્યો. બીજે હાથે સર્પને લેંઘા સમેત ઝોંટીને દૂર ફગાવ્યો.

બેશક, આજે આપણને દેહમરજાદનાં જૂનાં ધોરણો ઢીલાં કરવાની જરૂર પડી છે. લજજાની કેટલીક જૂની લાગણીઓમાં આપણને અતિરેક જણાય છે. એમ તો યુગેયુગના રીતરિવાજો જુદા પડે છે. પરંતુ તેથી આપણે ઉપર લખ્યા તેવા જૂના સમયના શુદ્ધ દેહમરજાદના આદર્શને નમી કાં ન શકીએ ? એને નમવાથી આજના યુગમાગ્યા પરિવર્તનને કાંઈ આપણે અપમાનવાની જરૂર નથી. એ જ રીતે પતિભક્તિ, શિયાળ, આતિથ્ય ઇત્યાદિ વાતો વિષે એ ગત યુગની ઉગ્ર – અતિ ઉગ્ર ભાવનાને આપણે શું ન્યાય ન આપી શકીએ ?

મૃત્યુ-ભાવના

એ જ રીતે એનાં મૃત્યુ તપાસો : આજ તો ભાડે લીધેલાં પશુ જેવા સિપાઈઓ પણ સમરાંગણમાં જઈને સહસ્ત્ર-સહસ્ત્રને હિસાબે સામી છાતીએ ઘા ઝીલી મૃત્યુ સ્વીકારે છે, ને છતાં આપણે પૂજીએ તેવાં એ બલિદાન કોઈ એક બિરુદ ('કૉઝ') માથે ચડતાં આપણે જોયાં છે ? હવે સોરઠી વીરોનાં થોડાંએક મૃત્યુનાં દર્શન કરીએ, કેમ કે તેમાં પણ શાંત મૃત્યુની એક નિરાળી જ ભાત્ય પાડેલી છે. મચ્છુ નદીને કિનારે તલવાર કાઢીને વૃદ્ધ ફકીરો કરપડો સામે કાંઠે ઊભેલા શત્રુઓની સનસન ગોળી વડે વીંધાઈને પોતાના બાલ રાજાને ખાતર જ્યારે પડે છે, ત્યારે એ શું કરવા લાગે છે ? પોતાની પછેડીની ફાંટમાં ધૂળ ભરવા માંડે છે ! સામે કાંઠેથી સાદ આવ્યો : 'ફકીરા, સનેપાત ઉપડ્યો શું ?' 'એ બાપ, સનેપાત નથી; પૂરેપૂરી સાધ છે, મારા ધણીને સ્વર્ગાપરમાં જઈને કહી શકીશ કે, હે ધણી ! જીવતાં તો તારી ધરતીને મેં તારા પુત્ર માટે રક્ષી રાખી, એક તસુય શત્રુઓને હાથ જવા ન દીધી, પણ મરતાં મરતાંયે તારી જમીન લીધી છે, શત્રુઓને દીધી નથી.' આટલું ઉચ્ચારીને એ વીર છેલ્લા શ્વાસ સુધી ફાંટમાં માટી ભરતો રહ્યો.

ઈસો ને આસો પણ મરતી વખતે જે શુદ્ધિ દાખવે છે તે આપણે જોઈ ગયા. હવે બીજો પ્રકાર જુઓ. રાઠોડ ધાધલ અને કલોજી લૂણસરિયાના મૃત્યુની અંદર છેલ્લી ઘડી આવી પહોંચતાં તો શત્રુઓ ભુલાયા, હરાજીત ભુલાઈ, બીજુ કાંઈ ન યાદ આવ્યું. વેર-ઝેર એના આત્માની અંદરથી ઓસરી ગયાં. સ્મૃતિ રહી તે માત્ર પોતાના મૃત્યુની વિધિની. રાઠોડ ધાધલનું અંતરિયાળ મૃત્યુ થયું એટલે પિંડ મૂકનાર કોણ ? લોહીને ધૂળમાં ભેળવી ગારાના ત્રણ પિંડ કરી પોતે એ ક્રિયા ઉકેલી. તલવારની મૂઠને વૃક્ષઃસ્થળ પર રાખી સૂતા. અખંડ ઊંઘ લઈ લીધી, અને કલોજીએ ગારાના શિવજી બનાવી સમરાંગણમાં પોતાની ગરદન વાઢી કમળપૂજાનાં વ્રત પાંચ વરસ પહેલાં પૂરાં કર્યાં. એટલી બધી શુદ્ધિ ! એવું મીઠું વિસ્મરણ ને એવું અખંડ આત્મભાન !

જાપાનમાં કંઈક એવી જ મૃત્યુપ્રથા હતી. રાજ્ય કે રાજા પ્રત્યે ગંભીર દોષ થયો હોય ત્યારે જાપાની ક્ષત્રિયો ઘરમાં બેસી હારાકીરી કરે,

1. '૧. કરપઠાની શૌર્ય કથાઓ : ફકીરો કરપડો ' ('સૌરાષ્ટ્રની રસધાર' ભાગ ૨)
2. ૨. 'સૌરાષ્ટ્રની રસધાર', ભાગ ૩.
3. ૩'સૌરાષ્ટ્રની રસધાર', ભાગ ૩.

હારાકીરી એટલે ? બ્રાહ્મણ પૂજા કરતા હોય તેટલી જ સહેલાઈથી

કટાર વડે પેટ ઉપર ત્રણ ચીરા કરવા, પછી ગરદન વીંધીને હથિયારમાં છેક મગજના ભાગ સુધી માથુ પરોવી નાખવું'; ને ક્રિયા ખતમ થતાં સુધી શુદ્ધિ જાળવવી. આવા મૃત્યુઓને બુદ્ધિ હસી કાઢી શકે છે, પણ તેમાં મરનારનો દેહ પરનો જે વિજય દેખાય છે તેને કોઈ પણ બુદ્ધિવાદની પટુતા ઝાંખો પાડી નહીં શકે.

૧

ઘોડી ને ઘોડેસવાર

ભોં ભીની, ઘોડા ભલા, ડાબા ઉપડિયા,

(કાં) મરઘાનેણી માણવા, (કાં) ખગ વાયા ખડિયા

એક સખી બીજી સખીને પૂછે છે કે, આવી મેઘભીની, મુશ્કેલ ભોમને માથે આવા ભલા ઘોડા પર ચડીને ઊપડતે ડાબલે આ અસવાર ક્યાં જતા હશે ? જવાબ મળે છે કે, બીજે ક્યાં જાય ? – બેમાંથી એક માર્ગે : કાં પોતાની મૃગનયની સ્ત્રીને મળવા, ને કાં સંગ્રામમાં ખડગ વીંઝવા; કાં પ્રેમપંથે ને કાં શૌર્યપંથે.

કોઈ ઘોડો, કોઈ પરખડો, કોઈ સચંગી નાર,

સરજનહારે સરજિયાં, તીનું રતન સંસાર.

પ્રભુએ ત્રણ રત્નો સંસારમાં સરજ્યાં છે : કોઈ તેજી ઘોડો, કોઈ શુરવીર પુરુષ ને કોઈ એને શોભાવનારી સુલક્ષણી નારી. ત્રણેનો મેળ પ્રભુ જ મેળવી શકે છે.

ભલ ઘોડા, વલ વંકડા, હલ બાંધવા હથિયાર,

ઝાઝા ઘોડામાં ઝીંકવા, મરવું એક જ વાર.

ભલા ઘોડા સવારી કરવાના હોય, શિર પર વાંકડિયા વાળ હોય ને અંગે બાંધવાને હથિયાર હોય, પછી બહોળા શત્રુ-ઘોડેસવારો પર ત્રાટકવાનું હોય, તો પછી ભલે મોત આવે – મરવું તો એક જ વાર છે ને !

મે થળી ગામને ચોરે એક દિવસ સાંજે કાઠિયાવાડનાં ઘોડાંની વાતો મંડાણી હતી : કોઈ માણકીનાં વખાણ કરતું હતું, તો કોઈ તાજણનાં પરાક્રમ કહેતું હતું. એમ બેરી, ફૂલમાળ, રેશમ, વાંદર્ય...વગેરેની વાતો નીકળી. એક જણે ડુંઘાની ઘૂંટ લેતાં લેતાં કહ્યું, “એ બાપ ! જે ઘડીએ જાતવંત ઘોડાને માથે એવા જ જાતવંત અસવાર ચડે, તે ઘડીએ જાતા આભનેય ટેકો ધે, હો !”

એક ચારણ બેઠો હતો, એના હોઠ મરકતા હતા.

"કાં બા, હસો કાં ? મોટા અસવાર દેખાઓ છો !”

“અસવાર હું તો નથી, પણ એવા એક અસવાર અને એવી જ જોડીદાર ઘોડી મેં જોયેલ છે!”

“ત્યારે, બા, કહો ને એ વાત ! પણ વાતમાં મોણ ન ઘાલજો ! જોયું હોય એવું જ કહી દેખાડજો.”

ખોંખારો મારીને ચારણે પોતાનું ગળું ઠીક કરી લીધું. પછી એણે ડાયરાને કહ્યું : “ બા, જોયું છે એવું જ કહીશ, મોણ ઘાલું તો જોગમાયા પહોંચશે, પણ ચારણનો દીકરો છું, એટલે શૂરવીરાઈને લાડ લડાવ્યા વગર તો નહિ રહેવાય.”

હોકાની ઘૂંટ લઈને એણે વાત માંડી.

વધુ નહિ, પચીસેક વરસ વીત્યાં હશે. સોરઠમાં ઈતરિયા ગામે સૂથો ધાધલ નામનો એક કાઠી

રહેતો હતો. પચીસેક વરસની અવસ્થા. ઘરનો સુખી આદમી, એટલે અંગને રૂંવાડે રૂંવાડે જુવાની જાણે હિલોળા લ્યે છે. પરણ્યાં એકાદ-બે વરસ થયાં હશે. કાઠિયાણીને ખોળો ભરીને પિયરિયામાં સુવાવડ કરવા લઈ ગયાં છે. દીકરો અવતર્યો છે. બે મહિના સુવાવડ પહેલાંના, અને બે મહિના સુવાવડ પછીના – એમ ચાર- ચાર મહિનાના વિજોગ થયા એની વેદના તો આપા સૂથાના અંતરજામી વિના બીજું કોણ સમજી શકે ?

એમ થાતાં થાતાં તો આભમાં અષાઢી બીજ દેખાણી. ઇંદ્ર મહારાજ ગેડીદડે રમવા માંડ્યા હોય એમ અષાઢ ધડૂકવા મંડ્યો. ડુંગરાને માથે સળાવા કરતી વીજળી આભ-જમીનનાં વારણાં લેવા માંડી. સાત-સાત થર બાંધીને કાળાંઘોર વાદળાં આસમાનમાં મંડાઈ ગયાં.

પછી તો, વાંદળાંનાં હૈયાંમાં વિજોગની કાળી બળતરા સળગતી હોય તેવી વીજળી આકાશનાં કાળજા ચીરી ચીરીને ભડભડાટ નીકળવા લાગી. કોણ જાણે કેટલાયે આઘેરા સાગરને કાંઠે દિલડાંનાં સંગી બેઠાં હશે, તેને સંભારી સંભારીને વિજોગી વાદળાંઓ મનમાં મનમાં ધીરું ધીરું રેવા માંડ્યાં. પાતાની સાંકળ (ડોક)ના ત્રણ-ત્રણ કટકા કરીને મોરલા 'કે હૂ...ક! કે હુ...ક !' શબ્દ ગેહકાટ કરવા મંડ્યા; ઢેલડીઓ 'ઢેકૂક !... ઢેકૂક!' કરતી સ્વામીનાથને વીંટળાવા લાગી. વેલડીઓ ઝાડને બાથ ભરી ભરી ઊંચે ચડવા મંડી. આપા સૂથાએ આભમાં નીરખ્યા જ કર્યું . એનો જીવ બહુ ઉદાસ થઈ ગયો. એક રાત તો એણે પથારીમાં આળોટી આળોટીને કાઢી. સવાર પડ્યું ત્યાં એની ધીરજની અવધિ આવી રહી. પોતાની માણકી ઘોડી ઉપર અસવાર થઈને આપો સૂથો સસરાને ગામ મેંકડે રવાના થયા.

મેંકડે પહોંચીને તરત જ આપાએ ઉતાવળ કરવા માંડી. પણ સાસરિયામાં જમાઈરાજ મહેમાન થાય એ તો પાંજરામાં પોપટ પુરાયા જેવું કહેવાય ! એ પોપટનો છુટકારો એકદમ તો શી રીતે થાય ? એમાંય વળી વરસાદ આપાનો વેરી જાગ્યો : દિવસ અને રાત આભ ઇંદ્રાધાર વરસવા લાગ્યો. હાથીની સૂંઢો જેવાં પરનાળાં ખોરડાંનાં નેવાંમાંથી મંડાઈ ગયાં. એ પાણીની ધારો નહોતી વરસતી. પણ આપાને મન તે ઇંદ્ર મહારાજની બરછીઓ વરસતી હતી ! સાસરાના વાસમાં પોતાની કાઠિયાણીના પગની પાની તો શું, પણ ઓઢણાનો છેડોયે નજરે ન પડે ! એમ ત્રણ દિવસ થયા. આપાનો મિજાજ ગયો. એણે જાહેર કરી દીધું કે, “મારે તો આજે જ તેડીને જાવું છે.”

સાસુ કહે : “અરે બાપ ! આ અનરાધાર મે' મંડાણો છે... એમાં ક્યાં જશો ?”

“ગમે ત્યાં – દરિયામાં ! મારે તો તમારા ઘરનું પાણી અત્યારથી હરામ છે. મારે વાવણી ખોટી થાય છે."

આપાને શાની વાવણી ખોટી થાતી હતી ! – હૈયાની વાવણી !

ગામનો પટેલ આવ્યો. પટેલે કહ્યું : “આપા ! તમને ખબર છે? આડી શેત્રુંજી પડી છે. આજ ત્રણ-ત્રણ દિવસ થયાં શેત્રુંજીનાં પાણી ઊતરતાં નથી. ચારેકોર જળબંબાકાર થઈ ગયું છે અને તમે શી રીતે શેત્રુંજી ઊતરશો ?”

“ત્યાં વળી થાય તે ખરું, પણ આંહીંથી તો નીકળ્યે જ છૂટકો છે.”

“ઠીક, આજનો દિવસ જાળવો. આંહીંનું પાણી હરામ હોય તો મારું આંગણું પાવન કરો. કાલે સવારે ગમે તેવો મે' વરસતો હોય તો પણ મારા છ બળદ જોડીને તમને ઈતરિયા ભેળા કરી દઈશ.”

તે દિવસ આપો રોકાણા. બીજે દિવસે છ બળદ જોડીને પટેલ ગાડું લઈ હાજર થયો. વરસાદ

તો આભમાં તોળાઈ રહ્યો હતો. બધાંએ જમાઈના મોં સામે જોયું, પણ જમાઈનું હૈયું ન પીગળ્યું. જુવાન કાઠિયાણીએ માથાબોળ નાહીને ધૂપ દીધેલાં નવાં લૂગડાં પહેર્યાં. માથું

1. અસલી કાઠિયાણીઓ અને ચારણ્યો આ સુગંધી ધૂપ જુદી જુદી સુગંધી વનસ્પતિમાંથી પોતાને હાથે જ બનાવતી , અને ધોયેલાં વસ્ત્રોને એનો ધુમાડો દઈ સ્નાન કર્યા પછી પહેરતી. એકેક મહિના સુધી ખુશબો ન જાય તેવો એ ધૂપ હતો , સોંઘા નામનો ' પોમેટમ ' જેવો જ ચીકણો. પદાર્થ પણ તે સ્ત્રીઆ જાતે તૈયાર કરતી. ઓળેલા વાળ ઉપર એનું લેપન થતું તેથી વાળ કાળા , વ્યવસ્થિત અને સુગંધી રહેતા. પણ એ સોપો ભરીને સ્ત્રીએ સુંદર કમાનો કોરતી. ગાલ ઉપર પણ એની ઝીણી ટપકી કરીને સૌંદર્ય વધારતી.

ઓળીને બેય પાટી ભમરાની પાંખ જેવો કાળો, સુગંધી

સોંધો લગાવ્યો. સેંથામાં સુગંધી હિંગળો પૂર્યો. માતા અને બે મહિનાનું બાળક ગાડામાં બેઠાં.

મેંકડા અને ઈતરિયા વચ્ચે, મેંકડાથી અઢી ગાઉ ઉપર, ક્રાંકચ ગામને પાદર, શેત્રુંજી નદી ગાંડીતૂર બને છે. ઠેઠ ગીરના ડુંગરમાંથી શેતલ (શેત્રુંજી)નાં પાણી ચાલ્યાં આવે એટલે આઠ-આઠ દિવસ સુધી એનાં પૂર ઊતરે નહિ. એક કાંઠેથી બીજે કાંઠે જવું હોય તો મુસાફરોને ત્રાપામાં બેસીને નદી ઊતરવી પડે.

ગાડું અને માણકીનો અસવાર શેત્રુંજીને કાંઠે આવીને ઊભાં રહ્યાં. માતેલી શેતલ ઘુઘવાટા કરતી કરતી બે કાંઠે ચાલી જાય છે. આજ એને આ જોબનભર્યા કાઠી જુગલની દયા નહોતી. નદીને બેય કાંઠે પાણી ઊતરવાની વાટ જોતાં વટેમાર્ગુઓની કતાર બંધાઈને બેઠી હતી. હું ય તે દી શેતલને કાંઠે બેઠો હતો, ને મેં આ બધું નજરોનજર જોયું. ત્રાપાવાળાઓ ત્રાપા બાંધીને ચલમ ફૂંકતા હતા. બધાંય વટેમાર્ગુ આ કાઠિયાણીની સામે જોઈ રહ્યાં – જાણે આરસની પૂતળી સામે જોઈ રહ્યાં હોય ! જોગમાયાના સમ શું એ રૂપ ! નદીને જો આંખ્યું હોત તો એ નમણાઈ દેખીને પૂર ઉતારી નાખત !

આપા સૂથાએ ત્રાપાવાળાને પૂછ્યું : “ સામે કાંઠે લઈ જશે ?”

કોળીઓ બોલ્યા : “દરબાર, આમાં ઊતરાય એમ નથી. જુઓ ને – બેય કાંઠે આટલાં માણસો બેઠાં છે !”

“પાણી ક્યારે ઊતરશે ?” ”કાંઈ કહેવાય નહિ.

ગાડાવાળા પટેલે આપાને કહ્યું : “આપા ! હવે ખાતરી થઈ? હજીય માની જાવ તો ગાડું પાછું વાળું.”

“હવે પાછાં વળીએ તો ફુઈ (સાસુ) ત્રણ તસુ ભરીને નાક કાપી લ્યે ! પાછાં તો વળી રિયાં, પટેલ !”

આપાની રાંગમાં માણકી થનગનાટ કરી રહી હતી. હમણાં જાણે પાંખો ફફડાવીને સામે કાંઠે પહોંચી જાઉં' – એવા ઉછાળા એ મારી રહી હતી. નદીના મસ્ત ઘુઘવાટાની સામે માણકી પણ હણહણાટી દેવા લાગી. ઘડીક વિચાર કરીને ઘોડેસવાર ત્રાપાવાળા તરફ ફર્યો. “ કોઈ રીતે સામે પાર ઉતારશો ?”

“કેટલાં જણ છો ?” લાલચુ ત્રાપાવાળાઓએ હિંમત કરી.

“એક બાઈ ને એક બચ્ચું. બોલો, શું લેશો ?”

“રૂપિયા સોળ હોય તો હમણાં ઉતારી જઈએ.”

“ સોળના કાકા !” કહી આપાએ કમરેથી વાંસળી છોડીને “ખડિંગ....ખડિંગ” કરતા સોળ રૂપિયા ગણી દીધા. જાણે એ રણકારમાં આપાની આજની આવતી મધરાતના ટકોરા વાગ્યા. એણે હાકલ કરી “ઊતરો હેઠાં.”

કાઠિયાણી નીચે ઊતરી. બે મહિનાનું બાળક બે હાથે હૈયાસરસું દાબીને બાઈ એ ધરતી ઉપર પગ માંડ્યા. શું એ પગ ! જાણે પગની પાનીઓમાંથી કંકુની ઢગલી થાતી જાય. કસૂંબલ મલીરના પાતળા ઘૂંઘટમાંથી એનું માં દેખાતું હતું. કાળાં કાળાં વાદળાંનું કાજળ ઉતારીને આંજેલી જાણે એ બ આંખો : અને એ આંખોના ખૂણામાં ચણોઠીના રંગ જેવી રાતીચોળ ચટકી : હેમની શરણાઈઓ જેવી એના હાથની કળાયું : માથે લીલાં લીલાં છૂંદણાં : બંસીધારી કા'ન અને ગોપીનાં એ મોરાં : અને હેમની દીવીમાં પાંચ- -પાંચ જ્યોત સળગતી હોય તેવી, ડાબા-જમણા હાથની પાંચ-પાંચ આંગળીઓ : મુસાફરોની નજર જાણે એ પૂતળીએ બાંધી લીધી. બધાંય બોલી ઊઠ્યાં : “આપા, ગજબ કાં કરો ? આવું માણસ ફરી નહિ મળે, હો ! આવું કેસૂડાના જેવું બાળક કરમાઈ જાશે. આપા, પસ્તાશો; પોક મૂકીને રોશો.”

“જે થાય તે ખરી, ભાઈઓ ! તમારે કાંઈ ન બોલવું.” આપાએ જરાક કોચવાઈને ઉત્તર દીધો, કાઠિયાણીને કહ્યું : “બેસી જાઓ.”

જરાયે અચકાયા વિના, કાંઇ યે પૂછપરછ કર્યા વિના, “જે માતા !” કહીને કાઠિયાણી ત્રાપા ઉપર બેઠી. પલાંઠી વાળી ખોળામાં બાળક સુવાડ્યું. ઘૂમટો કાઢીને પગ હેઠળ દબાવી દીધો. ચાર તૂંબડાં, અને એની ઉપર ઘંટીએ દળવાની નાની ખાટલી ગોઠવીને કરેલો એ ત્રાપો ! મોઢા આગળ ધીંગું રાંઢવું બાંધેલું હોય. એ રાંઢવું ઝાલીને બે તરિયા એ ત્રાપાને તાણે. એ રીતે ત્રાપો તણાવા લાગ્યો. આપા માણકીને ઝાલીને કાંઠે ઊભા ઊભા જોઈ રહ્યા છે. ત્રાપો સામે પાર પહોંચી જાય તે પછી માણકીને પાણીમાં નાખું, અને નાખ્યા ભેળો જ સામે કાંઠે કાઠિયાણીને આંબી લઉં – એવા અડગ વિશ્વાસથી એ ઊભો હતો. માણકીને તો એણે આવાં કેટલાંયે પૂર ઉતરાવ્યાં હતાં. અને માણકી પણ જાણે પોતાની સમોવડ કાઠિયાણી પોતાની આગળ પાણી તરી જાય છે એ દેખી શકાતું ન હોય તેમ ડાબલા પછાડવા લાગી. જાણે એના પગ નીચે લા બળતી હોય એમ છબ્યા-ન-છબ્યા પગે એ ઊભી છે.

ત્રાપો શેતલની છાતી ઉપર રમવા લાગ્યો. નાનું બાળક નદીની લીલા નિહાળીને ઘુઘવાટા દેતું ઊછળવા લાગ્યું. માતાએ ત્રાપાની સમતોલતા સાચવવા બાળકને દબાવ્યું, ત્યાં તો મધવહેણમાં પહોંચ્યાં.

"ભૂંડી થઈ!" એકાએક આપાના મોંમાંથી ઉદ્ગાર નીકળ્યો.

"ગજબ થયો !” બેય કાંઠાના માણસો એ જાણે પડઘો દીધો.

આશરે એક સો આંખો એ ત્રાપા ઉપર મંડાણી હતી; વાંભ એક લાંબો, એક કાળોતરો સાપ મૂંઝાતો મધવહેણમાં. ઉડતો આવતો હતો. નાગ પાણીમાં અકળાઈ ગયેલો. પાણીના લોઢ એને બહાર નીકળવા દેતા નહોતા. એ ઊગરવાનું સાધન ગોતતો હતો. એણે ત્રાપો દેખ્યો. અર્જુનના ભાથામાંથી તીર જાય તેમ આખું શરીર સંકેલીને નાગ છલાંગ મારી ત્રાપા ઉપર જઈ ચડ્યો, બરાબર કાઠિયાણીના મોં સામે જ મંડાણો. સૂપડા જેવી ફેણ માંડીને “ફૂં...” અવાજ કરતો એ કાઠિયાણીના ઘૂમટા ઉપર ફેણ પછાડવા લાગ્યો. પણ એ તો કાઠિયાણી હતી ! એ ન થડકી. એનાં નેત્રો તો નીચે બાળક ઉપર મંડાણાં છે. એના મુખમાંથી “જે મા !... જે મા ! ”ના જાપ ઊપડ્યા.

“આપા, ગજબ કર્યો !” માણસો એકશ્વાસે બોલી. ઊઠ્યા. આપા તો એકધ્યાન બની રહ્યા છે.

એણે જોયું કે નાગે ફેણ સંકેલી મોં ફેરવ્યું, રાંઢવા ઉપર શરીર લાંબુ કરીને એ ચાલ્યો. આપાએ બૂમ પાડી :

" એ જુવાનો ! સામા કાંઠા સુધી રાંઢવું ન છોડજો, હો ! સો રૂપિયા આપીશ."

ત્રાપાવાળાને કાને શબ્દો પડ્યા : આ શી તાજુબી ! સો રૂપિયા બીજા ! પાછું ફરીને જુએ ત્યાં તો કાળને અને એના હાથને એક વેંતનું છેટું ! 'વોય બાપ !' ચીસ નાખીને એમણે હાથમાંથી રાંઢવું મૂકી દીધું; " ઢબ - ઢબ - ઢબાક ! " ઢબતા ઢબતા બેય જણા કાંઠે નીકળી ગયા.

રાંઢવું છૂટ્યું, અને ત્રાપો ફર્યો. મધવહેણમાં ઘૂમરી ખાધી.... ઘરરર ! ઘરરર ! ત્રાપો તણાયો. "એ ગયો.... એ ગયો... કેર કર્યો આપા ! – કેર કર્યો" એવી રીડિયારમણ બેય કાંઠે થઈ રહી. રાંઢવે ચડેલો નાગ પાણીમાં ડૂબકી ખાઈને પાછો ત્રાપા ઉપર આવ્યો, બાઈની સામે મંડાણો. બાઈની નજરના તાર તો બીજે ક્યાંય નથી – એના બાળક ઉપર છે; અને એના અંતરના તાર લાગ્યા છે માતાજીની સાથે. ત્રાપો ઊભે વહેણે ઘરેરાટ તણાતો જાય છે. 'જે જગદમ્બા 'નો મૃત્યુ-જાપ જપાતો જાય છે.

આપો જુએ છે કે કાઠિયાણી ચાલી ! એક પલકમાં તો એણે અસ્ત્રી વિનાને સંસાર કલ્પી લીધો, અને –

ડુંગર ઉખર દવ બળે, ખન-ખન ઝરે અંગાર,
જાકી હેડી હલ ગઈ, વો કા બુરા હવાલ.

અને –

કંથા પહેલી કામની, સાંયા , મ માર્યે,
રાવણ સીતા લે ગયો, વે દિન સંભાર્યે.

– એવા એવા ધ્રાસકા પડી ગયા. પણ વિચારવાનું વેળું ક્યાં હતું ?

કાઠીએ માણકીની વગ ઉતારીને કાઠાની મૂંડકી સાથે ભરાવી. મોરડાય ઉતારી લીધો. ઊગટાને તાણીને માણકીને ત્રાજવે તોળે તેમ તોળી લીધી, ઉપર ચડ્યો. નદીને ઊભે કાંઠે હેઠવાસ માણકીને વહેતી મૂકી. મણીકા-મણીકા જેવડા માટીના પિંડ ઉડાડતી માણકી એક ખેતરવા ઉપર પલક વારમાં પહોંચી. આ બધું વીજળીને વેગે બન્યું.

"બાપ માણકી! મારી લાજ રાખજે !" કહીને ઘોડીના પડખામાં એડી લગાવી. શેત્રુંજીના ઊંચા ઊંચા ભેડા ઉપરથી આપાએ માણકીને પાણીમાં ઝીંકી. " ધુબાંગ" દેતી દસ હાથ ઉપર માણકી જઈ પડી. ચારે પગ લાંબા કરીને એ પાણીમાં શેલારો દેવા લાગી, પાણીની સપાટી ઉપર ફક્ત માણકીનું મોઢું અને ઘોડેસવારની છાતી એટલો જ ભાગ દેખાતા હતા. માણકી ગઈ બરાબર મધવહેણમાં ત્રાપા આડી ફરી. ત્રાપો સરી જવામાં પલક વાર હતી. આપાના હાથમાં ઉઘાડી તલવાર હતી. બરાબર ત્રાપો પાસે આવતાં જ આપાએ તલવાર વાઈઃ "ડુફ " દઈને નાગનું ડોકું નદીમાં જઈ પડયું. પલક વારમાં આપાએ રાંઢવું હાથમાં લઈ લીધું.

" રંગ આપા ! વાહ આપા!" નદીને બેય કાંઠેથી લોકોએ ભલકારા દીધા. મસ્તીખોર નદીએ પણ જાણે શાબાશી દીધી હોય તેમ બેય ભેડામાંથી પડછંદા બોલ્યા.

ચારે દિશામાં રાક્ષસ જેવા લોઢ ઊછળી રહ્યા છે ! કાઠિયાણી અને બાળક પાણીમાં તરબોળ છે : મા-દીકરાનાં મોંમાં પણ પાણી જઈ રહ્યું છે. આપો ઉપરવાસ નજર કરે ત્યાં તો આરો

અર્ધો ગાઉ આઘે રહી ગયેલો; સામે પાણી- એ ઘોડી ચાલી શકશે નહિ. સન્મુખ નજર કરે ત્યાં નદીના બેડા માથોડું-માથોડું ઊંચા! કેવી રીતે બહાર નીકળવું ?

"બાપ માણકી! બેટા માણકી !" કરીને આપાએ ઘોડીની પીઠ થાબડી. ઘોડી ચાલી.

"કાઠિયાણી, હવે તારું જીવતર રાંઢવામાં છે, મા બરાબર ઝાલજે." કાઠીએ કહ્યું.

કાઠિયાણીએ બાળકને પલાંઠીમાં દબાવ્યો : બે હાથે રાંઢવું ઝાલ્યું, રાંઢવાના છેડા આપાએ કાઠાની મૂંડકીમાં ભરાવ્યો. માણકી કાંઠા પાસે પહોંચી, એના પગ માટી ઉપર ઠેરાણા.

"કાઠિયાણી ! ઝાલજે બરાબર !" કહીને આપાએ માણકીના પડખામાં પાટું નાખી. ચારે પગ સંકેલીને માણકીએ એ માથોડું-માથોડું ભેડા ઉપર છલાંગ મારી... પણ ભેડા પલળેલા હતા, માટીનું એક ગાડા જેવડું ગાંદળું ફસક્યું. માણકી પાછી પાણીમાં જઈ પડી. ત્રાપો પણ, એ બાળક અને માતા સોતો, પાછો પછડાણો. મા-દીકરા મૂંઝાઈને પાછાં શુદ્ધિમાં આવ્યાં.

"બાપ માણકી !" કહીને ફરી વાર ભેખડ પાસે લઈને આપાએ માણકીને કુદાવી. ઉપર જઈને માણકી પાછી પાણીમાં પછડાણી. ભૂતાવળ જેવાં મોજાં જાણે ભોગ લેવા દોડ્યાં આવ્યાં.

ત્રીજી વખત જ્યારે માણકી પડી, ત્યારે કાઠિયાણી બોલી : "કાઠી, બસ ! હવે ત્રાપો મેલી ધો ! તમારો જીવ બચાવી લ્યો. કાયા હેમખેમ હશે તે બીજી કાઠિયાણી ને બીજો છોકરો મળી રહેશે. હવે દાખડો કરો મા."

"બોલ મા ! – એવું વસમું બોલીશ મા ! નીકળીએ, તો ચારે જીવ સાથે નીકળીશું; નીકર ચારે જણાં જળસમાધિ લેશું. આજની રાત રહેવાની પ્રતિજ્ઞા છે – કાં ઈતરિયાને ઓરડે, ને કાં સમદરના પાતાળમાં."

"માણકી ! બાપ ! આંહી અંતરિયાળ રાખીશ કે શું ?" કહીને ચોથી વાર એડી મારી. માણકી તીરની માફક ગઈ. ભેડાની ઉપર જઈ પડી. કૂવામાંથી બોખ નીકળે તેમ કાઠિયાણી અને એના બાળક સહિત હેમખેમ ત્રાપો કાંઠે નીકળી પડ્યો. "રંગ આપા ! રંગ ઘોડી !" એમ કિકિયારી કરતાં માણસો ટોળે વળ્યાં, આપા માણકીને પવન નાખવા મંડ્યા. પણ માણકીને હવે પવનની જરૂર નહોતી : એની આંખો નીકળી પડી હતી, એના પગ તૂટી ગયા હતા, એના પ્રાણ છૂટી ગયા હતા.

માથા ઉપર સાચી સોનેરીથી ભરેલો ફેંટો બાંધ્યો હતો તે ઉતારીને સૂથા ધાધલે માણકીના શબ ઉપર ઢાંક્યો. માણકીને ગળે બથ ભરીને પોતે પોકે પોકે રોયો. "બાપ માણકી ! મા માણકી !" – એવા સાદ પાડી પાડીને આપાએ આકાશને રોવરાવ્યું, ત્યાં ને ત્યાં જળ મૂકયું કે જીવતા સુધી બીજા કોઈ ઘોડા ઉપર ન ચડવું. કાઠિયાણીનાં નેત્રોમાંથી પણ ચોધાર આંસુ ચાલ્યાં જતાં હતાં.

એંસી વરસનો થઈને એ કાઠી મર્યો. પોતાના ભાણેજ દેવા ખાચરની ઘોડારમાં બાર-બાર તો જાતવંત ઘોડાં હતાં : પણ પોતે કદી કોઈ ઘોડે નહોતો ચડ્યો.

" રંગ ઘોડી - ઝાઝા રંગ !" એમ કહીને આખા ડાયરાએ કાન પકડ્યા.

૨

કલોજી લૂણસરિયો

ગોં ડળના કોઠા ઉપર 'ધ્રુસાંગ ! ધ્રસાંગ ! ધ્રુસાંગ !' એવે અવાજે તરઘાયો ઢોલ વાગવા લાગ્યો, અને 'ઘોડાં ! ઘોડાં ! ઘોડાં !" પોકારતો પોકારતો ચોપદાર પ્રભાતને પહોરે રજપૂતોની

ડેલીએ ડેલીએ ઘૂમવા લાગ્યો. એટલામાં એક ડેલીમાંથી એક જુવાન બહાર દોડ્યો આવે છે, અને ચોપદારને પૂછે છે, “ભાઈ, શું છે ? શેનો ઢોલ વગડે છે?”

“કલાજીભાઈ!” ચોપદાર ચાલતો ચાલતો કહેતો ગયો: “કુંડલાના હાદા ખુમાણે આપણો માલ વાળ્યો છે, પણ તમે ચડશો મા.”

"કાં ?"

“બાપુએ ના પાડી છે : હજી તમારી ચાકરી નોંધાણી નથી."

“એમ તે કાંઈ હોય ! રજપૂતના દીકરા ભગવાનને ચોપડે ચાકરી નોંધાવીને પછી જ અવતરે છે.”

એટલું કહીને કલાજી નામના અસવારે હથિયાર હાથ કરી ઘોડી છોડી.

લૂણસર નામે વાંકાનેરનું એક ભાયાતી ગામ છે. ત્યાંનો ગરાસિયો કલોજી પોતાના ભાઈઓને લઈને ગોંડળ ભા' કુંભાની પાસે નોકરી કરવા આવ્યો હતો. ત્રીસ વરસની અવસ્થા હતી. આજ સવારથી એની ચાકરી નોંધવાની હતી, પણ મળસકામાં જ હાદો ખુમાણ નામે કુંડલાનો કાઠી પોતાનાં દોઢસો ઘોડાં લઈને ગોંડળની સીમમાં ત્રાટક્યો અને એણે પહરમાંથી પરબારાં ઢોર વાળ્યાં.

ભા' કુંભાનો પગાર ખાનાર બીજા રજપૂત બહાર નીકળે-ન-નીકળે ત્યાં તો કલોજી પોતાના બે રજપૂતોની સાથે ચડી નીકળ્યો. દોઢસો કાઠીઓએ પોતાની પાછળ ડાબલા ગાજતા સાંભળ્યા, પણ પાછળ નજર કરતાં ત્રણ અસવારો દેખ્યા. કંડોલિયાને પાદર કલાજીએ ઘોડાં ભેળાં કરી દીધાં. આપાઓ એકબીજાને કહેવા માંડ્યા કે 'એ બા, ઈ તો, ભણેં વષ્ટિ કરવા આવતા સે, વષ્ટિ કરવા.' સહુને વિશ્વાસ બેઠો. ત્યાં તે રજપૂતો આંબી ગયા.

“આપાઓ ! આમાં હાદો ખુમાણ કોને કહીએ ?”

“ એ, ભણેં, મોઢા આગળ હાલ્યા જાવ – મોઢા આગળ એ... ઓલ્યા બાવળા ઘોડાનો અસવાર : માથે સોનેરી છેડાનો મેકર બાંધ્યો : સોનાની કુંડળ્યે ભાલો અને સોનાને કૂબે ઢાલ : ઈજ આપો હાદો. ભણેં, બા, મારગ ધો, મારગ ! રજપૂતના દીકરા વષ્ટિ કરવા આવતા સેં, મારગ ધો.”

પોણોસો પોણોસો ઘોડાં નોખાં પડી ગયાં, વચ્ચે થઈને ત્રણ રજપૂતો આગળ વધ્યા.

જે ઘડીએ આ ત્રણે ઘોડેસવાર હાદા ખુમાણની નજીક ગયા, તે ઘડીએ હાદા ખુમાણે જુવાનોની આંખ પારખી : એ આંખમાં વષ્ટિ નહોતી, વેર હતું. હાદા ખુમાણે ઘોડો. દાબ્યો. કલોજી વાંસે થયો; પણ કલોજી આંબે નહિ. એણે પોતાની ઘોડીના તરિંગમાં બરછી ભરાવી. ઘોડી જાગી ગઈ. હાદા ખુમાણની સાથે ભેટભેટા કરાવી દીધા. કલાજીએ તલવાર ઉઘાડી કરી. પેગડામાં ઊભા થઈને એણે તલવાર ઝીંકી. હાદો ખુમાણ તો ઘોડાના પેટ નીચે નમી ગયો, પણ તલવારે ઘોડાની ઉપરનો ચોફાળ, ઓછાડ અને કાઠાંનાં પાઠાં : એ બધું કાપીને ઘોડાના બે કટકા કરી નાખ્યા – નોખા નોખા બે કટકા !

હાદો ખુમાણ કૂદીને આઘે ઊભો. જ્યાં નજર કરે ત્યાં ઘોડે તો ગુડાઈ ગયો દીઠો, પણ કલોજીની આંખનાં બેય રત્નોને બહાર લબડી પડેલાં જોયાં. 'વાહ જુવાન ! રંગ જુવાન !' એવા ભલકારા દેતા દેતા હાદા ખુમાણ પોતાનો તરફાળ લઈને કલાજીને પવન ઢોળવા લાગ્યા. ત્યાં દોઢસો કાઠીઓ આંબી ગયા. કાઠીઓ કહેવા લાગ્યા કે “ભણે, આપા હાદા, ઈ ને ગુડુ નાખ્ય,

ગુડુ નાખ્ય. દુશમનને આવાં લાડ કોણ સાટુ લડાવતો સે?"

હાદો ખુમાણ બોલ્યા કે "ખબરદાર, એને કોઈ હાથ અડાડશો મા. દોઢસો કાઠીની વચ્ચે ત્રાટકી જેણે એક ઝાટકે મારો ગાડા જેવા ઘોડો વાઢી નાખ્યો, એને મારવાનો હોય નહિ, આમ જુઓ નિમકહલાલી : આંખનાં બે રતન બહાર નીકળી પડ્યાં છે."

કાઠીઓ જોઈને દિંગ થઈ ગયા.

ત્યાં ગોંડળની વાર દેખાણી. ભાલાં 'સમ વરળક ! સમ વરળક !' કરતાં ઝબૂક્યાં. કલાજીને મૂકીને કાઠીઓ ભાગી છૂટ્યા. પણ ત્યારથી આજ સુધીયે, ખુમાણોના ડાયરામાં કસૂંબા લેવાય છે ત્યારે ત્યારે ડાહ્યા કાઠીઓ 'રંગ છે કલા લૂણસરિયાને!" એમ કહીને કસૂંબો લે છે.

ગોંડળ દરબારે કોઈ હકીમની પાસે કલાજીની આંખો ચડાવરાવી, અને મોટી જાગીર આપીને એની ચાકરી નોંધી.

૨

ધંધુકા ગામમાં તે વખતે મીરાં અને દાદો નામના બે બળિયા મુસલમાનો રહે. બેય ભાઈઓ કાઠિયાવાડમાં ઘોડાં ફેરવે અને પૈસા આપે તેના પક્ષમાં રહી ધીંગાણાં કરે. મીરાં અને દાદો આજ પણ સૌરાષ્ટ્રના શૂરાઓ તરીકે પ્રખ્યાત છે. એક દિવસ મીરાંને ખબર પડી કે કલોજી લૂણસરિયો ધંધુકાને પાદર થઈને જાય છે. મીરાંએ સાદ કર્યો કે "અરે કલોજી ધંધુકાને પાદરેથી પરબારા જાય ? દોડો, એને પાછો વાળો."

નાનો ભાઈ દાદો માથામાં ખૂબ ખુમારી રાખીને ફરતો. એ બોલ્યો કે "ભાઈ, કલોજી તે એવો કયો હેતનો કટકો કે ઊલટો તું એને બોલાવવા માણસ દોડાવછ ?"

"દાદા, એ શૂરવીર છે; એને રામ રામ કર્યે પાપ ટળે."

કલોજી આવ્યો. મીરાંજી એને બથમાં ઘાલીને મળ્યા. પણ દાદાએ મોંએથી આવકાર પણ ન દીધો. કલોજીની બહુ સરભરા થવા માંડી, એ દેખીને દાદાને વસમું લાગ્યું. કલોજીને અપમાન લાગે તેવાં વેણ દાદાએ કાઢ્યાં, મીરાં બોલ્યો કે, "દાદા, આજ એ આપણો મહેમાન છે, નીકર આંહીં જ તને એના બળનું પારખું થાત. પણ તારા મનમાં ખુમારી રહી જતી હોય તો એક વાર લૂણસર જાજે."

કલોજી હસીને બોલ્યો : "હાં હાં, મીરાંજીભાઈ ! દાદો તો બાળક કહેવાય. મારા મનમાં એનો કાંઈ ધોખો નથી. અને દાદા, તું ખુશીથી લૂણસર આવજે ! હુંય મારા ગજા પ્રમાણે પાણીનો કળશો લઈ પાદર ઊભો રહીશ."

કલોજી લૂણસર ગયો, પણ દાદાથી ન રહેવાયું. એને તો લુણસર જોવું હતું. એક દિવસ પોતાના સવારો લઈને બેય ભાઈ ચાલી નીકળ્યા. લુણસરને પાદર ઊભા રહીને કલોજીને ખબર આપ્યા કે દાદા ધીંગાણા માટે આવીને વાટ જુએ છે. કલોજીની આંખો દુઃખતી હતી. આંખોમાં ભરણ આંજીને એ સૂતો હતો. આંખો ધોઈને એક કાટેલી તલવાર સોતો એ સામાન પણ નાખ્યા વિના ઘોડી ઉપર ચડ્યો; પાદરે આવીને આઘેથી બોલ્યો : " મીરાં–દાદા, રામરામ ! બહુ સારું કર્યું' ! ભલે આવ્યા !"

મીરાંએ દાદાને કહ્યું : "ભાઈ, કલાજીનું પાણી તારે એકલાને જ જેવું છે : મારે એની સાથે વેર નથી અને આ બિચારા ઘોડેસવારો તે પેટ સારુ આવ્યા છે. માટે અમે ઊભા ઊભા

જોશું, ને તમે બે સામસામા બાટકો. કાં તો અમે તને દફન કરીને જાશું, ને કાં એને બાળીને જાશું."

બેય જણા વચ્ચે ધીંગાણું ચાલ્યું.

કલો કહે : "દાદા, પહેલે ઘા તારો."

"લે ત્યારે, પહેલો ઘા સવા લાખનો...." કહીને દાદાએ ભાલું ઝીંક્યું. કલોજીની ઘોડી ગોઠણભેર બેસી ગઈ: ઉપર થઈને ભાલું ખાલી ગયું.

"દાદા, એમ ન હોય : જો આમ ઘા કરાય" એમ બોલીને કલોજીએ કાટેલ તલવાર લઈને ઘોડીને દાબી, દાદાને માથે જનોઈવઢ ઘા કર્યો : દાદો પડ્યો.

મીરાં એના અસવારોને કહે : "ભાઈયું ! કલાજીના હાથ તો જોયા ને? હવે એનું હૈયું જેવું હોય તો હાલો ભાગી નીકળો !"

અસવારોને લઈને મીરાં ભાગ્યો.

કલાજીએ વિચાર્યું : " હાય હાય, એનો સગો ભાઈ એને મૂકીને ભાગ્યો ! પણ, દાદા, ફિકર નહિ, હું ય તારો ભાઈ છું," એમ કહી, દાદાને ઘોડી પર નાખી, રજપૂત પોતાને ઘેર લઈ ગયા. માને કહ્યું કે "માડી, પેટનો દીકરો માનીને આ દાદાની ચાકરી કરજો."

બે મહિના દાદાને પડદે નાખીને સુવાણ થયા પછી કલોજી ધંધુકે મૂકી આવ્યો. મીરાં કહે: "કાં દાદા, કલાજીને ઓળખ્યો ?"

દાદો દાંત ભીંસીને બોલ્યો : "ઓળખ્યો, પણ એક વાર એના લૂણસરને માથે ગધેડાંનાં હળ હાંકીને મીઠાં વવરાવું તો જ હું દાદો !"

૩

અમાસની અંધારી ઘોર અધરાત ભાંગી ગઈ હતી. મોટું ભળકડું થવા આવ્યું હતું. તે વખતે ગોંડળને દરવાજે બ્રાહ્મણે આવીને સાદ પાડ્યો કે, "ભાઈ દરવાણી ! ઝટ દરવાજો ઉઘાડ."

"દરવાજો અત્યારે ન ઊઘડે, કૂંચિયું કલાજીભાઈને ઘેર રહે છે." દરવાને જવાબ દીધો.

"મારે કલાજીભાઈનું જ કામ છે. એને માથે આફત તોળાઈ રહી છે. ભાઈ દરવાણી ! મારા ધણીને ઝટ ખબર દે."

કલાજીને ઘેરથી દરવાજાની કુંચીઓ આવી. બ્રાહ્મણને કલાજીની પાસે લઈ ગયા. ઓળખીને કલોજી બેલી ઊઠ્યો : "ઓહો, ગામોટ ! તમે અટાણે ક્યાંથી ? લૂણસરમાં સહુ ખુશીમાં છે ?"

"બાપુ, કાલ સવારે લૂણસર હશે કે નહિ હોય. આજ બપોરે અહીંથી ત્રીસ ગાઉ ઉપર મને એક કટક ભેટ્યું. આંબરડીથી હાદો ખુમાણ, અને ધંધુકેથી મીરાં-દાદો : સાથે સાડાત્રણસો ઘોડેસવાર : કહ્યું કે 'લૂણસર ઉપર કાલે સવારે મીઠાં વાવશું.' સાંભળીને મેં ગોંડલનો રસ્તો લીધો. તમારે પુણ્યે જ મારા પગમાં જોર આવ્યું. આથી વહેલું તો પહોંચાય તેમ નહોતું; મરતો મરતો પહોંચ્યો છું."

આકાશમાં મીટ માંડીને કલોજી વખત માપવા મંડ્યો. સવાર આડા ઝાઝો વખત નહોતો રહ્યો. લૂણસર ત્રીસ ગાઉ આઘે હતું, સવાર પડશે ત્યાં પોતાની જનમભોમકા ઉપર શાં

શાં વીતકો વીતશે ! બે રજપૂતાણીઓ અને બાર વરસની નાની દીકરીની કેવી દશા થઈ હશે ! વિચાર કરીને કલોજી ધ્રુજી ઊઠ્યો.

પોતાના ભાણેજને બોલાવીને એણે ભલામણ કરી : “બાપ, આજ સવારે ભા' કુંભાને કસૂંબાનાં નોતરાં દીધાં છે પણ હું સવાર સુધી રહું તો તો મારે કસૂંબાને સાટે ઝેરની તાંસળી પીવી પડે. તું દરબારને કસૂંબો પાઈને પછી ચડી નીકળજે. ભા'કુંભાને મારી વાત કહેજે. ફરી મળીએ તો હરિની મહેર, નીકર છેલ્લા રામરામ છે.”

એટલું કહીને કલોજી એકલો ઘોડી ઉપર ચડ્યો. ઘોડીની ગરદન ઉપર હાથ થાબડીને કહ્યું: “બાપ, તાજણ ! આજ સુધી મારી આબરૂ તેં જ રાખી છે, માટે આજ છેલ્લી ઘડીએ મારું મોત બગાડતી નહિ, હો ! આપણું લૂણસર લૂંટાય છે, બેટા !”

લૂણસરના સીમાડા ઉપર સૂરજ મહારાજનો ઝળહળાટ કરતો મુગટ દેખાયો તે વખતે શ્યામ મોઢાં લઈને વસ્તીનાં લોકો પાદરમાં ઊભાં હતાં. વીસ-વીસ વરસના કેટલાક જુવાનો ઘાયલ થઈને પડ્યા પડ્યા ડંકતા હતા. પડખે લોહીનાં પાટોડાં ભર્યાં હતાં.

થોડાક લોકોએ એકસામટી ચીસ પાડી : “ એ... એ કલોજી બાપુ આવે.”

કોઈ કહે : “અરે, ગાંડા થાઓ મા ! ક્યાં ગોંડળ, ને ક્યાં લૂણસર ! અત્યારે કલોજી બાપુ કેવા ?”

“અરે, ન હોય શું ? આ એનો જ ભાલો ઝબકે. આ તાજણ બીજાની ન હોય. નક્કી કલોજી બાપુના રુદિયામાં રામના દૂત કહી આવ્યા.”

“અરરર ! કલોજી બાપુને મોઢું શું બતાવશું ?” એમ બોલીને ઘાયલ પડેલા જુવાનો પડખું ફર્યા, અને સદાને માટે આંખો મીંચી ગયા. કલોજી આવ્યો: જાણે સીમાડેથી સૂરજ આવ્યો. આખી રાતના ઉજાગરાથી આંખો રાતીઘૂમ થયેલી: મોઢાના દેવાંગી નૂર ઉપર હાલારની માટીના થર જામી ગયેલા : ઘોડીના મોમાંથી ફીણ ચાલ્યાં જાય છે.

“બાપુ, જરાક જ મોડું થયું.” માણસો બોલ્યા.

કલાજીના મોંમાંથી નિસાસો નીકળ્યો – જાણે એનો જીવ નીકળ્યો.

“પણ, બાપુ, કાંઈ લૂંટાણું નથી, હો !” કોઈએ. દિલાસો દીધો.

“સાચું, બાપુ ! કાંઈ નથી લૂંટાણું, ફક્ત આબરૂ !”

“દરબારગઢમાં કોઈ જીવતું છે ?”

“એક પંખીડું પણ નથી ઊડ્યું.”

" શી રીતે ?"

“ દાદો તો ગઢના લબાચા વીંખવા આવ્યો, પણ એના મોટેરા ભાઈ મીરાંજીએ કહ્યું : “ ખબરદાર ! કલાજીની ઘરવાળિયું મારી બેન્યું છે. આજ કલોજી ગામતરે હોય ને જો એના ઓરડા ચૂંથાય, તો તે પહેલાં મીરાંને માથે માથું ન રહે' એમ કહીને એણે પોતાનાં દોઢસો ઘોડાં નોખાં તારવ્યાં, અને દરબારગઢ ફરતાં ઉઘાડી તલવારે વીંટી દીધાં હતાં, બાપુ !”

“એક જ માના બે દીકરા ! વાહ મીરાંજી ! ભલે ભાંગ્યું લુણસર – તને ઓળખ્યો !” કલોજી બોલી ઊઠ્યો.

કલોજી ઓરડે ગયો. લોકોએ માન્યું કે બાપુના મનની વેદના હેઠી બેસી ગઈ. ઓરડાની

ઓસરીની કોર પર રજપૂત બેસી ગયો. બાર વરસની નમણી અને કાલી કાલી બોલી બોલતી દીકરી બહાર આવીને બાપુને નીરખતી નીરખતી ઊભી રહી. પોતાની ઘોડીના હનામાંથી કાંસાની તાંસળી કાઢીને કલાજીએ દીકરીને કહ્યું : “બેટા, આ તાંસળીમાં ગોરસ લાવજે.”

દહીં આવ્યું : અંદર મૂઠી ભરીને સાકર નાખી : સાકર ને દહીં ઘોળીને કલોજી પોતે પી ગયો. બીજી તાંસળી કાઢી : એમાં અફીણ વાટ્યું : દીકરીની પાસે રોટલો માગ્યો: રોટલાનાં બટકાંમાં અફીણ ભરી ભરીને તાજણને ખવરાવ્યું. બે ભાર અફીણનું અમલ તાજણના પેટમાં ગયું, એટલે થાકેલી તાજણ પાછી થનગનાટ કરવા લાગી, બાપુના પેટમાં ઠંડક થઈ. પછી એણે દીકરીને કહ્યું :

“લે બેટા, હવે મારાં દુખણાં લઈ લે, બાપ !”

દીકરીની આંખમાંથી આંસુ વહેતાં થયાં.

“રજપૂતાણિયું ! બેય જણિયું ઘરમાં શું કરી રહ્યાં છો ? આપણું બાળક આમ રોવા બેસે તો સાત પેઢીને ખોટ લાગે, હો ! છાની રાખો ગીગીને. સારો જમાઈ ગોતીને પરણાવજો ! કરિયાવરમાં કચાશ રાખશો મા ! કિરતાર તમારાં રખવાળાં કરશે. લે, બેટા ગીગી, દુખણાં લઈને સારા શુકન દે, કે ઊજળે મોઢે બાપનું મોત થાય !”

દીકરીએ એના નાના રૂપાળા હાથનાં વારણાં લીધાં: દસે આંગળીના ટચાકા ફૂટ્યા. બાપુને માથે આંસુનો અભિષેક કર્યો.

તાજણનો અસવાર બહાર નીકળ્યો. દુશમન કઈ તરફ ગયા તે રસ્તો પૂછીને છાનોમાનો એકલો વહેતો થયો.

૪

ભળકડામાં લૂણસર ભાંગીને હાદા ખુમાણ અને મીરાંદાદો બેફિકર બની ચાલ્યા જતા હતા. આખી રાતનો ઉજાગરો હોવાથી અસવારે બધા ઝોકાં ખાતા ખાતા ધીરી ગતિએ ઘોડાં હાંક્યે જતા હતા. વચ્ચે રખોપા વિનાના ઊભા મોલમાં ઘોડાં બાજરાનાં ડૂંડાં કરડતાં હતાં. એને કોઈની બીક નહોતી. “એલા, ભણેં. કલોજી!” એક કાઠીએ ઓચિંતી ચીસ પાડી.

“કલોજી ! કીસેથી ! એલા, કલોજી નહિ, આપણો કાળ !” એમ કહીને કાઠીઓ ભાગ્યા. મીરાં-દાદો પણ ઊભા ન રહી શક્યા. વાંસેથી કલાજીનો પડકાર ગાજ્યો કે "માટી થાજો !”

રજપૂતની હાકલથી પણ શત્રુઓનું અર્ધું કૌવત હણાઈ ગયું. ભેટંભેટા થઈ. જેને માથે કલાજીની તલવારનો ઘા પડ્યો તે બીજો ન માગે. એમ ઘણાને સુવાડ્યા, અને પોતે પોતાના શરીર ઉપર એંશી એંશી ઘા ઝીલ્યા. ઘોડી પણ ઘામાં વેતરાઈ ગઈ. કલોજી પડ્યો. ઘોડી એના ઉપર ચારે પગ પહોળા કરીને ઊભી રહી. પોતાના લોહીના ધારોડામાં તાજણે ધણીને નવરાવી નાખ્યો. ત્યાં તો “માટી થાજો ! લૂણસર ભાંગનારા, માટી થાજો !” એવી ગર્જના થઈ. ગોંડળની વહાર ધરતીને ધણધણાવતી આવી પહોંચી.

“ ભાગો ! ભણેં, ભાગો !” કહેતા કાઠીઓ ભાગ્યા. ભાગતાં ભાગતાં ગોંડળની ફોજના એક મોવડીને ઘા કરીને પાડતા ગયા. કલોજી અને એનો ભાણેજ પડ્યા રહ્યા. જેમ વંટોળિયો જાય તેમ બેય કટક ગયાં – આગળ દુશમનો ને પાછળ ગોંડળિયા.

પચીસ વરસની અવસ્થાએ કલાજીએ સંકલ્પ કરેલો હતો કે ચાળીસ વરસે શંકરને માથે

કમળપૂજા ખાવી. આજ મોતની ઘડીએ કલાને એ પ્રતિજ્ઞા સાંભરી. આજ એને પાંત્રીસ વરસ થયાં છે. હજી પાંચ વરસની વાર છે. મનમાં આજ વિચાર ઊપડ્યો કે કમળપૂજાની હોંશ હૈયામાં રહી જશે તો અસદ્‌ગતિ પામીશ.

ઊભા થવાની તો તાકાત નહોતી, એટલે ઘોડીનું પેંગડું ઝાલ્યું: ઝાલીને ટિંગાણો: ટિંગાઈને ઊંચો થયો. કાઠાની મૂંડકી સાથે ભંભલી બાંધી હતી. ભંભલીમાંથી પાણી ભોંય ઉપર ઢોળ્યું : પાછો નીચે પછડાણો : હાથ લંબાવીને ધૂળ-પાણી ભેગાં ચોળ્યાં : ગારો કરીને એમાંથી શિવલિંગનો આકાર બનાવ્યો : હાથમાં તલવાર લીધી : પીંછી જમીનમાં ભરાવી: મૂઠ હાથમાં ઝાલી – ને ધાર ઉપર ગળાનો ઘસરકો દીધો. આખુંય માથું ઊતરી ગયું ત્યાં સુધી ભીંસ દીધી. ગારાના શંકર ઉપર પોતાનું ગળું રાખ્યું, એટલે લોહીની જાણે જળાધારી વહેવા લાગી. પૂજા મહાદેવને માથે પહોંચી ગઈ: પાંચ વરસ વહેલી પહોંચી.

બેઠો બે વીસાં તણી, જડધર વાટ્યું જોય,
(પણ) કલિયો વેધુ કોય, પાંત્રિસે પોગાડિયું.

શંકર તો બે વીસુ (ચાળીશ) વરસ પૂરાં થવાની વાટ જોઈને બેઠો હતો, પણ કલોજી ચાડીલો – આગ્રહી હતો. એણે તો પાંત્રીસ વરસે જ મહાદેવને પહોંચાડી દીધું.

૩
વેર

કું ડલાના થડમાં અરઠીલા ગામ છે. તેમાં સોનરા બાટી નામનો એક ચારણ રહે, અને કાંકચ ગામમાં વેસૂર ગેલવો નામે સોનરા બાટીનો સાળો રહે. બન્નેનો સારો ગરાસ હતો. સાળા-બનેવીને હેતપ્રીત પણ રૂડી હતી.

એક વાર સોનરા બાટીએ પોતાના સાળાને ગોઠ કરવા બોલાવ્યો. વેસૂર ગેલવાને ચાર વરસનો એક દીકરો હતો. નામ પીઠાશ. પીઠાશે બાપુની સાથે ફુઈને ઘેર જવા હઠ લીધી. બાપે પીઠાશને સાથે લીધો. નાના પીઠાશે પોતાના પાળેલા સસલાનેયે સાથે લીધો, કારણ કે સસલે પણ પોતાની મૂંગી ભાષામાં હઠ લીધી કે 'હુંયે આવું !' બાપને મન પણ સસલો તો બીજા દીકરા જેવો જ હતો. ગળે બાંધેલી ઘૂઘરીઓના મીઠા રણકાર કરતો સસલો ગોઠમાં ચાલ્યો.

કોઈ બગીચામાં ગોઠ થતી હતી. સસલો કૂણાં કૂણાં તરણાં ચરતો ખેલતો હતો; નાનો પીઠાશ અને એનો બાપ ક્યાંઈક આડાઅવળા થયા હશે, એટલે પીઠાશના ફુઆની જીભમાં એ સસલો જોઈને એવું પાણી છૂટ્યું કે એને હલાલ કરાવીને મસાલેદાર શાક તૈયાર કરાવી નાખ્યું. બધા જમ્યા. સાંજરે જુદા પડવાનો સમય થયો, તે વખતે નાના પીઠાશને એનો સસલો સાંભર્યો. એ કહે : “બાપુ, ભાઈ ક્યાં ?”

1. * આજે ત્યાં ગામ નથી પણ માત્ર ઉજ્જડ ટીંબો છે.

બાપુએ ભાઈને ગોત્યો પણ ભાઈ તો બધાંનાં પેટમાં હતો; ભાઈના ઘૂઘરા ક્યાંથી સંભળાય ? પીઠાશે સોનરાને પૂછ્યું:

“ફુઆ, ભાઈ ક્યાં ?”

“ભાઈ વળી કોણ ?”

“અમારો સસલો.” વેસૂર ગેલવે કહ્યું.

“સસલો તો પડ્યો આપણાં પેટમાં !” ફુઆએ વાત સમજાવી.

પીઠાશ રડવા લાગ્યો. વેસૂર ગેલવો ગળગળો થઈ ગયો. એણે કહ્યું: “અરે ભૂંડા, પેટના દીકરા જેવા સસલાને મારી નાખ્યો ! અને એની માટી મને ખવરાવી? બનેવી છો એટલે શું કરું ? બીજો હોત તો ભારોભાર લોહી-માંસ વસૂલ કરત.”

સાળો-બનેવી ચડભડ્યા. વેસૂર ગેલવાનું ડોકું ઉડાવી દઈને સોનરો બાટી ઘેર ચાલ્યો ગયો. જઈને ઘરવાળીને કહે : “ચારણ્ય તારા ભાઈને મારીને આવ્યો છું.”

“એમાં શું ? એ તો મરદના ખેલ છે.” એટલું બોલીને ચારણીએ પોતાના હૈયામાં કંઈક લખી લીધું. પછી મોં વાળીને જે વિધિ કરવાની હતી તે કરી.

નાનો પીઠાશ ફુઆની બીકથી ભાગીને પોતાની મા સાથે ચિતોડઆવ્યો છે; નાનો મટીને જુવાન બન્યો છે. રાણાના રાજદરબારમાં કવિરાજની પદવી પામ્યો છે. ચિતોડના રાજદરબાર એની કવિતા ઉપર, મોરલી ઉપર નાગ ડોલે તેમ, ડોલી રહ્યો છે. તે વખતે માની આંખમાંથી દડ દડ પાણી પડતાં જોયાં.

" મા, કેમ રોવું આવ્યું ? " દીકરે પૂછ્યું.

1. * કોઈ કહે છે કે જામનગર.

"તને સુખી જોઈને હરખનાં આંસુ આવ્યાં, બાપ !"

"ના. માડી ! આ આંસુ હરખનાં નથી, સાચું બોલો."

"બસ. બાપ, ભૂલી ગયો ? સુખ બધું ભુલાવી દે છે."

"શું ?"

"તારા બાપનું વેર."

રાણીની પાસેથી બે રજપૂત લઈને પીઠાશ કાઠિયાવાડ આવ્યો. અરઠીલા ગામને માથે બરાબર અધરાત, કાળે ઓઢણે કાયા ઢાંકીને કોઈ ગોરી ગોરી વિધવા બેઠી હોય તેમ બેઠી હતી. એના વલોવાતા અંતર સરીખું વાદળ જાણે ઊંડી ઊંડી વેદનાને ભારે ભાંગી પડતું હોય તેવું લાગતું હતું અને ઓલવાતી અનેક આશાઓ જેવા તારાઓ ચમક ચમક થાતા હતા.

સોનરા બાટીના ઘરમાં પીઠાશ એકલો જ ગયો. બુઢ્ઢો ફુઓ અને બુઢ્ઢી કુઈ એક જ ઓરડામાં સૂતેલાં. પીઠાશને મનમાં થયું : આમ જ મારીને ચાલ્યો જઈશ તો કોણ જાણશે ? અંગૂઠો દાબીને એણે ફોઈને જગાડ્યા. ચારણીએ ભત્રીજાને જોયો, હાથમાં ખડગ જોયું. ઓળખ્યો.

"આવી પહોંચ્યો, બાપ !" જાણે આટલા દિવસ વાટ જોતી હોય એવે સ્વરે બોલી; ત્રીજો કાન સાંભળી ન શકે તેવું ધીમેથી બોલી. ચારણ ચકિત થઈ ગયો.

"લે, હવે વાટ કોની જુએ છે? લગાવ. એ જ તારા બાપનો મારતલ છે." ચારણીએ આંગળી ચીંધી.

"કુઈ! તમારો..."

"મારો ચૂડલો? ચિંતા નહિ, બાપ !"

એક જ ઘાએ પીઠાશે પતાવ્યું.

"હવે ? તને ખબર છે બાપ, કે એને માથે કોણ બેઠા છે ? હમીર અને નાગાજણ – બે: મારા બે સાવજ ! એના બાપનું લોહી ભાળશે એટલી જ વાર છે, માટે ભાગવા માંડ."

પીઠાશ ગયો. ચારણી એ ભેંકાર ઓરડામાં, દીવાને ઝાંખે અજવાળે, ધણીનું લોહી-તરબોળ ધડ-માથું જોતી જોતી ભળકડા સુધી અબોલ બેઠી રહી. હવે પીઠાશ ઘણો દૂર નીકળી ગયો હશે એમ ખાતરી થઈ એ વખતે મોં ઢાંક્યું, રોવા લાગી. ચારણીનું રોણું તો ઝાડવાંનેય રોવરાવે. સાંભળીને આખો પાડોશ જાગ્યો. ગાયો ભાંભરી. કુતરાં વિલાપ કરવા મંડ્યાં. રડવું સાંભળતાં તો પડખેના ઓરડામાં સૂતેલા બેય દીકરા હમીર અને નાગાજણ – દોડ્યા આવ્યા. બે પહોરનું થીજી ગયેલું લોહી જેઈને નાગાજણ બોલ્યો : " લે, માડી, હવે સમજાઈ ગયું : હવે ઢોંગ રે'વા દે ! હમીર, આ જામેલું લોહી જો. આ કાળા કામો કરનારો નક્કી પીઠાશ. અને બાપને માડીએ જ ઉપર રહીને મરાવ્યો લાગે છે ! પીઠાશને ભાગવાનો વખત એની ફુઈ વિના બીજુ કોણ આપે ? રંગ છે મા !"

માએ જવાબ દીધો : "દીકરા, એક દી એનો ય બાપ આમ મૂવો'તો, હો ! ત્રણ વરસનો એનો બાળકો તે દી ઉજ્જડ વગડે બાપના મડદા ઉપર પડ્યો પડ્યો, ગાય વન્યાના વાછરુની

જેમ વલવલતો હતો એ ભૂલી ગયા, મારા પેટ? બાપ તો સહુના સરખા. અને હવે બળ હોય તો ચિતોડ ક્યાં આઘુ છે, મારા બાપ?"

૩

રાવળનો વેશ કાઢીને હમીર-નાગાજણ ચિતોડમાં આવ્યા છે. સાથે છે વંશાવળીના ચોપડા અને બીજુ રવાજ. પીઠાશના કુળના જ વહીવંચા બનીને આવ્યા છે. પીઠાશની ડેલીએ જ ઉતારો છે. રોજ ગઢમાંથી બે ભરચક થાળીઓ આવે છે. 'ભલ્યે પ્રથીનાથ ! ભલ્યે અન્નદાતા!' કરતા કરતા દુશ્મનો મિષ્ટાન્નો જમે છે. એમ કરતાં તો ઘણા દિવસો ગયા. 'કાલે નામ મંડાવશું' એમ કાલ કાલ કરતાં પીઠાશ પોતાના આ દેવોને રોકી રાખતો હતો. દેવો રોકાય છે, પણ ચોપડામાં નામ નોંધવા માટે નહિ, વેર લેવાનો લાગ ગોતવા. એ લાગ નથી મળતો. પીઠાશ મહેલમાંથી જ્યારે દરબારમાં જાય છે અને દરબારમાંથી પાછો ઘેર આવે છે ત્યારે સાથે આરબોની બેરખ હોય છે. એકલો ક્યાંય મળતો નથી.

એક દિવસ એવો આવી ગયો : રાતનો બીજો પહોર જામતો આવે છે. વેશધારી રાવળો ડેલીએ બેઠા બેઠા રવાજ ઉપર સૂર જમાવી રહ્યા છે. આવડ, ખોડલ, બેચરાજી વગેરે જોગણીઓના છંદો રવાજના સૂરની સાથે ઘોર નાદે લલકારી રહ્યા છે. બીજી બાજુ ઝરૂખામાં પીઠાશ અને એની જોબનભરી ચારણીની વચ્ચે મીઠી મીઠી મસ્તી જામતી આવે છે. સુખી વર-વહુ સામસામાં સુખ-કિલ્લોલ કરી રહ્યાં છે. એ બેલડીના જગતમાં અત્યારે જાણે ત્રીજું કોઈ માનવી જીવતું જ ન હોય એવી બાદશાહી જામી છે. ઝરૂખો ધણધણે છે. ચારણ પોતાની બધી કવિતા ને બધા અલંકારો ઘરની નારી ઉપર ઢોળી રહ્યો છે. સુખ જાણે કે સમાતું નથી !

ત્યાં તડ...તડ કરતી ચારણીના હાથની ચૂડલી નંદવાણી. મસ્તી થંભી ગઈ બન્ને હાથમાં ફક્ત એકેક જ ચૂડી : રાતીચોળ ચૂડી : તે ફૂટી. ચારણી થડકતે હૈયે બોલીઃ "મારા હાથ અડવા નહિ રાખું. અત્યારે જ ચૂડી લાવી આપો."

"અત્યારે મધરાતે ચૂડલી ક્યાંથી મંગાવું ?" ચારણ હાંસીમાં બોલ્યો : "એક રાત હાથ અડવો રહેશે તો મને કાંઈ કોઈ મારી નહિ નાખે !"

"ચારણ ! ચૂડલીની ઠેકડી ન હોય. લાવી આપો." "લ્યો; માણસ મોકલું."

"ના; માણસને મણિયારા હોંકારો ન આપે. તમે પોતે જ લઈ આવો."

પીઠાશ ચૂડલી લાવવા ચાલ્યો. બીજા માણસો સૂઈ ગયેલાં. એકલો જ ચાલ્યો. ડેલીએ રાવળ ભાઈઓ બેઠા હતા તે બોલ્યા :

"અન્નદાતા ! અટાણે એકલા ? સાથે આવીએ!"

"ભલે, દેવ, ચાલો."

બન્નેની ભેટમાં કટારી તો હતી. ત્રણે જણા ચાલ્યા. એવે ટાણે મણિયારાનું ઘર ઉઘડાવ્યું. ચૂડી ખરીદીને પાછા ચાલ્યા. રસ્તો ઉજ્જડ હતો.

પીઠાશ પૂછે છે : "જુઓ છો, દેવ, ચૂડી કેવી ?"

નાગાજણ જવાબ વાળે છે :

ચૂડી ચિત્રોડા, મૂલવતાં મોંઘી પડી,
(હવે) નાખીશ નિત્રોડા, પેલા ભવની પીઠવા!

હે ચિતોડના વાસી બનેલા પીઠાશ, ચૂડી તો તને બહુ મોંઘી પડી ગઈ, હવે તો આવતા અવતારનાં સૌભાગ્ય સાચવવા જ એ પહેરી શકાશે.

પીઠાશ ચોંક્યો. આ મર્મવાણીમાં જાણે કંઈક ભણકારા તો વાગ્યા. પણ સમજ્યો નહિ; પૂછ્યું :

“દેવ, મરશિયા જેવો દુહો કાં કહ્યો ?”

હમીરે ઉત્તર દીધો : “લ્યો, બાપ, રૂડો દુહો કહીએ."

મેળવતાં મળિયા નહિ, જળ ઝાંખીર તણાં,
અંગ અરૂડ થયાં, પારે રિયાં પીઠવા !

હે પીઠવા, ઝાંઝવાનાં જળ મેળવવા તો બહુ મહેનત કરી, પણ તે મળ્યાં નહિ, અંગ થાકી ગયાં, અને પાણી પીધા વિનાના તમે કાંઠે જ રહી ગયા. પીઠાશનું લોહી જાણે થંભવા લાગ્યું : કોઈ ઓળખીતો સૂર લાગે છે : કાંઈક ઝાંખું ઝાંખું હૈયે ચડે છે. ત્યાં તો ત્રીજો દુહો કહ્યો :

પથારી પાનંગ તણે, જી છીનકું ચડાય,
(એને)જાય તો ઘડિયું જાય, (પણ) પો'ર નો જાય પીઠવા !

હે પીઠાશ, સર્પની પથારી ઉપર જે દેડકું ચડે એને પછી મરતાં બહુ તો એકાદ-બે ઘડીની વાર લાગે, પછી કાંઈ એક પહોર સુધી એને જીવવાનું ન હોય.

પીઠાશ સમજ્યો કે આ સાદ તો કાળનો. ત્યાં ચોથો દુહો ચાલ્યો :

સખ, પાલવ, કુંજું સરસ, વેલ્યું, રથ ને વાજ,
રેઢા મેલીને રાજ , (તારે) પાળું , જાવું પીઠવા !

હે પીઠવા, આ સંસારનાં સુખ, વસ્ત્રાભૂષણ, બાગબગીચા, ગાડીઓ અને ઘોડાઓ, અરે, આખું રાજ – આ બધાંને સૂનાં મેલીને તાર પગે ચાલતાં નીકળવું પડશે.

છ છીનકું ચારાય, પાનલ, પથારી તણાં,
જાય તો ઘડિયું જાય, પો'ર નો જાય પીઠવા !

ખાટકી લોકો બકરાંને પાંદડાંની પથારી કરી આપે છે, એ પાંદડાં ચરનારાં બકરાંને બહુ તો ઘડી-બેઘડી જીવવાનું હોય, પહોર સુધી એના પ્રાણ ન રહે.

ચોંકીને પીઠાશ બોલ્યો : “તમે કોણ ?”

બનાવટી દાઢી ઉતારીને બે ભાઈઓ બોલ્યા : "ભેરુ !” પીઠાશે ઓળખ્યા; હેતને સ્વરે પૂછયું : “પહોંચ્યા, તમે !”

બેય જણાએ કટાર કાઢી; પીઠાશને તો કાંઈ ડરવાનું રહ્યું નથી. એ તો સ્થિર ઊભો રહ્યો, ફક્ત એટલું જ બોલ્યો : “ભાઈ, ચારણ્ય ચૂડીની વાટ જોતી બેસશે; ઝૂરી ઝૂરીને પ્રાણ દેશે. ભરોસો પડતો હોય તો ચૂડી દઈને ચાલ્યો આવું.”

હમીરે નાગાજણની સામે નજર નોંધી. નાગાજણ કહે : “હવે રામરામ ! અમે તને ઓળખીએ છીએ.”

હમીર બોલ્યો : "ના, ના, નાગાજણ, તું પીઠાશને નથી ઓળખતો; જાવા દે."

"અરે ! હવે જાવા દઈએ ? અને ગયો પીઠાશ પાછો આવે ?"

"હા, હા, પાછો આવે. જાવા દે."

"ભાઈ, ચીંથરિયા મહાદેવ પાસે તમે ઊભા રહેજો. ત્યાં એકાંત છે. આંહીં તમે પકડાઈ જશો. જાઓ, હું હમણાં જ પહોંચું છું." એમ બોલીને પીઠાશ ઝપાટાભેર ઘેર ગયો, ચારણીના હાથમાં ચૂડી મૂકીને મોં મલકાવતો બોલ્યો : "લે આ ચૂડી – સવાર સુધી જ તારે પહેરવી પડશે."

"કેમ ?"

"ભાઈબંધ પહોંચી ગયા છે. એ રાવળ નથી – હમીર અને નાગાજણ છે. તને મળવા જેટલી રજા લઈને જ આવ્યો છું. લ્યો, રામરામ ! ઓલ્યા અવતારે મળશું !"

પીઠાશ ચાલ્યો કે તરત ચારણી નીચે ઊતરી ઘોડારમાંથી બે પાણીપંથા ઘોડા ઉપર સામાન માંડ્યો. બે હાથમાં ઘોડા દોરીને પીઠાશની પાછળ ચાલી. ચીંથરિયા મહાદેવ ઉપર વાટ જોવાતી હતી. આઘેથી પીઠાશ દેખાયો. હમીરે કહ્યું : "નાગાજણ, પીઠાશ આવ્યો. મરદનાં વચન !"

નાગાજણે હસીને કહ્યું : "પણ જરા આઘેરો તો જો ! પીઠાશ મૂરખો નથી તે એકલો આવે. બીજો આદમી અને બે ઘોડાં ! તારા ને મારા કટકા."

પીઠાશને ખબર નથી કે પછવાડે કોણ ચાલ્યું આવે છે. આવીને એણે તો કહ્યું : "લ્યો, ભાઈ, હવે સુખેથી કામ પતાવી લ્યો."

"પીઠાશ ! વિશ્વાસઘાતી ! આ પછવાડે કોણ ?" હમીર બોલ્યો.

ત્યાં તો ચારણી લગોલગ આવી પહોંચી. પીઠાશે પછવાડે જોયું. દંગ થઈને બોલી ઊઠ્યો :

"ચારણ્ય, આ શું સૂઝયું ?"

ચારણી મરક મરક મુખડે બોલી : "ચારણ, આનું નામ કાંઈ વેર કહેવાય ? સાંભરે છે, ચારણ ? તું એના બાપાને મારવા ગ્યો ત્યારે ભેળાં ત્રણ-ત્રણ ઘોડાં હતાં; અને ફુઈએ તને ભાગવા દીધો તે. ને આંહી ! આ બાપડા તારો પ્રાણ લઈને કેટલેક ભાગશે ? હમણાં ખબર પડતાં જ રાણાની સાંઢ્યું છૂટશે. દુશ્મનને આમ કમોતે મરવા નથી દેવા. તને ભાગવાને સમો મળ્યો હતો તેમ એમનેય મળવો જોઈએ; માટે આ બે ઘોડાં આણ્યાં છે. લ્યો બાપ, કામ પતાવીને ચડી જાઓ. વીજળી જેવી ચિતોડની સાંઢ્યુંનેય આ ઘોડા નહિ આંબવા દે."

પીઠાશ, હમીર અને નાગાજણ : ત્રણે પથ્થરનાં પૂતળાં જેવા સજ્જડ બની ગયા. બોલવાની શક્તિ ન રહી. શું બોલે ? આવી જોગમાયાની પાસે શું બોલે ? અધરાતનાં ચાંદરડાંનાં અજવાળાં ચારણીના મુખને પખાળી રહ્યાં છે. સદેહ સ્વર્ગમાં વિચરવાની જાણે કે એને વેળા થઈ છે.

બેય જણ કટાર મૂકીને ચારણીનાં ચરણમાં પડી ગયા. પીઠાશને બાથમાં ઘાલીને છાતીએ ભીંસ્યો.

૪
પાદપૂર્તિ

કોં ઢ રાજ્યની કચેરીમાં આજે એક અમીરનું આસન ખાલી પડ્યું છે. એ આસન ઉપર બેસનારા સામંત વિના તે રાજાજીને પોતાનો ભર્યો દરબાર પણ સ્મશાન જેવો સૂનો લાગે; કસૂંબાના ઘૂંટડા બીજી કોઈ ભુજાની અંજળિમાંથી એને ભાવે નહિ. “આજ એ જોગાજીભાઈ કેમ નથી આવ્યા ?”

“બાપુ !” બારોટે કહ્યું : “જોગાજીએ અન્નજળ મેલ્યાં છે : દેહ પાડી નાખવાની એણે પ્રતિજ્ઞા કરી છે : ગામમાં હાહાકાર બોલી ગયો છે.”

"કાં ?"

“કાલ રાતે જોગાજી રાઠોડને સોણું આવ્યું : જાણે પોતે દરબારમાં આવવા નીકળ્યા છે : સામેથી એક ગાંડો હાથી હાલ્યો આવે છે; રાઠોડને હાથી મારવા દોડે છે; પોતે ભે ખાઈને ભાગે છે; ઉતાવળમાં ઘરની અંદર દાખલ થવા જાય છે; ફડકાને લીધે બારીમાં નીચે નમવાનું ભૂલી જાય છે, અને કપાળમાં ધડ દઈને બારસાખ ભટકાય છે, ખોપરી ફાટી જાય છે; અને પોતાનો પ્રાણ નીકળી જાય છે : આટલું સોણું આવીને ઊડી ગયું. રાઠોડની આંખ ઊઘડી. શરીર પર જુએ તો રેબઝેબ પરસેવો નીતરી રહ્યો છે. મનમાં થયું કે હાય ! હાય ! હું ભાગ્યો ! હું રજપૂત ભાગ્યો ! મોતથી ડરીને ભાગ્યો ! નક્કી મારા જીવતરને માથે કૈંક મોટું કલંક આવવાની આ અગમવાણી થઈ, તે પહેલાં તો મરવું ભલું – એમ વિચારીને, બાપુ, જોગાજી રાઠોડે લાંઘણો આદરી છે; માળા લઈને બેસી ગયા છે.”

રાજાજી ઊભા થયા. અડડડ ! આખી કચેરી ઊભી થઈ. જોગાજીના ઓરડાનાં બંધ બારણાં પર ટકોરા દઈને રાજાજી બોલ્યા : “જોગાજી, આવાં તે વેન હોય ? ગાંડા થાઓ મા ! એ સ્વપ્નાની વાત !”

અંદરથી જવાબ આવ્યો :

“બાપુ ! રજપૂતનો દીકરો શું સ્વપ્નામાંયે મોતથી ભડકીને ભાગે ? એને વળી સ્વપ્નનું શું અને સંસાર શું ? નક્કી મારાં માવતરમાં કાંઈક ફેર પડ્યો હશે ! હાય ! હાય ! હું ભાગ્યો !”

આખો ડાયરો હસી પડ્યો. રાજાજીએ જાહેર કર્યું : “જોગાજી ન ખાય ત્યાં સુધી મારેય અન્નજળ હરામ છે.”

જોગાજી મૂંઝાયા : લાખોને પાળનાર મરે તો જોગાને કેટલી હત્યા લાગે ! નિસાસો નાખીને એણે સંભળાવ્યું : “એક રીતે પ્રાણ રાખું : દરબારનો એ જ હાથીને ગાંડો કરીને બજારમાં છૂટો મૂકો. પછી હું એકલો એની સામે લડું. એમાંથી જીવું તો દેહ રાખું.”

બીજો જ દિવસ નક્કી થયો. નગરનાં નરનારીઓ ઊભી બજારે અટારીઓ ઉપર ચડી ગયાં. હાથી મસ્ત બનીને છૂટ્યો. એની આંખમાંથી જાણે કે અંગારા ઝરે છે. એક ગરીબ માણસનું ખોરડું ધરતી ઉપર ઢાળી સૂંઢની અંદર એનું તોતિંગ આડસર હિલોળતો હિલોળતો ગજરાજ ચાલ્યો આવે છે. સામેથી આવે છે જોગીદાસ રાઠોડ. ત્રણ ત્રણ દિવસના ઉપવાસ; શ્વેત વસ્ત્રો, હાથમાં માત્ર એક ઉઘાડી કટારી.

એ નિર્જન સૂમસામ બજારમાં સિંહલદ્વીપના સ્વામીએ કાળા માથાનો માનવી જોયો,

જાણે કે એના ચક્રવર્તી રાજ્યમાં ભાગ પડાવવા આવતો શત્રુ જોયો. સૂંઢમાંથી આડસર ફગાવી દઈને કારમી ચીસ દેતો હાથી સીધો ધસ્યો, પણ રાઠોડને તો જાણે કંઈયે ઉતાવળ નથી; મલપતે પગલે, શાંત ચહેરે, રાઠોડ જાણે કે કોઈ મહેમાનને બથમાં ઘાલીને મળવા આવતા હોય તેવી રીતે ચાલ્યા આવે છે.

બરાબર ચોકમાં ભેટો થયો. ગજરાજે રાઠોડને પોતાની સૂંઢમાં ઉપાડ્યા. લોકોની મેદનીમાંથી “અરરર” શબ્દ ઊઠ્યો. પછી જાણે કે કોઈના ખોળિયામાં જીવ ન રહ્યો. આરસનાં જાણે પૂતળાં ઊભાં.

લોકોએ શું જોયું ? – જોયું કે હાથીએ સૂંઢમાં લઈને રાઠોડને ગગનમાં ઉડાડ્યો ! નીચે પડે તો ભુક્કા થાય ! જરાક વાર હતી. કસાયેલો જોગો પડ્યો! પણ ક્યાં પડ્યો ? હાથીની પીઠ ઉપર ! કેવી રીતે ? ઊભો હોય તેવો ! પડતાં પડતાં જ હાથીના કુંભસ્થળમાં લાંબી કટારી હુલાવી. એ કટારી તો કુંભસ્થળમાં પેસી ગઈ, સાથે જોગાની ભુજા પણ કાંડા સુધી ગજરાજના દેહમાં પેસી ગઈ. કટારીએ સોંસરવી જઈને બીજી બાજુ મોઢું કાઢ્યું. હાથી થંભી ગયો. લોકો અવાક ! હાથી અવાક ! જોગો પણ હાથીની ગરદન પર ઊભો ઊભો અવાક ! શું બોલે ? લૂખી વાણી કાઢવાનો તો એ વખત નહોતો. કોઈ અમર વાણી : કોઈ ચિરંજીવી કાવ્ય : કોઈ અક્ષય તસવીર: ચુપાચુપ. ત્યાં તો ક્યાંકથી નાદ ગાજ્યો:

કુંભાથળ વાઈ કસી, જોગારી જમદક્ક,

જમની દાઢ જેવી જોગાજીની કટારી હાથીનું કુંભસ્થળ ભેદી નીકળી, કેવી રીતે નીકળી ?

ઝરૂખા ઉપરથી લલકાર કરતો એ જયઘોષ ખુદ રાજાજીના ખુલ્લા કંઠમાંથી વછૂTયો. હવાના અદૃશ્ય દરિયામાં હિલોળા ઉછાળતો એ સ્વર જાણે આઘે આઘે; છેક સામે કિનારે ગાજી ઊઠ્યો; પણ ચરણ એક જ; બીજું ચરણ ક્યાં ? દુહો પૂરો કોણ કરે ? રાજાજીની છાતી ફાટ ફાટ થાય છે. ફરી વાર એ બોલે છે :

કુંભાથળ વાઈ કસી, જોગારી જમદક્ક,

આકાશમાં નાદનો જાણે ગબારો ચડ્યો. જાણે ગગન પોતે જ શબ્દ ઉચ્ચારીને અનાદિ કાળનું સૂનું જીવન સાર્થક કરે છે ! પણ બીજું ચરણ ક્યાં ? દુહો અધૂરો ! અધૂરો ! બીજા ચરણની ઝંખના કરતાં રાજાજી ત્રીજી વાર બોલે છે :

કુંભાથળ વાઈ કસી, જોગારી જમદક્ક,

એ ઉચ્ચાર શમી ગયા, સાગરને સામે કિનારે અથડાઈને જાણે પાછા વળ્યા, આકાશના ઘુમ્મટમાંથી જાણે ઘા પડ્યો. આખી મેદની ચીરીને સ્વર નીકળ્યા કે :

:: જાણ અષાઢી બીજળી, કાળે વાદળ કક્ક !

અષાઢની વીજળી જાણે કાળા વાદળને વીંધીને નીકળી.

“શાબાશ !” રાજાજીએ ચરણ ઝીલ્યું: “ફરી વાર, ફરી એક વાર.” અવાજ જાણે ધરતીનાં પડ ભેદીને ફરી આવ્યો:

:: જાણ અષાઢી બીજળી, કાળે વાદળ કક્ક !

"ફરી એક વાર, ફરી એક વાર,” આદેશ છૂટ્યા. ત્રીજી વાર એ ગુપ્ત સ્વર ગાજ્યો :

:: જાણ અષાઢી બીજળી, કાળે વાદળ કક્ક !

"શાબાશ ! શાબાશ !" એમ ભલકારા દેતા દેતા રાજાજી નીચે ઊતર્યા. એ બોલનારનું કાંડું ઝાલ્યું : "બોલ, બચ્ચા, તું કોણ?" "બાપુ, જોગાજીનો નોકર છું."

"નહિ, તું રજપૂત નહિ, તું સાચું બોલ. હું તને માફ કરીશ, સરપાવ આપીશ."

"બાપુ, ચારણ છું."

"તું ચારણ ! મારા સીમાડામાં ચારણજાત જીવી શકે નહિ! તું ક્યાંથી ?"

"ઠાકોર !" જોગાજી બોલ્યા : " દેવીના દીકરાઓને બ્રાહ્મણોની શિખવણીથી તમે દેશવટો દીધો છે. પણ મારે તો જીવ સાટેનું નીમ છે કે દેવીપુત્રને રોજ મારા ભાણામાં જમાડવા. તમારી ધાકે આ છોકરાને મેં મારો રજપૂત બનાવીને રાખેલો, પણ આજ મારું કપટ ન ચાલ્યું : સરસ્વતીએ પોતાના પુત્રને પ્રગટ કરી નાખ્યો; જોગમાયા એ અભાગિયાની જીભ ઉપર ચડી બેઠી. એના માથે કાળનું ચકકર – "

"બાપુ !" ચારણ એના અન્નદાતાના વેણને વચ્ચેથી તોડીને તાડૂકી ઊઠયો : "બાપુ ! સગી આંખે જોયેલા આવા પરાક્રમને એક જ લીટીમાં વર્ણવવાનું મૂલ જો આ માથું હોય તો એ માથું ક્ષત્રીવટના નામ ઉપરથી હું ઓળઘોળ કરું છું. કવિતાને હૈયામાં દાબી શકાય એટલી દબાવી રાખી; પણ આજ તો તારા એક ચરણને સામે પડઘા ન પડે, તો જોગમાયા લાજે. મારું જીવતર તો સાર્થક થઈ ગયું. હવે સુખેથી મારી નાખો."

કોંઢના ઠાકોરે બાહુ પસારીને ચારણને બાથમાં લીધો.

૫
હજાર વર્ષ પૂર્વે

એ ક હજાર વર્ષ પૂર્વે, એક દિવસ સાંજે, પાટણ નગરીમાં સરોવરને કાંઠે બે બાવાઓએ આવીને પોતાના ખભા ઉપરથી ગંગાજળની કાવડ ઉતારી, વિસામો ખાવા બેઠા. હાથીની સૂંઢ જેવા જબરદસ્ત એના ભુજ-દંડ હતા. લોઢાના થંભ જેવી બળવાન કાયાઓ હતી. વેંત વેંતનાં કપાળ ઝગારા કરતાં હતાં. એકની આંખમાંથી તેજનાં ભાલાં છુટતાં હતાં. બીજાની આંખો અંધ હતી. અંધ વેરાગીને માથે ને મોઢે ધોળા રેશમ જેવી સુંવાળી લટો ચમકતી હતી. બન્ને બેઠા સ્નાન કરવા લાગ્યા.

નજીકમાં એક ઘોડેસવાર પોતાની ઘોડીને પાણી ઘેરતો હતો. 'ત્રો ! ત્રો ! બાપ્પો બાપ્પો !' એવા નોખનોખા દોર કાઢીને ઘોડેસવાર ઘોડીને પાણી પીવા લલચાવતો હતો.

ઘોડીએ બે પહાડ જેવા બાવાઓનાં ભગવાં લૂગડાં જોયાં; ચમકવા લાગી, કેમેય માની નહિ. ઘોડેસવારે પીઠ થાબડી, ગરદન થાબડી; છતાંય ઘોડી ટાઢી ન પડી. એટલે એણે ફડાક ! ફડાક ! ફડાક ! એમ ત્રણ કુમચીના ઘા ઘોડીના અંગ પર ચોડી દીધા.

“અરરર !” અન્ધ બાવાના મોંમાંથી અરેરાટી નીકળી ગઈ. “ગજબ કર્યો આ ઘોડેસવારે ! આ ઘોડી જો મારી હોત, તો હું ઘોડેસવારને જાનથી મારત.”

“કેમ, મોટા ભાઈ?” નાનાએ પૂછ્યું. “આ સભર ઘોડીના પેટમાં કેવો રૂડો પંચકલ્યાણી વછેરો છે ! આ નાલાયકે ચાબૂક મારીને એ વછેરાની ડાબી આંખ ફોડી નાખી; બહુ કરી !”

બાવાઓની વાતો સાંભળીને ઘોડીનો ખાસદાર થંભી ગયો. ઘોડીને દોરીને એ નગરમાં ગયો. જઈને એણે રાજાજીને સરોવરને કાંઠે બેઠેલા એ ચમત્કારી અંધ બાવાની વાત કહી.

વનરાજ ચાવડાના વંશનો છેલ્લો દીવો તે વખતે અણહિલપુર પાટણના સિંહાસન ઉપર ઝાંખો બળતો હતો. એનું નામ સામંતસિંહજી ચાવડો. સરોવરની પાળેથી એણે બાવાઓને દરબારમાં બોલાવ્યા. પૂછવામાં આવ્યું કે શી હકીકત બની.

“રાજા, તમારા ખાસદારે તમારી સભર ઘોડીના પેટ પર ચાબુક મારીને માંહી બેઠેલા પંચકલ્યાણી વછેરાની રતન સરખી ડાબી આંખ ફોડી નાખી. આખો ભવ એ વછેરો બાડો રહેશે.”

“શી રીતે જાણ્યું ?”

“વિદ્યાથી.”

“ખોટું પડે તો ?”

“મારી વિદ્યાની આબરૂને સાટે મારું માથું જ હું હમેશાં હોડમાં મૂકું છું. વિદ્યા ખોટી પડે તો જીવતરમાં શું રહ્યું !”

“માથું વાઢી લઈશ, હો ?”

“રજપૂત અને સાધુ માથાં હાથમાં લઈને જ ફરે છે, અને સ્વહસ્તે પણ વધેરી આપે છે.”

"આંહી તમારે રહેવું પડશે. આઠ દિવસમાં ઘોડી ઠાણ દેવાની છે."

" કબૂલ છે, પણ સાચું પડે તો ?" "તો અરધું રાજપાટ અને મારી બહેન આપું."

આઠમે દિવસે ઘોડીએ ઠાણ દીધું. આખી કચેરી જોવા મળી. અઢારે આલમ ટાંપીને બેઠી હતી. ત્યાં તો ગામમાં રણકાર ઊઠ્યો કે જોગીનાં વેણ સાચાં પડ્યાં ! સાચાં પડ્યાં !

રાજાએ પૂછ્યું : "જાદુગર છો ? ત્રિકાળજ્ઞાની છો ?"

"ના બાપ !" અંધ બાવો કહે : "જાદુગરેય નથી, ને. ત્રિકાળજ્ઞાનીયે નથી. શાળહોત્રગ્રંથ ભણ્યો છું. આંખો નથી એટલે અવાજ ઉકેલું છું. ફડાકો બોલ્યો હતો તેનો અવાજ પારખીને ઘોડીના પેટની વાત વાંચી."

રાણીવાસમાંથી કચેરીમાં કહેણ આવ્યાં કે સોનાબાએ એવા આંધળા ને બુઢ્ઢા જોગીની સાથે પરણવાની ના પાડી છે. તે વખતે જોગી પ્રગટ થયા: ટૂંકટોડા રાજના ધણી બે સોંલકી ભાઈઓ: નામે બીજ અને રાજ : ગોત્રહત્યા લાગેલી તેનું પ્રાયશ્ચિત્ત લેવા ગંગાજળની કાવડ ઉપાડી દ્વારકા રણછોડરાયજીને નવરાવવા જતા હતા. સોલંકી જેવું ઊંચું કુળ મળવાથી સોનાબાએ કબૂલ કર્યું. પણ મોટા ભાઈ બીજકુમાર બોલ્યા : "હું તો અંધ છું. મારે માથે હવે પળિયાં આવ્યાં. હું નથી પરણ્યો, પરણવુંયે નથી. મરજી હોય તો મારા નાનેરા ભાઈને જમાઈ કરો."

રાજની સાથે સોનાબાનો હથેવાળો થયો. સોનાબાને ઓધાન રહ્યું. નવ મહિને દીકરો આવ્યો. પ્રસવ થાય તે વખતે જન્માક્ષર લેવા જોષીને બેસાડેલા. પ્રસવ થયે તેની બરાબર ઘડી લેવા માટે બહાર બેઠેલા જોષી પાસે ઓરડામાંથી દડી ફેંકવાની હતી. બાનડીએ દડી બે ઘડી મોડી નાખી, એટલે ખોટી ઘડી લેવાણી. જન્મોત્રીમાં ગણતરી

1. * અશ્વવિદ્યાનું પ્રાચીન શાસ્ત્ર.

કરીને જોષીએ નિસાસો નાખ્યો. માતાએ પુછાવ્યું : "કહો

જોષીરાજ ! જન્માક્ષર શું કહે છે?"

"કહે છે કે દીકરાનું મોઢું જોયે બાપનું મોત થાશે !"

સોનેરી પાંભરીમાં બાળકને વીંટાળવામાં આવ્યું. આંસુભરી આંખે માતાએ આજ્ઞા કરી : "એને વગડામાં નાખી આવો. "

બાનડી નાખવા આઘે આઘે ગઈ: એક બખોલ દેખી, બાળકને ત્યાં નાખીને પાછી વળી.

તરતની જ વિયાયેલી એક વાઘણ પોતાનાં બે બચ્ચાંને એ બખોલમાં મૂકીને ભરખ ગોતવા ગયેલી પાછી આવીને બચ્ચાંને ધવરાવવા બેઠી. પાસે પડેલા બાળકને માથે ઓર હતી તેથી તેને પણ પોતાનું બચચું માની ગોદમાં લીધું. ઓર ચાટી લીધી. હેત ઊપજી ગયું. ત્રણે જણાં વાઘણના આંચળ ચસ ! ચસ ! ચસ ! ચૂસવા મંડ્યા. બચ્ચાને ધરવીને વાઘણ વગડામાં ચાલી ગઈ.

મોંસૂઝણું થયું. બે ભરવાડો નીકળ્યા. એમણે આ કૌતુક જોયું, બે વાઘનાં બચ્ચાં ને એક માનવીનું બચ્ચું ! એકબીજાને ચાટે છે ! માનવીનું બાળક હાથ-પગ ઉલાળતું ઘુઘવાટા દે છે. ત્રણેને ઉપાડીને ગોવાળિયા દરબારમાં લાવ્યા. આ કૌતુક કોણ સમજાવે ? પૂછો બીજ સોંલકીને !

માનવી બાળકને છાતીએ ચાંપતાં જ તરત આંધળો બીજ બોલ્યો : " અહાહાહા ! મારું કાળજું ઠરીને હિમ થાય છે, બાપ ! આ બીજો કોઈ ન હોય, આ તો મારું જ પેટ !"

"શું બોલો છો, ઠાકોર ?"

"પુછાવો રાણીવાસમાં : સોનાબાને શું અવતર્યું ?"

રાણીવાસમાંથી ખબર આવ્યા કે મરેલું કાચું બાળક અવતર્યું હતું.

"એને ક્યાં નાખ્યું ?" "દાટી દીધું."

"દાટવાની જગ્યા ખોદાવો."

બાનડી ગભરાણી. એને ગરદન મારવાનો ડારો દીધો. રાણીમાતાએ કબૂલ કર્યું કે બાળક એના બાપનો કાળ હોવાથી વગડે મેલ્યો છે. ક્યાં મેલ્યા તેનો પત્તો લેવામાં આવ્યો. પાંભરી ઓળખાણી, નક્કી થયું કે એ તો રાજનો જ દીકરો. જોષીને મોડી ઘડી આપેલી હોવાની વાત બાનડીએ કબૂલ કરી લીધી. બીજ સોંલકીની પરીક્ષા ઉપર માણસો ગાંડાં બન્યાં.

"અરે, મારા બાપ! શું હું મારા પેટને ન ઓળખું ? એના શરીરના રૂંવાડે રૂંવાડે મારા કુળનું નામ લખાઈ ગયું છે. એ બધી તો આંધળાંઓને ઉકેલવાની ભાષા છે."

રાજમાં નોબતો ગડગડી, દેવળોમાં ઝાલર રણઝણી, ઘરે ઘરે લાપસીનાં આંધણ મુકાણાં.

વાઘણને ધાવનાર એ બાળકનું નામ પડ્યું મૂળરાજ.

રાજ ને બીજ એકલા રણછોડરાયને નવરાવવા દ્વારકાને માર્ગે ચાલી નીકળ્યા.

૨

એક હજાર વર્ષ પૂર્વે કચ્છના કેરાકોટ નગરના રાજ-ઝરૂખે ચાર બાઈઓ, ઇન્દ્રભુવનની ચાર અપ્સરા જેવી, બેઠી હતી : એક સોન રાણી, બીજી જહી બારોટાણી, ત્રીજી નેત્રમ બાનડી ને ચોથી ડાહી ડુમડી. કચ્છ દેશની મરદાનગી એમનાં કદાવર અંગોમાં ચમકતી હતી. ચારેયના ધણી રણે ચડ્યા હતા.

આથમતા સૂરજ મહારાજે અસ્તાચળ ઉપરથી રજપૂતાણીને ભાળી. પોતાના હજારો ફૂલોની ડાળીમાંથી એ ઝરૂખામાં એણે એક ફેંક્યું. રાણીએ ફૂલ સૂંઘ્યું. પેટમાં કંઈક ટાઢો શેરડો પડ્યો. પછી બારોટાણીએ બાનડીએ ને ડુમડીએ વારાફરતી સૂંઘ્યું. "ઓય રે રાણીમા ! પેટમાં કોણ જાણે શુંયે થઈ ગયું !" – એમ ત્રણે જણી બોલી. કોઈક જતિ-જોગટાનું મંત્રેલું માનીને બાનડીએ ફૂલ બારીએથી ફેંકી દીધું. ફૂલ ઘોડારમાં પડ્યું. સો સો ઘમસાણોમાં ઝૂઝેલી પરનાળ નામની ઘોડી ત્યાં બાંધી હતી. એણે એ સૂંઘ્યું, પાંચેયને ઓધાન રહ્યાં.

જહીએ માવલ જનમિયો, લાખણસી સોનલ,

નેત્રમ માગેણો હુવો, ડાઈ જાઈ કમલ.

જહી બારોટાણીને માવલ સાબાણી નામે પ્રખ્યાત બારોટ જન્મ્યો, સોનલ રાણીને લાખો ફુલાણી અવતર્યો, નેત્રમ દાસીને માગેણો અને ડાહી ડુમડીને કમલ.

રાજમાતાની કૂખે કુંવર લાખો જન્મ્યો. એના જન્મને દિવસે જગતમાં શું બન્યું ?

જે દી લાખો જનમિયો, ધરપત કાછ ધરા,

તે દી પીરાણા પાટણજા, કોઠા લોટ કરા.

કચ્છનો ધરાપતિ લાખો જે દિવસે જન્મ્યો, તે દિવસે જ બરાબર એના પિતા ફૂલે અણહિલપુર પાટણના કિલ્લાને ભોંભેળો કરી નાખ્યો.

સૂરજનો કુમાર આવા વીર-શુકન લઈને ધરતી પર ઊતર્યો. એના જન્મની ખુશાલીનો ડંકો ચોરાની ઝાલર ઉપર નહિ પણ ગુજરાતના પાટનગરના ગઢની દીવાલ ઉપર વગડ્યા. એની છઠ્ઠીના લેખ લખનારી વિધાતા મોળો, અક્ષર કાઢતાં કાંપી ઊઠી હશે.

બાપની સાથે કુંવર લાખાને અણબનાવ થયો, મોઢું; જોવાનુંયે સગપણ ન રહ્યું. સૂરજનો પુત્ર જુવાનીના રંગ રમવા સોરઠને કાંઠે ઊતર્યો; કંઈ ઘમસાણ બોલાવ્યાં, આઠ આઠ કોટની રચનાવાળું એક નગર બાંધ્યું. લીલી અને સૂકી એવી બબ્બે ભાદર નદીઓનાં નીર જ્યાંથી પહેલવહેલાં વહેવા માંડે છે, તે દેવતાઈ જગ્યા ઉપર હજુયે આટકોટ નગર ઊભું છે. પણ આઠ કોટ તો માટી ભેળા મળ્યા છે – બખ્તર કાઢી નાખીને કોઈ ક્ષત્રી કેમ જાણે નદીને નિર્જન કાંઠે ઊભે ઊભે પોતાની આગલી જાહોજલાલી યાદ કરતો હોય !

કાંધે ગંગાજળની કાવડ ઉપાડીને રાજ-બીજ બે ભાઇઓ ભગવે લૂગડે દ્વારકા જાય છે. આટકોટના પાદરમાં ઉતારો પડ્યો છે. આંહીં એક ટકોરો વાગે ને એનો રણકાર જેમ આઘે આઘે પથરાઈ જાય, તેવી રીતે બીજકુમારની કીર્તિ એટલા વખતમાં તો ચારણોએ અનેક રજવાડાંમાં પહોંચાડી દીધી હતી : જેને જેને ખોટીલાં ઘોડાં હતાં તે તમામ એ અશ્વ-પરીક્ષકની તપાસ કરાવતાં.

લાખા ફુલાણીને જાણ થઈ. પાંખપસર નામના પોતાના ઘોડાને બતાવવા લાવ્યા. પાંખોવાળા પંખીને વેગે ચાલનાર એ માનીતો ઘોડો કોણ જાણે શા કારણે એક પગ ઊંચો રાખતો હતો. ઓસડ બહુ કર્યાં હતાં તોય ઘોડો પગ માંડતો નહિ.

આંધળા બીજે ઘોડાની આખી કાયા ઉપર હાથ ફેરવી જોયો. એણે કહ્યું : “લડાઈનો ડંકો દેવરાવો. નોબતો ગડેડાવો. રણશિંગાનો શોર મચાવો. આખા લશ્કરને સજ્જ કરી બહાર કાઢો. હોકારા-પડકારા કરીને દિશાઓ ગજાવી મૂકો.”

'રડી બાંબ! રડી બાંબ!' લડાઈના ડંકા વાગ્યા. નેજા ચડ્યા. નોબતે ઘાવ દેવાણા. તૂરી-ભેરી વગડી. આકાશ ધૂંધળો થયો. લશ્કર નીકળ્યું. ઘોડાની હણહણાટી ને આદમીઓના હાકલા-પડકારા: એ શોરબકોર સાંભળતાં તો ત્રણ પગે ઊભેલા ઘોડાએ ઝડાફ દઈને ચોથો પગ નીચે મૂક્યો, હણહણાટી દીધી, ખીલો કઢાવી નાખવા ઝોંટ મારી.

બીજે ચોથો પગ ઝાલી લીધો. તેલ-દવાનાં મર્દન કર્યાં. ઘોડાની ખોટ ટળી. માણસો મોંમાં આંગળાં ઘાલી ગયાં.

“રાવ લાખા !” અંધ બીજ બોલ્યા : “આમાં બીજો ઇલમ નહોતો. ઘોડાને સ્વપ્ન-ઘા થયો હતો: લડાઈનું એને સ્વપ્નું આવેલું કે લડતાં લડતાં જાણે પોતાનો પગ ઘવાણો છે! એટલી ભ્રાંતિ થવાથી એ નીચે પગ નહોતો માંડતો.”

લાખો કહે: “ દેવતાઈ પુરુષ ! મારી બહેન રાંયાજીનું પાણિગ્રહણ કરો.”

બીજ બોલ્યા: “બાપા લાખા રાવ ! મારી વિદ્યાને કોઈનું શોક્યપણું ન પાલવે. મરજી વધતી હોય તો રાજને જમાઈ કરો.”

ઊઘડતા ગુલાબ જેવો રાજ શોભતો હતો. એની વિદ્યા એક જ હતી ને તે મસ્તકમાં

નહોતી, ભુજામાં હતી. એ જ્યારે માથું હલાવતો ત્યારે સાવજ જાણે પોતાની કેશવાળી ખંખેરતો હોય એવો પ્રતાપી દેખાતો. લાખાની બહેન બીજા કોને પરણી શકે ? વેલડી આંબાને વીંટાય, તેમ રાંયાજી રાજને પરણી.

૩

આંધળો બીજ ખંભે કાવડ ધરીને રસાલા સાથે દ્વારકા ચાલ્યો ગયો છે; રાજ આટકોટમાં જ રહ્યો છે. રાંયાજીને ઓધાન રહ્યું છે. રાતદિવસ ગર્ભ ખીલતો જાય છે – સુભદ્રાના પેટમાં જાણે અભિમન્યુ !

કાળ આવવો છે ને ! એક દિવસ સાળો-બનેવી સોગઠાંની રમત માંડે છે. સામસામાં પઘડાં પાકે છે, કાંકરીઓ ઢિબાય છે, અને ગોઠણભર થઈથઈ ને બેય જણા પાસા ફેંકે છે. લાખાની એક જ સોગઠી રહી. એ સોગઠીને પાકીને ઘરમાં જવાની વાર નહોતી, ત્યાં રાજે દાણિયા નાખ્યા. લાખાની સોગડી ઊડી. “મારા સાળાની ! ક્યારની સંતાપતી'તી' કહીને રાજે સોગઠી પર સોગઠી મારી; એક ઘાએ ભાંગીને ભૂકા કર્યો. આંગળીમાંથી લોહીના ત્રસકા ટપક્યા.

“સોલંકી !" લાખાની આંખ બદલી : “મોં સાંભળજો, હો ! ”

“નહિ તો?”

“બીજું શું ? માથું ધૂળ ચાટે ! શું કરું ? મારી બહેનનો ચૂડો આડો આવે છે.”

“લાખા ! તારું અન્ન મારા દાંતમાં છે. આજ મને ભાન થયું કે હું તારો અતિથિ નથી, પણ આશ્રિત છું. બસ, આજથી મારું અંજળ ખૂટ્યું.” એટલું કહીને રાજ ઊઠી ગયો. ભાદરનું પાણી ગૌમેટ કર્યું. રાણીને કહ્યું: “તમારે પૂરા મહિના છે. પ્રસવ સુધી રહેજો. હું જાઉં છું અણહિલપુર, મૂળરાજ પાસે.”

રિસાઈને રાજ ચાલ્યો. સોરઠનાં ઝાડવાં લળીલળીને જાણે એને મનાવતાં હતાં. નદીઓ જાણે આડી પડીપડીને. આંસુથી એના પગ ભીંજાવતી ભીંજાવતી કહેતી હતી : “રાજ ! રોકાઓ, મનાઓ !”

લાખો પસ્તાયો. બહેનનું મોં એનાથી નહોતું જોવાતું. રાજને ઘણાં કહેણ-કાલાવાલા મોકલ્યાં, પણ રાજ આવે નહિ. ચાર આંખો ભેળી થાય તો તો ચરણે પડીનેય મનાવી. લઉં. પણ એવો મોકો શી રીતે મળે ?

લાખો પાટણ પર ચડ્યો. સરસ્વતીના હરિયાળા કાંઠા ઉપરથી ગામની ગાયો વાળી. રાજને જાણ થઈ કે લાખો ફુલાણી પાટણ લૂંટી જાય છે. રાજનાં રૂવાડાં બેઠાં થઈ ગયાં. મૂછોની અણીઓ આંખ સુધી ખૂંચી ગઇ; જૂનો કોપ જાગ્યો.

ખડગ લઈને એ એકલો ધાયો. ગાયો લઈને લાખો તો સીમમાં વાટ જોતો હતો. એને તો રાજની સાથે જ ચાર આંખો મેળવવી હતી. બનેવીને એણે આવવા દીધો, ખૂબ પાસે આવવા દીધો; પછી પાઘડી હાથમાં લઈને સામો ચાલ્યો : “ એ રાજ; આટકોટ હાલ્ય ! તને તેડવા આવ્યો છું. રાંયા રોવે છે !”

“લાખા ! મરદ થા. હવે ગોટા વાળ્ય મા.” એમ કહીને એણે ખડગ ચલાવ્યું. લાખાનું માથું જોતજોતામાં ઊડી જાત, પણ એણે વખતસર ભાલો ઝીંક્યો. રાજ વીંધાઈ ગયો. પહાડ જેવી કાયા ભોંય પર પછડાણી. લાખાએ પોતાના માથાનો ફેંટો કાઢીને એ શબ ઉપર ઓઢાડી

દીધો. એણે પોતાની આંખો લૂછી કપાળ કૂટ્યું.

વિધવા બહેન રાંયાના ખોળામાં ભાણેજ રમવા મંડ્યો છે; એનું નામ પાડ્યું છે રાખાઈશ. બાપનું મોં તો રાખાઈશે જોયું નથી; મામા જ એના લાડકોડ પૂરા કરે છે. મા અને મામા: એ બે સિવાય કોઈક કુટુંબી જાણે ખોવાઈ ગયું હોય, એમ એની આંખો ચારેકોર જોયા કરતી.

કોઈ બાનડી કહેતી : "બા, બરોબર જાણે ઈ જ મોઢું હોય !"

આવાં વેણ સાંભળીને રાંયા રોતી. રાખાઈશના માથા પર ધગધગતાં આંસુ પડતાં. આભો બનીને રાખાઈશ માના મોં સામે જોઈ રહેતો.

લાખાની આણ હતી કે ભાણેજને કોઈ એ જૂની વાત કહેવાની નથી - કહેનારને કાંધ મારીશ !

રાખાઈશ વધવા લાગ્યો, મલ્લકુસ્તી, પટ્ટાબાજી, ભાલાની તાલીમ : એમ એક પછી એક કળા ઉપર એનો હાથ જામતો ગયો. સત્તર વરસનો પહેલવાન થયો. સવા હાથની છાતી ખેંચાણી. ખભા ઢાલ જેટલા પહોળા થયા. એક આંખમાં ઝેર ને બીજી આંખમાં અમૃત નીતરવા માંડ્યું;

કોઈ કોઈ વાર લાખો નાના છોકરાની જેમ છાતીફાટ રુદન કરતો. ખૂબ રોતો. કારણ કોઈ પૂછી શકતું નહિ. ભાણેજ જઈને માતાને પૂછતો. માતા જવાબ દેતી: "બાપ. મામાને દીકરો નથી માટે રોવું આવે છે !"

એક દિવસ તલવાર ખેંચીને રાખાઈશ ઊભો રહ્યો; માતાને પૂછ્યું : " બોલો માડી, મારો બાપ કોણ ? જગતમાં સહુને બાપ – એક મારે જ નહિ ? 'બાપુ' એવો શબ્દ આજ સુધી મારે કાને ન પડવા દીધો ? બોલો, નહિ તો તલવાર પેટે નાખીને મરું છું."

"બાપ, તારા પિતા તો તું પેટમાં હતો ત્યારે પાછા થયા."

"બોલો, એને કોણે માર્યા ? મારી એક આંખમાં ઝેર કાં ઝરે ?"

"એને મામાએ માર્યા – તારા અન્નદાતાએ."

"મારા કુળમાં કોઈ સગું ન મળે ?"

"અણહિલપુરનો રાજા મૂળરાજ તારો ઓરમાયો ભાઈ થાય છે ને તારા મોટા બાપુ બીજ પણ ત્યાં રહે છે."

"ત્યારે આપણે આંહીં શીદ રહીએ છીએ ?"

"આપણે ક્યાં જઈએ? કોણ સંઘરે ?"

"મારા બાપુ પાસે જઈએ – ત્યાં સ્વર્ગમાં. "

મા સમજી ગઈ. ડળકડળક પાણીડાં પાડતી એ દીકરાને માથે હાથ મેલીને બોલી : "જોજે હો, બાપ, રજપૂતાણીનો દીકરો! બાપનું વેર લેવા જતાં લૂણહરામી ન થતો. તારે રૂંવે રૂંવે મામાનું અન્ન ભર્યું છે, રાખાઈશ ! વેર લેતાં આવડતું હોય તો જાજે." "માડી ! તમારી કૂખ નહિ લજાવું, ધરપત રાખજે !"

રાત પડી. જગત આખું પહેલા પહોરની નીંદરમાં પડ્યું છે. શસ્ત્રો સજીને રાખાઈશ ઘોડારમાં આવ્યો; ખડગ ખેંચીને ખાસદારને કહ્યું : "ફૂલમાળ ઉપર સામાન માંડ !"

"અરરર બાપુ ! મામા ગરદન મારે. ફૂલમાળ ઉપર બીજા કોઈનો હાથ નથી અડતો."

"મામા તો સવારે મારશે, પણ હું અત્યારે જ પ્રાણ લઈશ."

ખાસદારને બીજો આરો નહોતો. ફૂલમાળ ઘોડી પર ચડીને કાળી રાતે રાખાઈશે પંથ કાપવા માંડ્યો. હાલાર વટાવી, પાંચાળના ભેંકાર ડુંગરા વટાવ્યા, ઝાલાવાડની ઝીણી ઝીણી રેતીના ડમ્મરમાંથી પાર નીકળ્યો, અને મધરાતનો પહોર ભાંગ્યો તે વખતે પાટણના ગઢને દરવાજે ટકોરા દીધા. દરવાજા ઉઘડાવ્યા. ગુર્જરપતિને માઢ-મેડી સામે જઈને જાણે રોજને અવાજે ભાઈ ભાઈને સાદ કરતો હોય તેમ સાદ પાડ્યો : "મૂળરાજ ! ભાઈ ! એ ભાઈ !"

મૂળરાજ ઊંઘે છે.

ફરી સાદ કર્યો : "એ બાપ ! આવડી બધી ઊંઘ ! બાપનું વેર લીધા વિના આટલું બધું ધારણ વળી ગયું ! આ કયા સુખની ઊંઘ !"

અંધારી અધરાતે કિલ્લાની મૂંગી દીવાલો સામા પડઘા દેવા લાગી : " મૂળરાજ ! ભાઈ મૂળરાજ !"

આભમાંથી જાણે ઠપકો આવે છે : "આવડી ઊંઘ ! આવડું બધું ધારણ !"

દરવાજા ઉપરની મેડીમાંથી એક આંધળા ડોસાએ ડોકું કાઢ્યું. પૂછ્યું : "કોણ છે?"

"હું છું"

"ઓ હો હો હો ! ઓળખાણો એ સાદ ! મારો બાપ આવ્યો ! રાખાઈશ આવ્યો ! મારું પેટ આવ્યો ! મારી આંધળાની આંખનું બીજું રતન આવ્યો !"

"બાપુજી !" રાખાઈશના ગળામાં પિતૃભક્તિનું સંગીત બંધાઈ ગયું : "બાપુજી ! જાગો છો ?"

"જાગું છું, બેટા ! હું અઢાર વરસથી જાગું છું. આવ્ય બાપ ! તને છાતીએ ભીંસીને પછી મરું !"

"બાપુજી ! આજ નહિ, આવતે અવતાર. આજ આ છાતી અપવિત્ર છે. મારે વરસ વરસ જેવડી ઘડી જાય છે. બોલાવો, ભાઈને ઝટ બોલાવો !"

મૂળરાજે અટારીમાંથી હોંકારા સાંભળ્યા. એણે ડોકું કાઢ્યું : "ભાઈ !"

"હો ભાઈ !" 'ભાઈ' શબ્દ તે રાત્રિએ ધન્ય બન્યો. જગતમાં પહેલી જ વાર જાણે ભાઈએ ભાઈને બોલાવ્યો.

"આવડી બધી ઊંઘ ! બાપનું લોહી હજુ તો લીલું છે. બાપનો મારતલ હજુ રાજ ભોગવે છે !"

"બાપ ! તારો મામો ! આશ્રયદાતા !"

"ફિકર નહિ. તને બોલાવવા આવ્યો છું. સોમવારે ભાદરને કાંઠે શિવાલય ઉપર, સાંજરે."

"અને તું ?"

"હું ? રજપૂત થઈને પૂછછ? હું મારા અન્નદાતાની મોઢા આગળ રહીશ. મરતાં પહેલાં એનો હિસાબ ચૂકવીશ, એની આગળ સાત ડગલાં રહીને મરીશ, પણ જોજે હોં ! હૈયું પોચું ન

પડી જાય. જોજે ! ભાઈને માથે એ વખતે હેત ન આવી જાય; હાથ ઢીલા ન પડી જાય ! ઝીંકીને મારી છાતી પર ઘા કરજે, અને જાણજે કે મારું ચાલશે ત્યાં સુધી હું તને પણ કટકેય નહિ મૂકું, મામાનું લૂણ -”

“ભાઈ ! મારે વેર નથી લે – ”

“ખબરદાર ! ચાર હત્યાનું પાપ ! પિતૃદ્રોહનું પાપ ! યાદ દાખજે – સોમવાર, શિવાલય, સાંજરે !”

એટલું બોલીને રાખાઈશે ઘોડી વાળી. અંધારામાં એના ડાબલા ગાજી રહ્યા. કોઈએ કોઈ નું મોં પણ જોયું નહિ. ચાર આંખો ન મળી. ફક્ત અવાજે અવાજ ભેટ્યા: “ઊભો રહે ભાઈ!” એવો સાદ કરતો મૂળરાજ અટારીમાં થંભી રહ્યો.

“વાહ મારા ફરજંદ ! વાહ સોલંકી ! રંગ તારા શામધરમને ! ને રંગ તારા પુત્રધરમને !”

પ્રાગડના દોરા ફૂટે તે પહેલાં તો રાખાઈશ આટકોટના ગઢમાં દાખલ થઈ ગયો. ખાસદારે ઊનું પાણી તૈયાર રાખેલું. ઘોડીને નવરાવી માલેશ કરી : જાણે એક ગાઉનીયે મજલ ન કરી હોય તેવી તાજી ફૂલમાળ બની રહી.

લાખાનો રિવાજ હતો કે રોજ સવારે આવીને પોતાનાં ઘોડાંના શરીરે હાથ ફેરવવો. એ આવ્યો. ફૂલમાળ ઉપર હાથ ફેરવવા લાગ્યો. કાંઈ ફરક ન લાગ્યો. ત્યાં લાખાની નજર ઘોડીના કાનમાં ગઈ, એણે કાનમાં આંગળી ફેરવી. આંગળી ઉપર માટી બેઠી. ડોળા કાઢીને એણે પૂછ્યું: “ખાસદાર! ફૂલમાળ કાલે રાત્રે ક્યાં ગઈ હતી ?”

"ક્યાંય નહિ, બાપુ ! તમારી આજ્ઞા જાણું છું."

“ખોટું ! આ ધૂળ જોઈ? આ ધૂળ સોરઠની નો'ય. બોલ, કોણ ચડેલું ?”

ખાસદાર થંભી ગયો.

"કોણ, ભાણાભાઇ?"

ચાકરે ડોકું ધુણાવ્યું.

“હં ! સમજાણું !” લાખાની બેય ભમર ખેંચાઈને ભેળી થઈ.

૫

આજે સોમવાર છે. મામા શિવાલયે જાય છે. સાથે સૈન્ય તૈયાર થાય છે. કોઈ દિવસ નહિ, ને આજે રાખાઈશ હથિયાર બાંધે છે. મામાએ ભાણેજની તૈયારી જોઈ. ભાણેજના અંગ ઉપર કેસરિયાં છાંટણાં દેખ્યાં. ભાણેજની આંખોમાં છેલ્લી વિદાયના રંગ જોયા. આજ દગો થવાનો. મામાએ લશ્કરને હથિયાર બાંધવાનો હુકમ દીધો.

આગળ ભાણેજ ને પાછળ મામા : ભાદરમાં સ્નાન કરી, ધોતિયું પહેરી, ત્રિપુંડ તાણી, મામા શિવાલયમાં બેઠા. ૐકારના ધ્વનિ એમના પહાડી ગળામાંથી ગાજવા લાગ્યા. ઘીના દીવા થંભીને લાખાનાં સ્તવનો સાંભળી રહ્યા છે. શિવાલયને પગથિયે, મામાનાં હથિયાર અને બખ્તર લઈને રાખાઈશ બેઠો છે. તલવારની મૂઠ ઉપર પોતાનું દૂધમલિયું માથું ટેકવ્યું છે. મામાના મોંના ૐકારની સાથે જ એકતાલ બનીને ભાણેજના મોંમાંથી નિસાસા છૂટે છે. ભાદરને બેય કાંઠે લશ્કરનો વ્યૂહ રચાવા માંડ્યો છે.

આભમાં આંધી ચડે છે. સૂરજ ધૂંધળો થાય છે. ધરતીનાં પડ ધણધણી હાલ્યાં છે.

સોલંકીનાં સહસ્ત્ર-સહસ્ત્ર ભાલાં કોઈ મહા દાવાનળની શિખા સળગતી હોય તેવાં ચળકી ઊઠ્યાં ! કાળી નાગણીઓ જીભના લબકારા લેતી હોય તેવી તલવારો ઝળહળવા લાગી. ભાદરને કાંઠે ભેટંભેટા થઈ. લોહીનાં પરનાળાં બંધાઈ ગયાં.

એ ભયંકર યુદ્ધમાં આટકોટના યોદ્ધાઓ કપાઈ ગયા. સોલંકીનું સૈન્ય સામે કાંઠેથી આ કાંઠે આવી પહોંચ્યું. એ વખતે લાખાની પૂજા ચાલુ હતી. પૂજા પૂરી થયા સુધી આસપાસ યુદ્ધનાં ઘમસાણ બોલાતાં હતાં, તોય લાખો ડગ્યો નહોતો. હવે એ ઊઠ્યો. સામે ભાણેજને બેઠેલો ભાળ્યો. “હાય હાય ! હમણાં મને કાપી નાખશે. મારાં હથિયાર એની પાસે છે. બહાર નીકળીશ એટલી જ વાર છે” – એવી એને ફાળ પડી. ભાણેજે ઊઠીને મામાને લૂગડાં દીધાં, બખ્તર પહેરાવ્યું. હથિયાર સોંપ્યાં, ને કહ્યું : “ચાલો.”

“ઓ...હો ! આખું લશ્કર ખળું થઈ ગયું !” લાખો જોઈ રહ્યો.

મૂળરાજ લગોલગ આવી પહોંચ્યો. મામો-ભાણેજ કંઈકને કાપતા-કાપતા મુડદાંના ગંજો ઉપર પગ મેલીમેલીને આગળ વધે છે. ભાણેજ મામાની મોખરે ચાલીને મામાના ઉપર આવતા ઘા પોતાના દેહ પર ઝીલતો આવે છે.

૬

ઓ ઊડે ગરજાણ, (જેને) ગોકીરે ગજબ થિયો,

હેડા, હાલ્ય મેરાણ, રણ જેવા રાખાશનું.

ઓ સામે રણક્ષેત્રમાં ગીધો ઊડે છે; અને એની કારમી ચીસો ઉપરથી લાગે છે કે મહાયુદ્ધ મચ્યું છે. એવું યુદ્ધ તો રાખાઈશનું જ હોય. હે હૃદય, ચાલ, ચાલ, આપણે રાખાઈશનું ધીંગાણું જોવા જઈએ.

“મૂળરાજ, માટી થાજે !” રાખાઈશે હાકલ દીધી.

“ભાઈ ! ભાઈ !” એ મધરાતનો સૂર પારખીને મૂળરાજે ભાઈ ને સાદ કર્યો.

“આજ ભાઈ નહિ, દુશ્મન !” કહીને રાખાઈશે ભાલો ઝીંક્યો. ઘામાં વેતરાઈ ગયેલ હાથનું ભાલું નિશાન ચૂક્યું. મૂળરાજે આંખો મીંચીને ભાઈને માથે સાંગ નાખી. રાખાઈશ પડ્યો. પછી લાખો પડ્યો.

જાડેજાઓને ખલાસ કરીને મૂળરાજે ગુજરાતનો રસ્તો લીધો.

આકાશની આંખોમાંથી લોહીની ધારો થાતી હોય તેવા સાંજના રંગ ઊઘડ્યા હતા. ભાદરને કાંઠે હજારો શૂરવીરો ડંકતા હતા. થોડે અંતરે મામો-ભાણેજ પડ્યા હતા: હજુ પ્રાણ નહોતા છૂટ્યા. એક સમળા આવી. રાખાઈશે આઘે પડ્યાં પડ્યાં જોયું કે સમળા મામાની આંખો ઠોલવા જાય છે. મામાનો જીવ હવે ઘડી-બે-ઘડી હતો. એને થયું : જીવતા મામાની આંખોનાં રતન જો સમળા કાઢી જશે તો મામાને અપ્સરા નહિ વરે; મારા મામાની અસદ્ગતિ થશે !

ઉઠાય તેટલું તો જોર નહોતું : શરીરના ટુકડા થઈ ગયા હતા. પોતાની આજુબાજુ ભોંય ઉપર હાથ પ્રસાર્યો. પણ હાથમાં પથ્થર નથી આવતો, અને ત્યાં તો સમળા મામાના માથાં ઉપર બેઠી. રાખાઈશ ભાન ભૂલી ગયો. કમ્મરમાંથી કટારી કાઢવા હાથ લંબાવ્યો. પણ ત્યાં કટારી કેવી ! માંસના લોચા લબડતા હતા.

કર ગો' કટારી, કર ગો' કાંચોળાં લગી,

વગ કોઈના વણશી, રણ ભડતે રાખાશની.

કટારની જગ્યા ઉપર હાથ ગયો. કટાર હાથમાં ન આવી. કાંચોળાં (આંતરડાં) બહાર લબડતાં હતાં તે ઉપર હાથ ગયો. આંતરડાંનો લોચો તાણ્યો. પેટમાં બાઝેલ હોવાથી તે તૂટ્યો નહિ, ઝોંટ મારીને તાણ્યો, તોડ્યો, સમળી સામે ઘા કર્યો. અધ્ધરથી લોચો ઝડપીને સમળી ઊડી ગઈ. લાખે શ્વાસ છોડ્યા. રાખાઈશે "રામ" કહીને આંખો મીંચી. એ રણમાં લડતાં લડતાં રાખાઈશે બન્ને કુળ (વગ) – મોસાળનું કુળ અને પિતૃકુળ – ઉજ્જવળ બનાવ્યાં.

કાપડ, માઢુ, લોહ, ધણ, નીંવડીએ વાખાણ,

રાખાઈશ ઘાએ છંડિયો, તોય ન મેલ્યો માણ.

લૂગડું, મરદ, તલવાર ને સ્ત્રી – એ ચારેનાં તો નીવડ્યે જ વખાણ થાય. આખર અવસ્થામાં કેવો ભાગ ભજવે છે, કેવી લાજ સાચવે છે, તે જોયા પછી જ એનાં વખાણ થાય. જેવી રીતે જુઓ, આ રાખાઇશ જખ્મોમાં છેક કપાઈ ગયો હતો તોય પોતાની ટેક એણે ન છોડી, સાચો સ્વામીભક્ત નીવડ્યો.

રણ રિયા મ રોય, રોને રણ છાંડે ગિયાં,

મુવે જ મંગળ હોય, રણ મચિયાં રાખાશનાં.

હે મરનારના સ્નેહીજન, તારાં જે વહાલાં રણમાં રહ્યાં (મર્યા) તેને માટે કલ્પાંત મા કર. કલ્પાંત તો રણ છોડી નાસનારને માટે હોય. રણમાં મરનારનાં તો અપ્સરાની સાથે મંગળ લગ્ન થાય છે; એમાં રોવાનું હોય ? રાખાઈશે પણ એવા જ રણસંગ્રામ મચાવ્યા.

કોઈ સ્વજન, રાખાઈશની કોઈ પ્રિયતમા, સ્મશાનમાં આવે છે. રાખાઈશને દહન દીધું છે ત્યાં આવીને રાખ તપાસે છે :

રાખાઈશની રાખ, દાઝી તોય ડાકર કરે,

ઉપર મેલું હાથ, (ત્યાં) ભણે મુંહીં ભેળી થઈ.

આ સળગી ગયેલા શરીરની રાખ પણ અવાજ કરે છે, ને હું હાથ મૂકું છું, ત્યાં તુરત જ ભેળી થઈને મને ભેટે છે.

આટકોટ આગળ 'લાખા ગરદી' નામની પ્રસિદ્ધ જગ્યા છે. ને ત્યાં એક હજાર ખાંભીઓ દટાયેલી હોવાનું કહેવાય છે.

ઊડે. એ પાંખોના તડફડાટથી પવન વાશે અને તેના જોરથી વહાણ વેલમાંથી છૂટું પડશે." રક્ષક બનીને આવેલા રાખાઈશે એ સાહસ ખેડ્યું. હોડીમાં બેસી એ પહાડ પર ગયો. સૂચવ્યા પ્રમાણે કર્યું'. વહાણ છૂટ્યાં. વાણિયાઓએ વિચાર્યું કે રાખાઈશને આપણા હાથે મારવાની હત્યા વહોરવા કરતાં એને અંતરિયાળ જીવતો છોડવો એ જ ઠીક છે. એમ સમજીને વહાણો હાંકી મેલ્યાં. રાખાઈશ એ પહાડમાં ભમવા લાગ્યો, ત્યાં એણે એક મહેલ જોયો. મહેલમાંથી કોઈએ એને બોલાવ્યો. ત્યાં જતાં એણે જોયું તો ચાર સુંદરીઓ સોગઠે રમે, એમાંથી એક રમણી ઊઠીને લાજ કાઢી બીજા ખંડમાં ચાલી ગઈ. બીજી ત્રણ જણીઓએ 'આવો ભાણેજ' કહી આદર દીધો; બધી વાતનો ફોડ પાડીને સમજાવ્યું : 'તારા બાપને મારનાર અને તારે માટે કાવતરું રચનાર લાખો જ છે. લાખો મર્યા પછી અમે ત્રણે એને વરશું; અને જો તું

પણ સગાંવહાલાંનાં સાચાં કરજ ચૂકવી, વેર વાળી, અન્યાય કર્યા વગર મરીશ તો તને ય આ ચોથી અપ્સરા વરશે.' પછી તેઓએ પોતાના દૈવી બળ વડે રાખાઈશને તત્કાળ આટકોટ પહોંચાડ્યો હતો. એ વાત પરથી રાખાઈશે મૂળરાજને લડવા બોલાવ્યો, વગેરે.]

૬
ઘોડાંની પરીક્ષા

ઘણું કરીને તો એંસી વરસ પહેલાંની આ વાત છે. જસદણ તાલુકામાં લાખાવડ નામે ગામ છે. તેમાં એક જગ્યાધારી બાવો રહેતો હતો. માણસો આવીને રોજરોજ એની પાસે વાત ઉચ્ચારે : “બાવાજી, આપા લૂણાની લખીની તો શી વાત કરવી ! લખીને બનાવીને ભગવાને હાથ જ ધોઈ નાખ્યા છે. હવે તો લખી આખા કાઠિયાવાડનાં ઘોડાંને લજવે છે.”

ચાડીલો બાવો કોઠી ગામના લૂણા ખાચરની લખી નામની ઘોડીનાં આવાં વખાણ હવે તો સાંખી શકતો નહોતો. એણે એક જાતવંત વછેરી લીધી; મંડ્યો એની ચાકરી કરવા : દૂધભર રાખી; પછી કૌવત આપનારા ભાતભાતના ખોરાક ખવરાવ્યા. બે વરસે ચડાઉ કરી, બીજાં ચાર વરસ સુધી કસી. છ વરસની થઈ એટલે એને માથે હેમના મોવડ અને કિનખાબના ચારજામા સજીને બાવોજી કોઠી ગામે ગયા; જઈને કહ્યું : “આપા લૂણા ! આજ આપણી બેય ઘોડિયું ભેડવવી છે.”

આપો લૂણો હસીને બોલ્યા : “અરે બાવાજી, માળા બાપ ! ભણેં તાળી પંખણીને માળી ગલઢી લખી કીં પોગે ! હું તો ગરીબ કાઠી કે'વાઉ ! માળી ઠેકડી રે'વા દે, બાવા !"

“ના આપા ! નહિ ચાલે. રોજરોજ બધા આવીને મારું માથું પકવે છે કે આપા લૂણાની લખી ! આપાની લખી ! એને કોઈ આંબે નહિ ! માટે આજ તો તમારી લખીનું પારખું લીધે જ છૂટકો છે. આપા ! છ વરસની મારી મહેનત હું પાણીમાં નહિ જાવા દઉં, હાલો; થાવ સાબદા.”

“છ છ વરસ થયાં દાખડો કરી રહ્યો છો, બાવા ? ઈમ છે? ઠીક કબૂલ. ભણેં, આજ રાત રોકા. કાલ્ય સવારે ભેડવીએ.”

બાવાજી રાત રોકાણા. આપા લૂણાએ બેય ઘોડીને રાતબ ખવરાવી; જોગાણ દીધાં. સવારે પહર છૂટ્યા વખતે આપા લૂણાએ જોગીને કહ્યું : “ભણેં બાવાજી, ઊઠ્ય, માળા બાપ ! પલાણ માંડ્ય તાળી પંખણી ઉપર, હુંય માળી ટારડી ઉપર ગાભો નાખું લઉ !”

બેય અસવાર ઊપડ્યા; બે ગાઉ ગયા. ચાર ગાઉ ગયા, દસ ગાઉની મજલ કરી. તડકા ખૂબ ચડી ગયા. છાશ પીવાનું ટાણું થયું એટલે બાવાએ કહ્યું : “આપા, હવે આપણે બરાબર આવી પહોંચ્યા છીએ. હાલે, હવે ઘોડી પાછી વાળીને ભેડવીએ.”

આપાએ કહ્યું : “ભણેં બાવાજી, આંસેં થડમાં જ આપડી ગગીનો ગામ છે, થોડોક કામ પણ છે. હાલ્ય, કામ પતાવું ને પાછા વળુ નીકળીએં.”

આપાએ બાવાને ઉપાડ્યો. આ ગામ, પેલું ગામ, એમ કરતાં કરતાં બરાબર મધ્યાહ્નનો અગ્નિ આકાશમાંથી જે ઘડીએ ઝરવા લાગ્યો, તે ઘડીએ બેય ઘોડી લીંબડીના પાદરમાં આવીને ઊભી રહી. પચીસ-ત્રીસ ગાઉનો પંથ કાપીને પરસેવે નીતરતી ઘોડીઓ હાંફી રહી હતી.

આપો લૂણો ઠાવકું મોઢું રાખીને બોલ્યા : “ભણેં બાવાજી ! આપડે તો મારગ ભૂલ્યા. મુંહેં તો કાંઈ દશ્ય જ નો સૂઝી ! ભારે કરી ! આ તો ભણેં લીંબડી ! લ્યો હાલો પાછા.”

"ના આપા ! એમ તો ઘોડી ફાટી જ પડે ને ! હવે તો પોરો ખાઈએ."

આપાએ પોતાની ડાબલીમાંથી એક રૂપિયો કાઢીને બાવાને આપ્યો. કહ્યું : "બાવાજી, ભણેં આપડા સારુ સુખડી અને ઘોડિયું સારુ રજકો લઈ આવ્ય."

લીંબડીને પાદર ઝાડની છાંયડીમાં ચારે જણાંએ તડકા ગાળ્યા; ધરાઈને ખાધું-પીધું. રોંઢાટાણું થયું એટલે આપાએ કહ્યું : "ભણેં બાવાજી, હવે ઊઠ્ય, તાળી પંખણીને સાબદી કરું લે, હુંય માળી ટારડીનો તંગ તાણું લઉં. હાલ્ય, હવે ઘર દીમની ઘોડિયું વે'તી મૂકીએ, એટલે કોઠીના પાદરમાં પારખું થઉં રે'શે."

બેય જણા અસવાર થયા. આપો કહે : "ભણેં બાવાજી, લીંબડીની બજાર બહુ વખાણમાં છે. હાલ્ય, ગામ સોંસરવા થઈને જોતાં જાયેં. "

બરાબર ચોકમાં કાપડની એક મોટી દુકાન છે. દુકાનમાં એક છોકરો બેઠો છે, ગળામાં બેએક હજારનું ઘરેણું ઝૂલી રહ્યું છે, કપાળમાં મોટો ચાંલ્લો છે. મેલાં, પીળા ડાઘવાળાં લૂગડાં પહેરેલાં છે.

આપા લૂણાએ બરાબર એ દુકાનના થડમાં ઘોડી ઊભી રાખીને છોકરાને પૂછ્યું : "શેઠ, પછેડી છે કે ? "

શેઠ એવો ઈલકાબ મળવાથી મોઢું ભારેખમ કરી નાખીને છોકરાએ પછેડીઓ કાઢી. આપાએ ઘોડી પર બેઠાં બેઠાં પછેડી પસંદ કરી અને એની કિંમત રૂપિયા બે ફગાવીને આપાએ કહ્યું : "આ લે, કાગળમાં વીંટુને પછેડી લાવ્ય."

પછેડી કાગળમાં વીંટીને એ છોકરો પોતાની દુકાનના ઉંબરા ઉપર ઊભો થયો, અને આપાની સામે જેવો એણે હાથ લંબાવ્યો, તેવો જ આપાએ એનું કાંડું ઝાલીને એને ઘોડી ઉપર ખેંચી લીધો; પોતાના ખોળામાં બેસાડી લીધો, લખીના પડખામાં એક એડી મારી અને સાદ કર્યો : "ભણેં બાવાજી, હાલ્ય, હાંક્યે રાખ્ય તાળી પંખણીને ! હવે ઘોડાં ભેડવવાને મજો આવશે."

"અરે આપા ! ભૂંડી કરી !" કહીને બાવાએ પણ પોતાની ઘોડી ચાંપી. ખોળામાં બેઠેલો છોકરો ચીસો પાડવા લાગ્યો. ઊભી બજારે તમામ વાણિયા હાટ ઉપર ઊભા થઈ ગયા અને હેઠા ઊતર્યા વિના જ બૂમો પાડવા લાગ્યા: "એ જાય ! ચોર જાય ! વરરાજાને ઉપાડી જાય ! કાઠી જાય ! "

ગામના નગરશેઠનો દીકરો : મોડબંધો વરરાજો : અને વળી અંગ ઉપર બે હજાર રૂપિયાનું ઘરાણું ! એ લૂંટાય તે વખતે કાંઈ ગામનો રાજા છાનોમાનો બેઠો રહે કદી ? કડિંગ ધીન કડિંગ ધીન ! કોઠા ઉપર મરફો થયો, અને પલક વારમાં તો પાંચસો ઘોડેસવારો લૂંટારાની બે ઘોડાઓની પાછળ ચડી નીકળ્યા.

પાછળ જેમ વાદળું ચડ્યું હોય તેમ વહાર ચાલી આવે છે. પણ બેય ભાઈબંધની રાંગમાં એવી તો કસેલી ઘોડીઓ છે કે દરબારી ઘોડાં પહોંચી શકે તેમ નથી. હરણાંની માફક ફાળ ભરતી ભરતી ને ઘડીક વળી પારેવાંની જેમ તરવર તરવર પગલાં પાડતી એ ઘોડીઓ પાંચસો ઘોડાંની વચ્ચે એટલું ને એટલું અંતર રાખતી આવે છે. આપો પાછળ નજર નાખતા આવે છે, વરરાજો તો ધાકમાં ને ધાકમાં હેબતાઈ ને ચુપચાપ બેઠો છે. એમ કરતાંકરતાં આપાએ જોઈ લીધું કે પાંચસો ઘોડાંમાંથી પાંચ-દસ, પાંચ- દસ ધીરેધીરે ડૂકતાં આવે છે, અને મોયલાં ઘોડાં થોડું થોડું અંતર ભાંગતાં જાય છે. એમ કરતાંકરતાં સાંજ પડી. કોઠી ગામનાં

ઝાડવાં દેખાણાં. સાંજ ટાણું થવા આવ્યું. આપાએ પાછળ જોયું તો પાંચસો અસવારમાંથી માત્ર પચાસેક ઘોડાં પવનને વેગે પંથ કાપતાં આવે છે, અને બાવાની ઘોડી પણ હજુ નથી ડૂકી.

આપાને વિચાર થયો : “આ તો ફોગટનો આંટો થયો. ઘોડીનું પારખું તો પડ્યું નહિ અને આ તો ગામનાં ઝાડવાં દેખાણાં. એક તો આ લંગોટો ડાયરામાં બેસીને બડાઈ હાંકશે અને વળી આ વિણાઈ ને બાકી રહેલ પચાસ ઘોડાં હવે મને છોડશે નહિ. ગામમાં ગરીશ કે તરત આવીને મને ચોર ઠેરવશે. મારી લાજ જાશે. હવે કરવું શું ? હે સૂરજ ધણી ! સમી મત્ય દેજે !”

આપાને કાંઈક વિચાર આવ્યો. એણે ચોકડું ડોંચ્યું, લખીને તારવી. ગામ એક પડખે રહી ગયું. બાવળની કાંટ્યમાં ઘોડી વહેતી થઈ. બાવોજી પણ આપાને પગલે પગલે હાંકતા ગયા. પચાસ અસવારો પણ પાછળ ને પાછળ ચાંપતા આવ્યા. એ ઝાડની અંદર ઘોડાં જાણે સંતાકૂકડીની રમત રમવા લાગ્યાં. દિવસ ઝડવઝડ જ રહ્યો હતો. જંગલમાં ઘોડાની ઘમસાણ બોલતી હતી; ડાબલાના પડઘા ગાજતા હતા.

એકાએક વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ આપાની ઘોડી થંભી ગઈ. આપાએ જોયું તો સામે એક વોંકળો ચાલ્યો જાય છે અને પાછળ ચાલ્યા આવે છે પચાસ શત્રુઓ. હવે આપો લૂણો ક્યાંથી છટકે? ઘોડી ટપી જાય એટલો સાંકડો એનો પટ નહોતો.

આપા લૂણાએ વોંકળાની ઊંચી ભેખડ ઉપરથી ઘોડીને વેકરામાં ઝીંકી. વાંસોવાંસ બાવાજીએ પણ પોતાની ઘોડીને ઝીંકી. સામે કાંઠે નીકળવા માટે આપાએ પોતાની લખીના પડખામાં એડીનો ઘા કર્યો, પણ ભેખડની ટોચે ભટકાઈને લખી પાછી પડી; આપાએ લખીને જરા પાછી ફરીવાર દાબી. બચ્ચાં સોતી વાંદરી જેમ છલંગ મારીને જાય તેમ લખી બે જણાને ઉપાડીને સામે કાંઠે નીકળી ગઈ, પણ બાવાજીની ઘોડીનું એ ગજું નહોતું. બીજી વાર ને ત્રીજી વાર એની ઘોડી ભટકાઈને પાછી પડી, એટલે પછી ગભરાઈને બાવાએ બૂમ પાડી : “આપા, મને રાત રાખ્યો !”

ત્યાં તો પાછળનાં પચાસ ઘોડાં ભેખડ ઉપરથી વેકરામાં. ખાબક્યાં.

બાવો કહે : “એ આપા !”

આપા બોલ્યા : “કાં, ભણેં બાવાજી ! ઘોડી ભેડવી લીધી ! લાવ્ય લાવ્ય, તાળો હાથ લંબાવ્ય.”

બાવાએ હાથ લંબાવ્યો. આપાએ ખેંચીને એક હાથે બાવાને ઊંચે તાળી લીધો. પોતાની બેલાડ્યે બેસાડ્યો, અને પછી લખીને મારી મૂકી. થોડી વારમાં લખી અલોપ થઈ ગઈ. એના ડાબલાના પડઘા જ સંભળાતા હતા.

પચાસ ઘોડાં વોંકળામાં ઊભાં ઊભાં સામસામાં જોઈ રહ્યાં; કારણ કે સામે કાંઠે ઠેકવાની તાકાત નહોતી રહી. પછવાડે પણ ઊંચી ભેખડ આવી ગઈ વોંકળો વીંધીને વેકરો ખૂંદતા ખૂંદતા ઘોડેસવારો ઘણી વારે બહાર નીકળ્યા. રાત પડી હતી. આસપાસનાં ગામોમાં આંટા માર્યા, પણ ચોર હાથ લાગ્યો નહિ.

લોકોએ આખી વાત સાંભળીને કહ્યું કે, કોઠી ગામના આપા લૂણા વિના આ પંથકમાં બીજા કોઈનું ગજું નથી કે આવી હિંમત કરી શકે. ઘોડેસવારો મોડી રાતે કોઠી ગામમાં દાખલ થયા. આપા લૂણાની ડેલીએ જઈને પૂછ્યું :

“આંહીં લૂણો ખાચર રહે છે ને?”

“હા ભણેં, માળો જ નામ લૂણો. હાલ્યા આવો બા, કીં કામ છે ? કીહેંથી આવડું બધું કટક આદું ?”

ઢોલિયામાં પડ્યાપડ્યા આપો હોકો પીતા હતા - જાણે એક ગાઉની પણ મુસાફરી કરી નથી એવી લહેરમાં પડ્યા હતા.

“આપા, અમે લીંબડીના અસવાર છીએ. અમારા નગરશેઠના વરરાજાને તમે બાન પકડી લાવ્યા છો, તે સોંપી દો."

“ભણેં જમાદાર ! તમે ઘર ભૂલ્યા લાગો છો !”

“ના, આપા ! ઉડામણી કરો મા, નીકર ધીંગાણું થાશે. ”

“ધીંગાણો ! તો ભણે હુંયે કાઠીનો દીકરો છું. માળી પાંસળ દસ કાઠી છે. ધીંગાણો કરવો હોય તોય ભલે ! બાકી ગામમાં જો કોઈ તમારો વરરાજો લાવ્યો હશે, તો યાને માળા ખોળામાં બેઠેલો માનજો. ભણેં, કાલ્ય સવારે ધીંગાણો કરશું; અટાણે તો વ્યાળુ કરો, હોકો પીવો, નીંદર કરો, ઘોડાને ધરવો, સવારે પછી ધીંગાણો કરશું. એમાં શું બા ! લીંબડીની ફોજ હારે આફળીએ ઈ તો ઝાઝી વાત કે'વાય ને !”

ઘોડેસવારોની નાડીમાં જીવ આવ્યો. નીચે ઊતર્યા. પચાસે ઘોડાંને આપાએ પાલી પાલી બાજરાનું જોગાણ મુકાવ્યું. પણ ચાળીસ ગાઉનો પંથ કાપીને લોથપોથ થઈ જનાર ઘોડાંએ બાજરો સૂંઘ્યોયે નહિ. સામે જ આપા લૂણાની લખી ઊભી ઊભી બાજરો બટકાવતી હતી. ઘોડેસવારો પણ દિંગ થઈ ગયા કે લીંબડી જઈને આવનારી આ ઘોડી શી રીતે બાજરો કકડાવતી હશે ?

ઘોડેસવારોની સરભરા કરવામાં આપાએ મણા ન રાખી, સવાર પડ્યું એટલે જે વાણિયાને ઘેર આપાએ વરરાજો સંતાડ્યો હતો તેને ત્યાંથી બોલાવી લીધો, કહ્યું: "લ્યો બાપ. સંભાળી લ્યો ! આ તમારો વરરાજો અને લ્યો આ વરરાજાની પે'રામણી.” એમ કહીને રૂપિયા બસોની ઢગલી કરી. વરરાજાના અંગ ઉપરની સોનાની એક રતી, પણ ઓછી નહોતી થઈ. વરરાજો પણ ખુશ હાલતમાં હતો.

ઘોડેસવારોએ અપાને પૂછ્યું : “આપા, ત્યારે આ છોકરાને લાવ્યું કોણ ? અને શા માટે લાવેલ?”

“ભણેં બા ! આ બાવોજી વેન લઈને બેઠો હુતો કે હાલ્ય ઘોડાં ભેડવવા ! હાલ્ય ઘોડાં ભેડવવા ! પણ માળી લખી એકલી એકલી કોને એનો પાણી દેખાડે? લખીનો પાણી જોનાર માણસ તો જોવે ને ! હવે જો તમુંહીં ભણીંયે કે હાલો બા, માળી લખીની રમત જોવો, તો તમે પાંચસો જણા કીં બા'ર નીકળત ! માળે તો તમુંને બા'ર કાઢવા હુતા. બાકી, આ છોકરાના અંગની સોનાની કટકીયે ગૌમેટ બરાબર ! હું જાણતો સાં કે ઈ મોડબંધો વરરાજો કે'વાય ! એનાં પાલવડાં ચૂંથું તો સૂરજ ધણી માળો કાળો કામો સાંખે નહિ !”

આપાની કરામત ઉપર ધન્યવાદ વરસાવનારા ઘોડેસવારો ઘોડાં છોડી લીંબડી જવા માટે ચાલ્યા. પણ ઘોડાં ખીલેથી એક ડગલુંયે દેતાં નથી. એના પગ તળવાઈ ગયેલા; અતિશય થાક લાગેલો.

આપો હસવા લાગ્યા.

ઘોડેસવારો હાથ જોડીને બોલ્યા : “આપા, બીજું તો કાંઈ નહિ, પણ આ વરરાજાનાં

માવતરનાં ખોળિયાંમાં અત્યારે પ્રાણ નહિ હોય; લીંબડીમાં રોકકળ થાતી હશે. ત્યાં ફક્ત ખબર પહોંચી જાય તો બસ.”

આપાએ પોતાના દીકરાને તૈયાર કર્યો, એ જ લખી ફરી વાર ત્રીસ ગાઉની મજલ ખેંચીને આપા લૂણાના દીકરાને લીંબડી ઉપાડી ગઈ. ત્યાં જઈ ને ખબર દીધા કે, “તમારો વરરાજો સહીસલામત છે, આવતી કાલે આવી પહોંચશે.”

બીજે દિવસે વરરાજા હેમખેમ પહોંચી ગયા. પછી આપો લૂણો બાવાજીને વારે વારે કહેરાવતા : “ભણેં બાવા, હાલ્ય ને ઘોડિયું ભેડવિયેં !”

૭
કાઠિયાણીની કટારી

કા રતક મહિનાને એક દિવસે બપોર નમતા હતા. પાંચાળના ડુંગરા વીંધીને એક વેલડું ચાલ્યું આવતું હતું. બેય પડખે બે ભાલાળા વોળાવિયા પોતાની ઘોડીઓને ખેલવતા આવતા હતા. આરસપહાણના પોઠિયા જેવા ધોળા ને ધીંગા બે વાગડિયા બળદો એવા વેગમાં પંથ કાપતા હતા કે જાણે ઘર ભણી જાતા હોય એવું કળાઈ આવે.

બળદની ધીંગી ધીંગી ડોકમાં ઘૂઘરમાળ રણઝણતી હતી. વચ્ચે વચ્ચે ગળે ઝૂલતી ટોકરીના રણકાર સાદ પુરાવતા હતા અને વેલડાનાં પૈડાંમાં પરોવેલી પાંદડીઓ પણ રૂમઝૂમ થાતી હતી. ડુંગરના ગાળામાંથી સામા પડછંદા ઊઠીને ત્રણે સૂરની જમાવટમાં ભળી જતા હતા. બળદના વેગમાં વધઘટ થાય તેમ તેમ એ રણઝણાટનાં ધીરાં-અધીરાં મોજા વગડાના સૂસવતા પવનની લહેરો ઉપર હિલોળે ચડતાં હતાં. બળદને અંગે ઝૂલતી હીરભરી ઝુલ્યોમાંથી અને બળદનાં શીંગ ઉપર સજેલી ખોભળોમાંથી નાનકડાં આભલાં જાણે સૂરજનાં કિરણોની સામે સનકારા કરી રહ્યાં હતાં. એવું ભરતકામ તો સોરઠિયાણીના રળિયામણા હાથ વિના બીજુ કોણ કરી જાણે?

એવા રઢિયાળા હાથવાળી એક કાઠિયાણી આ વેલડીમાં બેસીને પોતાના મહિયરમાંથી સાસરે આણું વાળીને જાતી હતી. બળદ જરાક ઢીલા પડતા કે તરત માફામાંથી ડોકું કાઢીને કાઠિયાણી ગાડાખેડુને ટૌકા કરતી હતી કે, “ભાઈ ! હાંક્યે રાખ્ય, મારા વીર ! ઝટ વાળુ ટાણે પોગી જાયેં.”

કાઠિયાણીને આજ રાતે પહોંચીને એના રંગભીના કંથની પથારી કરવાના કોડ હતા.

રણવગડામાં એકલી એકલી નાચ કરતી અપ્સરા જેવી એ રાતી ચોળ વેલડી પાંચાળના સીમાડા વળોટીને જે વખતે ગોહિલવાડના મુલકમાં દાખલ થઈ, તે વખતે સંધ્યાકાળના હૈયામાં જાણે કોઈએ કટારી હુલાવી હોય તેમ રાતા લોહીની શેડ્યો વછૂટતી હતી. વટેમાર્ગુઓના લાંબા લાંબા પડછાયા માથાં વગરના ખવીસ જેવા વાંસે દોડતા હોય તેવા લાગતા હતા. લોહિયાળું મોઢું લઈને સૂરજ મહારાજ ડુંગરની પછવાડે કોઈ દરિયામાં નાહવા ઊતરતા હતા.

કેડાને કાંઠે એક ખેતર હતું. તેમાં એક આદમી ભેંસો ચારે છે. વેલડું જોતાં જ એ આદમીએ પોતાની ભેંસો રેઢી મૂકીને દોટ દીધી, પણ રીડ ન પાડી. હાંફતો હાંફતો એ વેલડાને અંબ્યો અને ધીરે સાદે અસવારોને પૂછવા મંડ્યો : “જુવાન્યો ! કિયા ગામની વેલ્ય છે ?”

“ રાજપરાની.” વાળાવિયે કહ્યું,

“ કીસેંથી આવતા સો, બાપ ?”

“ પાંચાળમાં ભાડલેથી.”

“ વેલડામાં કમણ બીઠું સે ?”

“ આઈ સજુબાઈ : રાજપરા-હાથિયા ધાધલનાં ઘરવાળાં : દેવાત ખાચરનાં દીકરી.”

“જુવાન્યો ! ભૂંડો કામો કર્યો. આ મોતને મારગ

1. * કેટલાક એમ કહે છે કે કાઠિયાણીનું પિયર રાણપુર પાસેના વાવડી ગામમાં હતું. એ કોઈ

ધાધલનાં દીકરી હતાં. કરિયાણાના કોઈ ખાચરમાં એમનું સાસરું હતું. અને આ બનાવ વાવડીથી કરિયાણે જતાં રસ્તામાં બનેલો.

તમુંહીં કુંણે દેખાડ્યો !"

"કાં ?"

"આંસે નજર કરો. સામી દેખાય ઈ ભીમડાદ દરબારની મેડિયું. ગામને સીમાડેથી સારું બાઈમાણસ આબરૂ સોતું નસેં, મોળા બાપ ! ગજબ કર્યો."

"પણ છે શું ? "

"આ માઢમેડી જોઈ? ભીમડાદનો દરબાર ખોખરો શેખ મેડીએ બીઠો બીઠો આખી સીમમાં શકરાના જેવી નજરું ફેરવ્યા કરે છે. ચારે ફરતાં કાઠીઓનાં ગામડાં ઉપર ટાંપે ટાંપેને કાઠિયાણિયુંની ગારગોરમટી નરખે છે, કાઠિયાણિયુંની માંડછાંડનાં ઈને સપનાં આવતાં સેં. કાઠિયાણીનાં મોઢાંનો તો ઈ કાળમુખો જાપ જપતો સે, બાપ ! એક રાત ઈની મે'માનગતિ ચાખ્યા વન્યા કોઈ રેઢું ઓંજણું જાવા પામતું નથી. જોવો બાપ, નદીને કાંઠે ઈની માઢમેડી ઝપેટા ખાતી સેં. નદીનાં પાણી ઈના મોલ હારે થપાટાં ખાતાં સેં. ભા ! ગજબ કર્યો તમે !"

"બીજો કોઈ મારગ છે ? "

" ના રે, મોળા બાપ ! મારગ કે બારગ? કાંણુંય ન મળે. જીસેં જાઓ તીસે બબે માથોડે નદીના ભેડા ઊભા છે. ગામ સોંસરવા થઈને આ એ જ મારગ ઓલ્યે કાંઠે જીસેં."

"ત્યારે ગામ વચ્ચોવચ જ હાલવું પડશે?"

" બીજો ઉપા' નસેં બાપ !"

વેલડાનો પડદો એક બાજુ ખસેડીને આઇ સજુબાઈએ ડોકું કાઢ્યું : ચંદ્રમાએ જાણે વાદળના અંતરપટમાંથી મોઢું બતાવ્યું. જાણે કાંઈયે આકુળવ્યાકુળતા ન હોય, તેમ આઈએ ડાંગવાળા આદમીને પગથી માથા સુધી માપી લીધો: કાળા ભમ્મર કાતરા, માથે મોટો ચોટલો, ડોકમાં માળા, અને અંખમાં સતધર્મનાં તેજ જોઈ એ આદમીને પારખ્યો, પૂછ્યું:

"દેવીપુતર લાગો છો, બાપ !"

"હા, આઈ ! ચારણ સાં. ગજબ..."

"કાંઈ ફકર નહિ, ભા ! કાંઈ હથિયાર રાખો છો ?"

ચારણની કેડે કટાર ખોસેલી હતી. ભેટમાંથી કાઢીને ચારણે આઈ ભણી લાંબી કરી. આઈએ તે ઉપાડી લઈને કહ્યું :

"રંગ તુને ! હવે મૂઠિયું વાળીને રાજપરાને રસ્તે વહેતો થા, અને કાઠીને વાવડ દે, બાકી તો જેવી સૂરજ ધણીની મરજી, મારા વીરા !"

ભેંસનું ખાડું રેઢું મેલીને ચારણે ડાંફો ભરવા માંડી.

વેલડું હાલ્યું. નદી વળોટી. ગામ વીંધ્યું. સામે કાંઠે ચડીને વહેતું થયું. ગામથી દોઢેક ખેતરવા પહોંચ્યું ત્યાં વાંસેથી ખેપટ ઊડતી ભાળી. જોતજોતામાં તો દસ દાઢીવાળા અસવારો લગોલગ આવી પહોંચ્યા. આઈ એ એના વોળાવિયાને ચેતવ્યા : "ખબરદાર! અધીરા થાશો નહિ !"

વોળાવિયાઓએ હાથમાં ઉગામેલાં ભાલાં પાછાં મૂકી દીધાં. તરવારોની મૂઠ પર પડેલા

એમના પંજા પાછા ખેંચાઈ ગયા. આઈની આજ્ઞા સાંભળીને બેય કાઠીઓની ભ્રૂકુટિ સામસામી ખેંચાઈને ભેળી થઈ ગઈ અસવારોએ આવીને પડકાર કર્યો :

"વેલ્યુને પાછી વાળો, અટાણે નહિ હાલવા દેવાય; દરબારનો હુકમ છે. અહીં ચોર-લૂંટારાનો ભો છે."

વેલડાનો પડદો ફરી ખસ્યો. કાઠિયાણીએ મોં મલકાવ્યું. ગલગોટા જેવું મોં મલકતાં તો ભીમડાદના અસવારો પીગળી ગયા. પોથીના લાલ લાલ રંગમાં રંગેલા એના દાંતની કળીઓ દેખાણી. દાંત ઉપર જડેલી હેમની રેખા ઝબૂકી.

"અમને ક્યાં લઈ જાવાં છે ?" આઈ એ મીઠે સાદે પૂછ્યું.

"અમારા શેખસાહેબનાં મે'માન થાવા." અસવારોએ હિંમત રાખીને નોતરું દીધું.

"એ... એ...મ ? શેખસાહેબને તો અમેય જાણીએ છીએ, ભા ! એમના મે'માન થવાની તો સહુને હોંશ હોય, પણ આમ સપાઈ-સપરાંની સાથે હાલ્યાં આવે ઈ તો કોક ગોલાં હોય ! અમે એમ નો આવીએ. જઈને દરબારને કહો કે મે'માનગતિ કરવી હોય તો પંડે આવીને તેડી જાય; બાકી, તમથી તો વેલ્યુ નહિ પાછી વળે."

અસવારોએ એકબીજાની સામે નજર નોંધી, આવી કોઈ રસીલી હુરમે આજ સુધી આવો રાજીપો નથી બતાવ્યો એમ લાગ્યું. એક અસવાર નોખો તરીને બાપુને બોલાવવા ચાલ્યો. બાકીના નવ જણા વેલડાને વીંટીને ઊભા રહ્યા.

ખોખરા શેખને ઘોડેસવારે જઈને ખબર દીધા. એમણે ઇશ્કનો લેબાસ સજ્યો. હીનાનું અત્તર એના કિનખાબના કબજામાં ફોરવા લાગ્યું. સોનાની મૂઠવાળી તલવાર એણે બગલમાં દાબી, અને હીરે જડેલો જમૈયો ભેટમાં ધરબ્યો. પંખી જેમ એની માદાને માથે જાય તેમ ખાખરો શેખ ઘોડે ચડીને વેલ્ય ભણી વહેતો થયો.

કાઠિયાણીએ ફરી વાર ડોકું કાઢ્યું, છાતી પણ બહાર બતાવી. એના કાંડાની ઘૂઘરીજડિત ચૂડીઓ રણઝણી ઊઠી. માથેથી આછું મલીર અંબોડા ઉપર ઢળી પડ્યું, હેમની દીવીમાં પાંચ વાટ્યો પ્રગટાવી હોય તેવી પાંચ આંગળીઓવાળા હાથમાં લાલ હિંગળો જેવો પડદો ઝાલી રાખ્યો. કાઠીયાણી જાણે આફરીન થઈને શેખસાહેબ ઉપર કામણગારું રૂપ ઢોળવા લાગી.

"આવો ને અંદર !" એટલાં જ વેણ એના પરવાળા જેવા હોઠમાંથી ટહુક્યાં, નેણ ઊછળ્યાં ! વોળાવિયા કાઠીઓનાં માથાં જાણે ફાટી પડ્યા. ખોખરો ઘોડેથી ઊતરીને વેલ્યમાં ચડવા ગયો, કેડ સુધી અંદર દાખલ થયો. હાથ પહોળાવીને માશુકને છાતીએ ચાંપવાની જ વાર હતી: એક જ વેંતનું અંતર હતું : ત્યાં તો ભોંણમાંથી ફૂંફાડો મારીને કાળી નાગણી છૂટે તેમ સજુબાના હાથમાંથી કટારી છૂટી. ખોખરાની ઢાલ જેવડી છાતીમાં છેક કલેજા સુધી એ કટારી ઊતરી ગઈ. ઘડી પહેલાંની કામણગારી કાઠિયાણીએ ચંડીનું રૂપ ધર્યું. ગોઠણભર થઈને એ દૈત્યની છાતી ઉપર ચડી બેઠી. દાંત ભીસીભીસીને કટારી ઉપર જોર કરવા લાગી. ખોખરાની પહોળી ગરદનમાંથી એટલો જ અવાજ નીકળ્યો : " દગા ! દગા ! દગા !"

સિંહણ ત્રાડ દે તેમ સજુબાએ ચીસ પાડી : "તૂટી પડો ! કટકોય મેલશો મા ! "

વેલ્યમાં ખોખરાનાં આંતરડાંનો રાતોચોળ ઢગલો થયો; બહાર ખોખરાના સિપાઈ અને કાઠીઓ વચ્ચે ધીંગાણું મચ્યું. કાઠી બચ્ચાઓએ તરવાર ખેંચીને સબોસબ ઝીંક બોલાવવા માંડી. તાશેરો કરનાર સિપાઈઓ મર્યા, બાકીના ઘાયલ થયા. કેટલાક ભાગ્યા. કાઠીઓના પણ

કટકેકટકા ઊડી ગયા.

અંધારાં ઘેરાતાં હતાં. કાઠિયાણીની લોહિયાળી કટાર ચાંદરડાંને અજવાળે તબકતી હતી. ત્યાં તો ચારણ અને હાથિયા ધાધલની વહાર આવી પહોંચી. લોહીમાં રંગાયેલી કાઠિયાણીને જોઈને કાઠીની છાતી ઉપર પાસાબંધી કોડિયાની કસો તૂટવા લાગી. વેલડું રાજપરે પહોંચ્યું. મધરાતે ચંડિકા મટીને એણે જોબનના શણગાર સજ્યા. એની આંખમાં કંથડો કાંઈક જોઈ રહ્યો.

ચારણે જોયું કે ભીમડાદના માઢ ઉપર દીવા ઓલવાયેલા હતા. ગામમાં સમી સાંજે સોપો પડી ગયો હોય એવી ધાક બેસી ગઈ હતી. ખોખરાની કાયા લોહીમાં રગદોળાતી સીમાડે પડી હતી.

રાતોરાત ચારણ ભડલી પહોંચ્યો; ત્યાંના કાઠીઓને કહ્યું: ”હાલો બાપ, આકડે મધ અને માખિયું વિનાનું છે. ભીમડાદના તાલુકા ઉપર તમારી નોબત્યું વગડાવીને નેજો ચડાવી ધો.”

ભડલીવાળા આળસુ કાઠીઓએ કહ્યું: “ હા બા, સવારે પરિયાણ કરશું.” અને વધામણી લઈને આવનારા ચારણનો એમણે કાંઈ આદર ન કર્યો.

રાતોરાત ચારણ ભાગ્યો : કુંભારા ગામમાં જઈને મેરામ ખાચરને ખબર દીધા : “બાપ, જોગમાયા ભડલીવાળાના કરમમાંથી ભૂંસીને ભીમડાદ તને દે છે, લેવું છે ?”

એ મેરામ ખાચર કોણ ? ઓળખાણ આપીએ : પાળિયાદના દરબાર માચા ખાચરના એ મોટેરા કુંવર. સાવકી મા હતી. નવાં આઈને પેટ પણ નાનેરા ભાઈ જન્મેલા હતા. એક વખત માચા ખાચરનું શરીર લથડ્યું. મોતની પથારી પથરી પથરાણી. દરબારની પાસે બેસીને કાઠિયાણી કલ્પાંત કરવા લાગી : “કાઠી ! તમારું ગામતરું થયે મારા છોકરાનું શું થાશે ? આ મેરામ મારા પેટને વીઘોય જમીન નહિ ખાવા દે, હો ! ને હું રઝળી પડીશ.”

આવું આવું સાંભળીને આપા માચાનો જીવ ટૂંપાતો હતો. એનું મોત બગડતું હતું.

મેરામ ખાચરને ખબર પડી. બાપુની પથારી પાસે આવીને એણે માળા ઉપાડી; બોલ્યા : “આઈ, શીદને ઠાલાં મારા બાપની છેલ્લી ઘડી બગાડો છો ? આ લ્યો, સૂરજની સાખે માળા ઉપાડું છું કે પાળિયાદની તસુ જમીન પણ મારે ન ખપે. અને મારા ભાગ્યમાં હશે તો વિધાતાયે નહિ ભૂંસી શકે. જાઓ, આઈ ! મોજ કરો. અને બાપુ, તમારા જીવને સદ્ગતિ કરો.”

માચા ખાચરનો દેહ છૂટી ગયો. આઈ એ પસ્તાવો કર્યો. એણે ઘણા કાલાવાલા કરી જોયા : “બાપ મેરામ, તું તારા ભાગનો ગરાસ તો પૂરેપૂરો લે.”

પણ મેરામ ખાચર લીધી પ્રતિજ્ઞા લોપે નહિ. એણે ફક્ત કુંભારું ગામ અને સરવાની ત્રીજી પાટી રાખી. પોતે પાળિયાદમાંથી રહેણાક કાઢી નાખ્યાં અને સરવે જઈ રહ્યા.



એવા મેરામ ખાચરને ચારણે ભીમડાદના વાવડ દીધા. જગદંબાએ જ જાણે કે મહેર કરી. રાતોરાત મેરામ ખાચરે ભીમડાદનો કબજો લીધો.

સવારે ભડલીવાળા ઝોકાં ખાતા ખાતા ભીમડાદ આવ્યા. ચારણે કહ્યું: “કાં બાપ ! ઊંઘી લીધું ? જાવ, તમને ગરાસ કમાતાં નો આવડે.”

પણ મેરામ ખાચરને જાણ થઈ કે ગઢવો પ્રથમ ભડલી ગયેલો હતો એટલે એણે સખપર ગામ ભડલીને આપ્યું. સારંગપર ગામ ચારણને મળ્યું. ચારણોએ એની બિરદાવલી લલકારી :

મેરામણ મેલ્યે, મહીપત બીજ માગવા,

(ઈ તો) કુંજર ઠેલે કરે, મેંઢે ચડવું માચાઉત !

એક મેરામ ખાચર મૂકીને બીજા કોઈ રાજાઓની પાસે યાચવા જવું એ તો હાથીને છોડી ઘેટા ઉપર ચઢવા જવા બરોબર કહેવાય. મેરામ ખાચર એટલો બધો ઉદાર છે.

ઉન્નડ ગઢડે અન્ન દીએ, જીવો હાડીકે જે,

જેરુ કોટ મછરાજરો, ત્રીજો ટોડો તે.

જેમ ગઢડામાં ઉન્નડ ખાચર ને હાડકામાં જીવો ખાચર ઉદારતાથી રોટલો આપે છે, તેમ ત્રીજો દાતા માચા ખાચરનો પુત્ર મેરામ ખાચર છે.

૮

આલેક કરપડો

ભા ડલામાં લાખા ખાચરની ડેલીએ એક દિવસ સવારે ડાયરો જામ્યો હતો. કસૂંબાના રંગ દેવાતા હતા. એ વખતે આપા લાખાના બે કાઠીઓ એક ખૂણામાં બેઠા બેઠા ધીરે સાદે વાતે વળગ્યા હતા.

"જસા ગીડા !" વીકા ગીડાએ કહ્યું : "આ ઉકલું હમણાં ભારે ફાટ્યું છે, હો !"

"આવડી બધી ફાટ્ય શેની આવી છે ઈ ખબર્ય છે ને ? આપા લાખાએ મોઢે ચઢાવ્યો છે, બા ! આપો તો એને દેખે એટલે આંધળોભીંત !"

"તે હવે ઉકલાનાં લાડ ઉતારી નાખીએ."

બેય કુટિલ કાઠીઓએ ઉકા નામના લાખા ખાચરના માનીતા કાઠીનું કાસળ કાઢવાનો મનસૂબો કર્યો. ડાયરા સામે જોઈને જસા ગીડાએ ઊંચે સાદે કહ્યું :

"એ આપાઓ ! હમણે સાંભળ્યું છે કે સરલાની પાડિયુંને મૂછ્યું આવી છે."

"તે બા, સરલામાં વળી કોનીયું પાડિયું ?"

"બીજા કોનીયું ? રાણા કરપડાની. જેને ઘેર આલેક કરપડા જેવા જોધારમલ દીકરો હોય એનાં જ ઢોર ફાટફાટ આઉ લઈને ફરે ને, બા !"

"ઓહો ! રાણાની ભેંસ્યું ને માથે તો કાંઈ લોહીના થર ચડ્યા છે ! ચીંટિયો લઈએ તો ધાર થાય."

હોકાની ઘૂંટ લેતાં લેતાં આપો લાખો બોલ્યા : "તંઈ તો બા ! આલેકનાં વારણાં લેવા જાવું પડશે."

"આપા લાખા, ઈ વાતું થાય !" લાખા ખાચરને રઢ ચડાવવાના ઇરાદાથી વીકો ગીડો દાઢમાંથી બોલ્યો.

"ઠીક તંઈ બા ! માંડો પલાણ. એનાં કાંઈ મુરત જોવાય છે ?" કહીને લાખા ખાચર બગલાની પાંખ જેવું પાસાબંધી કેડિયું પહેરીને તૈયાર થયા. પાણીનું છાપવું ભરીને બેય બાંયોની કરલ ચડાવી લીધી. દાઢીના કાતરા ઝાપટીને મોસાળિયું બાંધી વાળ્યું. દોઢસો ઘોડે લાખો ખાચર સરલા ભાંગવા ચડ્યા. રસ્તામાં જસા ગીડાએ અને વીકા ગીડાએ ઉકાના ઘાટ ઘડવા માંડ્યા. એને ખબર હતી કે આલેક કરપડો હંમેશાં દુશ્મનોની ફોજમાં જે મોવડી હોય તેને જ માથે ત્રાટકે છે. ઉકાને મોવડી બનાવવાનું તરકટ મંડાણું.

"અરે ઉકા !" વીકે આદર કર્યો, "માણસમાં કે'વાય કે રાજા જેને માથે રૂઠે, એનાં તે દળદર ભુક્કા થઈ જાય. પણ બા, આપા લાખાની તારે માથે આવડી બધી મહેરબાની તોય તારા કરમમાંથી આ ટારડી નો ટળી, હો !"

"અરે બોલ્ય મા, બોલ્ય મા, વીકા !" જસાએ મહેણું દીધું, "નકર હમણે જ આપો લાખો ઉકાને એની કાળુડી દઈ દેશે."

"એ બા, બહુ નો દાઢીએ, હે ! મરમનાં વેણ કાળજાં વીંધે, બા ! લ્યો, તમારે બહુ હોંશ

હોય તો કાળુડી ઉકાને દીધી !" એમ બોલીને આપો લાખો ઉકા ભણી બોલ્યા : "લે, ઉકા ! હેઠો ઊતર્ય. આ લે કાળુડી, લાવ્ય તારી ટારડી મારી રાંગમાં."

કાળુડી તે કેવી? જાંબુડાવરણી : કાયા ઉપર ગલ ઉપડતા આવે : ઊંટ જેટલી તો ઊંચી : હજાર ઘોડાંમાંથી નોખી તરીને નજરમાં વસી જાય.

ઉકો ભોંઠો પડ્યો. ગીડો બોલ્યો : "ઉકા ! હવે લઈ લે, લઈ લે. ધણીને પોરસ આવે ઈ ટાણે મોઢું ફેરવીએ, માળા મૂરખ ?"

દરબાર ટારડી ઉપર બેઠા, ઉકો કાળુડી ઉપર ચડ્યો. થોડોક પંથ કપાણો એટલે વળી કાવતરું આગળ વધ્યું.

"ભણે, આપા લાખા ! આવે હથિયારે હવે તો બાપડે ઉકો ભૂંડો લાગે, હો ! ચાકરને શોભાવીએ, તો પૂરેપૂરો શોભાવીએ. કાળુડીના ચડનારને તો સોનાની ખોભળે ભાલો હોય, સોનાને કૂબે ઢાલ હોય અને સોનાની મૂઠ્યે તલવાર શોભે, બાપ ! આજ તારે તો બક્ષિસ કરવાની વેળા છે."

લાખા ખાચરને હોંશ આવી. પોતાનાં હથિયાર છોડતાં છોડતાં એ બોલ્યા : " ભણે ઉકા ! આ લે, બાંધુ લે આ ત્રણે વાનાં, ને લાવ્ય તારાં કાટલ હથિયાર માળી આગળ."

ઉકો શરમાણો. વળી ગીડો બોલ્યો : "ઉકા લ્યે ! ધણીની કસું તુટતી હોય, ઈ તે મોટો ભાગ્ય કે'વાય ને, મૂરખા ! બાંધી લે."

ઉકાએ હથિયાર બાંધ્યાં. "ઓહો ! શું ઉકાને અરઘે છે ને !" એમ બોલતી બોલતી સવારી આગળ વધી.

વળી ગીડો બોલ્યો : "આપા લાખા ! તું તો લાખણ મહારાજ કે'વાછ. અને હવે શું ઉકાને માથે આવે તૂટલફાટલ તરફાળ હોય ? અરે ભૂંડા ! તાળે તે હવે કાંઈ ઘલડે ગઢપણે નગરનો ફાળિયો અરઘે, બા ?"

પોતાને માથે નગરનું ફાળિયું, સોનેરી તાર ભરેલા કાળા છેડાવાળું હતું, તે ઉતારીને લાખા ખાચરે ઉકાને માથે બંધાવ્યું : પોતે ઉકાનો લીરો વીંટી લીધો. આજ પોતાના માનીતા ચાકરને આવી નવાજેશ કરીને લાખા ખાચરનું હૈયું ખૂબ હરખાણું, ઘાટ પણ પૂરેપૂરો ઘડાઈ ગયો !

સરલાની સીમમાંથી લાખા ખાચરના અસવારોએ ભેંસો વાળી, ગોવાતીઓની ડાંગો આંચકી લીધી. ગોવાતીઓ ચીસો દેતા દેતા રાણા કરપડા પાસે પહોંચ્યા. રાણાના ત્રણ મોટા દીકરા : શેલાર, વાઘો અને ભોકો ઘેર હતા. પણ નાનેરો આલેક કણબાવ્ય ગામે ગયેલ.

૨.

સાંજ ટાણે આલેક ચાલ્યો આવે છે. ઘોડી ઉપર ફક્ત ડળીભર બેઠો આવે છે. જાંઘ નીચે તરવાર દબાયેલી છે. ત્યાં એણે સરલાનો બૂંગિયો ઢોલ સાંભળ્યો.

"મારા ગામને પાદર બૂગિયો !" આલેક બબડ્યો. ચમકીને એણે ઘોડીને એડી મારી. પલક વારમાં પાદર આવ્યું, પણ ઝાંપા બંધ દેખ્યા. અંદર રાણો કરપડો ઊભેલા. આલેકે સાદ કર્યો : " ઝાંપો ઉઘાડો."

"બાપ આલેક, ઝાંપો શી રીતે ઉઘાડું ? જીવતર કડવું ઝેર થઈ ગયું, અને તું બેઠે

આપણી હાથણિયું લઈને લાખો ખાચર સરલાને સીમાડે છાંડે તે દી હું સમજીશ કે આલેક પથરો પડ્યો'તો."

"લ્યો બાપુ, ત્યારે રામરામ !"

"બાપ, ઊભો રહે, બે વેણ ભણવાં છે."

"બોલો."

"આલગા, ખબર છે ને? વડ્યે વાદ, અને નાંભે નાતરું હોય, હોં કે ! તારો વડિયો જ ગોતજે, ઘેંસનાં હાંડલાં ફોડીશ મા."

"પણ બાપુ, આપા લાખાને તે કે દીયે દીઠા નથી, એનું કેમ?" "અરે, મારા પેટ ! લાખા ખાચરને ઓળખવા પડે ? દોઢસો ઘોડાંમાં સહુથી કાઠાળી, જાંબુડાવરણી ઘોડી; હેમની ખોભળે ભલો, મોટું કળાય એવી હેમને કૂબે ઢાલ; હેમની મૂઠવાળી પ્યાલા જેવી તરવાર, અને માથે મેકર : ઈ આપા લાખાનાં એંધાણ."

"બસ, બાપુ !" કહીને આલેકે ઘોડીની વાગ હાથમાંથી છોડી દીધી; ઘોડીના પડખામાં એડીનો ઘા કર્યો. ઉબરડાની સીમમાં આંબ્યો. લાખા ખાચરનાં દોઢસો ઘોડાંની કતાર ચીરીને આલેક સોંસરવો પડ્યો. આઘે ઉકો કાઠી, આપા લાખાનાં એંધાણ ધારણ કરીને ઊભો હતો તેને ઝપાટામાં લીધો. ઉકાની કાળુડી ભાગી. ભાગતી કાળુડીએ આલેકની બરછી ઉકાને માથે પડી. ઉકાના રામ બોલી ગયા. બીજા કાઠી બીકના માર્યા તરી ગયા. લાખા ખાચર હેબતાઈ ગયા. ગીડાઓને તે ઉકાનું જ કાસળ કાઢવું હતું. લાખા ખાચરને લઈને એ ચાલ્યા ગયા. આલેક પોતાની ભેંસો વાળીને ઘેર આવ્યો.

3

મોરબીના દરબારગઢમાં જીવાજી ઠાકોર એક ચારણની સાથે ચોપાટે રમે "આવજે, આલેકડા સીસાણા !" એમ બોલીને ચારણ પાસા ફેંકે. ગોઠણભર થઈને જેમ ચારણ "આવજે, આલેકડા સીસાણા !" કહી ઘા કરે, તેમ તેમ એવા દાવ આવે કે ઉપરાઉપરી ઠાકોરની સોગઠીઓ હિબાતી જાય. સીંચાણો બાજ જેમ પંખી ઉપર ઝપટ કરે તેવી રીતે ચારણના દાવ ઠાકોરની સોગઠી ઉપર આવવા લાગ્યા. ખિજાઈને ઠાકોર બોલ્યા : "ગઢવા, એ તારો આલેકડો સીસાણો વળી કોણ છે ?"

ચારણ કહે : "દરબાર, ઈ સીસાણો તો સરલા ગામનો

આલેક કરપડો – રાણા કરપડાનો દીકરો."

આલગ વાઘાં ઉપડ્યે, ઝાકયો કણરો ન જાય,
મેંગળ રે મૂઠીમાંય, રે'કીં ધખિયો રાણાઓત.

જે વખતે ઘોડા ઊપડે છે તે વખતે આલેક કોઈનો રોક્યો રોકાય નહિ. માતેલો હાથી કાંઈ મૂઠીમાં રહી શકે છે ?

"અરે. રંગ રે ગઢવા ! નાની એક ગામડીનો બાપડો કાઠી તારો સીસાણો !" ખડખડ હસીને ઠાકોર બોલ્યા.

"તો કરો પારખું. પણ ચેતી જાજો હો, બાપુ ! આલેકડો આખી ફોજમાંથી મોવડીને જ

વીણી લે છે; બીજા ઉપર એનો ઘા નો'ય !"

ગઢવીએ આવીને સરલામાં આલેક કરપડાને ખબર દીધા કે જીવાજી ઠાકોર ત્રાટકશે. આલેકે જવાબ દીધો : "ભણે, ગઢવા ! ઠાકોરને કે'જે કે તમે આવશો ત્યારે પાણીનો કળશિયો ભરીને સરલાને પાદર હુંય ઊભો રહીશ; બીજું તો અમારું ગજું શું ?"

સેના લઈને મોરબીના ઠાકોરે સરલા ગામ ઉપર સવારી કરી. સાંજ ટાણે ગામની સીમમાં દાખલ થયા. બરાબર એ જ ટાણે એક વેલડું એ ફોજની આગળ સરલાને માર્ગે ચાલ્યું જતું હતું. ઠાકોરે પડકાર કર્યો : "કોણ છે, માફામાં ?"

વોળાવિયાએ કહ્યું : "સરલાવાળા આલેક કરપડાની મા છે."

જીવાજી ઠાકોરને એટલી જ જરૂર હતી. મોરબીનો મેલીકાર બે ભાગમાં વહેંચાઈ ગયો. વચ્ચે બરાબર વેલડું રાખ્યું. એમ આખી સવારી ચાલી આવે છે. રાણા કરપડાએ સરલાના કોઠા ઉપરથી નજર કરી, વેલડું ઓળખ્યું. એણે

1. ૧. વાઘ - ઘોડાની લગામ (વાઘાં બહુવચન).
2. ૨. કોઈનો.
3. ૩. હાથી.
4. ૪.રહી.
5. ૫. રોષભર્યો.
6. ૬. રાણાનો દીકરો (ઉત=સુત).

કહ્યું : "ઝટ આલગને બોલાવજો, બા !"

આલેકની આંખે ભરણું ભરેલું. મોં ધોઈને દુખતી આંખે એ આવ્યો. રાણાએ આંગળી ચીંધાડીને કહ્યું:

"બાપ આલગ ! આ જોયો ? તાળી માની જાન હાલી આવતી સે. ફુલેકો ચડ્યો સે. આવે ટાણે આલગા જેવો દીકરો ભારે રૂડો દેખાતો સે, હો ! આલગને જણ્યોય પરમાણ !"

આલેકને તો આટલા મહેણાનીય જરૂર નહોતી. એ હથિયાર લઈને ચડ્યો. ધાર ઉપર ચડીને જોયું તો સામે ઠાકોરની સેના ઊભેલી. મોરબીનાં પાંચસો ભાલાં સૂરજનાં છેલ્લાં કિરણોની સાથે દાંડિયારાસ રમતાં હતાં. એક ઘોડી સહુથી એક મૂઠ ચડિયાતી મોખરે ઊભી હતી. ઉપર બેઠેલ અસવારના હાથમાં સોનાની કુંડળે ભાલું હતું, માથા ઉપર કનેરીબંધ નવઘરું હતું.

"એ જ ઠાકોર !" એમ બોલીને આલેકે ઘોડીને છૂટી મૂકી દીધી : બંદૂકની ગોળી જેમ નિશાન ઉપર જાય તેમ એ ગયો. સામેથી સામટી બંદૂકોનો તાશેરો થયો. વીંધાતે શરીરે આલેકે એ મોવડી ઘોડેસવારને ઘોડી ભેટાડી દીધી. નવઘરાનો પહેરનારો આલેકને પહેલે જ ભાલે પડ્યો.

પણ એ નવઘરાવાળો અસવાર મોરબીનો ઠાકોર નહિ. ઠાકોરને કાને તો જ્યારથી ચારણનું વેણ પડ્યું હતું ત્યારથી એ ચેતી ગયેલા : આલેક આવ્યો તે પહેલાં જ પોતાનો પોશાક એણે એક ખવાસને પહેરાવીને પોતાની ઘોડી ઉપર બેસાડેલા હતા.

ખવાસ પડ્યો. ઠાકોરે આલોકનું પારખું કરી લીધું. એને તો એટલું જ કામ હતું. ફોજ લઈને એણે મોરબીને

માર્ગે ઘોડાં વહેતાં કર્યા.

૪

અહીં આલેકને તો પાંત્રીસ ઘા થયેલા. સરલાના કાઠીઓએ આલેકને ઝોળીમાં નાખ્યો. ઝોળી ઉપાડતાં જ આલેકે આંખ ઉઘાડી. “અરે ફટ, આલેક ઝોળીએ હોય. કદી ?” એમ કહી, પેટે ભેટ કસકસાવીને આલેક ઘોડેસવાર થઈને ઘેર આવ્યો. આવીને બાપુને પગે લાગ્યો : “બાપુ ! હવે રામરામ કરું ! બહુ વસમું લાગે છે. ઝટ જમીન લીંપો."

બાપુ કહે : “અરે બેટા ! ઘરનો ડાયરો ઘેર નહિ; આપણાં સગાંવહાલાં નથી આવ્યાં અને આલગ જેવો દીકરો એમ મળ્યા વન્યા જાશે ?”

આલેક કહે : “ભલે, બાપુ!”

એની પીડા વધતી હતી, પણ એ ચૂંકારો કર્યા વિના પડ્યો રહ્યો; બાપુને કહે : “બાપુ, હવે તો કાળી આગ લાગી છે, હો !”

“તો આપણે કસૂંબો કાઢીએ.” એમ કહી કસૂંબો કાઢી બાપુએ આલેકને ત્રણ ઘોબા લેવરાવ્યા. કણબાવ્ય, ધોળિયું, અપાળિયું, વેળાવદર વગેરે આજુબાજુને ગામડેથી સગાંવહાલાં આવી પહોંચ્યાં. સહુને આલેકે રામરામ કરીને પૂછ્યું : “લ્યો બાપુ, હવે ભેટ છોડું ? છે રજા ?”

“અરે, મારા બાપ ! મહેમાનને વાળુ વન્યા આલેકડો રાખશે ? માણસો વાતું કરશે કે આલેકડે સહુને ભૂખ્યા- તરસ્યા મસાણ ઢસરડ્યા. મારો આલગો ગામતરુ કરે, ને પરોણા વાળુ વન્યા રહે ?”

“ઠીક, બાપુ !” કહી મરણને ખાળતો આલેક બેઠો રહ્યો. મહેમાનોએ વાળુ કર્યા, હોકા પીધા. આલેકે સહુની સાથે હસીને વાતો કરી; પછી પૂછ્યું : “હવે બાપુ? હવે તો મારે ને જમને વાદ થાય છે, હો !” “અરે આલગા ! મારો આલગો તે અધરાતે જાય ? ગા'ના ગાળા તો છૂટવા દે, બાપ ! હવે વાર નથી.”

બાપ-દીકરો દાંત કાઢે છે. વાતો કરે છે, એમ કરતાં પ્રાગડ વાસી. ગાયો છૂટી. આલેક બોલ્યો : “બાપુ, હવે તો લાજ જાશે, હો ! મારા શ્વાસ તૂટે છે !”

“મારો બેટો ! કાઠિયાણીના દીકરો ડાયરાને કસુંબાની અંતરાય પાડે કોઈ દી? હમણાં ડાયરાને કસુંબા લેવરાવીને પછે છાશું પાઈ દઈએં. પછી સહુ હાલીએ, નીકર ડાયરો વગોવશે કે આલગના મરણમાં દુઃખી થ્યા !”

કસૂંબો અને શિરામણ ઊકલી ગયાં. આલેક પૂછે છે : “બાપુ ! હવે ?”

“બસ, હવે ખુશીથી જા, મારા બાપ ! પણ બેટા આલગડાને કાંઈ પાલખી હોય ? એ તો હાલીને જ સુરાપુરીમાં જાય ને ! એ તો અસમેરનાં પગલાં ભરે.”

આલેક કહે : “બાપુ, તમે તો ગજબ આદર્યો !”

બાપુ બોલ્યા : “હોય, બાપ હોય; શૂરવીરને તો જીવ ત્યાં લગીયે ગજબ, ને મરે ત્યારેય ગજબ !”

આલેક ઊઠ્યો. એને હાથમાં ભાલો લેવરાવ્યો. ભેટમાં તરવાર આપી, પગમાં કોરી મોજડી પહેરાવી, કપાળે કેસરચંદનનું તિલક કર્યું , ગળામાં હાર નાખ્યો. ગાજતે ઢોલે ડાયરો હાલ્યો. આખા ડાયરાની મોઢા આગળ આલેક કરપડો હાલ્યો, સ્મશાને પહોંચ્યો. ચેહ ખડકાઈ.

આલેક ચિતામાં બેઠો. સહુએ રામરામ કર્યા.

બાપુએ પૂછ્યું : "બેટા, કાંઈ કહેવું છે?"

"હા, બાપુ ! મારો કોલ છે કે, મારા વંશનો હશે તેને કોઈ દી ધીંગાણામાં ઉનત્ય (ઊલટી) નહિ આવે."

એટલું બોલીને એણે ઉત્તર દિશાનું ઓશીકું કર્યું , ભેટ છોડી નાખી, આત્મારામ ઊડી ગયો. એનું વરદાન આજ સુધી પણ ફળતું આવે છે.

૫

મોરબીના દરબારગઢમાં એ જ ઠાકોર એ જ ચારણની સાથે સોગઠે રમે છે. ગોઠણભર બનીને ચારણ પાસા ફગાવતો ફગાવતો બોલે છે : "આવજે, આલેકડા સીસાણા !"

ખિજાઈને ઠાકોર કહે છે : "તારો સીસાણો તો ગયો ઊંચો !"

"હા, ઠાકોર, હા ! આંહી તો તમે ખવાસનો વેશ પહેરીને એને છેતરી આવ્યા, પણ ત્યાં સ્વર્ગાપરમાં તમારા બાપુ કાંયાજી ભાગીને ક્યાં જશે ? ત્યાં આલેકડો તમારા બાપુને નહિ જંપવા દે. આજ રાતે જ હું આભમાં બોકાસાં સાંભળતો હતો." એમ કહીને લલકાર્યું –

અલેકડો આકાશ, વાળો વઢવાડ્યું કરે,
કાઠી કાંયા પાસ, રાડય ન મેલે રાણાઓત.

હવે તો આલેક આકાશમાં તારા પિતા કાંયાજીની સાથે યુદ્ધ કરતો હશે. એ રાણાનો પુત્ર ત્યાં કાંયાજીની પાસે પોતાને વિરોધ નહિ મૂકે.

૯

દુશ્મન

મો તી જેવાં નિર્મળ પાણી નદીમાં ખળખળતાં હતાં અને નદીને કાંઠે શંકરનું મંદિર હતું. એક દિવસ સૂરજ મહારાજ ઊગીને સમા થયા તે ટાણે મંદિરને ઓટલે ગામના પચાસ ફાટેલા જુવાનિયા ભેળા થયા છે. અંગ ઉપર પાણકોરાની ઘેરદાર પખતી અને ત્રણ ત્રણ ડોરણાવાળી ચારણીઓ ને પાસાબંધી કેડિયાં પહેરેલાં, કમ્મરે કાળી અને રાતી કોરછેડાવાળી પછેડીઓની ભેટ વાળેલી, માથે ગડી પાડીને ભાતીગળ ફેંટા બાંધેલા, જમણા પગની જાંઘે પડખાના ભાગ ઉપર, ઢીંચણ સુધી ઢળકતી નાડીને છેડે, સાત-સાત રંગની ઊનનાં ગૂંથેલાં ફૂમકાં ઝૂલી રહ્યાં છે, કેડિયાની કસોને બાંધેલા, કાંટા કાઢવાના અને કાનમાંથી મેલ કાઢવાના રૂપેરી, નાના, ઘૂઘરીદાર ચીપિયા ટિંગાય છે. પાઘડીને માથે ખડાં છોગાં પવનમાં ઊડઊડ થાય છે. ડોકમાં ભાતભાતના પારાની બનાવેલી માળાઓ ચપોચપ શોભે છે. હાથમાં કડિયાળી, પિત્તળના તારના ચાપડા ભરેલી ને ઘૂઘરીએ જડેલી, લાંબી રૂપાળી લાકડીઓ હિલેળા લે છે.

કોઈ જુવાનિયા પાઘડી ઉતારીને માથે ખોસેલા અર્ધચંદ્રાકાર દાંતિયાથી પોતાના માથાના લાંબાલાંબા ચોટલા ઓળી રહ્યા છે. કોઈ પાઘડીમાંથી નાનકડી શીશીઓ કાઢીને આંખમાં સોયરું આંજે છે. કોઈ પાઘડીમાં ખોસેલ નાનાં નાનાં આભલાં કાઢીને પોતાનાં નાક-નેણ જોતા જોતા ડોકની માળાના મેરનું ફૂમકું બરાબર વચ્ચોવચ ગોઠવતા ગોઠવતા, ઝીણીઝીણી મૂછોને વળ દેતા, માથાના ચોટલાની પાટી બરાબર લમણા ઉપર વીંટતા વીંટતા સામસામા ઠઠ્ઠામશ્કરીઓ કરી રહ્યા છે.

કોઈ ફૂમકાંવાળી દોરીએ બાંધેલા બબ્બે પાવા વગાડીને લાંબો સૂર કાઢી રહ્યા છે, અને નદીના મોતી સમા નિર્મળ વહેણમાંથી અરીસા જેવી હેલ્ય ભરીને મલપતી ચાલ્યે ચાલી આવતી જુવાન બાઈઓનાં મોં ઉપર પેલાં આભલાંનાં ઝળકઝળક પ્રતિબિંબો પાડી, એ પનિયારીઓની કાળીકાળી મોટી આંખોને અંજાવી દઈને કૂડીકૂડી મૂંઝવણ ઉપજાવી રહ્યા છે. પનિયારીઓ બેડાં લાવી, ઠાલવીને, ઘેર પાણીની જરૂર ન હોય તોયે ધમાકા દેતીદેતી પાછી આવે છે – જાણીજોઈને બેઠીબેઠી બેડાં માંજયાં જ કરે છે. એના કસૂંબલ, કીડિયા ભાતનાં, બાંધણીદાર ઓઢણાં, નદીને કાંઠે પવનમાં, કામદેવની ધજાઓ જેવાં ફરક ફરક થાય છે. કાનમાં પાંદડીઓ અને આકોટા હીંચે છે. નેણની કમાનો જાણે હમણાં કાનને અડી જશે એવી લંબાયેલી છે. નદીને કાંઠે રોજ પ્રભાતે જે રંગ જામતો તે આજેય જામ્યો છે.

એ ગામનું નામ બીલખા. એ નાનકડી નિર્મળ નદીનું નામ ભઠી. એ જુવાનો અને જુવાનડીઓ જાતનાં ખાંટ હતાં. સગાળશા શેઠની અને ચેલૈયા દીકરાની જનમભોમકા એ બીલખામાં, બસો વરસ પહેલાં ખાંટ લોકોનાં રાજ હતાં. દીનાનાથ નવરો હશે તે દિવસ એણે આ ભીનલા વાનની, વાંભવાંભના ચોટલાવાળી, કાળાં ભમ્મર નેણાળી, નમણી, કામણગારી અને જોરાવર ખાંટડીઓને ઘડી હશે.

શિવાલયને ઓટે આ ઘૂઘરીના અને ફૂમકાંના ઠાઠમાઠથી ઊભેલા ખાંટોને જુવાની જાણે આંટ લઈ ગઈ હતી. બધા મશ્કરીઠઠ્ઠામાં મશગૂલ ઊભા હતા ત્યાં પડખે થઈને એક બાવો નીકળ્યો. ભગવાં વસ્ત્ર હતાં, કપાળે ભસ્મ હતી, માથે ભૂરિયાં ઝટિયાં હતાં : હાથમાં ઝોળી હતી. 'આલેક', 'આલેક' કરતો બાવો ચીપિયો બજાવતો ચાલ્યો ગયો.

કમરમાં ખોસેલી છરીનું ફૂમકું બાંધતો બાંધતો એક મદોન્મત્ત જુવાનિયો બોલ્યો:

"એલા, આ બાવો તો હવે હદ કરે છે."

"હા, હા." બીજો જુવાન ચોટલો ઓળતો ઓળતો બોલ્યો.

"બાવો તો વંઠી ગયો છે; એની ઝોળી ક્યાંય તરતી નથી. ઢેઢવાડેથીય બાવો ભિક્ષા લે છે."

"અરે, મેં મારી નજરોનજર જોયું ને !" ત્રીજો હળવેથી બોલ્યો. "હમણે જ ઢેઢવાડેથી મરેલા ઢોરની માટી લઈને એ વયો જાય."

"એલા, ત્યારે તો એ જોગટાને ફજેત કરવો જોવે. હાલો એની હાંડલી તપાસીએ. મારો બેટો ક્યાંઈક જગ્યાને અભડાવતો હશે."

"હાલો, હાલો." એમ કહીને પટોપટ ચોટલા વીંટી લઈ, માથે ફેંટા મેલી, આભલાં, શીશી અને દાંતિયા ફેંટામાં ખોસી, એ ફૂમકાંવાળા જુવાનો હાથમાં લાકડીઓ હિંડોળતાહિંડોળતા નૂર સતાગરની જગ્યામાં જઈ પહોંચ્યા.

બાવા જેરામભારથીજી બેઠા બેઠા ચલમ પીતા હતા. 'આલેક ! આલેક ! બોમ ગરનારી !' કહીને એવો દમ મારતા હતા, કે ચલમને માથે વેંત વેંતના ઝડાફા દેતી ઝાળ ઊઠતી હતી. ઓરડીમાં ચૂલા ઉપર હાંડી ચડાવેલી હતી; અન્ન પાકતું હતું.

"બાવાજી બાપુ ! અમારે હોકો ભરવો છે. જરા દેવતા માંડવા દેજો."

"હા, બચ્ચા, ચલે જાઓ ચૂલા કે પાસ !" ખાંટ જુવાનિયા એક પછી એક ચૂલા પાસે ચાલ્યા. હાંડીની ઢાંકણી ઉપાડી : જુએ તો અંદર ચોખા ફસફસે છે ! વાઢો તોય લોહી ન નીકળે એવાં ઝાંખાં ડાચાં લઈને જુવાનો બહાર નીકળ્યા. બાવો કળી ગયો હતો. કોચવાઈને એ બોલ્યો : "ક્યોં ? દેખ લિયા ? ખુલાસા હો ગયા ? ઇતના અહંકાર ? જાવો, ખાંટ સબ ઝાંટ હો જાવોગે." બાવાએ શાપ દીધો.

૨

ફાટીને ધુમાડે ગયેલા ખાંટોથી કોચવાઈને એ સંત ગિરનારની છાંયડીએ રામદાસજીની જગ્યામાં જઈને રહેવા લાગ્યા. ત્યાં એક દિવસ એક વૃદ્ધ કાઠિયાણી, ભેળા સો સો અસવારો લઈ ને, બાવાજીનાં દર્શને આવ્યાં. બાવાએ ધૂણીમાંથી ભભૂતની ચપટી ભરીને કાઠિયાણી સામે હાથ લંબાવ્યો : "લે મૈયા, રામજી તેરેકો બીલખાકા ધની દેતા હૈ."

સાઠ વરસની કાઠિયાણીનું કરચલિયાળું મોઢું ધરતી પર ઢળ્યું, બાવો તો એના બાપ જેવો હતો. પણ કાઠિયાણીને ભોંઠામણ એ આવ્યું કે, "અરે, આવાં તે વચન કાંઈ ફળે ? હવે સાઠ વરસની અવસ્થાએ કાંઈ દીકરો થાય ?"

પણ બાવાજી જાણતો હતો કે એ કાઠિયાણીને માથે કયા કાઠીનું ઓઢશું પડ્યું હતું.

કે' ડેરા કે' ડોઢિયું, કે' આવાસ કે'વાય,
(પણ) વીરો વ્રહમંડળ સારખો, (જેની) સા'માં જગત સમાય,

કોઈ કોઈ વીર પુરુષો એવા હોય, જેને ડેરા તંબૂની ઉપમા આપી શકાય. એથીયે મહાન નરવીરો હશે, જેને ઘરની ડેલીઓ સાથે સરખાવાય. એથી પણ ચડિયાતા હોય, તેને આખા આવાસ જેવાં મહાન હોવાનું માન અપાય; પણ વીરો વાળો તો કેવો ? આકાશ જેવડો. એની

છાયામાં તો આખું જગત સમાય. જેતપુરનાં પોણાબસો ગામડાં બલૂચોના હાથમાંથી જીતી લેનાર મિતિયાળાના વીજા ખસિયાને તોડવામાં સામત ખુમાણને સહાય કરનાર, અને ચિત્તળના જંગમા આતાભાઈ સામે આફળનાર એ બંકા કાઠી વીરા વાળાની વરદાન પામેલી કાઠિયાણીને સાઠ વરસે ઓધાન રહ્યું. નવ મહિને પૂનમના ચાંદ જેવો દીકરો અવતર્યો. બાવાજીનો બક્ષેલો એટલે એનું નામ 'ઓઘડ' પાડ્યું. ભરજોબનમાં વહેતી એ ઊંડી ને ગાંડી ભાદર નદીના ઊંચાઊંચા કાંઠા ઉપર વીરા વાળાના વાસ હતા.

જૂનાગઢના બાબી રાજાને ઓઘડ અવતર્યાના ખબર મળ્યા. વીરા વાળાની સાથે બાબી સરકારને બે સગા ભાઈ જેવી હેતપ્રીત હતી, તેથી 'કુંવરપછેડો' તો કરવો જોઈએ, બીલખાનો ત્રીજો ભાગ જૂનાગઢના હાથમાં હતો. પણ મદમસ્ત ખાંટો જૂનાગઢને એ ત્રીજો ભાગ પણ સખે ખાવા દેતા નહોતા : એક હાથ જીભ કઢાવતા. જૂનાગઢ ફરતાં પણ ખાંટોનાં ગામ વીંટળાઈ વળ્યાં હતાં: બાબીએ વિચાર્યું કે આ વીરો વાળો ખાંટોને પૂરો પડશે. બીલખાની પાટી સરકારે ઓઘડ વાળાને કુંવરપછેડામાં બક્ષી. કાઠિયાણીને સાંભર્યું કે બાવાની વાણી સાચી પડી. ઓઘડ વાળો તો અવતરતાંની સાથે જ બીલખાના ત્રીજા ભાગનો ધણી થઈ ચૂક્યો. વીરા વાળાએ કુંપા અને કાંથડ નામે બે મોટેરા દીકરાને જેતપુરની પાટી ભળાવી. અને પોતે ઓઘડની સાથે બીલખે જઈ ને ઓરડાં બાંધ્યાં.

જેની એક હાકલ થાતાં તો ખાંટોની બાર હજાર ચાખડીઓ બીલખાને ચોરે ઊતરે, હથિયાર બાંધનારો એક પણ ખાંટ જોદ્ધો ઘરમાં સંતાઈ ન રહી શકે, તેવા ખાંટ રાજા ભાયા મેરની આણ કુંડલાના ઝાંપા સુધી વર્તાતી હતી. ચોરે રોજ સવારસાંજ અડાબીડ ડાયરો ભરાતો હતો. હાથીની સૂંઢ જેવી ભુજાઓવાળા હજાર-હજાર કાળઝાળ ખાંટ વીરાસન વાળીને બેસતા હતા. મોઢા આગળ માનાસાઈ કે શિરોહીની તલવારો પડતી. ભૂતના છરા જેવાં ભાલાં ચોરાની થાંભલીએ થાંભલીએ ટેકવાતાં અને આભલાં જડિત મોંસરિયાં મોઢાં ઉપરથી છોડાછોડીને જ્યારે દાઢીના પલ્લા ઝાંટકતાં ઝાટકતાં સામસામા શૂરવીરોનાં રંગ દઈને કસૂંબાની અંજળિઓ લેવાતી ત્યારે પોતાના લાંબાલાંબા કાતરા છૂટા મેલીને 'આતો ભાયો' પણ સોનાના તારે મઢેલા નકશીદાર હોકાની ઘૂંટો લેતો લેતો બેસતો. આતા ભાયાની મુખાકૃતિમાં ભારી રૂડપ હતી. આતો ભાયો દાઢી, મૂછ અને માથાના વાળને ગળીમાં રંગતો. ઘડપણમાં એણે નવું ઘર કર્યું હતું.

“આતા ભાયા !” ડાયરામાં વાતો ચાલી: “જૂનાગઢે તો જુગતિ કરી. હવે એક મ્યાનમાં બે તરવાર્યું કેમ સમાશે?”

“એનો નિવેડો આણી નાખશું બા !” ભાયા મેરે મૂછોને વળ દેતાં કહ્યું : “કાં કાઠી નહિ ને કાં ખાંટ નહિ.”

૩

ખાંટ લોકો વીરા વાળાની વસ્તીને સંતાપવા મંડ્યા : એના ઊભા મોલ ભેળવી દે છે, કાઠીઓનાં સાંતી જૂતવા દેતા નથી, વાતવાતમાં કાઠીઓની સાથે કજિયા ઊભા કરે છે; પણ હવે તો ઓઘડ વાળાનેય મોઢે મૂછના દોરા ફૂટતા હતા. એની સુવાસ આખા મલકમાં ફોરવા માંડી. એને ચારણોએ બરદાઈ દીધી –

તોળે ઘર તાંબડિયું તણે, દૂધ દડેડા થાય,
(એમાં) ધરપતિયુંનાં ઢંકાય, વાજાં ઓઘડ વીરાઉત.

વીરા વાળાના કુંવર ઓઘડ વાળા, તારે ઘેર એટલી બધી ભેંશો બાંધી છેકે એને દોહતી વખતે તાંબડીમાં દૂધની ધારોનો જે અવાજ થાય છે તે અવાજ બીજા રાજાઓનાં વાજિંત્રોનાં – શરણાઈ અને ઢોલના – નાદને પણ સંભળાવા ધે નહિ તેટલો પ્રચંડ બને છે.

ધીમે ધીમે વીરો વાળો પોતાના માણસો જમાવવા મંડ્યો. ખાંટની જમીન દબાવવાનો આદર કર્યો. એક દિવસ વીરો વાળો ઘેરે નથી, જુવાન કાઠીઓને લઈને ક્યાંક ચડી ગયેલો. વાંસેથી એની લીલીછમ વાડીમાં ખાંટોએ બે બળદ ચરવા મૂક્યા. બળદને પકડીને વીરા વાળાનો કાઠી દરબારી વાસમાં દોરી આવ્યો. ઓઘડ વાળાનાં વહુ જે ઓરડે રહેતાં હતાં તેની ફળીમાં જ બળદ બાંધી દીધા. પાકટ ઉંમરના કાઠીઓ આઈની ચોકી કરતાકરતા ફળીની બહાર આઘેરા બેઠા હતા. કોઈનું ધ્યાન નહોતું.

ત્યાં ભાયા મેરની નવી વહુનો ભાઈ ભેટમાં તલવાર, એક હાથમાં ભાલું અને બીજા હાથમાં દસ્તો લઈને આવ્યો; પરબારે આઈને ઓરડે પહોંચ્યો. પરમેશ્વરે જાણે કે ઘેર રમવા સારુ પાશેર માટીમાંથી જ પૂતળી ઘડી હોય તેવી રૂડી કાઠિયાણી ઉંબરામાં બેઠી બેઠી પોતાના હાથપગ ધોતી હતી. પણ ભાયાનો મદોન્મત્ત સાળો અચકાયો નહિ, સડેડાટ ચાલ્યો આવ્યો અને બળદ છોડ્યા. બાઈએ ગર્જના કરી મૂકી : “ આંહી કોઈ કાઠીના પેટનો છે કે નહિ ? ન હો તો લાવો બરછી મારા હાથમાં, આમ તમને ખાંટ ગરાસ ખાવા દેશે ?”

બુઢાપામાં જેનાં ડોકાં ડગમગી રહ્યાં હતાં, તે ડોસાઓ એકાએક આ અવાજ સાંભળીને ઝબકી ઊઠ્યા, અને એક જણાએ દોડીને ભાયાના સાળા ઉપર બરછીનો ઘા કર્યો. પાડા જેવા એ પહેલવાનના પ્રાણ નીકળી ગયા. ગામમાં તેની ખબર પડી ત્યાં તો ખાંટની પાટીમાં ગોકીરો થયો અને ખાંટ ચડી આવ્યા. એ ધીંગાણામાં એંસી ખાંટ જુવાનો મર્યા, અને ચાળીસ બુઢ્ઢા કાઠીઓ કામ આવ્યા. ભાયા મેરને મનમાં થયું : “બહુ થયું ! વીરો વાળો કટકોય નહિ મેલે. બન્યા તેટલા ઉચાળા લઈને એ ભાગ્યો; ગોંડળનું ગામ સરસાઈ છે ત્યાં ગયો. ભા' કુંભાનું શરણ માગ્યું. ભા'કુંભા તે વખતે ગોંડળનાં નવાં ગામ વસાવતા હતા: દગાથી, આજીજીથી ને તલવારથી ગરાસ કમાતા હતા. સં. ૧૮૦૯ની અંદર નવાબની સાથે એને નવાગઢ મુકામે લડાઈ થઈ, ત્યારે વીરા વાળાએ અને ભાયા મેરના ભાઈ જેમલ મેરે આવીને એને મદદ કરી હતી. વીરા વાળાને કુંભાજીએ કાગળ લખ્યો કે “આંહી પધારો, બીલખાના સીમાડા નક્કી કરી આપીને હું તમારો કજિયો પતાવું.”

વીરો વાળો તે વખતે જ જેતપુરથી આ ખબર સાંભળીને બીલખે આવેલો. ખાંટના લબાચા વીંખાવાની તૈયારી હતી : પણ એને ભા'કુંભા ઉપર ભરોસો બેઠો. પચીસ ઘોડે એ સરસાઈમાં ભા'કુંભાનો મહેમાન બન્યો.

સરસાઈ ગામના દરબારગઢમાં બે સામસામી દોઢી : એકમાં ભાયા મેરનો ઉતારો; અને બીજીમાં વીરા વાળાને ઉતારો. રોટલા ખાવાને વખતે એક પડખે ખાંટોની પંગત અને બીજે પડખે કાઠીઓની પંગત પડતી. વચ્ચે ઊભા ઊભા ભા' કુંભો હુકમ કરતા જાય કે “દૂધનાં બોઘરાં લાવો”, 'દહીંનાં દોણાં લાવો', 'ઘીની તાંબડીઓ લાવો.' પોતે હાથમાં તાંબડી લઈને મહેમાનોને પીરસવા માંડે, હાકલા-પડકારા કરે, સામસામાં બટકાં લેવરાવે, ઘડી વાર ભાયા મેરની થાળીમાંથી કોળિયો લે, વળી ઘડી વાર વીરા વાળાના ભાત્રામાં બેસી જાય. મહેમાનોનાં હૈયામાં, આવી પરોણાગત દેખીને હેતપ્રીત માતી નહોતી. એમ કરતાં બે દિવસ વીત્યા. ભા'કુંભા શાની વાટ જોતા હશે ? ગોંડળથી કાંઇક આવવાનું હતું; પરોણાચાકરી હજુ અધૂરી હતી. ત્રીજે દિવસે સવારે ભાયો મેર પોટલીએ (દિશાએ) ગયા હતા. પાછા આવીને નદીમાં એક વીરડો

હતો ત્યાં કળશિયો માંજવા બેઠા. ઊંચે જુએ ત્યાં એક છોકરી બેઠેલી. છોકરી થરથરતી હતી.

ભાયો મેર બોલ્યા : “અરે, બેટા મોતી ! તું આંહીં ક્યાંથી ? બીલખેથી ભાગી કેમ ગઈ, દીકરી ?”

મોતીના હૈયામાં જીવ આવ્યો. એ બોલી : “બાપુ, મારી ભૂલ થઈઃ મેં તમારા ગઢનું સુખ ખોયું.”

“નારે ના, કાંઈ ફિકર નહિ, દીકરી ! તારી મરજી હોય ત્યાં સુધી આંહીં રહેજે. વળી આંહીંથી જીવ ઊઠી જાય ત્યારે બીલખે આવતી રે'જે. લે, આ ખરચી."

ભાયા મેરે છોડીના હાથમાં ત્રીસ કોરી દીધી. ભાયા મેરના ગઢની એ વડારણ ભાગીને ભા'કુંભાના ગઢમાં આવી હતી. આજ એ સંતાતી ફરતી હતી. એના મનમાં ફડકો હતો કે ભાયો મેર ભાળશે તો મારશે. પણ આ તો ઊલટી ત્રીસ કોરી મળી !

જમવાની વેળા થઈ. બાજઠ નખાણા. કાંસાની તાંસળીઓ મુકાઈ ગઈ. પંગત સામસામી બેસી ગઈ. આજ ચૂરમાના લાડુનું જમણ હતું. ભા' કુંભો મહેમાનોની વચ્ચે ખિલખિલાટ હસતા અને હાંસી કરતા કરતા ઘૂમતા હતા. આજ એનો આનંદ છોળો મારતો હતો. તાંસળીમાં લાડવા પીરસાઈ ગયા. પંગતમાં ફક્ત ભાયા મેરની જ વાટ જોવાતી હતી. ભાયો મેર દરબારગઢની પછીતે પેશાબ કરવા ગયો હતો. પેશાબ કરીને ઊઠે છે ત્યાં સામેથી સિસકારો સાંભળ્યો : ઊંચું જુએ તો મોતી વડારણ ઊભેલી. મોતીએ ઇશારો કર્યો. ભાયો મેર એની પાસે ગયો. “ બાપુ ! ઝેર !” મોતીનો સાદ ફાટી ગયો.

"ઝેર ? કોને, મને ?” "ના. બાપુ ! વીરા વાળાને.”

“એકલા વીરા વાળા જ ?”

“હા ! આજે જ ગોંડળથી અસવાર લઈને આવ્યા. લાડવાનું બટકું મોઢામાં મેલ્યા ભેળા જ એ ફાટી પડશે.”

"ઠીક, જા, બેટા !”

ભાયો મેર વળ્યો. એક જ ઘડીમાં એના અંતરમાં અજવાળું થયું : “અરરર ! હું ભાયો ! હું ઊઠીને વીરા વાળા જેવા વીર શત્રુને કૂતરાને મોતે મરવા દઈશ ? પણ હવે શું કરું ? ઉઘાડો ઊઠીશ તો ભા'કુંભો કટકા કરી નાખશે, અને વીરો વાળો ભેદ નહિ સમજે. હે ધણી, કાંઈક સમત દે ! આમાંથી દૃશ્ય સુઝાડ્ય !”

પેશાબ કરીને ભાયો મેર પંગતમાં આવ્યો. હાથમોં ધોઈને ભાણા ઉપર બેઠો. એની હિલચાલમાં, અને આંખોના પલકારામાંયે ક્યાંય આકુળતા નથી. ભા'કુંભાની સાથે એ ખડખડ હસી રહ્યો છે.

ભા'કુંભાએ સાદ કર્યો : “ત્યારે હવે બા, કરો ચાલતું.”

પણ ભાયા મેરના હૈયામાં હરિ જાગી ગયા હતા. જ્યાં વીરા વાળા લાડવો ભાંગીને બટકું ઉપાડે છે, ત્યાં તો ભાયો મેર કોચવાતે અવાજે, જાણે રિસામણે બેઠો હોય તેમ, બોલી ઊઠ્યો :

“એ બાપ, વીરા વાળા ! આજ તું જો મારું સમાધાન કર્યા પહેલાં ખા, તો ગા' ખા હો !”

આખી પંગતના હાથ લાડવાના બટકા સોતા થંભી રહ્યા. વીરા વાળાએ બટકું હેઠું

મેલ્યું. સહુએ ભા' કુંભા સામે જોયું. ભા'કુંભાની ને ભાયા મેરની ચારો નજર એક થઈ.

“ખાંટડો કે ?” એટલું બોલીને સડસડાટ ભા' કુંભો ગઢના કોઠામાં ચડી ગયો. અંદરથી બારણાં વાસી દીધાં. જમનારાનાં મોં ફાટ્યાં રહ્યાં. પાસે બિલાડી ફરતી હતી. વીરા વાળાએ પોતાના લાડવામાંથી એક બટકું એને નાખ્યું. બટકું સૂંઘતાં જ બિલાડી ઢળી પડી. સમજાણું કે આ સોગંદ નહોતા, સાવધાની હતી.

“ભાયા ! મારા જીવનદાતા !”– એમ કહીને વીરા વાળાએ દોટ દીધી. ભાયા મેરને બથમાં ઘાલીને ભીંસ્યો. કોઠાની સામે જોઈને ચીસ નાખી : “વાહ, ભા' કુંભા ! વાહ ભાઈબંધ ! ભા' કુંભા ! કોઠો ઉઘાડીને જો તો ખરો ! દુશ્મન કેવા હોય છે - એ જોઈને પાવન થા, પાપિયા !”

તરત ભાયા મેરે એને વાર્યો : “વીરા વાળા ! એ બધી પછી વાત. એક વાર ઝટ ઘોડે ચડી જા !”

“ભાયા, તું હાલ્ય. જ્યાં તારા ઘોડાના ડાબા પડે ત્યાં હું વગર બોલ્યે સીમાડો કાઢી આપું. હાલો, ઝટ ઘોડાં પલાણો.”

અન્નદેવતાને બે હાથ જોડીને પગે લાગી બે શત્રુઓ ઘોડે ચડ્યા. બીલખામાં ભાયા મેરે માગ્યું તે મુજબ વીરા વાળાએ સીમાડો કાઢ્યો. બેય જણા જીવ્યા ત્યાં સુધી ભાઈબંધ રહ્યા.

૧૦
રાઠોડ ધાધલ

સો રઠમાં મોટી મોટી લડાઈઓનો જુગ આથમી ગયો હતો. ભાવેણાનો બંકો રાજા આતાભાઈ, જેતપુરનો કાળઝાળ કાઠી રાજા દેવો વાળો, નગરની બાદશાહી બાંધનાર મેરુ ખવાસ અને ગોંડળના ડંકા વગાડનાર ભા'કુંભો એવા કંઈક મહારથીઓએ પોતપોતાનાં રાજની જમાવટ કરીને મસાણમાં સોડ તાણી લીધી હતી. રાજકોટને ટીંબે ગોરાઓની છાવણીના તંબુ ખેંચાતા હતા. એકબીજા રાજ્યોના સીમાડા કાઢવા અંગ્રેજ સરકારના હાકેમો હાલી મળ્યા હતા. મોટી મોટી ફોજો હાંકવાના દિવસ વીત્યા, અને પછી તો નાણાં ખરચી ખરચીને જમીનો વેચાતી લઈ લઈ મોટાં રાજ્યો પોતાના સીમાડા વધારતાં હતાં.

ફક્ત બહારવટાની બંદૂકો દશે દિશામાં ગડેડાતી હતી. ગોહિલવાડમાં જોગીદાસ ખુમાણ અને સોરઠમાં બાવા વાળો હાક બોલાવતા હતા. બાકી તો લૂંટારા કાઠીઓ ગુજરાતના કાંઠા સુધી મેલીકાર લઈને લૂંટો કરતા હતા.

એવે સંવત ૧૯૦૦ને સમયે કાઠિયાવાડના મુલકમાં સેનાની વીંટી જેવા સનાળી નામે ગામડામાં રોગી સોપારી જેવો બેઠી દડીનો રાઠોડ ધાધલ નામનો કાઠી જેતપુર દરબાર રાણિંગ વાળાની જમીનની ચોકી કરતો હતો.

સનાળીના ત્રણ બાજુના સીમાડા ઘેરીને ગોંડળ રાજનાં ગામડાં ઊભાં છે : ઉગમણી કુંભાજીની દેરડી, ઓતરાદી રાણસીંકી અને આથમણી વાવડી : એમ ત્રણ ગામડાંમાંથી ગોંડળની પાદશાહી દૂબળા-પાતળાને ભીંસ કરતી કરતી પગલાં માંડી રહી છે. દેરડી અને સનાળીના સીમાડા ઉપર વખતોવખત લોહી રેડાય છે. રાણિંગ વાળાને ખબર હતી કે રાઠોડ ન હોય તો સનાળીના ભુક્કા નીકળી જાય. એટલે પોતાના એ જોરાવર નાતાદારનેરાણિMગ વાળાએ પંદર સાંતીની જમીન અને ચાર સાંતીની વાડી આપીને સનાળીમાં રાખ્યો હતો. કાઠિયાણીના ઉદરમાં કંઈક અગ્નિના ગોળા પાકે છે : રાઠોડ એવી કોઈ માની કૂખે અવતર્યો હતો. એને તો –

મોસાળે વાળા મરદ, સે કમધ સવાય,
રાઠાને રણમાંય, નાઠાની બારી નહિ.

જેનાં મોસાળિયાં વાળા વંશના છે અને જેના પિતૃપક્ષના વંશને એટલે કે ધાધલ કુળને 'કમધ'ની ઉપમા મળી છે તેવા બન્ને ઉજ્જવળ કુળના સંતાન રાઠોડ ધાધલને રણક્ષેત્રમાંથી બહાર નીકળવાની બારી હોય નહિ. નાસે તો એનાં બન્ને કુળ લાજે.

–એવો દુહો કહીને સનાળીના ખોડાભાઈ ચારણે બિરદાવ્યો હતો. ધીંગાણાં કરવાં એ તો એને મન રમત વાત હતી. સદાય રણસંગ્રામ ખેલતો તોય આપો રાઠોડ આનંદી હતો. ગામમાં ને પરગામમાં આપો બધી વસ્તીને પૂછવાનું ઠેકાણું હતો. દારૂ-માટીને એ સૂરજનો પુત્ર અડતોય ન હતો. દૂધના ફીણ જેવી એની કાયાનો વાન હતો. અર્ધે માથે કપાળ હતું. ચડિયાતી અંખો હતી. ગોળ કાંડાં હતાં. ઢાલ જેટલી પહોળી છાતી હતી. વેંતવેંતની વાંકડી મૂછો અને કાને આંટા લે એવા વાંભવાંભના કાતરા હતા.

1. * કાઠી લોકો સાળાને સાળો ન કહે , ' નાતાદાર ' કહે.

લાઠી પાસે દરબાર રાણિંગ વાળાનું અકાળા નામે ગામ હતું. એક દિવસ અકાળાનો પટેલ સનાળીમાં ધા નાખતો નાખતો નીકળ્યો. રાઠોડ ધાધલ સત્તાવીસ અસવાર લઈને ગામતરે જાતા હતા. પાદરમાં જ પટેલ મળ્યો; પૂછ્યું : "ભણેં. કિસેં જાતો સો ?"

"જેતપુર, બાપુ રાણિંગ વાળા પાસે."

"કાણા સારુ ? "

"મતીરાળાનો માલ અમારી સીમનો બાજરો ભેળી ગયો. તે ફરિયાદ કરવા સારુ."

"એમાં રાણિંગ વાળાનો માથો ખાવા કાણું ધોડ્યો ? હાલ્ય, હું આવતો સાં."

પટેલ બોલ્યા : "ના બાપુ, હું તો ધણી પાસે જ જઈશ. તમે શું કરવાના હતા ?"

"એલા અસવારો, આ ગોલાને બાંધુને લઈ હાલો."

પટેલને મોઢા આગળ ઉપાડ્યો. સનાળી ગામમાં ખોડાભાઈ નીલા નામે એક ડાહ્યો ચારણ રહેતો હતો. રાઠોડ ધાધલનો એ ભાઈબંધ હતો. એને પણ સાથે લીધો. મતીરાળાની સીમમાં આવ્યા. પટેલને રાઠોડ ધાધલે કહ્યું : "ભણેં: પટલ, જા, અકાળાનાં ને લુવારિયાનાં- બેય ગામનાં ઢોર લઈ આવ્ય."

આપા રાઠોડે બેય ગામનાં ઢોરને મતીરાળાની આખી સીમનો ઊભો બાજરો ચરાવી દીધો. પછી પટેલને પૂછ્યું :

"કી ભણેં પટલ, હવે તો તાળો કાળજો ઠરુને હિમ થ્યો ન ?"

" હા આપા, હવે અમારે વટક વળી ગયું."

હજુ તો અસવારો ઊભા છે. ત્યાં મતીરાળાના દરબાર એભલ વાળાને સાઠ ઘોડે આવતા દીઠા. એભલ વાળાના અસવારોમાંથી સામત ધાધલ નામનો એક જોરાવર કાઠી મોખરે આવ્યો અને ભમ્મર ચડાવીને એણે કડકાઈનાં વેણ કાઢ્યાં : "એ રાઠોડા, રોઠી સોપારી જેવડો છે અને મલક બધાને બિવરાવછ, પણ હવે માટી થાજે."

જરાય અથર્યા થયા સિવાય આપો રાઠોડ બોલ્યા: "ભણેં સામત, ભાયડા કંઈ ઠાલાં આટલાં બધાં વેણ કાઢે ? તું બોલ્ય મા. લે, ઘા કરું લે. પે'લો ઘા તારો; હાલ્ય, ચોંપ રાખ્ય."

સામતે બરછીનો ઘા કર્યો. પતંગિયા જેવા આપો; રાઠોડ ઘોડી ઉપરથી ઝબ દઈને નીચે ઊતરી ગયા. બરછી નિશાન ચૂકીને જમીન ઉપર જઈ પડી. રાઠોડ પોતાની બરછીનો ટેકો લઈને પાછા ઘોડી ઉપર ચડવા માંડ્યા. પીઠો કહોર નામનો એક કાઠી આપા રાઠોડની આડો રક્ષણ કરવા ઊભો રહ્યો. એણે સામતની ટીલડીમાં નોંધીને બરછી વછોડી. ડૂફ દઈને સામત જઈ પડ્યો. ત્યાં બીજલ કોળીએ બંદૂકનો ભડાકો કરીને બીજા એક અસવારને ઢાળી દીધો ફડાફડી બોલી ગઈ એભલ વાળાના અસવારો હટ્યા. વાંસે એભલ વાળો ચાલ્યા આવતા હતા એમણે પૂછ્યું :

"કોણ રાઠોડ ધાધલ છે ?"

"બાપુ ! રાઠોડ છે."

"એલા, ભાગો એ કાળને નહિ પુગાય."

એભલ વાળો ભાગ્યા; રાઠોડ ધાધલે એમને મતીરાળાના ઝાંપા સુધી તગડ્યા. પણ ત્યાં તો આ રમખાણની અંદર ખોડાભાઈ ગઢવી ઘોડેથી પડ્યો. ઘોડો ભાગ્યો અને એભલ વાળાની ફોજની પાછળ દોડ્યો. આપા રાઠોડે ચીસ પાડી : “ એ બા ! ભણેં ભૂંડી થઈ ! આ નીલાનો ઘોડો ગો. ઓલ્યા ઘોડાને ઝાલુને જેતપુર લઈ જાશે ને બડાઈ હાંકશે કે રાઠોડ ધાધલને જીતુને આદા. એલા, ભડાકો કરો. ઘોડાને ઝટ બંદૂકે દો, નીકર આપડો નાક વઢાશે.”

આપાના એક અસવારે બંદૂક નોંધીને ઘોડો ગૂડી નાખ્યો. જૂના કાળનો લડવૈયો પોતાનાં ઘોડાંને શત્રુના હાથમાં કદી ન જવા દે.

૩

એક દિવસ જેતપુરના દરબાર વાલેરા વાળા સનાળીમાં મહેમાન થઈ આવ્યા. ચોરે ઉતારો કર્યો. વડલા ઉપર બૂંગણો બાંધીને ઉપર પાણીનાં બેડાં ઠલવી ઠલવી આખો દિવસ વરસાદ વરસાવવાનો વાલેરા વાળાને શોખ હતો. એટલે વાલેરા વાળાનો મુકામ થાય ત્યારે સનાળીમાં ગુલતાન મચતાં. રોટલા તૈયાર થયા એટલે રાઠોડ ધાધલ છાશ પીવા તેડવા આવ્યા. સહુ ઊઠ્યા, પણ ચોરા તરફ એક આદમી ફાળિયું ઓઢીને સૂતેલા હતો. રાઠોડ ધાધલે પૂછયું : “ઈ કમણ સૂતો છે ?”

વાલેરા વાળાએ કહ્યું : “આપા, ઈ બોલાવ્યા જેવો નથી.”

"કાં ?"

“ઈ મકરાણી છે. એને કોઈ ઊંઘમાંથી ઉઠાડવા જાય તો જમૈયો ઠઠાડે છે.”

“ઈં છે, ભણેં ? ખવરાવતાં-પિવરાવતાં ઊલટાનો જમૈયો મારતો સે ?”

મકરાણીને ફાળિયું તાણીને રાઠોડ ધાધલે સાદ કર્યો: "એ જમાદાર, ભણેં હાલો, છાશું પીવા.”

મકરાણી જાગ્યો. ડોળા ફાડીને ઝબ જમૈયો ખેંચ્યો. રાઠોડ ધાધલ હાથમાં એક બડીકો રાખતા. મકરાણીના કપાળમાં એક બડીકો લગાવી દીધો. લોહીની ધાર થઈ. બીજી વાર બડીકો ઉગામીને આપા રાઠોડ બોલ્યા : “ભણેં જમાદાર, એક વાર જમૈયો વાડે કરું લે, ઝટ કરુ લે. પછે બીજી વાત ભણજે.”

જમાદાર સાહેબે જમૈયો મ્યાન કર્યો.

“લે, મોઢા આગળ થઈ જા; હાલ્ય, રોટલા ખાવા.”

મકરાણી મૂંગો મૂંગો ચાલ્યો આવ્યો. ડેલીએ જઈને રાઠોડ ધાધલે પોતાના વાણંદને કહ્યું : “ ભણેં જીવા, આ જમાદારને બડૂકો લાગુ ગો છે. એના સારુ શેર ઘીનો શેરો કરુ દે અને ગામમાંથી રેશમી લૂગડો વેચાતો લઉને એની રાખ કરુને માથાની ફૂટ્યમાં ભરુ દે.”

“અને ભણેં જમાદાર, આજ પછી આવું કરશો મા, હો કે? કોક વગાડુ ધે ! સમજ્યા ને?”

જમાદાર સમજી ગયો હતો. જમાદારને શેરો મળ્યો. રેશમી લૂગડું બાળીને એના ઘા ઉપર રાખ ભરવામાં આવી. એવી તો આપા રાઠોડની ઉદારતા હતી. એમના પેટમાં પાપ નહોતું.

૪

એક વખત આપાને ઘેર દરબાર રાણિંગ વાળો મહેમાન થયા. રાણિંગ વાળાએ રાઠોડ

ધાધલને મહેણું માર્યું : "બાઉઝત, તમે આખા મલકને બિવરાવો છે, પણ બીલખામાં તમારા ભાણેજ રાવત વાળાને ઓલ્યો હુદડ કાઠી સંતાપે છે, એને તો કાંઈ કહી શકતા નથી."

"ઈ બાપડું હુદડિયું ફાટ્યું છે ? યાને માટે તલવાર- -બરછી ન હોય, આ બડૂકો જ બસ છે. લ્યો, ભણેં રાણિંગ વાળા, રામરામ!" આપા પરબારા ઘોડીએ ચડીને બીલખે પહોંચ્યા. રાવત વાળાની ડેલીએ ન ગયા, પણ રસ્તામાંથી માણસોને પૂછ્યું : "ભણેં હુદડનો ઘર કિસે ?"

લોકોએ જાણ્યું કે આપો મરવા જાય છે. હુદડનું ઘર બતાવ્યું. આપા હુદડની ડેલીમાં ગયા. હુદડ ભેંસ દોતો હતો. આપાએ પડકાર કર્યો :

"ભણેં હુદડ, સાબદો થા, તાળું દાતરડું લઉ લે, દાતરડું !"

હુદડ તો પ્રચંડ કાઠી હતો. રાક્ષસી એની ભુજા હતી. તલવાર લઈને સામે આવ્યો. પણ આપાએ ફક્ત એક જ બડીકો એના માથામાં માર્યો. પહાડ જેવા હુદડ પડી ગયો. બાંધીને હુદડને ડેલીએ લઈ આવ્યા; બોલ્યા : "ભણેં રાવત વાળા, આ તાળો હુદડ !"

૫

કુંભાજીની દેરડી અને સનાળી વચ્ચે રોજ સીમાડાના વાંધા ચાલ્યા કરતા. રાઠોડ ધાધલે દેરડીની જમીન દબાવતાં દબાવતાં ઠેઠ દેરડીની લગોલગ સુધી પોતાની સીમા વધારી હતી. જે કોઈ કણબી ખેડુ સીમાડાનું ખેતર ખેડવા આવે તે માર ખાતો, એટલે દેરડીવાળાઓએ ધોળો મહારાજ નામના એક બ્રાહ્મણ-ખેડુને તકરારી ખેતર ખેડવા આપેલું. ધોળો મહારાજ જ્યારેજ્યારે સાંતી જોડે, ત્યારેત્યારે રાઠોડ ધાધલ ત્યાં પહોંચે અને જોતર છેડી નાખે. બ્રાહ્મણના દીકરાને કાંઈ બરછી મરાય છે ?

ભા'કુંભાના સેનાપતિ પચાણજી ઝાલાનો દેરડીમાં મુકામ થવાનો હતો. ધોળા મહારાજે ગણતરી કરી કે, રાઠોડિયો મને રોજ સંતાપે છે, તો કાલે એને પચાણજી ઝાલાની સાથે ભેટાડી દઉં. ધોળો મહારાજ સનાળી આવ્યા. રાઠોડ ધાધલ બોલ્યા : "ઓહો, ભણે ધોળા મા'રાજ ! આવ્ય; આવ્ય; આજ તો ચૂરમો ખાતો જા."

"એ આપા ! રોજ તો સાંતી છોડાવવા આવે છે, પણ જો કાલ ન આવે તો મારા સમ છે."

"ઈં? ભણે, ભામણના સમ દીધા ? તવ્ય તો હવે આવ્યા વન્યા રે'વાશે કાંઈ?"

બીજે દિવસે આપા પોતાની બેરી ઘોડી માથે સામાન મંડાવતા હતા તે વખતે ખોડાભાઈ ગઢવી આવ્યા, પૂછ્યું : "આપા, કઈ દૃશ્યે ?"

"ભણેં નીલા, તુંય સાબદો થા, ધોળો મા'રાજ દેરડીને- સીમાડે યાનાં સાંતી છોડાવવા આવવાના સમ દઉ ગો છે."

"આપા, આજ ત્યાં જાવા જેવું નથી. ધોળાએ તરકટ કર્યું છે. હમણે જ જીવરાજ લુહાણે મને વાવડ દીધા. ગોંડળથી પચાણજી ઝાલે અઢીસો ઘોડે આરબની એક બેરખ લઈને દેરડીમાં મુકામ કરેલ છે. ધોળિયો આપણને એની સાથે જ ભેખડાવી મારશે, હો !"

"ખોડાભાઈ !" આપો રાઠોડ મરક્યા ને બોલ્યા: "તું કી અટાણ સુધી ઈં માનતો હુતો, કે રાઠોડ ધાધલ ભામણનાં જ સાંતી છોડાવતો છે ! પચાણજી આવ્યા હોય તો તો લાખ વાતેય ગયા વન્યા છૂટકો નહિ. તારો જીવ વા'લો હોય તો તું આવીશ મા."

પંદર અસવાર અને સત્તાવીસ કોળીને લઈને આપો ધોળા મહારાજને નોતરે ચાલ્યા,

સાંતી છોડાવ્યું. ધોળાનું ઘીંસરું કરીને બળદ હાંક્યા. પછી એને છોડ્યો, અને

1. * સાંતીને એક ચીપિયા જેવા આકારના લાકડાના ઓજાર પર ચડાવી લઈ જવા-લાવવામાં આવે છે. એને સ્થાને જીવતા માણસને ઘીંસરા તરીકે વાપરવાનો જુલમ થતો.

કહ્યું : "કીં, ભણે ગોર ! હવે સમ પાળ્યા કે'વાય કે ?"

ધોળો બોલ્યો : " આપા ! કાઠીના પેટનો હો તો આંહીં જ ઊભો રહેજે. હમણાં પચાણજી કાકાને મોકલું છું."

"ઈ છે? પચાણજી ઝાલો આવ્યો છે? એમાં આજે મને નોતરો દીધો હશે, કીં? જા, ઝટ મોકલજે. અહીંથી ડગલુંય દે ઈ પચાણજીને દીકરો !"

ધોળો મહારાજ ધા નાખતો નાખતે દેરડીમાં ગયો, પચાણજીને કહ્યું : "ઠાકોર, ગેંાડળને જો દેરડીનો એક વીઘોય ખાવા આપે તો હું બ્રાહ્મણના પેટને મટી જાઉં !"

પચાણજીએ પૂછ્યું : "એલા કોણ ?"

"રાઠોડ ધાધલ. "

પચાણજીનાં રૂવાડાં બેઠાં થઈ જાય તેવો ત્રાસ ધોળા ભટે વર્ણવી દેખાડ્યો. ઝાલાએ હાકલ કરી : "એલા, ઘોડે પલાણ નાખો. આરબને કહે કે મરફો કરે. આજ રાઠોડ ધાધલને માપી લઈએ, નીકર ગોંડળની બાદશાહી એને સોંપીને આપણે ચૂડિયું પહેરી લઈએ."

ખોડાભાઈ ગઢવી પચાણજીની પાસે આવ્યા : આવીને કહે : "પચાણજી ઝાલા ! પધારો, રાઠોડ ધાધલ ક્યારના વાટ જોવે છે."

"વાટ જોવે છે ? મારા આવવાની ખબર છે ?"

"હા; પણ, પચાણજીભાઈ, અમે ચાડ કરીને નથી આવ્યા; ધોળાએ આપણને ભેટાડી મારવાનું તરકટ ઊભું કર્યું છે. ધોળો બ્રહ્મહત્યાના સોગંદ ન દેત તો આપો રાઠોડ આવી હુજ્જત ન કરત."

પચાણજી ઝાલો ખાનદાન માણસ હતા, "આપો વાટ જોઈને ઊભા છે," એ વાત એના કાનમાં રણકી રહી. આપા રાઠોડનું પાણી એણે વગર દીઠે માપી લીધું. એ બોલ્યા : "ગઢવા, આપાને અમારા રામરામ કહેજો, અમારે નથી આવવું."

૬

કાઠિયાવાડનો ગોરો પોલિટિકલ એજન્ટ લાંક (લેન્ગ) સાહેબ એક દિવસ સનાળી અને દેરડીના સીમાડા કાઢવા માટે આવ્યો છે; આવીને સનાળીમાં ઊતર્યો છે. સવારમાં લાંક સાહેબ ઘોડે ચડીને સીમાડા તપાસવા ચાલ્યો; સાથે રાઠોડ ધાધલને લીધો. લાંકે પૂછ્યું : "રાઠોડ ધાધલ, સનાળી કિતના સાંતીકા ગામ ?"

"એકસો સાંતીનો ભણે, લાંક સાઈબ !"

"ઔર દેરડી ?"

"ત્રણસો સાંતીનો."

"ઓ ! તીનસો સાંતીકા ? તો ફિર એકસો સાંતીકા ગામકા સીમાડા તીનસો સાંતીકા ગામકે નજીકમે કૈસા હો સકતા ?"

"ભણેં લાંક સાઈબ, હાલ્ય મારી હારે. અમાળો સીમાડો દેખાડું દઉ." એમ કહી,

લાંકને લઈને રાઠોડ ધાધલ સાચો સીમાડો બતાવવા ચાલ્યા ! ઉગમણી દિશામાં એક ધાર ઊભી હતી. રાઠોડ ધાધલે કાઠીની કરામત આદરી : સાહેબને કહે : " ભણે લાંક સાઈબ, ઓલી ધાર ભાળી ? ઈ અમાળા સીમાડામાં છે. પણ ગોંડળવાળા યાને પોતાના સીમાડામાં લઉ લ્યે છે. ગોરાના રાજમાં આવો અનિયા !"

લાંક : "ઉસકા નામ ક્યા ?"

રાઠોડ ધાધલ : "ટોપલિયાની ધાર ! ટોપલિયો ભણેં અમાળો કોળી હુતો. યાને અસલ નામ તો હુતો લઘરો; પણ ટોપલા સારતો એટલે ટોપલિયો કે'વાતો. આ ધાર અમે યાને ચરી ખાવા આપેલી."

લાંક : "અયસા ?"

રાઠોડ ધાધલ : "લાંક સાઈબના ગળાથ. હું કીં ખોટો ભણું ?"

તદ્દન જોડી કાઢેલું ! ત્યાંથી આગળ ચાલ્યા. એક ટીંબી આવી.

લાંક : "ઇસકા નામ ?"

રાઠોડ ધાધલ : "યાનો નામ સુધા ટીંબી. અમાળે ગામ એક સુધી ડોસી હુતી, યાને અમે આ ટીંબી દીની'તી; યાના નામથી સુધા ટીંબી ભણાતી સે."

લાંક : "અયસા ?"

રાઠોડ ધાધલ: "લાંક સાઈબના ગળે હાથ. હું કીં ગઢપણમાં ખોટો ભણું ?"

આ ઇતિહાસ પણ તરત જોડી કાઢેલો હતો. ત્યાંથી આગળ ઘોડાં હાંક્યાં. આઘે એક વડલી આવી. આપાએ ઉપજાવી કાઢ્યું:

"ભણેં લાંક સાઈબ, યાને રણજળ વડલી ભણતાં સે. આગળ અમાળે રણજળ બોરિયો કાઠી હુતો. ગોંડળનો રાજ મોટો, અને અમાળો રાજ દૂબળો, એટલે અમાળી સીમા દબાવું ધે માટે આગે રણજળીને અમે રાખ્યો'તો. યાના નામ ઉપરથી આ રણજળ વડલી ભણાતી સે."

સાહેબને ગળે ઘૂંટડો ઊતરતો ગયો. આપા તો સાહેબને કોઈ સતજુગિયો વૃદ્ધ પુરુષ લાગ્યો. આગળ ચાલ્યા. એક તળાવડી આવી. તરત રાઠોડ ધાધલે વાર્તા જોડી : "ભણેં લાંક સાઈબ, યાનો નામ ડોળી તળાવડી. ડોળીમાં અમારો સિપાઈ હુતો, ગોંડળની બીકે યાને આસેં રાખતા." ઠેઠ દેરડીના પાદર સુધી રાઠોડ ધાધલે આ રીતે પોતાની સીમાનાં બનાવટી એંધાણો બતાવી દીધાં. આવા આવા પુરાવાઓ સાંભળીને લાંક સાહેબ સજ્જડ થઈ ગયો. એને વહેમ પડી ગયો કે ખરેખર, આ સનાળીવાળાની તકરાર સાચી છે. રાઠોડ ધાધલ પોતાના મોં ઉપરનો રંગ લગારે બદલાવા નથી દેતો. તોયે લાંક તો ગોરો ખરો ! પાછા વળતાં એણે ઘોડો તારવ્યો. સનાળી નજીકમાં ખેતરના ખેડૂતો સાંતી હાંકતા હતા ત્યાં આવીને પટેલિયાઓને પૂછ્યું : "યે ખેતરકા ક્યા નામ?"

"એ વાંધાળું વાંધાળું !" પટેલિયાએ બોલી નાખ્યું. રાઠોડ ધાધલે ઘણીય આંખ રાતી કરી, પણ પછી શું થાય ? લાંક સાહેબ હાથ પછાડીને બોલી ઊઠ્યો : "હાં ! ઇધર વાંધા હય, રાઠોડ ધાધલ, તુમ બરા ચાલાક ! બરા ચાલાક !"

રાઠોડ ધાધલની બધીયે કરામત પાણીમાં ગઈ કણબીઓએ બાજી ઊંધી વાળી દીધી !

બીજે દિવસે પ્રભાત થતાં જ લાંક ઘોડે ચડીને આવ્યો; જરીફોને કહ્યું : "જહાં હમારા

ઘોડા ચલે વહાં સીમાડા ડાલો. હમેરી પીછે ચલા આઓ. ખૂંટ લગાઓ !"

બરાબર વાંધાળા ખેતરની વચ્ચે થઈને સાહેબે ઘોડો, હાંક્યો. સનાળીની અણહકની તમામ જમીન કપાવા લાગી. ઘોડો ચાલ્યો ત્યાં ગામમાં રાઠોડ ધાધલને ખબર પડી. "નખ્ખોદ વળ્યું. જમીન ગઈ!"

પલક વારમાં તો રાઠોડ ધાધલે બરછી ઉપાડીને ઘોડી પલાણી. ઊભે ખેતરે ઘોડી દોડાવી. હાથમાં ઉઘાડી બરછી, દોડતી ઘોડી, અને આપો બૂમ પાડતો આવે : "એં ભણેં લાંક સાઈબ, રે'વા દે ! ગરીબહી કાળો ગજબ કરવો રે'વા દે ! એ... એ અમારો ગામ લુંટી ખાવો રે'વા દે !"

દોડીને પહોંચ્યો લાંક પાસે આડા ફરીને બરછી ઘોંકાવી. બરછી ઘોંકાવતો ઘોંકાવતો કહેતો જાય : "એ બાપ લાંક સાઈબ ! રાંકને કાં રોળું નાખ્ય ? આવો કોપ રે'વા દે. ગરીબહી આધા ગઝબ રે'વા દે, રે'વા દે !" કહેતાં કહેતાં બરછી ઘોંકાવી. લાંકનો ઘોડો સીધો જાતો હતો તે તરત દેરડી તરફ ધસ્યો. ઊભો સીમાડો જતો હતો તે આડો લીધો. અને બીજી બાજુ રાઠોડ ધાધલ બરછી ઘોંકાવતા આવે : "બાપ, રે'વા દે, કાકા, રે'વા દે." કહેતા આવે, તેમ તેમ લાંક ડરીને દેરડી તરફ વધુ ને વધુ ખસતો જાય.

બરછીની અણી શરીર પાસે આવતાં તો લાંકને બાયડીછોકરાં સાંભરતાં હતાં. એને ખબર હતી કે કાઠીને બરછી હુલાવી દેતાં કાંઈ વાર નહિ લાગે, પછી સીમાડો સીમાડાને ઠેકાણે રહેશે અને વિલાયતનાં ઝાડવાં છેટાં થઈ પડશે.

પરિણામ એ આવ્યું કે વાવડી ગામથી ઉત્તર-દક્ષિણ સીધો સીમાડો નીકળ્યો જતો હતો, તેમાં બરાબર ખીજડી વળાટતાં જ રાઠોડ ધાધલની બરછી આંબવાથી સીમાડો ઉગમણે (દેરડી તરફ) તર્યો, બહુ ફેરમાં સીમાડો નખાયો. ઠેઠ રાણસીંકી સુધી ખૂંટ પહોંચી ગયા. સુધાટીંબી સનાળીમાં ભળી ગઈ, અત્યારે પણ ત્યાં જઈને એ ઓચિંતો ફેરફાર નજરો નજર જોઈ શકાય છે. બાંઠિયા કાઠીની આવી કરામતની સાક્ષી પૂરનારી જમીન અત્યારે ત્યાં જોવા જનારને જવાબ વાળે છે.

૭

આવાં આવાં તો અનેક રમૂજી પરાક્રમો કરતાં કરતાં આપાના વાળ ધોળા થયા. દાઢી-મૂછ, માથું અને નેણ, એ બધાંની રૂની પૂણીઓ જેવા શ્વેત ભરાવની અંદરથી આપાની આંખો તગતગતી હતી. એના ત્રણ દીકરા જુવાનજોધ થયા.

વૃદ્ધ કાઠીના કપાળમાં કાળે જાણે ત્રિપુંડ તાણ્યું હોય એવી કરચલીઓ પડી. આખો દિવસ વેપાર કરીને રાત્રિએ વાણિયો જેમ મેળ મેળવવા બેસે, તેમ આપા પણ જાણે જીવતરના સંધ્યાકાળે, ભક્તિનો દીવડો પેટાવીને, પોતાની કમાણી ગણતા હતા. પણ એ ગણવાની રીત કાંઈક જુદી જ હતી. રોજ સાંજરે હાથમાં માળા લઈને માથું ધુણાવતા ધુણાવતા એકલા એકલા એ કેવા જાપ જપતા હતા ?–

'હે સૂરજ, મને રાણિંગવાળા મોર્ય મોત દેજે ! રાતવેળા મોત દેજે. મને લોઢે મોત દેજે "– એ એના જાપ હતા. વળી વચ્ચે વચ્ચે ઊંડા નિસાસા મૂકીને એ બબડવા માંડતો કે "હે સૂરજ! મેં ભૂંડો કામો કર્યો, બહુ ભૂંડો કામો કર્યો, પાપનો કામો કર્યો ! હે બાપ, મને સજા કરજે !'

સાંજનાં અજવાળાં - અંધારાંમાં બેય આંખે આંસુની ગંગા-જમના મંડાઈ ગઈ હોય,

આવા જાપ જપતા હોય, બીજું કોઈયે ન હોય, દીવો હજી કોઈએ પેટાવ્યો ન હોય; તે વખતે ઠબ ઠબ લાકડી કરતું કોણ આવતું ? આપાનો જીવનભરનો ભાઈબંધ, આપાને દિલાસો દેનાર, ઠપકો દેનાર, લાડ લડાવનાર ખોડાભાઈ ગઢવી. આવીને ખોડાભાઈ કહેતા : " રાઠોડ ધાધલ, શું આવું ગાંડું ગાંડું બક્યા કરો છો ?"

આંખો લૂછતા લૂછતા આપા વાત આદરતા : "ખોડાભાઈ! મેં એક બહુ ભૂંડો મહાપાપનો કામો કરી નાખ્યો છે. આજ સુધી ઘણાં ધીંગાણાં કર્યાં, ઘણીય લૂંટ્યું કરી, ઘણાને ઠોંઠ-ઠાપલી પણ કરી દીધી હશે. એ તો હોય. કાઠીનો દીકરો છું. વેળા એવી છે. પણ એક કાળો કામો આ હાથે થઈ ગયો છે એ નથી ભુલાતો – કેમેય નથી ભુલાતો."

એટલું કહેતાં વળી પાછી નેત્રોમાં ધારા ચાલે, આંખો લૂછીને વાત આગળ ચલાવે !

"ખોડાભાઈ ! તે દી જોગીદાસ ખુમાણ બા'રવટે, હુંયે એની સાથે ચડતો. એક દિવસ વીજપડીની સીમમાં અમે ચાલ્યા આવીએ. ખેતરમાં એક કણબી સાંઠિયું સૂડે. વેંતએકને માથે કપાળ: મૂછનો દોરો ફૂટતો આવે : ગલગોટાના ફૂલ જેવું એનું મોઢું: નાડીએ રૂડાં ફૂમકાં લટકે : એના કાનમાં ફક્ત એક જ જોડ્ય સોનાનાં ફૂલ અને એક જ જોડ્ય કોકરવાં હતાં. પણ અમારો જીવ બગડ્યો. અમે એની પાસે ગયા. " કાનમાંથી ચાપવાં કાઢી દે, ઝટ કાઢી દે' –એમ કહીને મેં એને માથે બરછી તોળી.

"એ બાપુ ! મને મારશો મા, કાઢી દઉ છું !" એમ કહીને કણબી ફૂલ અને ચાપવાં કાઢવા માંડ્યો. જોગીદાસ ખુમાણે પછેડીનો ખોળો પાથર્યો. મારી ઉગામેલી બરછી મારાં આંગળાંમાં ચકરચકર ફરતી જાય; થરથરતો કણબી બરછી સામે જોતો જાય અને ઘરેણાં કાઢી કાઢી ટપ ટપ જેગીદાસ ખુમાણના ખોળામાં નાખતો જાય."

આપાએ નિસાસો મૂક્યો – જાણે આખી ધરતીનો ભાર માથેથી નીચે મેલ્યો. પછી વાત ચલાવી :

"ખોડાભાઈ! ત્યાં તો અર્ધોક ખેતરવા ઉપરથી ચીસ સાંભળી કે, " એ બાપ ! મારશો મા, મારા વરને મારશો મા.' જોયું તો માર્ગે જુવાન કણબણ દોડી આવે છે. એના ચણિયાનાં આભલાં સૂરજની સામે વળકારા કરતાં આવે છે. એના કાનમાં આકોટા, નાકમાં નથડી, ગળામાં કોટિયું અને પગમાં કાંબીઓ રણકતાં આવે છે. માથે મોતીની ઈંઢોણી ઉપર ભાત લઈને ધા નાખતી કણબણ દોડી આવે છે. કુંજડી જેવી કળેળાટ કરતી એ આવી. એની છાતીમાં શ્વાસની ધમણ હાલી રહી છે. એનાથી બોલાતું નથી, તોય બોલે છે કે 'એ બાપુ ! મારશો મા ! ચાર જ દી થયાં આણું વળીને આવી છું – લ્યો, આ મારાં પણ ઘરેણાં–" બોલતી બોલતી બેટડી હાંફી રહી.

"જોગીદાસ ખુમાણ ખોઈ સોતા બાઈ તરફ વળ્યા, ને કહ્યું: "કાઢ્ય, સટ સટ કાઢ્ય !"

"લ્યો, બાપુ, કાઢી દઉં, એકેએક કાઢી દઉં."

"ઘરેણાં ટપોટપ જોગીદાસ ખુમાણની ખોઈમાં પડવા મડ્યાં. પોતાના ધણી સામું જોતી, મારી બરછી સામું જોતી, ઘરેણાં કાઢતી કાઢતી કણબણ મને કહેતી જાય કે, "બાપુ, હજી કહો તો બીજા મારે ઘેરથી લાવી આપું. મારાં માવતરને ઘરે સારું છે. મને પટારો ભરીને કરિયાવર કર્યો છે. તમે કહો તો ઈ બધુંય લાવી આપું ! અમારી જોડલી ખંડશો મા. બાપુ, ચાર દી થયાં–"

"ખોડાભાઈ ! મારા હાથમાંથી બરછી છૂટી ગઈ કેમ કરતાં છૂટી ગઈ? – ઈશ્વરને ખબર ! બરછી છૂટી ગઈ. કણબીની છાતી સોંસરી ગઈ. કણબી પડ્યો. કણબણે ચીસ પાડી. પડખે કોદાળી પડી હતી તે એણે બે હાથે ઉપાડી – ધડૂસ ! ધડૂસ ! પોતાના કપાળમાં એ કોદાળીના ઘા કરવા લાગી, એના મોઢા ઉપર લોહીના રેગાડા ચાલ્યા. માથાની લટો લોહીથી ભીંજાણી. આંખો લોહીમાં ડૂબી ગઈ. ધડૂસ ! ધડૂસ ! ધડૂસ !

"ખોડાભાઈ ! હું જોઈ રહ્યો. મારું માથું ભમવા માંડ્યું. મારા હાથ મે આંખો ઉપર દાબી દીધા. જોગીદાસ ખુમાણ મારી તરફ ફર્યા ને બોલ્યા : "રાઠોડ ! કમતિયા ! કાળમુખા ! કાળો કામો."

"હું બોલ્યો : "ભાઈ, બહુ કાળો કામો ! હાય હાય ! ભારે કાળો કામો !"

"ઘરેણાંની ખોઈ ભરી હતી તેને જોગીદાસે ધરતી ઉપર ઠલવી નાખી. અમે બેય ભાગ્યા. પાછળ ધડૂસ ! ધડૂસ ! ધડૂસ ! અવાજ થાતા આવતા હતા. ઘોડીના ડાબલામાંથી જાણે ધડૂસ ! ધડૂસ ! ધડૂસ ! અવાજ ઊઠતા હતા. આજ ઘોડી ઉપર ચડું છું અને જ્યાં ડાબા બોલે છે. ત્યાં એ કોદાળીના ધડૂસકારા કાને પડે છે : ધડૂસ ! ધડૂસ ! ધડૂસ !

"ખોડાભાઈ ! મેં બહુ ભૂંડો કામો કર્યો."

*

ઘણી વાર ખોડાભાઈ રાઠોડ ધાધલની પડખે સૂતા. રાઠોડ ધાધલ મોં ઉપર કદી નહોતા ઓઢતા. કોઈ કોઈ વાર મોં ઉપર ફાળિયું પડી જાય કે તરત આપા 'ઓય' કહેતા ચમકી ઊઠે.

તે વખતે ખોડાભાઈ કહેતા : " અરે ! અરે ! રાઠોડ ધાધલ જેવો આદમી આમ ચમકે ? શરમ નથી આવતી ?"

"ખોડાભાઈ ! મોઢું ઢાંકું છું ત્યાં મને સાંભરી આવે છે – વીજપડીની સીમ, ઓલી કણબણ, એની લોહી તરબોળ લટો, ઓલ્યા ધડૂસકારા. અરરર ! હાય હાય ! ખોડાભાઈ ! તમને ખબર છે, મેં કેવો કામો કર્યો છે ! મારું કમોત થાશે. મારું અંતરિયાળ મોત થાશે. ટીપું પાણી વિના મારું મોત થાશે. મરતી વેળા આ ત્રણમાંથી એકેય દીકરો મારું પિંડ દેવાય નહિ હોય. મારો નિર્વંશ જશે. નોંધી રાખજો !"

૮

સંવત ૧૯૧૫નું વરસ હતું. આપા રાઠોડની અવસ્થા બરાબર એંશી વરસની હતી. ત્રણે દીકરા પરગામ ગયા હતા. સનાળીમાં રાઠોડ ધાધલ એકલા હતા. કાળો ઉનાળો સળગી રહ્યો હતો. ઝાંઝવાનાં માયાવી નીર ઠગારી આશા જેવાં ગામની ચારે દિશામાં ભરપૂર ચાલ્યાં જતાં હતાં. રાઠોડ ધાધલે પ્રાગજી મહારાજ નામના બ્રાહ્મણના હાથે પોતાના નવાં મકાનનો પાયો નખાવ્યો. બીજે દિવસે જીવણ મહારાજ નામના એક બીજા ઓળખીતા ગોર આવી ચડ્યા. બ્રાહ્મણની વૃત્તિમાં કેટલો બધો લોભ છે ! જીવણ મહારાજે આપાને સમજાવીને પાયો ફેરવ્યો. અમંગળ ગણાયું.

બીજે દિવસે સવારે ભાતલું ખાઈને એંશી વરસના આપો સીમમાં આંટો દેવા ચાલ્યા તે વખતે ખોડાભાઈ ચારણનો દસ વરસને દીકરો મુંજભાઈ આપાની આંગળીએ વળગીને ભેળો ગયો હતો. દોઢ પહોર દિવસ ચડ્યો હશે ત્યારે આપો ગામમાં આવ્યા; આવીને ગામમાં મોતીચંદ તુળસી નામના શેઠની દુકાને પોરો ખાવા બેઠા. ઉનાળાનો તડકો, પૂરી અવસ્થા અને વળી

ખાઈને નીકળેલા એટલે તરસ બહુ લાગી હતી. મોતીચંદ શેઠને પાણી લાવવા કહ્યું. ગામડાગામમાં વાણિયાનાં ઘર અને દુકાન આઘેરાં નથી હોતાં, સાથે જ હોય છે. મોતીચંદ શેઠે પોતાની દસ વરસની દીકરી મૂળીને કળશિયો માંજીને ટાઢું પાણી લાવવા કહ્યું. મૂળીએ કળશિયાને મોઢું દેખાય તેવો ઊજળો ઊટકીને પાણી ભર્યું. જ્યાં પાણી દેવા પગ ઉપાડે ત્યાં ગામને પાદર રીડ થઈ: "દોડજો, દોડજો, બે રજપૂતો ઝડ કરીને જાય! ઝડ કરીને જાય !" "મારો ગામને પાદર ઝડ! અરે, ઝડ નહિ, મારો કાળ !" એટલું બોલતાં રાઠોડ ધાધલ ઊભા થઈ ગયા.

મોતીચંદ કહે : " બાપુ ! આ પાણી !"

"હવે પાણી પીશું આવતે અવતાર !" – એ વેણ સંભળાણું-ન-સંભળાણું ત્યાં રાઠોડ ધાધલ દોડીને ડેલીએ પહોંચ્યા. હાકલ કરી : "આમદ ગોરી, બેરી માથે ઝટ પલાણ માંડ્ય."

બેરી રાઠોડ ધાધલની ઘોડી : પોણા ત્રણ વરસની કાયા : ફક્ત દૂધભેર રાખેલી : ઈંડાં જેવી : સાડાચૌદના માપવાળી : ગૂંથેલી કેશવાળી : નાની નાની કાનસૂરી : અને સોટી જેવા ગૂડા : બેરીને માથે કાઠું નાખીને છોકરો ઓરડામાંથી બહાર કાઢવા જાય છે પણ બેરી પાછી હટે છે. છોકરો કહે : "બાપુ ! બેરી હટે છે."

બેરી હટે છે ! જે વખતે ઘડીએ ઘડી, પળે પળ અને છાતીના ધબકારા પણ ગણાતા હોય, શત્રુઓને અને રાઠોડને છેટું પડતું હોય, તે વખતે બેરી હટે છે ! રાઠોડ ધાધલની આંખમાં સડ સડ સડ અંગારા મુકાણા. આમદ ગોરી ઊભો ઊભો જુએ છે કે બેરી શા માટે હટે છે : એના કાઠાની મૂંડકી ખડકીના ઠેલની સાથે ભટકાતી હતી. પણ એ વખતે રૌદ્રરૂપધારી રાઠોડને કોણ કહે ?

બુઢ્ઢાએ પોતાના હાથમાં પરાણો લીધો, અંદર જઈને બેરીના તરિંગ ઉપર બે પરોણા ઝીક્યા. બેરીને માથે એ પરોણા ન પડ્યા, પણ આભ તૂટી પડ્યો ! એ છાતી તો એક રાઠોડ ધાધલની જ હાલે ! ઠેકીને બેરી બહાર નીકળી. કાઠાની મૂડકી "ફડાક" કરતી નોખી જઈ પડી. બેરી જાગી ગઈ. એનું આખું શરીર ધ્રુજી ઊઠ્યું. એ આકાશમાં ઠેકવા લાગી. એનાં નાખોરાં શરણાઈનાં છોડાંની જેમ ફૂલી ગયાં. એંશી વરસની અવસ્થાએ એક છલાંગ મારીને રાઠોડ બેરીને માથે ગયો. ચીસ પાડી : "બરછી લાવો, મારી બરછી ! "

માણસો બરછી લેવા દોડ્યા. પણ બરછી સજાવા ગયેલી. આમદ ગોરી કહે : "બાપુ, બરછી સજાવા –"

"અરે ! આથેય કોઈ ની બરછી છે કે નહિ ? લાવો, લાવો, મારો કાળ આવી પૂગો."

કોઈકની બૂઠી બરછી રાઠોડ ધાધલના હાથમાં આપી. બેરી ઊપડી. ચોરે આવ્યા. પણ ત્યાં તો ચોરા ઉપર જ ઘેઘૂર ઘટાવાળો ખોડિયારનો વડલો છે, તેની ડાળમાં આપાનું માથાબંધણું અટવાણું, વડલો જાણે કે પોતાના સાથીને આજે મરવા જવાની ના પાડી. પણ આપો ન રોકાણા. 'હે તોહેં ઘોડા લઉ જાય !' કહી એક હાથમાં સરક, લગામ અને બરછી, ત્રણેને કોળી પકડી, બીજે હાથે ફેંટો ઝાલીને માથા ઉપર આંટો લેવા મંડ્યા. પવનમાં આખો ફેંટો ફરફરે, હાથમાં બરછીનું ફેણું ઝગમગે, અને એ દેખીદેખીને બેરી ચમકે. આપો તો માથે આંટો લેતા આવે છે : "હે ઘોડી ! હે ઘોડી !" કહેતા આવે છે. ઝમ ! ઝમ ! ઝમ ! કરતી બેરી ઊડ્યે જાય છે : પાદરમાં માણસોની કતાર ઊભી છે. માણસોને આપાએ પૂછ્યું :

"કીસે ગા' ચોર ?"

"બાપુ, પીપળિયાના માર્ગે." લોકોની ઠઠમાંથી અવાજ આવ્યો.

"અને આપડા અસવાર ?"

"એની વાંસે."

"હું જાણતો સાં, ઈ ગોલાઓ ભેળાં નહિ કરે. ભણેં, કાંણાની ઝડ્ય કરુને ગા' ?"

"આપા, જીવણ મા'રાજની વહુનાં કડલાંની ઝડ કરી. આ ઠેકાણે જ બાઈને પછાડી અને કડલાં કાઢ્યાં." – એમ કહી લોકોએ કૂવાકાંઠો દેખાડ્યો.

વેણે વેણે આપાના હૈયામાં કટારો ભોંકાણી. હવે એનાથી ઊભું રહેવાતું નથી. પોતે ઘોડીને હાંકે છે ત્યાં તો આપાના ખવાસે આવીને પાગડું પકડ્યું.

અપા કહે : "કીં ?"

"આપા, મને પાગડું ઝાલીને દોડ્યો આવવા ધો. હુંય તમારી સાથે મરીશ."

"અરે, મૂક્ય મૂક્ય, કઢીચટ્ટા ! બેરીની સાથે તું કીં ધોડવાનો હુતો ?"

તોયે ખવાસે પાગડું ન છોડ્યું. આપાએ એના હાથ ઉપર ભાલાની બૂડી મારી, પાગડું છોડાવ્યું. બેરીને દબાવી.

પાદરમાંથી લોકોની કતારે જોયું કે ઘોડી વેગે ચડી. આપાએ ગણતરી કરી લીધી કે લૂંટારા પીપળિયે જવાનો દેખાવ કરીને પાછા સામી જ દિશાએ ફાંફળમાં ઊતરશે. એણે પીપળિયાનો મારગ મૂક્યો, બીજા પીપળિયાનો મારગ વટાવ્યો; તરઘરીનો મારગ મેલ્યો. એ જાય ! એ દેખાય ! એ ફેંટો ઊડે ! એ ખેપટ ચડી ! – એક વખત સહુએ ઘોડી જોઈ, એક વાર એના ડાબલાના પડછંદા પડ્યા; પછી અલોપ! સૂનકાર !

ઘોડી વીંજવડની સીમમાં દેખાણી. વીંજવડનું ખેતર, સખપરનું ખેતર, પીપળિયાનું ખેતર : એમ શું શું આવ્યું ને ગયું તે કાંઈ નથી દેખાતું. પૂરી અવસ્થા : ઘોડીનો વાજ! ધોમ તડકો: પાણીની આતસ: અને આબરૂનું ઝનૂન – એમાં ઘોડેસવાર શી રીતે ભાળે ! કાંઈ ન સૂઝે. જાણે ઘોડી બ્રહ્માંડને છેડે કોઈ અતલ, ખાલી દરિયામાં ઊતરી રહી છે. એવામાં અવાજ આવ્યો:

"આપા, રામરામ !"

સખપરના ખેતરમાં ખંપાળી લઈને એક કણબી ઊભો હતો. કણબીએ રાઠોડ ધાધલને ઓળખ્યા ને બોલાવ્યા : "આપા, રામરામ ! "

અંધ બની રહેલા આપાએ અવાજ ઓળખ્યો. "કોણ, નારદ ભૂવો ?" કહીને ઘોડી થંભાવી.

"હા, આપા ! "

" ભણેં નારદ, થોડોક પાણી હશે ?"

"અરે રામ ! આપા, હમણાં જ આ ભંભલી ઢોળી નાખી. અટાણ લગી પાણી હતું. ભારે ટાઢું પાણી હતું, સાંતી લઈને ઘેર જાઉ છું એટલે ઢોળી નાખ્યું."

"કાણું નૈ, નારદ, હું જાણતો સાં, મૂવા ટાણે ટીપોય પાણી મોહે નૈ મળે. નારદ, બે ઘોડેસવાર નીકળ્યા'તા ?"

"હા, આપા ! ચારવડલી દીમના ગ્યા ને કહેતા ગ્યા, કે ક્યાડી ઘોડીના અસવારને કઈયે : પાછા ફરી જાય !"

"ઈ કહ્યું ? તમારી જાત્યના ચોર !" એટલું બોલીને આપાએ બેરીને માથે બેવડી સરકનો ઘા કર્યો. નારદ ભૂવો સાક્ષી આપી ગયો છે કે, ત્યાંથી બેરીના સગડ બરાબર પંદર પંદર હાથને માથે પડતા મેં નજરોનજર માપી જોયા હતા. ખંભે ખંપાળી નાખીને નારદ ભૂવો પણ ચોરવડલી તરફ દોટ મેલતો ચાલ્યો.

બેરી આગળ ભાગીને બીજાં ઘોડાં કેટલેક જાય ? બેય લૂંટારાએ બેરીના ડાબલા સાંભળ્યા; ભયંકર અસવાર દીઠો. ચોરવડલીની પડખેના ખેતરમાં એક ઓઘા પાસે બેઉ જણ તરી ગયા ત્યાં બેરી આંબી, પણ વેગમાં ને વેગમાં બેરી બેય અસવારોની વચ્ચે થઈને જરાક આગળ નીકળી ગઈ.

'હે તોહેં ઘોડા લઉ જાય, હે ઘોડાં લઉ જાય !' કરતાં કરતાં આપાએ બેરીની વાગ (લગામ) ખેંચી. બેરીને પાછી વાળવા લગામ ડોંચી. ત્યાં તો તડ! તડ ! લગામના બેય વાઘિયા તૂટી પડ્યા. રાઠોડ ધાધલનો છેલ્લો આધાર ગયો. 'રાખુ દીના, બાપ બેરી ! રણમાં રાખુ દીના ! બેટા, રાત રાખુ દીના ! દીના !' કરતાં કરતાં એણે ઝપાટાભેર ઘોડીનો મોરડો ઝાલી લીધો, પેંગડા ઉપર ટટ્ટાર ઊભો થઈ ગયો, બરછીને આંગળાં પર ચક્કર ચડાવી. બૂડી અને ફણું જાણે ચક્કર ખાતાં ખાતાં એક થઈ ગયાં – જાણે આંગળી પર સુદર્શન ચક્ર ફરી રહ્યું છે. પેંગડામાં ઉભા થઈને એણે બરછીનો ઘા કર્યો. બરાબર દુશ્મનની છાતીમાં નોંધીને આપાએ બરછી નાખી, પણ એની વૃદ્ધ, થાકેલી, તરસથી અંધારે ઘેરાયેલી આંખો નિશાન ભૂલી. ગણતરીમાં થોડે જ ફેર પડ્યો; વીરાજી નામનો શત્રુ ખસી ગયો તેથી રાઠોડની બરછી એની છાતી ચૂકી ગઈ પણ જમણા હાથની ભુજાને વીંધી ધ્રોપટ સોંસરવી નીકળી ગઈ.

વીરાજીએ પોતાના ભેરુને બૂમ પાડી : "હવે શું જોઈ રહ્યો છે ? આપણા તો રામરામ !"

બીજા શત્રુએ બેરીની આંખમાં નોંધીને પડધિયાવાળું મોરબીનું ભાલું ઝીક્યું ભાલું ખૂંતી ગયું. લાકડી તૂટી ગઈ. ભાલું બેરીની આંખમાં જ રહ્યું. બેરી ચક્કર ખાઈને નીચે પડી. ડોસો કોઈ વીસ વરસના જુવાનની જેમ કુદીને આઘો ઊભો થઈ ગયો. ફરીને ' રાખુ દીના, બાપ બેરી ! રાખ દીના !' કરતા ડોસો ઘોડીનો મોરો પકડી ચૂક્યો. બેરી ઊઠી. વેદના ભૂલીને ઊઠી; પણ એનાથી ઊભા રહેવાતું નથી. એ ચક્કર ચક્કર ફરવા માંડે છે. રાઠોડ ધાધલ પેંગડામાં પગ નાખી ચડવા જાય ત્યાં બેરી ફરી જાય છે. એક પગ પેંગડામાં રહે છે અને બીજે પગ ધરતી ઉપર ઠગ ઠગ થાય છે. લગામ તો હતી નહિ. એટલે કાઠાની પાટલી ઝાલીને આપો ચઢવા જાય છે, પણ ઘોડી ઊછળે છે.

અંતે ઘોડી ફરી ગઈ. આપાની પીઠ પણ દુશ્મનો તરફ થઈ ગઈ અને જખમી વીરાજીએ ભેરુને ચેતવ્યો : "જોજે હો, ડોસો ઘોડીએ ચડ્યો તો તારું ને મારું મોત જાણજે. પહોંચ, ઝટ ઘોડીને ગૂડી નાખ. પણ જોજે હો, ડોસાને ન મારતો. એ ત્રણ પરજનો સગો છે; એને માર્યે આપણે ક્યાંય રોટલા નહિ પામીએ."

રાઠોડ ધાધલને ઘોડી ચડવા દેતી નથી; એનો બરડો શત્રુઓ તરફ થઈ ગયો છે. એને ભાન નથી રહ્યું કે પાછળ શી રમત રમાય છે. એ મહેનત કરતો રહ્યો, ત્યાં નાગી તલવાર લઈને બીજો દુશમન પહોંચી ગયો. મનમાં થયું કે જો ઘોડીને મારીશ તો આપો મારા પ્રાણ લેશે, એટલે એણે તો રાઠોડ ધાધલના પડખામાં જ પોતાની તલવાર હુલાવી, તલવાર એક પડખેથી

બીજે પડખે આરપાર નીકળી ગઈ. ' ભાગો ! ભાગો !' કરતા બેય દુશ્મનો ભાગ્યા. તલવાર રાઠોડ ધાધલના શરીરમાં જ રહી.

દુશ્મનો ભાગ્યા. પાછળ પોતાની તલવાર ખેંચીને રાઠોડ ધાધલ દોડવા ગયો; મ્યાનમાંથી તલવાર અર્ધી જ ખેંચાણી, ત્યાં તો એ ભોંય પર પડ્યો. ગોઠણભર થઈને દોડવા ગયો, પણ ન દોડાયું. ત્યાં ને ત્યાં ઘૂમરી ખાવા

1. * એ બન્ને જણા ગોંડલના બહારવટિયા હતા. અને કાઠીઓ જ એને આશરો દેતા. ત્રણ પરજ એટલે ખાચર , ખુમાણ ને વાળા કાઠીઓ.

લાગ્યો. પણ કૌવત ખૂટી ગયું. ગોઠણભર સ્થિર થયો. અર્ધી

ખેંચેલી તલવાર પાછી મ્યાન કરી આંખો ખોલી.

ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, નીચે, ઉપર – બધેય નજર કરી. ધીરે ! ધીરે ! ધીરે ! પછી ડાબે પડખે ડાબો હાથ વાળીને પડખામાં ખૂતેલી તલવાર બહાર ખેંચી કાઢી. બેય પડખે પાડાની પખાલની પેઠે લોહીના ધોધ છૂટ્યા. જમણે હાથે અંજલિ વાળીને આપાએ જમણા પડખાનું લોહી ઝીલ્યું. અંજલિ ભરીને જમીન પર રેડી, ધૂળને લોહીમાં ભીંજાવી. ગારો કરી એના ત્રણ પિંડ વાળ્યા પછી પોતે બેઠા, સૂતા, માથેથી તરફાળ (પાઘડી) ઉતારીને સોડ તાણી. એક છેડો પગ નીચે દબાવ્યો ને બીજો છેડો માથા નીચે દબાવ્યો. સૂતાં સૂતાં કમરમાંથી અર્ધી તલવાર ખેંચીને બરાબર છાતી પર ઠેરવી. હાથ તલવારની મૂઠ પર જ રહ્યો. ન પડખું ફર્યા, ન સિસકારો કર્યો, કે ન અંગનો એકેય ભાગ હલ્યોચલ્યો. આપા મોતની મીઠી નીંદરમાં પડ્યા. કેવી નીંદર ! મીઠી ! મીઠી ! મીઠી !

રાઠાને રણમાંય, નાઠાની બારી નહિ !

નારદ ભૂવાએ આ બધી ચેષ્ટા દૂર ઊભા ઊભા નજરે જોઈ.

૯

બેરી kયાં ? ઘવાયેલી બેરી દુશમનોની પાછળ થઈ. આખરે દુશમનોએ એના કપાળમાં એક ઝાટકો મૂકયો. ગાંડીતુર બનીને એ પાછી આવી. ચારે પગ પહોળા કરીને એના ધણીના શબ ઉપર ઊભી રહી. ઘોડીના લોહીની ધાર આપાના શબ ઉપર ત્રહકી રહી હતી. ભાગ્યવંતને માથે જ મરતી વખતે ઘોડાનું લોહી પડે એવી માન્યતા છે.

નારદ ભૂવો આઘે ઊભો ઊભો આ બધું જોતો હતો. ત્યાં તો સનાળી, પીપળી, સખપર અને વીજવડના લોકોની મેદની ઊમટી. પણ ઘોડી કોઈને પાસે આવવા દેતી નથી. દોડી દોડીને લોકોને ભગાડે અને પાછી આવીને શબને ઢાંકી ઊભી રહે છે. ઘોડીની આંખમાંથી અંગારા વરસે છે.

ખાસદાર આમદ ગોરી આવ્યો. એણે સાદ કર્યો : “બાપ્પો બેરી ! બેટ્ટા બેરી !”

હણહણાટ દેતી બેરી ખસી ગઈ, ગરીબડી બની ગઈ, આમદ ગોરીની પાસે આવીને ઊભી રહી. ઘોડીને સનાળી લઈ જઈ પડદે નાખી.

રાઠોડ ધાધલના દેહને અગ્નિસંસ્કાર ક્યાં કરવો ? એની રાખ તો બધાને વહાલી હતી. પણ સખપરની સીમમાં જ એનો દેહ પડ્યો, અને વળી સખપર એના સગા ભાણેજ રાવત વાળાનું ગામ, એટલે લોકોએ સખપરમાં જ આપાને દેન દીધું.

ત્રીજે દિવસે બેરી જ્યાં પડદે પડી હતી ત્યાંથી એણે તોડાવ્યું. પાટીએ ચડી ગઈ. એને

કોઈ ન ઝાલી શક્યું. બરાબર જ્યાં રાઠોડ ધાધલનો દેહ પડ્યો હતો ત્યાં આવીને ઘોડીએ પોતાને દેહ પટક્યો. પટકતાં જ એના પ્રાણ નીકળી ગયા.

આજ એ ઠેકાણે ઘોડી અને ઘોડેસવાર – બંનેની ખાંભીઓ ઊભી છે.

રાઠોડ ધાધલને પાણી પાવા આવનાર મૂળીબાઈ બે વરસ પહેલાં જ ગુજરી ગયાં. છેલ્લે દિવસે એની આંગળીએ વળગી સીમમાં સાથે જનાર મુંજભાઈ ગઢવી હજી હયાત છે. જે વડલામાં એનો ફેંટો ભરાણો તે વડલો મોજૂદ છે, પણ એની ઘેરી ઘટા નથી રહી. આજ જાણે પોતાના વૃદ્ધ સાથીના શોકમાં વડલાએ શોભા તજી છે. રાઠોડ ધાધલના દીકરા ઉનડ ધાધલે વીજપડીની સીમમાં સાવજ માર્યાની વાત સહુ જાણે છે. પણ ત્રણેમાંથી એકેયનો વંશ નથી રહ્યો. પોતાનાં પાપની સજા પ્રભુ પાસેથી પોતે જ પ્રભાતે પ્રભાતે માગી હતી તે મળી ગઈ.

રાઠાને રણમાંય, નાઠાની બારી નહિ !

૧૧

આઈ !

ભ ડલી ગામના ભાણ ખાચરે પાકી અવસ્થાએ નવું ઘર કર્યું . સોળ વરસનાં આઈ કમરીબાઈએ જ્યારે ભડલીના દરબારગઢમાં પોતાની કંકુવરણી પગલી મૂકી ત્યારે એનું જોબન લહેરે જતું હતું. એને શું ખબર કે આપો ભાણ સાઠ વરસના ખોખરધજ હશે ? માહ્યરે બેસતી વખતે કાંઈ બહુ નીરખીને મોં નહોતું દેખાણું, કેમ કે એક તો માથે રેશમી સીરખ ઓઢેલું, ને એના ઉપર પાછી લાલ કીડિયા ભાતની પછેડી પહેરેલી.

સોળ વરસનાં કાઠિયાણી કોડભર્યા સાસરે આવ્યાં ત્યારે એની હેમવરણી કાયા ઉપર બાંધણીની કસૂંબલ ચૂંદડી મહેકી રહી હતી. કસૂંબલ રંગમાંથી તો કેવી મધુર મહેક છૂટે ! ચાર કોરવાળી, લાલ ચણોઠી જેવી રૂપાળી જીમી એણે પહેરી હતી. કટાબ કોરેલું કાપડું અંગે ઝગમગતું હતું, અને તાંતમાં લટકતો મોતીદાર મોટો ચાંદલો બરાબર કપાળ વચ્ચે હીંચકતો હતો.

પણ સાસરે આવ્યાં ત્યાં તો ચતુર કાઠિયાણીને જાણ પડી કે પોતે જુવાનીના રંગ માણવા નથી આવ્યાં, પણ આપા ભાણનું ખોરડું ઉજાળવા આવ્યાં છે ! ગામની આધેડ બાઈઓ આવીને આ જોબનવતીને પગે પડી પડી કહેવા લાગી : “આઈ ! અમે તો તમારાં છોરુ કહેવાઈએ, આશિષ દો.” ગામને ઘેરઘેરથી જુવાન વહુઓ આવીને આઈને પગે પડવા લાગી. કોઈ પોતાનાં છોકરાં આઈને પગે લગાડવા લાગી. આપા ભાણના મોટા મોટા અમીરો પણ આવીને એને 'આઈ !' કહી પૂછપરછ કરવા લાગ્યા. કોઈ એને હસીને તો બોલાવે જ નહિ ને ! સહુનાં મોઢાં 'આઈ' બોલતાં જ ભારેખમ બની જાય. એને લાડ કોણ લડાવે ? એને કોણ વહેલાં વહેલાં રાત્રિએ ઓરડે મોકલે? એને માથે મીંડલા લઈ, સેંથે હિંગળો પૂરી, પાટીએ સુગંધી સોંધો ચોપડી, કપાળે ટીલડી ચોડી, ગાલે સોંધાની નાનકડી ટપકી કરી અને નેણને સાંધે ભરી કમાન જેવાં કરી દઈને બથમાં લેનાર નણંદ, સાસુ કે તેવતેવડી સહિયર ત્યાં કોણ હોય ? હોય તો ખરાં, પણ 'આઈ'ને એવું થાય? આઠે પહોર અને આઠે ઘડી એ બાપડાં તો આઈ આઈ ને બસ આઈ !

કમરીબાઈ પોતાની જોબન અવસ્થા ભૂલવા માંડ્યાં. કસૂંબલ, ભાતીગળ અને સુગંધી લૂગડાં ઉતારીને એણે ગૂઢાં વસ્ત્રો ધારણ કરી લીધાં. 'કપાળની તાંત, કાનની પાંદડી અને ડોકના હાર મને કાંઈ હવે અરઘે? હું તો આઈ કહેવાઉં !” – એમ બોલીને એણે બધાય શણગાર અળગા કર્યા. ફક્ત સૌભાગ્યનાં જ એંધાણ રાખ્યાં.

કાઠિયાણીને હજી એક વાત હૈયામાં ખટકતી હતી. બોખાં બોખાં સ્ત્રીપુરુષો જ્યારે 'આઈ' કહીને એની સાથે વાતા કરતાં, ત્યારે કાળા મલીર વડે પોતાનું મોઢું ઢાંકીને આઈ જવાબ દેતાં. દાડમકળી જેવા બત્રીસ દાંતની એને ભોંઠપ આવતી. સમજણાં થયાં ત્યારથી જ દાંતને એણે પ્રેમથી સાચવેલા હતા. એમાંય પરણવું હતું એટલે તો દાંતને પોથી અને મજીઠને રંગે રંગ્યા હતા. મહેનત લઈને મોઢું રુડું બનાવ્યું હતું.

"બીજા શણગાર તો ઉતાર્યા, પણ આ રોયા દાંતનું શું કરવું ? લાજી મરું છું” – એ એમની રાતદિવસની ચિંતા હતી.

એક દિવસ સવારે આપો ભાણ અને બીજા ત્રણ-ચાર મહેમાનો ટાઢી છાશ પીવા બેઠા.

તાંસળીમાં પળી પળી ઘી નાખીને પાંચે ભાણે પીરસી. પાસે ગોરસનાં દોણાં અને ફીણાળાં દૂધનાં બોઘરાં મૂક્યાં. ઘીમાં ગોરસ નાખીને પછી તેમાં સાકરના ધોબા ભરી ભરી ભેળવ્યા. અને સવા સવા ગજ પનાના કાંસાના થાળમાં બાજરાના રોટલા પીરસ્યા. થાળીને માથે કેમ જાણે વેલણથી વણાયા હોય તેવા, સરખી જાડાઈવાળા રોટલા આઈ એ બે નાનકડી હથેળી વચ્ચે ટીપીને કરેલા હતા. રોટલામાં ભાત પાડવા માટે તો આઈ એ એક આંગળીનો નખ લાંબો રાખિયો હતો, અને આંગળીઓમાં વેઢ પહેર્યા હતા એટલે ઘડતાં ઘડતાં રોટલાને માથે ખાજલી, લોરિયું અને સાંકળીની ભાત્ય ઊપડતી આવે એવી નકશીથી ભરેલા રોટલા તાવડીમાં પકવીને એણે ત્રાંબા જેવા બનાવેલા. એવા તે ઊંડા બનાવેલા કે અંદર પોણો પોણો શેર ઘી સમાઈ જાય !

આપા ભાણે રોટલો ભાંગીને બટકું મોઢામાં મૂક્યું, પણ ચાવે શી રીતે ? દાંત ન મળે. પોચો રોટલો હોય તો ચોળી ચોળીને પેઢાં વડે ચાવી શકે ને ! પણ આ તો કડાકાદાર રોટલો !

આપાએ મહેમાનોને પૂછ્યું : “કાં બા! રોટલો તમને ફાવે છે કે ?”

“ઓહોહો ! આપા ભાણ !” પરોણા વખાણ કરવા લાગ્યા : “આવા રોટલા તો અહીં જ ભાળ્યા, કેવી રૂડી ત્રણ ત્રણ ભાત્યું ઊપડી છે ! એવો દેખાવડો રોટલો છે કે ભાંગવાનુંય મન નથી થાતું. આપા ! અમારાં આઈ તો રાબ-છાશે ભારે ડાહ્યાં દેખાય છે.”

“આપા ભાણનાં ભાગ્ય ચડિયાતાં છે.” બીજાએ મૂછો ઊંચી રાખીને તાંસળીમાંથી દૂધ પીતાં પીતાં ઉમેરો કર્યો.

“હા બા ! ભાગ્ય તો ખરાં !” આપા ભાણ મરકતા મરકતા બોલ્યા, “પણ આવા રૂડા રોટલાની મીઠાશ માણવાના દૂધિયા દાંત હવે ક્યાં લેવા જાય ? નાનડિયાંને કાંઈ ખબર છે કે બોખાને આવા કડકડિયા રોટલા ખાતાં પેઢામાં કેવી બળતરા હાલતી હશે ? રોટલાની રૂડપ જોઈને હવે આંખ્યું ધરવવી રહી, બા ! પણ હોજરીની આગ એમ રોટલા જોયે કાંઈ ઓલાય છે ? હશે, જેવી સૂરજની મરજી ! બીજુ શું થાય ?”

મર્મનાં વેણ કહેતાં તો કાઠીને એની જનેતાએ ગળથુથીમાં જ પાઈ દીધું છે. આપો ભાણ સમજ્યા કે જોબનવંતી આઈને આજ બરછી જેવાં મર્મબાણ મારીને વીધ્યાં છે એટલે હવે તે પૂરી કાળજીથી ભાણું સાચવશે.

રાત પડી. ડેલીએ ડાયરો વીખાણો. દરબાર ઊઠીને સૂવાને ઓરડે ગયા. આઈ બેઠાં હતાં. પણ ગઈ કાલના ભર્યા ગાલમાં આજ એને ખાડા દેખાયા. આપાએ પૂછ્યું:

“ કાં ? કેમ વહેલું વહેલું એક દિવસમાં ગઢપણ વરતાય છે ?”

આઈએ મોં મલકાવ્યું. હોઠ પહોળા થયા, ત્યાં તો આપા બોલી ઊઠ્યા : “અરરર ! કાઠિયાણી ! આ શું ? મોઢામાંથી બત્રીસે દાડમકળિયું ક્યાં ગઈ?”

“પાડી નાખી !” આઈ એ હસીને જવાબ દીધો, રાતા રાતા હોઠની વચ્ચે કાળું ઘોર અંધારું દેખાણું.

“પાડી નાખી ? કાળો કોપ કર્યો ! પણ શા સારુ ?”

“બોખાંની પીડા સમજવા સારુ !” આપા ભાણની આંખો ભીની થઈ ગઈ. એણે કપાળ કૂટ્યું. સવારે બોલેલાં વેણ બદલ બહુ પસ્તાયા. પણ કાઠિયાણીએ મોઢા ઉપરથી હસવું ઉતાર્યું જ નહિ – જાણે મનમાં કાંઈ નથી !

કમરીબાઈ જીવ્યાં ત્યાં સુધી આપા ભાણનું ખોરડું દીપાવ્યું. મર્યા પછી જોગમાયા કહેવાયાં.

૧૨
મહેમાની

ભ ડલીની ઊભી બજાર વીંધીને ઘોડેસવાર ચાલ્યો જાય છે. એના ભાલાના ફળામાં જુવારનો એક રોટલો અને ડુંગળીનો એક દડો પરોવેલાં છે. અસવારના હોઠ મરક મરક થાય છે.

ચોરે બેઠેલો કાઠી ડાયરો આ કૌતક જોઈ રહ્યો. બધાનાં મોં કાળાંમશ થઈ ગયાં. સહુને લાગ્યું કે મહેમાન કાંઈ મર્મ કરતો જાય છે. કોઈએ વળી વધુ પડતા કૌતકના માર્યા પૂછ્યું :

“આપા ચીતરા કરપડા ! આ ચાળો વળી શું ઊપડ્યો છે ?"

અસવારે ઉત્તર દીધો : “એ બા, આ તો આપા ભાણની મે'માનગતિ ! ભડલીની સરભરા ભારે વખાણમાં છે ને બા, એટલે ત્રણે પરજુમાં એનો રૂડો નમૂનો દેખાડવા લઈ જાઉં છું.”

ભડલીનું નાક વાઢતો વાઢતો એ ચીતરો કરપડો ગામડેગામડાની ઊભી બજારો વીંધીને કણબાવ્ય ચાલ્યો ગયો. કોણ જાણે કોની ભૂલ થઈ કે કોઈ દિવસ નહિ ને આજ જ ભડલીના દરબાર ભાણ ખાચરના ગઢમાં ચીતરા કરપડાનું ભાણું ન સચવાણું ! ભાણ ખાચર ઘેરે નહિ, અને કોઈકે કરપડાને ડુંગળી-રોટલો પીરસ્યાં.

ભાણ ખાચર જ્યારે ઘેર આવ્યા ત્યારે બાઈ એ વાત કરી કે ચીતરો ડુંગળી ને રોટલો ભાલે ચડાવીને આપણા

છે ખોરડાને ફજેત કરતો ગયો. ભાણ ખાચર ખિજાયા : “બાપડો એક ગામડીનો ધણી મારી આબરૂ ઉપર હાથ નાખી ગયો !” એટલું બોલીને એણે વેર લેવાનો વિચાર કર્યો. પણ કાંઈ માથાં વાઢ્યે એવાં વેર થોડાં વળે છે ? તલવારનાં વેર તલવારથી લેવાય અને રોટલાનાં વેર રોટલાથી !

ચીતરે કરપડે ઘેર જઈને પોતાની કાઠિયાણીને ચેતાવી દીધી : “ધ્યાન રાખજે, ભાણ ખાચર નાક કાપવા આવશે. લાખ વાતેય આવ્યા વિના નહિ રહે.”

બાઈ કહે : “ફિકર નહિ.”

તે દિવસથી રોજેરોજ ગામના કાઠીઓના ઘેરેઘેરે ચૂલામાં અગ્નિ તૈયાર જ રહે. દહીંનાં પેડાં, દૂધના દોણાં, દળેલી સાકર અને ચૂલે મૂકવાના ચોખા તૈયાર રહે. સાજણી ભેંસો પણ હાજર રાખે, અને ચીતરો કરપડો પણ ફેરો કરવા જાય ત્યારે સાકર-ચોખા સિવાય બીજું કાંઈ લુંટે નહિ.

એક વાર ચીતરો ફેરે ચાલ્યો: કહેતો ગયો : “ભાણ ખાચર આવે તો મારા આવતાં પહેલાં રજા દેશો નહિ.”

બીજે દિવસે બરાબર મધ્યાહ્નને ભાણ ખાચરે એકસો ઘોડે આવીને પૂછ્યું : “આપો ચીતરો છે ઘેરે ?”

ઓરડેથી આઈએ કહેરાવ્યું : “કાઠી તો ઘરે નથી, પણ કાંઈ ઘર હાર્યે લેતા નથી ગયા. ભાણ ખાચર જો જાય તો એને સૂરજ દેવળની આણ છે !”

ભાણ ખાચરને તો એટલું જ જોતું હતું. કાઠીઓએ આવીને સોયે અસવારોનાં ઘોડાં ગામમાં ઘેર ઘેર બાંધી લીધાં, લીલાછમ બાજરાનાં જોગાણ ચડાવી દીધાં, કસૂંબો

1. * *સવારે અને સાંજે તો ભેંસો દોહવાં આપે, પણ બપોરના અને મધરાત જેવે કટાણે દૂધની જરૂર પડે તેટલા માટે જ અમુક ભેંસોને સવાર- સાંજ ન દોહતાં બપોરે અને મધરાતે દોહે તેને 'સાજણિયું ' કહેવાય.

વટાવા લાગ્યો અને બીજી બાજુ ગામના કાઠીઓને ઘેર ઘેર સળગતા ચૂલા ઉપર ચોખા ને લીલું શાક ચડી ગયાં. અહીં જ્યાં અમલની અંજલિઓ “આપાના સમ, મારું લોહી” વગેરે સોગંદ આપીઆપીને પિવરાવી દીધી, ત્યાં તો ખવાસ બોલાવવા આવ્યો છાશ પીવા.

દરબારગઢની લાંબી, ધોળેલી અને ચાકળા-તોરણથી શણગારેલી ફૂલ જેવી પરસાળની અંદર રેશમી રજાઈઓ ઉપર પચાસ પચાસ ભૂખ્યા કાઠીની પંગત સામસામી બેસી ગઈ તાંસળીમાં ચોખા, સાકર અને દૂધ પીરસાણાં. પડખે ઘઉંની ધિયાળી રોટલીઓ મુકાણી. તાણ કરી કરીને મહેમાનોને ગળા સુધી જમાડયા. પછી સીસમના ઢોલિયામાં પોઢણ; રેંઢે આંગળી જેવી જાડી ધાર થાય તેવા કસૂંબા : અને રાતે પાછી દૂધ, સાકર ને ચોખા ઉપર ઝાપટ, અને એક દિવસ વીત્યે મહેમાન કહે : “હવે શીખ લેશું. ” આઈ કહે : “બાપ, જો જાવ તો કાઠીનો અમને ઠપકો મળે. "

બીજે દિવસે પણ સવાર, બપોર અને સાંજની ત્રણે ટંક કાઠિયાણીઓએ પોતાની તમામ કળાકારીગરી ખરચી નાખીને પેપડીનાં, બાવળના પરડિયાનાં, હાથલા થોરનાં, પરબોળિયાનાં, મીઠાનાં અને દૂધનાં ફીણનાં : એવાં ભાત- ભાતનાં તો શાક બનાવીને ખવરાવ્યાં, મહેમાનોને ડુંગળીનો દૂધપાક કરીને જમાડયો. માથે ભાત્ય ઊપડે એવા સાકરના રોટલા બનાવ્યા. ચોખાની બરજ, શેવની બરજ અને હરીસો રાંધ્યો. કોણ જાણે એવો તે ઓપ એ હરીસાને આપ્યો કે, એનાં ચાસલાંમાં માણસનું માં દેખાય. કાઠીઓ ખાવા બેસતાં ત્યારે આંગળાં કરડતા અને કોઈ શાકપાંદડાંને તો ઓળખી જ શક્યા નહિ. એમ ત્રણ દિવસ વીત્યા પણ મહેમાનગતિમાં જરાય મોળપ કહેવાય એવું આપા ભાણને ક્યાંય ન લાગ્યું. એણે બે હાથ જોડીને ઓરડે કહેવરાવ્યું : “આઈ, હવે તો હદ થઈ. ચીતરાના ખોરડાની ઓળખાણ હવે તો પૂરેપૂરી થઈ ગઈ. હવે રજા આપો.”

આઈએ જવાબ મોકલ્યો : “આપા ભાણ! તમારે ઓરડે તો જોગમાયા કમરીબાઈનાં બેસણાં છે, અમે તો રાંક કાઠી કહેવાઈએ. ગજાસંપત પ્રમાણે રાબ-છાશ પીરસી છે અને તમે મોટું મન રાખીને અમારી પરોણાગત લીધી એ તમારી શોભા વદે. ”

એકસો ઘોડે ભાણ ખાચર ચડી નીકળ્યા. આવ્યા'તા તો વેર લેવા, પણ આ તો ઊલટું પોતાને માથે વેર વાળ્યું ! ત્યાં સીમાડા ઉપર જ કરપડો મળ્યો. સામસામા રામરામ થયા. ચીતરો કહે : “બા, ઘોડાં પાછાં ફેરવો.”

ભાણ ખાચરે બે હાથ જોડ્યા; કહ્યું : “આપા, ત્રણ ત્રણ દિવસ થઈ ગયા; અને આઈ એ કાંઈ બાકી નથી રાખ્યું.”

“અરે, વાત છે, કાંઈ ? ભાણ ખાચર જેવો કાઠી બાયડિયુંનો મહેમાન બનીને વહ્યો જાય ?”

ભાણ ખાચરે બહુ આજીજી કરી; મર્મમાં જણાવી દીધું : “આપા ! ઘરની પરીક્ષા તે ઘરની બાયડી જ આપે.”

પછી ત્યાં એક વાવ હતી. વાવને કાંઠે બેસીને ચીતરે કસૂંબો કાઢ્યો. પણ કસૂંબો લેવાઈ રહ્યા પછી કાંઈક ગળ્યું જોઈએ. ઉનાળો ધોમ ધખતો હતો. સહુનાં ગળાં શોષાતાં હતાં. શરબત કરવું હતું, પણ ઠામ ન મળે ! ચીતરાની સાથે સાકરનાં ત્રણ-ચાર છાલકાં હતાં.

“લ્યો બા, સૂઝી ગયું !” એમ કહીને એણે ચારે છાલકાંની સાકર વાવમાં પધરાવી. ડાયરો કહે : “અરે, આપા, હાં ! હાં !”

“એમાં હાં હાં શું ? ભાણ ખાચર જેવા મહેમાન ક્યાંથી ?”

આખી વાવમાં શરબત શરબત થઈ ગયું. સહુએ પીધું. રામરામ કરીને ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં ભાણ ખાચર બોલ્યા :

“બા, ચીતરો રોટલા વીંધે એય પરમાણ !”

૧૩
ધણીની નિંદા !

ભા લ પંથકના બોરુ ગામના ગઢમાં છાનામાના વાવડ મળ્યા કે ભડલીની કાઠિયાણીઓ સમાણું દેવીને દર્શને આવી છે. ભારોજી ઠાકોરે આનંદમાં આવી જઈને પૂછ્યું : “એલા ! કોના ઘરનાં ?”

“બાપુ ! ભોજ ખાચરનાં પડનાં જ ઘરવાળાં.”

મૂછો ઉપર હાથ દઈને વાઘેલા રાજા બેઠો થઈ ગયો. એણે આજ્ઞા કરી : “ઘોડાં ! ઘોડાં ! ઘોડાં સાબદાં કરો ! આજ કાઠીઓનેય ખબર પાડીએ કે રજપૂતોનાં વેલડાં લૂંટતાં કેટલી વીસે સો થાય છે. ભોજ ખાચરના ઘરની આઈઓ તે મારી મા-બહેનો છે. હું રજપૂત છું. પણ મારે આજ તો આ ફાટેલ કાઠી ડાયરાને અનીતિના મારગ છંડાવી દેવા છે.”

ભારોજી રાજ ચડ્યો. સમાણીના થાનકમાં કાઠિયાણીઓને ખબર પડ્યા કે વાઘેલા રાજા ઓજણાં વાળવા આવે છે. કુંજડીઓની માફક કાઠિયાણીઓના કળેળાટ બોલ્યા. અબળાઓને એકેય દિશા સૂઝતી નથી. એણે ચારે દિશામાં આકુળવ્યાકુળ નજર નોંધી. સામે એક ગામડું દેખાણું: પૂછ્યું : “ભાઈઓ, કયું ગામ ?”

“ઉતેળિયું.” ગાડાખેડુઓએ કહ્યું.

“કોનું ગામ ?”

“વાઘેલાનું, આઈ! એ બધા પણ ભારાજીના ભાયાત થાય છે. ” “ફિકર નહિ, બાપ ! આપણાં વેલડાં ઉતેળિયાના ઝાંપામાં દાખલ કરી ધો. એ રજપૂત હશે તો નક્કી આપણાં રખવાળાં કરશે.”

કાળો કળેળાટ બોલી ગયો. વેલડાં ઉતેળિયાના ગઢમાં જઈ ઊભાં રહ્યાં. દરબારને બધી હકીકતની જાણ થઈ. એણે કહેવરાવ્યું : “આઈઓ ! હયે જરાય ફડકો રાખશો મા. ભારાજીનો ભાર નથી કે મારે શરણે આવેલાને આંગળી લગાડે !”

ભારોજી ભાલું હિલોળતા આવી પહોંચ્યા. ઉતેળિયાના ધણીએ ગઢને દરવાજે આવીને કહ્યું : “ ભા ! રજપૂતનો ધર્મ તને શીખવવાનો હોય ? આંહી ગઢમાં પગ મૂકીશ તો સામસામાં લોહી છંટાશે. બાકી, હા, ઉતેળિયાના સીમાડા વળોટે એટલે તારે ગમે તે કરજે.”

રજપૂતે રજપૂતની આંખ ઓળખી લીધી. ભારોજી પાછો ફરી ગયો.

ઉતેળિયાના ઠાકોરે ભડલી સમાચાર પહોંચાડ્યા. ભોજ ખાચર મોટી ફોજ લઈને આવ્યા. કાઠિયાણીઓ તો ભડલી ભેળી થઈ ગઈ, પણ ભોજ ખાચરના મનનો ડંખ કેમ જાય ? બોરુ ગામને માથે ભોજ ખાચરના ભૈરવ જેવા પ્રચંડ કાઠીઓ ત્રાટક્યા અને એ ધીંગાણામાં ભારોજી કામ આવ્યા. ભોજ ખાચર ભારોજીનું માથું વાઢીને પોતાની સાથે લેતા ગયા.

સ્વામીનો ઘાત થયો સાંભળી ભારોજીની રજપૂતાણીને સત ચડ્યું, કાયા થરથર કંપી ઊઠી, પણ ચિતામાં ચડાય શી રીતે ? ધણીનું માથું તો ખોળામાં જોઈએ ને ! રાણીએ સાદ નાખ્યો : “લાવો, કોઈ મારા ધણીનું માથું લાવો. મારે ને એને છેટું પડે છે.”

ચારણ બોલ્યો: “માથું તો ભોજ ખાચર ભેળું ગયું. અમે બધાય જઈને ત્યાં મરીએ તોયે

એ માથું નહિ કાઢે. એ ભોજ છે, કાળમીંઢ છે.”

“એ બાપ ! મારા નામથી વિનવણી કરજે.”

“ભોજનું હૈયું એવી વિનવણીથી નહિ પીગળે. રજપૂતાણીના તરફડાટ જોવામાં એ પાપિયાને મોજ પડશે.”

“ચારણ ! મારા વીર ! તારી ચતુરાઈ શું આવે ટાણે જ ખૂટી ગઈ?”

“મા, એક જ ઉપાય છે – બહુ હીણો ઉપાય છે : મારું સૂડ નીકળી જાય એવું પાતક મારે કરવું પડશે. ખમજો, હું લઈને જ આવું છું.”

એમ કહીને ચારણ ચડ્યો; મોઢુકામાં આવીને આપા ભોજને એણે સમાચાર કહેવરાવ્યા કે એક ચારણ તમને બિરદાવવા આવ્યો છે. ડાયરામાં જઈને “ખમ્મા ભોજલ ! ખમ્મા કાઠી ! ખમ્મા પ્રજરાણ !” એવા કંઈક ખમકાર દઈને આપા ભોજનાં વારણાં લીધાં, મધુર હલકથી એણે દુહા ઉપાડ્યા :

ભોજા, બંધ ભારા તણા, કાપ્યા કરમાળે
પૂળા પવાડે, તેં વેરાડ્યા વેળાઉત !

હે વેળા ખાચરના કુંવર ભોજા, તારી તલવાર વડે તેં ભારાજી નામના ભારાના બંધ કાપી નાખ્યા અને યુદ્ધરૂપી ખેતરમાં એ ભારાના યશરપી પૂળા તે વેરણ છેરણ કરી નાખ્યા.

“વાહ ગઢવા ! રંગ ગઢવા ! રૂડો દુહો કહ્યો.”એમ સહુ કાઠીઓ દુહાને વધાવવા લાગ્યા. ચારણે બીજો દુહો કહ્યો :

કરમાળની કોદાળી કરી, સજડે કાઢ્યું સૂડ,
જડે નહિ જડમૂળ, ભારાવાળું ભોજલા !

1. * બન્ને દુહાઓમાં ' ભારો ' એ શબ્દ પર શ્લેષ છે.
હે ભોજારૂપી ખેડુ, તલવારને કોદાળીરૂપે વાપરીને તેં ભારાજીના વંશરૂપ સાઠીઓને મૂળમાંથી જ ખોદી કાઢી. હવે તો એનાં મૂળિયાં પણ હાથ લાગવાં મુશ્કેલ થઈ પડ્યાં છે, એવું વીર્યશાળી કામ તેં કર્યું છે.

"ઓ હો હો, બા ! ગઢવે તો લાખ રૂપિયાનો દુહો કહ્યો. હા ! શી એની કરામત !” – એવી તારીફ થઈ એટલે બાંયો ચડાવી ચારણે આગળ ચલાવ્યું –

માથાં મોઢુકા તણાં, ઝાડે બાંધ્યાં જે,
વાઘેલાનાં વાઢ્યે, ભડ તેં ટાળ્યા ભોજલા !

હે વીર ભોજા ખાચર, વાઘેલાને તેં માર્યો એટલું જ નહિ, પણ એનાં માથાં તો તેં મોઢુકા ગામના ઝાડની ડાળીએ લટકાવ્યાં.

એમ એક, બે ને ત્રણ દુહા કહેવાતાં તો ભોજ ખાચરના પાસાંબંધી કેડિયાની કસો તૂટવા મંડી. એને મોજના તોરા છૂટવા લાગ્યા. ભોજા ખાચરને લાગ્યું કે જગતમાં મારો જોટો નથી !

પણ ચારણ તો જેમ જેમ દુહા કહેતો જાય છે તેમ તેમ એની પાંપણો ભીંજાતી જાય છે : એના કાળજામાં ઘા પડે છે, એમ ફાટતે હૈયે એણે ભોજા ખાચરની તારીફના વીસ દુહા પૂરા કર્યા. આપા ભોજે હાકલ કરી: “ગઢવા, મોજમાં આવે તે માગી લ્યો.”

“બીજું કાંઈ નહિ, બાપા ! ભારાજીનું માથું જ માગું છું.”

“ભારાજીનું માથું ! તમે એને શું કરશો ?”

“બાપ ભોજા ! મારી માતાને સત ચડ્યું છે. એના ખોળામાં સ્વામીનું માથું પહોંચાડવું છે.”

"ત્યારે તમે ભારાજીના ચારણ છો ?” “હા, બાપ ! લાવો માથું. મારી માતાને અને એના ધણીને મળવાની વાર થાય છે.”

“ગઢવા, શિરામણ લઈને જજો. શીખ કરવી છે.”

“આપા ભોજ! તારા ગામનું તો અન્ન-પાણી પણ મારે ગોમેટ છે; અને તારી – મારા માલિકના મારતલની - શીખ હોય ? ભડલીનું રાજ દે તોય ન લઉ. એકવચની હો તો લાવ્ય ઝટ માથું.”

“ત્યારે મારી કીર્તિ શીદ ગાઈ, ગઢવા ?”

“રજપૂતાણીને ખાતર, બાકી મારે તો રૂંવાડે રૂંવાડે કીડા પડજો – મેં ઊઠીને મારા ધણીને વગોવ્યો !”

અન્નજળ વિનાનો ચારણ ભારાજીનું માથું લઈને ચાલી નીકળ્યો.

બોરુને પાદર રજપૂતાણી ચિતા પર ચડી.

૧૪
હનુભાઈ

લા ઠી ગામની સીમમાં ધોળી શેરડીનો દોઢ દોઢ માથોડું ઊંચો વાઢ પવનના ઝપાટામાં ઝૂલી રહ્યો છે જાણે પોપટિયા રંગના કોઈ મહાસાગરનાં મોજાં હિલોળે ચડ્યાં હોય તેવો દેખાવ થઈ ગયો છે. એવા ઘાટા એ શેરડીના થર સંધાણા છે કે માંહે ચકલુંય માર્ગ કરી શકે તેમ નથી. બાર બાર મહિના થયાં પટેલના ચાર દૂધમલિયા છોકરાઓએ દિવસ અને રાત કોસ હાંકી હાંકીને આવી થાંભલીઓ જેવી શેરડી જમાવી છે. ચિચોડાની ચીસો ગાઉ ગાઉને માથે સંભળાય છે. દીકરાના વિવાહ થાતા હોય તેમ ગામડે ગામડેથી પટેલનું કુટુંબ ગળ અને શેરડી ખાવા આવ્યું છે. બાવા, સાધુ કે ફકીરફકીરાં તો કીડિયારાંની જેમ ઊભરાણાં છે.

આજ લાઠીના ધણી લાખાજી ગોહિલ પોતાના મહેમાનોને તેડીને આ વાઢે શેરડી ખાવા આવ્યા છે. બાપુએ કહ્યું : “પટેલ, જસદણના ધણી શેલા ખાચરની દાઢમાં ધરતીના સવાદ રહી જાય એવી શેરડી ખવરાવજો, હો કે ! ”

પોરસીલો પટેલ ભારા ને ભારા વાઢી ડાયરાની સામે પાથરવા મંડ્યો. દરબાર શેલો ખાચર અને એના ત્રણસો અસવારો 'હાંઉ બા, હાંઉ ! ! ' ઢગ્ય થઉ ગી બા, બસ કરો !' – એમ બોલતા બોલતા માથાબંધણાંના ઊંડા ઊંડા પોલાણમાંથી ધારદાર સૂડીઓ કાઢીને એ અધમણ અધમણ ભારના સાંઠાને છોલવા મંડ્યા. પાશેર પાશેર ભારનાં માદળિયાંની ઢગલીઓ આખી પંગતમાં ખડકાવા માંડી; અને છરા જેવા દાંતવાળા પહેલવાન કાઠીઓ, પોતાના મોઢામાં કેમ જાણે ચિચોડા ફરતા હોય તેમ, ચસક ચસક એ પતીકાંને ભીંસી ભીંસી ચૂસવા લાગ્યા. અમૃત રસના ઘૂંટડા પીતી પીતી કેમ જાણે દેવ-દાનવોની સભા બેસી ગઈ હોય એવી મોજ આજ લાઠીના વાઢમાં જામી પડી હતી.

“વાહ લાખાજી ! શેરડી તો ભારે મીઠી !” દરબાર શેલા ખાચરે વખાણ શરૂ કર્યાં.

લાખાજીએ વખાણને ઝીલીને જવાબ આપ્યો : “ હા, બા ! મીઠપ ઠીક છે. ભગવાનની દયાથી અમારી વસ્તી ઠીક કામે છે. ”

ત્યાં કાઠી-ડાયરામાંથી એક બીજા ગલઢેરાએ સાદ પૂર્યો : “બા, આથી તો પછેં ગળપણનો આડો આંક આવી ગયો હો ! અમૃતના રોગા ઘૂંટડા ઊતરે છે.”

“ હા, બા !” ફરી વાર લાખાજીએ કાઠીઓની તારીફ સ્વીકારી. “તમ જેવા ભાઈઓની દયામાયા, કે લાઠીના લોક બાપડાં મહેનત કરીને ગદર્યે જાય છે.”

પણ લાખાજીના હોઠ મરકતા હતા. એને મર્મના બોલ બોલવાની બૂરી આદત હતી, તેથી હમણાં કંઈક બરછી જેવા બોલ છૂટશે એવી ધાસ્તી લાગવાથી શેલા ખાચરે પોતાના કાઠીઓ તરફ મિચકારો તો ઘણોય માર્યો, છતાં રંગે ચઢેલો કાઠી-ડાયરો અબોલ રહી શકે તેવું નહોતું. ત્રીજો કાઠી તાનમાં બોલી ઊઠ્યો : “ ભણેં, બા લાખાજી ! આવડી બધી મીઠપ આણવાનો કારસો તો બતાવો ! આવો રૂડો ખાતર તે કાણાનો નાખ્યો છે તમે?” લાખાજીથી ન રહેવાયું : “ખબર નથી, બા ! તમારા વડવાઓનાં માથાં વાઢી વાઢીને ખાતર ભર્યું છે, એટલે આવી મીઠપ ચઢી છે, સમજ્યા ?”

લાખાજીથી એટલું બોલાઈ ગયું, અને એનાં વેણ પડતાં તો “થૂ! થૂ !” કરતા તમામ

કાઠીઓ શેરડીનાં માદળિયાં થૂકી નાખીને બેઠા થઈ ગયા. સહુની આંખો રાતીચોળ થઈ ગઈ, રંગમાં ભંગ પડ્યો, અને આંખો કાઢીને કાઠીઓ ચાલવા મંડ્યા. ત્યારે વળી લાખાજીએ બળતામાં ઘી હોમ્યું : “એ બા ! લાઠીમાં બરછિયું ઘણીયુંય મળે છે. એકેક બાંધો છો તો હવે બબ્બે બાંધજો ને લાઠીને ઉખેડી નાખજો !'

શેરડીનો રસ ખારો ધૂધવા જેવો થઈને કાઠીઓની દાઢને કળાવતો રહ્યો.

૨

ઉત્તરમાં બાબરા અને કરિયાણાના ખાચરોની ભીંસ થાતી આવે છે; દખણાદી દશે આંસોદર, લીલિયા અને કુંડલાનો ખુમાણ ડાયરો લાઠીને ઉથલાવી નાખવા ટાંપી બેઠો છે; ઉગમણેથી ગઢડા, ભડલી અને જસદણ-ભીમોરા જેવાં ખાચરોનાં જોરાવર મથકો બરછી તોળીને ઊભાં છે, અને આથમણી કોર ચિત્તળ ને જેતપુરનો વાળા ડાયરો જ્યારે જ્યારે બને છે ત્યારે ત્યારે હલ્લા કરી રહ્યો છે. એવી રીતે –

કાઠી બળ થાક્યા કરી, કટકે ત્રાઠી કેક,

(તોય) અણનમ નોઘાટી એક, (તારી) લાઠી લાખણશિયડા !

હે લાખાજી ગોહિલ, કાઠીઓ બળ કરીને થાક્યા, ઘણાં લશ્કર તારા ગામના સાથે ત્રાટક્યાં, તોય તારી લાઠી નમ્યા વિના ઊભી જ છે; તેમ તમારી જમીન પણ નથી ઘટી.

મારુ, માટીવટ તણું, બળ દાખછ બળ ફોડ્ય,

કાઠી ચારે કોર, (વચ્ચે) લાઠી લાખણશિયડા !

હે મારવાડમાંથી આવેલા ગોહિલ કુળના જાયા લાખાજી ગોહિલ, મોટા મરદોનું જોર તેં તોડ્યું છે, અને તારું માટીપણું (પુરુષત્વ) પણ તું અન્યને દેખાડી રહ્યો છે. ચારે બાજુ કાઠી છે, અને વચ્ચે તારી લાઠી સુરક્ષિત ખડી છે.

૩

એ જોરાવર લાખાજીના લોહીમાંથી હનુભાઈ નામનો દીકરો પાક્યો. હનુભાઈ ફટાયા હોવાથી જિવાઈમાં લીંબડા નામનું ગામ લઈને લાઠીની ગાદીએથી ઊતર્યા.

એની બરછીની સાધના જબરી હતી. પીઠા ચાંદસૂર નામને ઘોબા ગામનો એક કાઠી ગલઢેરો પોતાના એકસો ઘોડેસવારને લઈને ચડતો ને ચોમેર હાક બોલાવતો. પણ હનુભાઈ કહેતા : “જો મારી સીમમાં પીઠો ચાંદસૂર પગ મેલે તો જેટલી જમીનમાં હેમખેમ એનાં ઘોડાં ફરી જાય તેટલી જમીન હું દાનમાં દઈ દઉં.”

આવાં કડક વેણ તો રણકાર કરતાં પીઠા ચાંદસૂરને કાને પહોંચ્યાં. મૂછોને ત્રણ વળ દઈને પીઠો લીંબડા લૂંટવા આવ્યો : પણ લાગ દેખીને અચાનક આવ્યો. આવીને સીમમાંથી માલ વાળ્યો. હનુભાઈને પોતાનાં વેણ તો સ્વપ્નેય સાંભરતાં નહોતાં, એટલે એણે ગફલતમાં પોતાનાં બધાં ઘોડાં બહાર મોકલી ફક્ત પાંચ જ અસવાર લીંબડે રાખ્યા હતા. આજ લીંબડા લૂંટાયાની એને જાણ થઈ એટલે ચાર આયર અને ભગા ભૂતૈયા નામના સરદારને લઈ હનુભાઈ પીઠાની પાછળ ગાયોની વહારે ચડ્યા.

લીંબડાથી અઢી ગાઉ ઉપર, લાખાવાડ ગામને સીમાડે, ડુંગરાની સાંકળી નાળ્યમાં, દુશ્મનો સાથે ભેટા થયા, પણ શત્રુ પાસે જાડાં માણસો હતાં. એ ધીંગાણામાં હનુભાઈના ત્રણ

આયર કામ આવ્યા, એટલે ભગા ભૂતૈયાએ હાકલ કરી : “બાપુ, હવે ભાગો.”

"ફટ્ય ! હનુભાઈ ભાગે ?”

“હા, હા; જુઓ હમણાં રંગ દેખાડું. તમને નહિ લજાવું ! ફિકર કરો મા. હું વેતમાં છું.”

બેય અસવારે ઊભી નાળ્યે નીચાણમાં ઘોડાં વહેતાં મૂક્યાં. વાંસેવાંસ પીઠાએ પોતાની ઘોડી છોડી. ઊંટવઢ મારગની અંદર એ ત્રણચાર ઘોડાના ડાબલા એવા તો જોરથી ગાજ્યા કે જાણે એકસો ઘોડાની ઘમસાણ બોલી રહી છે. પીઠો બરાબર લગોલગ પહોંચ્યો. એક ભાલું ઝીંકે તો હનુભાઈ ધૂળ ચાટતા થાય એટલી જ વાર હતી. પણ પીઠાનો જીવ લોભમાં પડ્યો : હનુભાઈની પીઠ ઉપર સોનાના કૂબાવાળી ઢાલ ભાળી એણે પછવાડેથી ચીસ પાડી : “એ હનુભા, છોડી નાખ્ય, છોડી નાખ્ય - ઢાલ છોડીને નાખી દે, જો પ્રાણ વહાલા હોય તો !”

પીઠાએ હનુભાઈને એટલો સમય દીધો એટલે સાવધાન ભગે હાકલ દીધી, “હાં બાપુ, હવે ઝીંકો બરછી.”

હનુભાઈએ હાથ હિલોળીને પોતાની બરછીનો ઘા બરાબર પાછળ ઝીંક્યો. નિશાન માંડવાની જરૂર નહોતી. સાંકડી નાળ્યમાં વાંસે પીઠો જ નિશાન બનીને તૈયાર હતો. વળી, એ વેગમાં આવતો હતો. હનુભાઈની બરછીને એ વેગની મદદ મળી. પીઠાની છાતી વીંધીને બરછી પીઠાના શરીરમાં જ ભાંગી ગઈ. પીઠો ધૂળ ચાટતો થયો.

લાઠીની લાઠીધણી, ચોડી છાતીમાંય,
પીઠાને પડમાંય, કાઠી ગળ મીંડું કર્યું.

હે લાઠીના વંશજ હનુભાઈ, લાઠીની બરછીને તેં દુશ્મનની છાતીમાં જ ચોડી. અને બાળકો જેમ ગળમીંડાની રમત રમીને પોતાના સામાવાળાને પોતાના કૂંડાળામાં રોકી રાખે છે, તેમ તેં પણ આ પીઠાની સાથે રમત માંડીને એને તારા સીમાડારૂપી કુંડાળામાં પૂરો કર્યો.

૪

એક દિવસ ડેલીએ બેઠા હનુભાઈ દાતણ કરે છે. ત્યાં તો ચીસો પાડતો એક કણબી રાવ કરવા આવ્યો; આવીને બોલ્યો : “બાપુ ! મારા બાજરાનું આખું ખેતર ભેળી નાખ્યું. મારા છોકરાને રાબ પાવા એક ડૂંડુંય ન રહ્યું.”

“કોણે ભેળવ્યું, ભાઈ ?” કુંવરે પૂછ્યું. “કુંવર”_એ હનુભાઈનું હુલામણું નામ હતું.

“ભાવનગર મહારાજ વજેશંગજીના કટકે.”

“એ શી રીતે ?"

“મહારાજ જાત્રાએથી વળીને ભાવનગર જતા હતા. મારગકાંઠે જ ખેતર હતું. દોથા દોથા જેવડાં ડૂંડાં હીંચકતાં હતાં. દેખીને આખું લશ્કર ખેતરમાં પડ્યું. પોંક પાડવા ડૂંડાં વાઢ્યાં ને બાકી રહ્યું તેની, ઘોડાને જોગાણ દેવા, કોળી કોળી ભરી લીધી. હવે મારાં પારેવડાં શું ખાશે, બાપુ ?” એમ કહીને કણબી રોઈ પડ્યો.

કુંવર હસી પડ્યો, જવાબ દીધો : “પણ એમાં રુએ છે શીદને, ભાઈ? એ તો વજેસંગજી બાપુ આપણો બાજરો કઢારે લઈ ગયા કહેવાય ! આપણે એમનો ચારગણો બાજરો વસૂલ કરશું, લે બોલ્ય. તારો બાજરો તું કેટલો ટેવતો હતો ?”

“બાપુ, પચીસેક કળશી.”

"બરાબર ! હવે તેમાંથી સાડાબાર કળશી તો અમારા રાજભાગનો જાત ને ?"

"હા, બાપુ !" "ત્યારે જા, તારા ભાગનો સાડાબાર કળશી બાજરો આપણે કોઠારેથી અટાણે જ ભરી જા, પછી વખત આવ્યે હું અને વજેસંગજી બાપુ હિસાબ સમજી લેશું."

પટેલને તો પોતાનો બાજરો બીજા સહુ ખેડુ કરતાં વહેલો અને વિના મહેનતે કોઠીમાં પડી ગયો.

૫

ખળાટાણું થયું. લીંબડાને પડખે જલાલપર અને માંડવા નામે ભાવનગરનાં બે ગામ આવેલાં છે. બરાબર ખળાં ભરવાને ટાણે હનુભાઈ ઘોડીએ ચડીને જલાલપર પહોંચ્યા, અને તજવીજદારને કહ્યું: "અમારો બાજરો બાપુ કઢારે લઈ ગયા છે, માટે આ ખળામાંથી ત્રણસો કળશી બાજરો આજ તમારાં ગાડાં જોડીને લીંબડે પહાંચતા કરો."

દિગ્મૂઢ થયેલા તજવીજદારે કહ્યું: "પણ બાપુ, મને કાંઈ–"

"હા, હા, તમને કાંઈ ખબર ન હોય, પણ મને તો ખબર છે ને ! ઝટ બાજરો પહોંચાડો છો કે નહિ ? નહિતર હું મારી મેળે ભરી લઉં ?"

તજવીજદારે હનુભાઈની આંખમાં અફર નિશ્ચય જોયો. લીલો કંચન જેવા ત્રણસો કળશી બાજરો લીંબડે પહોંચાડ્યો, અને બીજી બાજુથી આ સમાચાર ભાવનગર પહોંચાડ્યા.

વજેસંગજી મહારાજ સમજ્યા કે કુંવરને આખા મલકની ફાટ્ય આવી છે. પણ એમ પરબારા એને માથે હાથ ઉગામાય તેમ નહોતું. આખી કાઠિયાવાડ હનુબાઈ ને એક હોંકારે હાજર થાય તેવી તૈયારી હતી. કુંવરને શિખામણ આપવા એમણે ભાવનગર બોલાવ્યા.

મહારાજા વજેસંગજી ગમે તેવા તોય પોતાના વડીલ હતા. એની સામે ઉત્તર દેવા જેટલી બેઅદબી કરવાની હિંમત કુંવરમાં નહોતી. એટલે આકડિયાવાળા વીકાભાઈ ગઢવીને સાથે લઈને પોતે ભાવનગર ગયા.

કચેરીમાં મહારાજાની બાજુએ પોતાનું માથું ધરતી સામું ઢાળીને કુંવર અદબપૂર્વક બેઠા છે. મહારાજાએ પણ કુંવરને ન શરમાવતાં વીકાભાઈને પૂછ્યું: "વીકાભાઈ, કહેવાય છે કે કુંવર જલાલપુર-માંડવાનાં ખળાં ભરી ગયા !"

"એ તો હોય, બાપ ! એ પણ આપના જ કુંવર છે ને? એટલાં લાડ ન કરે ?" વીકાભાઈ એ મીઠો જવાબ વળ્યો.

"પણ, વીકાભાઈ ! અવસ્થાના પ્રમાણમાં સહુ લાડ સારાં લાગે ને ! અને હવે કંઈ કુંવર નાના નથી. આજ એ લાડ ન કહેવાય, પણ આળવીતરાઈ કહેવાય."

મહારાજાનાં વેણમાં જ્યારે આટલી કરડાકી આવી ત્યારે ચારણનો સૂર પણ બદલ્યો :

"પણ, મહારાજ ! કુંવરે તો રાણિયુંને ઘણુંય કહ્યું કે, હાલો, આપણે બધા લાણી કરવા સીમમાં જાયીં, એટલે રોટલા જોગું કમાઈ લેશું, માણું માણું મૂલ મળશે. પણ રાણિયુંએ ગઢમાંથી કહેવરાવ્યું કે, ભૂખ્યાં મરી જાયીં તો ભલે, પણ જ્યાં સુધી ભાવનગર રાજ્યનું ઓઢણું અમારે માથે પડ્યું છે ત્યાં સુધી તો દા'ડી કરવા નહિં જાયીં; ભાવનગરને ભોંઠામણ આવે એવું કેમ કરાય ?"

"એટલે શું ?"

"બીજું શું ? કુંવરના ઘરનો બાજરો ખૂટ્યો !"

"કાં ?"

"મહારાજનાં ઘોડાંને જોગાણની તાણ પડી. ને મહારાજના સપાઈનાં છોકરાં પોંક વિના રેતાં'તાં, તે સો વીઘાંના ખેતરનો બાજરો ભેળી દીધો !"

વજેસંગજી મહારાજને બધી હકીકતની જાણ થઈ. આખી કચેરી હસી પડી. મહારાજનો રોષ ઊતરી ગયો પણ મોં મલકાવીને એમણે કહ્યું: "ભલા આદમી ! પચીસ કળશીને સાટે ત્રણસો કળશી બાજરો ભરી જવાય ?"

વીકોભાઈ કહે : "બાપુ, ઓલ્યા ખેડૂતને અક્કેક આંસુડે સો સો કળશી ભર્યો છે. ખેડુ વધુ રોયો હોત તો તેટલો વધુ બાજરો લેવો પડત."

"સાચું! સાચું ! ખેડુનાં આંસુ તો સાચાં મોતી કહેવાય. રંગ છે તમને, કુંવર !" મહારાજાએ કુંવરની પીઠ થાબડી, રોકીને મહામૂલી પરોણાગત કરી.

બપોરે મહારાજના કુંવર જસુભા અને હનુભાઈ ચોપાટે રમવા બેઠા. રમતાં રમતાં જસુભાની એક પાકી સોગઠી ઢિબાઈ ગઈ. કુંવરે જસુભાની અંગળી જોરથી દાબી કહ્યું: "યુવરાજ! અત્યારે તો અમારા – લાઠી ભાયાતોના – ગરાસ પૈસા આપી આપીને બાપુ માંડી લ્યે છે, પણ યાદ રાખજો, જેમ બાજરો કઢાવ્યો છે તેમ અમે એ બધાં ગામ પાછાં કઢાવશું, હો !"

જસુભાની આંગળી એટલા જોરથી ભીંસાણી કે લોહીનો ટશિયો નીકળ્યો. એને જઈને બાપુને વાત કરી. ચતુર મહારાજ ચેતી ગયા કે મારો દેહ પડ્યા પછી કુંવર અ છોકરાઓને ગરાસ ખાવા નથી દેવાનો. પણ એ ટાણે તો મહારાજ વાતને પી ગયા.

૬

એક દિવસ મહારાજ શિકારે નીકળ્યા છે; આઘે આઘે નીકળી ગયા. થડમાં જ હનુભાઈનું લીંબડા દેખાતું હતું. લીંબડાની દિશામાં બાવળનું એક ઝાડ હતું; બાકી, આખું ખેતર સપાટ હતું. મહારાજે મર્મવાણી ઉચ્ચારી :

"જેઠા ગોવાળિયા, મેરામ ગોવાળિયા, આખા ખેતર વચ્ચે એક ઠુંઠું ઊભું છે તે બહુ નડે છે, હો !"

"ફિકર નહિ, બાપુ! કાઢી નાખશું." એવો માર્મિક જવાબ ગોવાળિયાઓએ વાળી દીધો. આ જેઠો અને મેરામ બાપ-દીકરા હતા. કાઠી હતા. ગોવાળિયા એની સાખ હતી. જોરાવર હતા. ભાવનગરના અમીરો હતા. હનુભાઈ ઉપર મહારાજથી તો હાથ ન થાય એટલે એમણે આ કામ ગોવાળિયા કાઠીઓને ભળાવી દીધું.

મહારાજ ઘેર આવ્યા. ફરી વાર બોલ્યા : "ગોવાળિયાઓ, મારા વાંસામાં ડાભોળિયું ખૂચે છે, હો !"

તુરત ચાકરો દોડીને પૂછવા મંડ્યા : "ક્યાં છે, બાપુ ? લાવો, કાઢી નાખીએ."

મહારાજ કહે : "ભા, તમે આઘા રહો. તમારું એ કામ નથી."

ગોવાળિયા બોલ્યા : "બાપુ, ડાભોળિયું તો કાઢી નાખીએ, પણ પછી રે'વું ક્યાં ?"

"બાપ, હું જીવું છું ત્યાં લગી તો ભાવનગરના પેટમાં."

ગોવાળિયાને ખબર હતી કે હનુભાઈની ઉપર હાથ ઉપાડ્યે કાઠિયાવાડ હલમલી ઊઠશે, અને ક્યાંય જીવવા નહિ આપે. પણ મહારાજે ભાવનગરનું અભયવચન આપ્યું. ઘાટ ઘડાણો.

જેઠા ગોવાળિયાએ કહ્યું : "પણ, મેરામ, હનુભાઈની હારે બેસીને તો સામસામી કસૂંબાની અંજળિયું પીધી છે, ભાઈબંધીના સોગંદ લીધા છે, અને હવે કેમ કરશું ? મહારાજની પાસેય બોલે બંધાણા !" "બાપુ ! એક રસ્તો સૂઝે છે. ખીજડિયાવાળા લાઠીભાયાતોની સાથે હનુભાઈને મોટું મનદુઃખ છે. આપણે લીંબડા ઉપર ન જવાય, પણ ખીજડિયાનો માલ વાળીએ; હનુભાઈ કાંઈ ખીજડિયાવાળા સારુ ચડવાના નથી. એટલે મહારાજને કહેવા થાશે કે, "શું કરીએ, હનુભાઈ બહાર જ ન નીકળ્યો ! આમ પેચ કરીએ તો સહુનાં મોઢાં ઊજળાં રહે એવું છે."

૭

ત્રણ દિવસ થયાં હનુભાઈ ડેલીએ ડાયરાની સાથે કસુંબા લેવા આવતા નથી. કોઈ પૂછે, તો રાણીવાસમાંથી જવાબ મળે છે કે કુંવર લાઠી પધાર્યા છે; પણ વાત જૂઠી હતી. સાવજને સાંકળીને પાંજરે નાખ્યો હતો. ત્રણ દિવસ પહેલાં પછેગામના કોઈ જોષી આવેલા. એણે ભવિષ્ય ભાખ્યું હતું કે, " આ ત્રણ દિવસમાં તમારે માથે ઘાત છે માટે બહાર નીકળશો મા !"

હનુભાઈ બોલ્યા : "ભટજી ! હું હનુભાઈ ! મોતથી બીને હું રાણીવાસમાં પેસી જાઉં ? ડાયરામાં બેઠા વિના મારે ગળે કસૂંબો શેં ઊતરે ?"

પણ રાણી કાલાવાલા કરવા લાગ્યાં : "ત્રણ દિવસ દેખી-પેખીને શીદ બહાર જવું ? ધીંગાણાનો ગોકીરો થાય તે ટાણે હું આડી ન ફરું, મારા લોહીનો ચાંદલો કરીને વળામણાં આપું. હુંય રજપૂતાણી છું. પણ ઠાલા ઠાલા જોષીનાં વેણને શીદ ઠેલવાં? અમારા ચૂડા સામું તો જરા જુઓ !"

કુંવરનું હૈયું પીગળી ગયું. છાનામાના એ ગઢમાં કેદ બનીને પડ્યા રહ્યા.

આજ એ કાળ-દિવસમાંથી છેલ્લો દિવસ છે. સાંજ પડશે એટલે કુંવરની બેડીઓ તુટશે. કેદમાં પડેલો ગુનેગાર પોતાના છુટકારાની છેલ્લી સાંજની વાટ જોઈ રહ્યો હોય. તેમ, કુંવર વાટ જોતા તલપી રહ્યા છે. એના નખમાંય રોગ નથી. દસે દિશામાં કોઈ જાતના માઠા વાવડ નથી. એ બેફિકર છે. પ્રભાતે ઊઠીને મેડીને પાછલે ગોખે દાતણ કરે છે, ત્યાં નીચેથી કાળવાણી સંભળાણી :

"બંકો હનુભા કસૂંબાની ચોરીએ બસ આમ બાયડિયુંની સોડ્યમાં પડ્યો રે' ?" બરછી જેવાં વેણ કુંવરને કાને પડ્યાં.

કુંવર ડોકું કાઢે ત્યાં નીચે ચારણને દીઠો. આગલે દિવસે આવેલા એ સ્વાર્થી ચારણને કસૂંબાપાણી બરાબર નહિ મળ્યાં હોય, એટલે આજ અત્યારે હનુભાઈને ભાળી જવાથી એણે દાઝ કાઢી. એ ચારણ નહોતો, પણ કુંવરના કાળનો દૂત હતો.

કુંવરે જવાબ દીધો : " ગઢવા ! હું લાઠી ગયો હતો. રાતે મોડે આવ્યો. ચાલો, હમણાં ડેલીએ આવું છું."

પોતે છતા થઈ ગયા ! હવે કાંઈ ભરાઈ રહેવાય છે ?

રાણી કરગર્યા : "અરે, રાજ ! આજુની સાંજ પડવા ધો, પછી તમતમારે કસૂંબાની

છોળો ઉડાડજો ! બધાનાં મે'ણાં ભાંગજો. પણ બે બદામના કાળમુખા ચારણને બોલે કાં મારાં વેણને ઠેલો ! આજ મારું જમણું અંગ ફરકે છે."

પણ કુંવરનું માથું આજ દેહ ઉપર ડગમગતું હતું. એનાથી ન રહેવાયું. એ ડેલીએ ગયા. ડાયરો કસૂંબામાં ગરકાવ છે. ત્યાં કોઈએ આવીને ખબર દીધા કે, ખીજડિયાનો મોલ વાળીને ગોવાળિયા જાય છે. વાંસે વારે ચઢે એવું ખીજડિયામાં કોઈનું ગજુ નથી.

"ઠીક થયું !" ડાયરામાં કોઈ બોલ્યું : "આપણા અદાવતિયાને આજ ખબર પડશે."

"બોલો મા ! એવું બોલો મા ! અદાવતિયા તોય મારા ભાઈ !" – એમ કહેતાં જ હનુભાઈ ઊભા થઈ ગયા. "અમારી નસોમાં એક જ બાપનું લોહી ભર્યું છે. આજ કદાપિ લાજીને એ મારી પાસે ન આવે, પણ હું કેમ બેઠો રહું ? ઘોડી ! ઘોડી ! અરે. કોઈ મારી ઘોડીને અહીં લાવો. મારા ભાઈઓને આજ ભીડ પડી છે."

છોકરો ઘોડી છોડવા ગયો. રાણીજીએ મોતના પડઘા સાંભળ્યા. રાણીજીએ કહ્યું : "એક વાર એને આંહીં મોકલો. એક વાર મોઢું જોઈ લેવા ધો, પછી ભલે જાય, પણ મળ્યા વિના ઘોડી છોડવા નહિ દઉં."

પણ હનુભાઈને અને કાળને છેટું પડે છે. એને ફડકો છે કે રજપૂતાણી કદાચ સ્ત્રી બની જશે, ભોળવી દેશે, સાવજને સાંકળી લેશે. એણે ચીસ પાડી : " ઘોડી ગઈ ઘોળી ! આ વછેરાને પલાણો."

"બાપુ ! હજી તાજો ચડાઉ કરેલો આ વછેરો ધીંગાણામાં કેમ કરીને કબજે રહેશે ?"

"આજ મારું હૈયું મારા કબજામાં નથી. આજ હું પોતે જ મારા કાળના કબજામાં જાઉં છું. મને ઝટ વછેરો આપો !"

વછેરા ઉપર સામાન માંડ્યો. હાથમાં ભાલો લઈને હનુભાઈ ચડી ગયા. જાતાં જાતાં લીંબડાના ઝાંપાને હાથ જોડ્યા. વસ્તીને છેલ્લા રામરામ કર્યા. વાંસે ડાયરો પણ ચડીને ચાલ્યો.

રજપૂતાણીએ ગોખલામાંથી ડોકું કાઢ્યું. પણ હનુભાઈ હવે ગોખે નજર માંડે નહિ.

મારતે ઘોડે કુંવર આકડિયે આવ્યા; આકડિયે વીકાભાઈ ગઢવીને વાવડ પૂછ્યા : "ચોર ગાયુંને કઈ દશ્યે હાંકી ગયા ?" "કુંવર, પછી કહું. પ્રથમ છાશું પીવા ઊતરો."

"ગઢવા, અટાણે – મોતને ટાણે ?"

"પણ તમારે તે માલનું કામ છે કે બસ બાધવાની જ મરજી થઈ છે ?"

"કાં ?"

વીકાભાઈએ વાત કરી : "અહીંથી જ ગોવાળિયા નીકળ્યા હતા; કહીને ગયા કે પડખેના નેરામાં અમે છાશું પીવા બેસીએ છીએ. જો બીજો કોઈ માટી થઈને આવતો હોય તો તો આવવા દેજો, પણ કુંવર હોય તો રોકીને કહેવરાવજો એટલે એકેએક કાન ગણીને આપી દેશું. અમે આજ ન કરવાનો કામો કરી બેઠા છીએ; પણ શું કરીએ ? મહારાજ આગળ જીભ કચરી છે. "

"બસ ત્યારે !" કુંવર બોલ્યા, "મારા હાથ ક્યાં અમથા અમથા ખાજવે છે ? બાકી, મારા ભાઈયુંને માથે હાથ પડે એટલે તો મારે મરવું જ જોવે ને, વીકાભાઈ!"

હનુભાઈ છાશું પીવા રોકાયા. જ્યાં કસૂંબો લિયે છે ત્યાં પાછળથી વાવડ સાંભળીને

એમના ભાઈ ફતેસંગ ફોજ લઈને આવી પહોંચ્યા. એણે જોયું તો કુંવર વીકાભાઈની સાથે શાંતિથી કસૂંબો ઘોળે છે ! ફતેસંગ ન રહી શક્યા. એણે ત્રાડ નાખી : "એ કુંવર ! અટાણેય કસૂંબાનો સવાદ રહી ગયો કે? આ ચારણ તને ગોવાળિયા ભેળો નહિ થાવા આપે ! હું જાણું છું." એમ કહીને એણે તો ઘોડાં વાજોવાજ મારી મૂક્યાં. હનુભાઈએ સાદ કર્યો:

"એ ભાઈ ! ઊભો રહે, જરા સમજી લે ! હું આવું છું."

પણ ફતેસંગ તો ભડભડતી આગ જેવો ચાલ્યો ગયો.

1. * કેટલાક એમ કહે છે કે , આથી ઊલટું , ફતેસંગના વાર્યા હનુભાઈ જ નહોતા રહ્યા.

હાથમાં અંજલિ ભરી હતી તે ભોંય પર ઢોળીને

હનુભાઈ બે હાથ જોડી ઊભા થયા. બોલ્યા:

"બસ. વીકાભાઈ ! હવે હું નહિ જાઉં તો ફતેસંગના કટકા જોવા પડશે. હું જાણું છું કે એ આખાબોલો સખણો નાહિ રહે. મારા નસીબમાં આજ કસૂંબો નથી, ભાઈ ! મારો વછેરો લાવો !"

માણસ વછેરો છોડવા ગયો ત્યાં વછેરાએ બટકું ભરીને એની આંગળીએ લોહી કાઢ્યું. કહે : "કુંવર ! લોહી – ?"

"બસ વીકાભાઈ ! હું જાણું છું, આજ મારે માથે કાળ ભમે છે. પણ હવે હું છટકીને ક્યાં જાઉં ? હવે તો હરિ કરે તે ખરી !"

ચડીને હનુભાઈ ચાલ્યા, પહોંચ્યા. ઢોર બધાં નેરામાં ઊભાં છે. ગોવાળિયા કસૂંબા ઘૂંટે છે. ફતેસંગ પણ પહોંચ્યા છે. હનુભાઈને જોતાં જ ગોવાળિયા બોલ્યા : " ભલે આવ્યા, કુંવર ! કાનેકાન ગણીને લઈ જાઓ. તમારી ઉપર અમારો હાથ ન હોય."

માલને વાળીને ફતેસંગ પોતાનાં માણસો સાથે વળી નીકળ્યા. હનુભાઈ એકલા જ કસૂંબા લેવા રોકાયા. હજી જાણે કાળ એને ગોતતો હોય એવું કુંવરને લાગે છે. એને માથે માથું ડોલે છે.

જેઠા ગોવાળિયાએ પોતાના હાથની અંજલિ ભરી છે. હનુભાઈએ પણ પોતાના હાથમાં કસૂંબો લીધો છે. બેય જણ સામસામા "અરે, વધુ પડતું ! મરી જાઉં બા !" – એમ બોલી રહ્યા છે. એમાં હનુભાઈએ વેણ કાઢી લીધું : " હે ખૂટલ કાઠી !"

"હશે બા ! ગઈ ગુજરી !" જેઠો બોલ્યો. વળી થોડી વારે હનુભાઈએ વેણ કાઢ્યું : "કાઠીનો તે વિશ્વાસ હોય, બા ? કસૂંબો હવે કઈ હોંશે પીવો ? ખૂટલ કાઠી!"

"પત્યુ, ભા ! હવે એ વાત ન સંભારો !"

પણ જ્યાં ત્રીજી વાર કુંવરના મોંમાંથી 'કાઠી ખૂટલ' એવો ઉચ્ચાર નીકળ્યો, ત્યારે મેરામ ગોવાળિયાએ જેઠાના હાથને થપાટ મારી અંજલિ ઉડાડી નાખી અને કહ્યું : "બાપુ, સાંભળતા નથી ? કઈ વારનો જે 'ખૂટલ ! ખૂટલ !' કહ્યે જ જાય છે એને વળી કસૂંબા કેવા ? ઊઠો, બાળો એનું મોઢું !"

હનુભાઈ બોલ્યા : "મેરામભાઈ ! તું સાચું કહે છે; મને મારો કાળ આ બધું બોલાવે છે. આજ તો મારેય રમત રમી નાખવી છે. ઊઠ ! ઊઠ ! સાત વાર કહું છું કે, કાઠી ખૂટલ ! હવે ઊઠ છ કે, નહિ !"

બેય જુવાનો ઘોડે ચડ્યા. બેય જણાએ ઘોડાં કૂંડાળે નાખ્યાં : આગળ મેરામ ને વાંસે

કુંવર; બીજા બધાય બેઠા બેઠા જુએ છે. કુંવર હમણાં મેરામને ઝપટમાં લેશે કે લીધો, લેશે કે લીધો એવી વેળા આવી પહોંચી છે. ભાલાં ખરા બપોરના સૂરજને સામે જવાબ દઈ રહ્યાં છે. આસપાસની ધારો સામા હોકારા કરી રહી છે. ઘોડાની કારમી હણહણાટી અને શત્રુઓના કોપકારી પડકારાએ બે ઘડી પહેલાંના દોસ્તીના સ્થળને રણક્ષેત્ર બનાવી મેલ્યું છે.

મેરામને માથે ભાલો ઝીંકવાની જરાક વાર હતી ત્યારે ચેતીને જેઠો બોલ્યો: “એ કુંવર ! છોકરાની સાથે ? લાજતો નથી ?”

“આ લે ત્યારે ભાયડાની સાથે.” એમ કહીને કુંવરે ઘોડે ચડેલા જેઠાનો પીછો લીધો. આગળ જેઠો, વચમાં કુંવર, પાછળ મેરામ: દુશમનાવટ જાગી ગઈ, મિત્રતા ભુલાઈ ગઈ. બીજા કાઠીઓ પણ ત્રાટક્યા. હનુભાઈનો ભાલો જ્યાં જ્યાં પડ્યો ત્યાં ત્યાં એણે ધરતીની સાથે જડતર કરી દીધું. પણ એક અભિમન્યુને સાત જણાએ ગૂડ્યો, તેમ આખરે કાઠીઓએ એક હનુને ઢાળી દીધો. મરતાં મરતાં કુંવરે આંખોની પાંપણોને પલકારે દોસ્તોને છેલ્લા રામરામ કીધા. કાઠીઓએ કુંવરના મોંમાં અંજલિ ભરીને પાણી રેડ્યું. હનુભાઈના મરશિયા જોડાણા :

કાલીરે સર કુંભ કેતા દી ?
ખત્રવટ ન છોડતો ખનુ,
રાજે વરસ, ત્રીસ લગ રાખ્યો,
હોળીરો, નાળેર હનુ.

કાલીઘેલી નારીને માથે પાણીનો ઘડો કેટલા દિવસ સાજો રહે ? એમ હનુભાઈના ધડ ઉપર માથું પણ કેટલો વખત ટકી શકે ? ત્રીસ વરસ સુધી હનુભાઈને ભગવાને જીવતો રાખ્યો તે તો હોળીનું નાળિયેર બનવાને માટે જ.

અધપતિયાં હૂતો મન આજો,
સૂરા વરસ ના જીવે સાઠ,
લોઢે લીટ મરે લાખાણી,
ગોયલ તણી પટોળે ગાંઠ.

શૂરવીરો કાંઈ સાઠ સાઠ વરસ સુધી જીવે ? એને તો જુવાનીમાં જ મોત શોભે. લાખાજીનો દીકરો હનુભાઈ તો હમેશાં લોઢામાં લીટી જેવો નિશ્ચય કરીને જ મરે; એ લીટો જેમ ન ભૂસાય, તેમ હનુભાઈની પ્રતિજ્ઞા પણ કદી ન લોપાય, ગોહિલોની પ્રતિજ્ઞા તો પટોળાંની ગાંઠ જેવી, એ કાપડગાંઠ જેમ ન છૂટે તેમ ગોહિલોની પ્રતિજ્ઞા પણ ન તૂટે.

બકે હનુ એમ કર બોલ્યો,
અવળા પગ ભરુ કેમ આજ ?
જનારા પગ લંગાર જડાણા,
(મારે) લાઠી તણા તખતરી લાજ,

તાડૂકીને હનુભાઈ દુશ્મનોની સામે બોલ્યો કે હું પાછો પગ કેવી રીતે માંડી શકું ? હું તો જૂનાગઢ જેવો અટંકી રાજનો ભાણેજ થાઉં. મારા પગમાં મોસાળની કીર્તિરૂપ બેડીઓ જડાઈ ગઈ છે. અને બીજી બાજુથી લાઠીના તખ્તની આબરૂ મને રોકે છે. ધીંગાણાથી હું હલીચલી ન

શકું.

હનુભાઈના મૃત્યુ વિષેનું આ લોકરચિત કથાગીત (“બેલડ”)
મળી આવ્યું છે; તે રાસડા તરીકે સ્ત્રીઓ ગાય છે:

રંગ્યા તે રંગ્યા રૂપાના બાજોઠ જો ને,
સાવ રે સોનાનાં સોળે સોગઠાં હો રાજ !

હનુ ફતેસંગ માડીજાયા વીરા જો ને,
ભેરુ ભડીને બેઠા રમવા હો રાજ !

રમ્યા તે રમ્યા બાજીયું બે-ચાર જો ને,
રાયકો આવ્યો ખીજડિયા ગામનો હો રાજ!

વાળ્યું તે વાળ્યું ખીજડિયાનું ધણ જો ને,
જેઠે ગોવાળિયે ધણ વાળિયાં હો રાજ !

કુંવરને કાંઈ ચટકે ચડી રીસ જો ને,
પાસા પછાડી કુંવર ઊઠિયા હો રાજ !

ઘોડારમાંથી રોઝી ઘોડી છોડી જો ને,
ખીંતીએથી લીધાં મશરૂ મોળિયાં રે હો રાજ !

રાણીજીને મેડીએ થિયાં જાણ જો ને,
ફાળું પડી છે રાણીજીના પેટમાં હો રાજ !

ધ્રોડી થોભી ઘોડીલાની વાગ જો ને,
આજે ઘાત્યું છે રાજને માથડે હો રાજ !

ઘેલા તે રાણી, ઘેલડિયાં શાં બોલો જો ને,
વેરી વળાવી હમણાં આવશું હો રાજ !

મેડી ઊતરતાં લપટાયો ડાબે પગ જો ને,
માઠે શુકને તે રાજા નો ચડો હો રાજ !

1. ૧. સાંઢણી-સવાર.
2. ૨. પાઘડી.
3. ૩. દોડી.

ઓશરિયું માં આડી ઊતરી મંજાર જો ને,
ઘોડીએ ચડતાં પડિયાં મશરૂ મોળિયાં હો રાજ !

વારે તે વારે હનુભાનાં માત જો ને,
અવળે અપશુકને કુંવર નો ચડો હો રાજ !

માતા મારાં, કાંઈ ન કરીએ સોસ જો ને,
વેરી વળાવી હમણાં આવશું હો રાજ !

ડેલી જાતાં મળી કાનુડી કુંભારણ જો ને,
હાથમાં ત્રાંબડી એને છાશની હો રાજ !

વારે તે વારે લીંબડા ગામનાં લોક જો ને,
માઠે શુકને રે રાજા મા ચડો હો રાજ !

ઘેલાં તે લોકો, ઘેલડિયાં શાં બોલો જો ને,
વેરી વળાવી હમણાં આવશું હો રાજ !

સીમાડે જાતાં ઊતર્યા આડા સાપ જો ને,
ફોજું માં આયરડા એમ બોલિયા હો રાજ !

અપશુકનનો ન મળે રાજા પાર જો ને,
વાર્યા કરો તો વળો પાછલા હો રાજ !

હું હનુ ભૈ રણજાયો રજપૂત જો ને,
હનુ ચડ્યો તે પાછો ઓ ફરે હો રાજ !

વારનાં ઘેડાં મારગે ચાલ્યાં જાય જો ને,
આડબીડ હાલે હનુભાની રોઝડી હો રાજ !

આકડિયામાં ચારણને થાય જાણ જો ને,
વીકોભૈ ચારણ આડા આવિયા હો રાજ !

કુંવર તમે ચારણનો કરજો તોલ જો ને,
કસૂંબા પીને તે રાજા સંચરો હો રાજ !

1. ૧.રોકે

2. ૨.શોચ
3. ૩.દેગડી

નથી ગઢવા કસૂંબાનાં ટાણાં જો ને,
જાવા દિયે વીકાભૈ તમે આ સમે હો રાજ !

પરાણે કાંઈ ઊતર્યા પલાણ જો ને,
રેડિયા કસુંબા તેણે કાઢિયા હો રાજ !

આવ્યાં આવ્યાં વીકાભૈની માડી જો ને,
આવી પૂછે છે એક વાતડી હો રાજ !

મારાં વાર્યા કરે તમે રોજ જો ને,
મારે વીકાભૈ ધણ લૈ આવશે હો રાજ !

તમે કુંવર ઘડીક ધીરા થાવ જો ને,
ધણ રે વાળી વાકોભૈ આવશે હે રાજ !

આઈ મા તમને લળી લાગું પાય જો ને,
ઘડીયે ખોટી કરો મા આ સમે હો રાજ !

લાજે મારાં સિંહણ કેરાં દૂધ જો ને,
લાજે ગોહેલ ગંગાજળ ઊજળો હો રાજ !

હું હનુભૈ રણુજાયો રજપૂત જો ને,
જુદ્ધે ચડ્યો તે પાછો નો ફરે હો રાજ !

ત્યાંથી હનુભાઈએ રોઝી ઘોડી છોડી જો ને,
જેઠે ગોવાળિયો પડકારિયો હો રાજ !

જેઠિયો કાંઈ લળીને લાગે પાય જો ને,
માફ કરો હનુભૈ આ સમે હો રાજ !

ત્રણ ગાઉને તરભેટે ધણ લાવ્યો જો ને,
હવે વાતુંએ નહિ ઊગરો હો રાજ !

તરવાર્યું નાં બંધાણાં તોરણ જો ને,

ભાલાં ભળકે હનુભાના હાથમાં હે રાજ !

લડે લડે કાઠીડો રજપૂત જો ને,

લડે હનુભા કુંવર વાંકડા હો રાજ !

પાછળ આવી કરેલો પડકારો જો ને,

ફતેશંગે આવા જુદ્ધ જમાવિયાં હો રાજ !

મરાણા કાંઈ હનુ ફતેશંગ વીર જો ને,

રણમાં પડ્યા ફતેશંગ વાંકડા હો રાજ !

મરાણા કાંઈ આયરડા દશબાર જો ને,

લીંબડાધણી પડ્યા રણચોકમાં હો રાજ !

રુએ રુએ લીંબડા ગામનાં લોક જો ને, -

હાટે રુએ રે હાટ વાણિયા હો રાજ !

દાસિયું કાંઈ રુએ છે દરબાર જો ને,

રાણિયું રુએ રે રંગમોલમાં હો રાજ !

આથમિયે કાંઈ લીંબડા ગામને ભાણ જો ને,

મીંઢોળ સોતા ફતેશંગ મારિયા હો રાજ !

૧૫
ભાઈ!

ખાં ભા ગામની એ આયરાણી હતી. આયરાણીને માથે બહુ વસમી વેળા આવી પડી. આાયર મરી ગયા, અને દેશમાં દુકાળ પડ્યો. રાબ વિના છોકરાં રીડિયારમણ કરવા મંડ્યાં. દુખિયારી બાઈના મનમાં પોતાના ભાઈની એક જ ઓથ રહી હતી. પાડોશીને બે હાથ જોડી વિનવણી કરી : “બાપુ, બે દિવસ મારાં ગભરુડાંને ટીપું ટીપું રાબ પાજો, ત્યાં હું મારા ભાઈને ઘેર આંટો જઈને આવતી રહું છું.”

મિતિયાળા ગામમાં પોતાનો સગો ભાઈ રહે છે. ખાંભેથી પોતે હોંશે હોંશે મિતિયાળે ગઈ. ઘરના બારણામાં જ ભાઈને ઊભેલો ભાળ્યો, પણ ભાઈને તે કળજુગે ઘેરી લીધો હતો.

“આ લેણિયાત ક્યાંથી આવી?” એટલું બોલીને આયર ઘરમાં પેસી ગયો. પાછલી છીંડીએ થઈને એણે પલાયન કર્યું . બહેને આઘેથી ભાઈને ભાગતો ભાળ્યો કે એના પગ ભારે થઈ ગયા. તોય દુઃખની મારી બહેન પિયરની ઓસરીએ પહોંચી. ભોજાઈ એ પણ મોમાંથી “આવો” એટલું ન કહ્યું. નેવાં ઝાલીને નણંદ ઊભી રહી. એણે ભાભીને પૂછ્યું :

“ભાભી ! મારો ભાઈ ક્યાં ગયો ?”

“તમારા ભાઈ તો કાલ્યુંના ગામતરે ગયા છે.”

ધરતી મારગ આપે તો સમાઈ જાવાનું બહેનને મન થયું. એણે નિસાસો મૂક્યો. એ પાછી વળી ગઈ. ભાભી કહે : “ રોટલા ખાવા તો રોકાઓ.”

“ભાભી! હસીને જો સોમલ દીધું હોત તોય પી જાત.” એટલું કહીને બહેન તો મૂંગી મૂંગી ચાલી નીકળી. પણ એની આંખમાં શ્રાવણ ને ભાદરવો વરસવા માંડ્યો. બોર બોર જેવાં પાણીડાં પાડતી ચાલી જાય છે. ઝાંપા બહાર ઢેઢવાડો છે. માથે લીંબડાની ઘટા ઝળુંબી રહી છે ને છીંક આવે એવા ચોખ્ખાફૂલ ઓરડાની લીંપેલી ઓસરીએ જબ્બર ડીલવાળો જોગડો ઢેઢ બેઠો બેઠો હોકો પીએ છે. જોગડો બાઈને નાની હતી ત્યારથી ઓળખતો હતો. બહેનને જોતાં જ હરખમાં આવી જઈને રસ્તા ઉપર આડો ફર્યો; પૂછ્યું :

“કાં, બાપ, આમ રોતી કાં જા ?”

“જોગડા ભાઈ ! મારે માથે દુઃખના ડુંગરા થયા છે; પણ દુઃખ મને રોવરાવતું નથી, મારો માનો જાયો ભાઈ મને દેખીને મોઢું સંતાડે છે, ઈ વાતનું મને રોવું આવે છે.”

“અરે, ગાંડી, એમાં શું રોવા બેઠી ? હુંય તારો ભાઈ છું ના ! ઊઠ, હાલ્ય મારી સાથે.”

જોગડો એ બાઈને જીભની બહેન કહી અંદર લઈ ગયો. એક કળશી જુવાર લઈને ગાડું ભર્યું; રોકડી ખરચી આપી, પોતાના છોકરાને કહ્યું : “બેટા, ફુઈને લઈને ખાંભે મૂકી આવ્ય, અને આ દાણા ફુઈને ઘેર ઉતારી મેલજે.”

ગાડું જોડીને છોકરો ફુઈની સાથે ચાલ્યો. વિધવા આયરાણી પોતાના મનમાં આ સંસારનાં સાચજૂઠ ઉપર વિચાર કરતી ચાલી ગઈ. તે દિવસથી જાણે એને પોતાનો ખોવાઈ ગયેલો માજાયો મળ્યો. અંતરમાંથી સંસારનાં ઝેર ઊતરી ગયાં. બહેન ગયા પછી જોગડાની બાયડી આવીને બોલી : “ભગત, મને લાગે છે કે તમારે ને મારે છેટું પડી જાશે.”

"કેમ ?"

“જુઓ, ભગત ! છોકરો જો ખરેખર તમારા જ લોહીનો હશે, તો તે ગાડું ને બળદ એની ફુઈને આપીને આવશે; અને જો મારી જાતમાં કંઈ ફેરફાર હશે તો ગાડું-બળદ પાછાં લાવશે.”

“અરે, મૂરખી ! એવા તે વદાડ હોય ! એ છોકરું, બાપડો એવી વાતમાં શું સમજે ? એ તો મોટેરાંએ કહ્યું હોય એટલું જ કરે ને ? અને આપણે કોઈ દી ક્યાં શીખવ્યું છે કે કહ્યું છે ?”

“ભગત, જો શીખવવું કે કહેવું પડે, તો પછી નવ મહિના ભાર વેંઢાર્યો તેનું મા'તમ શું ?”

બીજે દિવસે છોકરો હાથમાં એકલી રાશ ઉલાળતો ઉલાળતો ઘેર આવ્યો. સાંભળીને પૂછ્યું : “બેટા ! ગાડું-બળદ ક્યાં ?”

“ફુઈને દીધાં.”

"કાં ?"

“બાપા, તમે એના ભાઈ થઈને એને કાપડું દીધું અને હું ફુઈને ફુઈયારું ન આપી આવું ?”

મા બોલી : “રંગ છે, બેટા ! હવે ભગતનો દીકરો સાચો !”

૨

જે ભુજાએ જોગડે દાન દીધાં, તે જ ભુજામાં એક વાર એણે તલવારને રમાડી. તે દિવસ મિતિયાળામાં એભલ વાળાની ગાદી હતી. દુશ્મનોની ફોજે એક દિવસ મિતિયાળું ઘેર્યું અને જોગડો રણ ખેલવા ચડ્યો. મરવાની

આગલી રાતે એની બાયડીએ કેવા કાલાવાલા કર્યા !

સારસ સાજી રાત, વલખે વલખે વાલમ જ્યું,
રહોને આજુ રાત, (અમારી) જોડ વછોડો મા, જોગડા !

જોગડા, તું સારસી (ચક્રવાકી) પંખિણી જેમ આખી રાત પોતાના નરને નદીને સામે કાંઠે સાદ કરતી કરતી ઝૂરી ઝૂરીને રાત કાઢે, તેમ મારી ગતિ કાં કરો ? આજની રાત તો રહો ! આપણી જોડી કાં તોડો ?

પણ જોગડાને તો સહુની મોખરે મરવું હતું – એ કેમ રોકાય ? ધીંગાણું કરીને સહુથી પહેલું એણે પોતાનું લોહી પોતાની જનમભોમને ઝાંપે છાંટ્યું.

ખાંભામાં જોગડાની જીભની કીધેલી આયર બહેન ખોરડાના કરા ઉપર નિસરણી માંડીને ગાર કરતી હતી. ત્યાં કોઈએ ખબર આપ્યા : “તારો ધરમનો માનેલો વીર જોગડો ધીંગાણામાં કામ આવ્યો.”

સાંભળીને બાઈ એ નિસરણીની ટોચથી પોતાના શરીરને ઘા કર્યો, ધબ દેતી નીચે પડી; માથું ઢાંકીને મરશિયા માંડ્યા. માનવીની ને પશુની છાતી ભેદાય તેવા મરશિયા એના મીઠા ગળામાંથી ગળી ગળીને નીકળવા લાગ્યા :

વણકર અને વણાર, નાતે પણ નેડો નહિ,

(પણ) ગણને રોઉં ગજમાર , તારી જાત ન પૂછું જોગડા !

ભાઈ જોગડા, તું લૂગડાં વણવાનું કામ કરનારો ઢેઢ હતો અને હું તો વણાર શાખની આયરાણી છું, નાતજાતના હિસાબે તો આપણી વચ્ચે કાંઈયે સંબંધ નથી, પણ હું તારી હલકી જાત સામે શું જોઉ ? હું તો તારી ખાનદાનીને રડું છું, હે હાથીઓના હણનારા જોદ્ધા !

આયરાણી ગાતી ગાતી રાતે પાણીએ રોવા લાગી. એના વિલાપના સૂર સાંભળી સાંભળીને માણસો ખાતાં ખાતાં બેઠાં થઈ ગયાં; જોગડો બધાયને પોતાના ભાઈ જેવો લાગ્યો. આયરાણીએ જોગડાના ધીંગાણાની કલ્પના કરી.

રાંપીનો રાખણહાર, કલબાં લે વેત્રાણ કિયા,

વીજળી તણો વિચાર, તેં કિ જાણ્યો જોગડા !

હે વીરા જોગડા, તું તો રાંપી લઈને મરેલા ઢોરનાં ચામડાં ચીરવામાં કુશળ કહેવાય. એને બદલે તેં તલવાર લઈને શત્રુઓને ચીરી નાખ્યા. તને તલવાર વાપરવાની યુક્તિ આપોઆપ ક્યાંથી સૂઝી ગઈ ?

વિલાપ આગળ વધે છે, નવી કલ્પનાઓ ઊગે છે. હૈયામાં જાણે હરિ જાગે છે:

આગે છેલ્લી ઊઠતો, પે'લી ઊઠ્યો પાંત,

ભૂંપાંમાં પડી ભ્રાંત, જમણ અભડાવ્યું જોગડા !

હે જોગડા ભાઈ, તું તો ઢેઢ. જમણમાં તારે તો હમેશાં સહુથી છેલ્લે બેસવાનો વારો આવે, પરંતુ આ જુદ્ધરૂપી જમણમાં તું તો પહેલી જ પંગતમાં બેસી ગયો. સહુથી પહેલવહેલો ત્રાટકીને મર્યો. તેં તો બીજા ભૂપતિઓનું ભોજન અભડાવી માર્યું, એટલે કે તેઓની કીર્તિને ઝાંખી પાડી.

આગળ કટક ઓરતો , કોલું આગ કરે ,

એભલ કાંઉ ઓરે, (હવે) જાંગી ભાગ્યો જોગડા !

હે એભલ વાળા દરબાર, તારા સૈન્યરૂપી ચિચોડામાં તું અત્યાર સુધી તો શત્રુઓરૂપી શેરડીના સાંઠાને ઓરતો હતો, પણ હવે તું શી રીતે એ ચિચોડામાં શેરડી ઓરીશ ? કેમ કે એ ચીંચોડાની જાંઘરૂપી જે જોગડો, તે તો ભાંગી ગયેલ છે. ચિચોડો ફરશે જ શી રીતે ?

શંકરને જડિયું નહિ, માથુ ખળાં માંય,

તલ તલ અપસર તાય , જે જધ માચ્યે જોગડા!

1. * આ વિષે બે મત છે ; કોઈ કહે છે કે જે ઢેઢ ચાંપરાજ વાળાની સાથે રહી જેતપુર બાદશાહની ફોજ સામે મર્યો તેનું નામ જોગડો.(જુઓ " રસધાર" ભા. ૧ , " ચાંપરાજ વાળો. ") બીજો મત એમ છે કે , ચાંપરાજ વાળાનો સાથી ઢેઢ નહોતો , ઝાંપડો હતો. જોગડો ઢેઢ તો મિતિયાળે સાત એભલની માંહેલાં એભલની સાથે થયો અને શત્રુની ફોજ સામે મરાયો.

શંકરની ઘણીય ઇચ્છા હતી કે તારા જેવા વીરનું માથું લઈ પોતાની રૂંઢમાળામાં પરોવી લેવું. પણ એને એ માથું યુદ્ધક્ષેત્રમાં હાથમાં જ ન આવ્યું, કેમ કે એને વરવા તો એટલી બધી અપ્સરાઓ ઊતરી હતી કે એ બિચારીઓને એના શરીરનો તલ તલ જેટલો ટુકડો વહેંચી લેવો પડ્યો.

મુંધા માલ મળ્યે, સુંધા સાટવીએ નહિ,

ખૂંધાં કોણ ખમે, જાત વન્યાના જોગડા !

હે ભાઈ જોગડા, ડાહ્યા હોઈએ તો તો જ્યાં સુધી મોંઘી ચીજ આપણાથી લઈ શકાય ત્યાં સુધી સોંઘી ન લઈએ, કારણ કે જાતવંત વસ્તુ હોય તે જ આપણો ભાર ખમી જાણે. તકલાદી હોય તે આપણી ભીંસ કેવી રીતે સહી શકે ? એવી જ રીતે, તારે ને મારે થયું. મારો સગો ભાઈ ભલે સોંઘો એટલે સુલભ હતો પણ ખાનદાન નહોતો, તેથી મારો ભાર ન વેંઢારી શક્યો. અને તું પરનાતીલો હતો – અરે ઢેઢ હતો, છતાંય જાતવંત હોવાથી તેં મને બરાબર કટોકટીને ટાણે ઉગારી.

આયરાણીએ એના વીરને સંભારી સંભારી આંખોનાં આંસુ અને હૈયાના મરશિયા ઠાલવ્યે જ રાખ્યા. એની આંખોના પોપચા ફૂલી ગયાં. એનું જગત ઉજ્જડ થઈ ગયું.

૧૬
કાનિયો ઝાંપડો

મ હારાજને આથમવાનું ટાણું થતું હતું. તે વખતે સીમમાંથી રખોલિયાએ હાંફતાં હાંફતાં આવી સુદામડા ગામે વાવડ દીધા કે સીમાડે ખેપટ ઊડતી આવે છે. માળિયાના મિયાણાનું પાળ એકસામટી સો સો બંદૂકો સાથે સુદામડા ભાંગવા ચાલ્યું આવે છે.

સાંભળીને દરબાર શાદૂળ ખવડના માથામાં ચસકો નીકળી ગયો. આજ એને પોતાની આબરૂ ધૂળ મળવાનું ટાણું આવ્યું લાગ્યું. એના તમામ કાઠીઓ ગામતરે ગયા હતા. ગામમાં ઘરડાં-બુઢ્ઢા વિના કોઈ લડનારો ન મળે. હથિયાર હતાં નહિ, તેમ હથિયાર બાંધી જાણે તેવી વસ્તીયે નહોતી. ઘડીક વાર તો લમણે હાથ દઈને શાદૂળ ખવડ બેસી રહ્યા.

'પાળ આવે છે ! મિયાણાનું મોટું પાળ આવે છે !' એવા પોકાર આખા સુદામડામાં પડી ગયો, અને એ પોકાર સાંભળ્યા ભેળા તો લોકો ઘરમાંથી ધમાકા દેતાં બહાર આવ્યાં. કાઠિયાણીઓ સાંબેલાં લઈ લઈને ઉંબરે ઊભી રહી. છોકરાં તો પા'ણાની ઢગલી કરી શત્રુઓની સામે ધીંગાણું મચાવવા ટોળે વળ્યાં.

કોઈએ કહ્યું કે, "બાપુ મૂંઝાઈને બેઠા છે : હથિયાર નથી, માણસ નથી, ગામ લૂંટાશે. બાઈયુંને માથે તરકડાઓના હાથ પડશે. એટલે બાપુ તલવાર ખાઈને મરશે !"

"અરે માર્યા ! માર્યા ! અમે શું ચૂડિયું પે'રી છે ?" નાનાં નાનાં ટાબરિયાં અને ખોખડધજ બુઢ્ઢા બોલી ઉઠ્યાં. "અને અમે ચૂડલિયુંની પે'રનારિયું શું તાણી કાઢેલ છીએ તે એમ અમારે માથે પારકા હાથ પડવા દેશું ? અમારો ચૂડલો જેને માથે ઝીંકશું એની ખોપરીનાં કાચલાં નહિ ઊડી જાય ? જાવ, બાપુ પાસે, અને એને હરમત આપો. "

વસ્તીના જે દસ-વીસ માણસો હતા તે શાદૂળ ખવડની ડેલીએ ગયા; જઈને હોંકારા કરી ઊઠ્યા કે, "એ આપા શાદૂળ ! એલા શાદૂળો થઈને આમ ક્યારનો વિચાર શું કરછ ? અમારાં ખોળિયામાં પ્રાણ છે ત્યાં સુધી બાપડા મિયાણા શું સુદામડાનો ઝાંપો વળોટી શકે ? અરે, હથિયાર બાંધ્ય. તારા ગામની બાયડિયું કછોટા વાળીને ઊભી થઈ ગઈ છે."

ત્યાં એક વાઘરણ બોલી : "અરે બાપ શાદૂળ ખવડ ! અમે બધાંય તો સુદામડાનાં ધણી છયેં. તે દી લાખા કરપડાએ નીંભણી નદીને કાંઠે ગામ બધાંને શું નહોતું કહ્યું કે, 'સુદામડા તો સમે માથે !' તે દીથી આખી વસ્તી ગામની સરખી ભાગીદાર થઈ છે. તારી ડેલી અને અમારા કૂબા વચ્ચે ફરક નથી રહ્યો. સુદામડાને માથે માથાં જાય તોય શું ? ધણી છૈયેં !"

'હા ! હા ! અમે બધાં સુદામડાનાં સરખે ભાગે ધણી છીએ.' – એમ આખી વસ્તી ગરજી ઊઠી.

સંવત ૧૮૦૬ની અંદર આખું ગામ એક શત્રુ સામે લડ્યું હતું. તે દિવસ થી જ 'સમે માથે સુદામડા' ના કરાર થયેલા. એટલે કે આખી વસ્તીને સરખે ભાગે ગામની જમીનની વહેંચણી થઈ હતી તે વાત ગામની વાઘરણ પણ નહોતી વીસરી.

એક ઝાંપડો પણ એ વખતે ત્યાં ઊભો હતો. 'એલા, છેટો રે'! છેટો રે !' એમ સહુ એને હુડકારતાં હતાં, ત્યાં તો એની સામે આંગળી ચીંધીને એની વહુ કહેવા લાગી: "અને એ શાદુળ બાપુ ! આ મારો ધણી કાનિયો તમને શુરાતન ચડાવવા બૂંગિયો વગાડશે. ઈ યે સુદામડાનો

ભાગીદાર છે. અને રોયા ! સુદામડા સારુ જો તું આજ મરીશ નહિ ને, તો હું તને ઘરમાં નહિ ગરવા દઉં !'

ઝાંપડો હસ્યો, કાંઈ બોલ્યો નહિ, પણ ગળામાં કોટી જેવડો ઢોલ ટાંગીને પોતાના રાઠોડી હાથ વડે તરઘાયો વગાડવા માંડ્યો. એની જોરાવર દાંડી પડી, એટલે જાણે કે આસમાન ગુંજવા લાગ્યું. એનું નામ કાનિયો ઝાંપડો.

"એલા, ગાડાં લાવો, ઝટ ગાડાં ભેળાં કરો." એવી હાકલ પડી. કાનિયાને તરઘાયે કાયરને છાબડે પણ હરિ આવ્યા.

હડેડાટ કરતાં ગાડાં આવી પહોંચ્યાં. ધબાધબ ગામના ઝાંપા બંધ થયા, અને ઝાંપા આડાં આખા ગામનાં ગાડાં ઠાંસી દીધાં. એની આડા દસ દસ માણસો તલવાર લઈને ઊભા રહ્યા. ઝાલર ટાણું થઈ ગયું. ગામનો બાવો ધ્યાન ધરીને ઠાકર મા'રાજની આરતી ઉતારવા મંડ્યો. પાંચ શેર પિત્તળની એ ઊજળી આરતીમાંથી દસ દસ જ્યોતના ઝળેળાટ ઠાકર મા'રાજના મોઢા પર રમવા મંડ્યા. ટપૂડિયાં છોકરાં હાંફતાં હાંફતાં એ ચોરાના તોતિંગ નગારા ઉપર ડાંડીના ઘા દેવા લાગ્યાં. અને બીજી બાજુ ઝાંપા બહાર આછા આછા અંધારામાં નીંભણી નદીને કાંઠે દુશ્મનોની બંદૂકની જામગરીઓ ઝબૂકવા માંડી.

ઓલી વાઘરણનો કૂબો બરાબર ઝાંપાને પડખે જ હતો. એના ઘરમાં શિકાર કરવાની બંદૂકમાં દારૂગોળી ધરબીને જામગરી ઝેગવી વાઘરણે પોતાના ધણીના હાથમાં દીધી અને કહ્યું: "એય રોયા ! તેતર ને સાંસલાં તો રોજ મારછ. તંઈ આજ એકાદ મોવડીને મારીને ગામનું ધણીપણું તો સાચું કરી દેખાડ્ય !"

વાઘરીને ચાનક ચડી. હાથમાં બંદૂક લઈને ગાડાના ગૂડિયા વચ્ચે ગોઠવાઈને એ બેસી ગયો. મિયાણા આવી પહોંચ્યા. મોખરે એનો સરદાર લખો પાડેર ચાલ્યો આવતો હતો. લખા પાડેરના હાથમાં જે જામગરી ઝગતી હતી તેના અજવાળામાં એની રાક્ષસી કાયા બરોબર ચોખ્ખી દેખાતી હતી. એને દેખતાં જ કૂબાને એોટે ઊભાં ઊભાં વાઘરણે વાઘરીને ચીસ પાડી:

" એય પીટ્યા ! જોઈશું રિયો છો ? દે, દે, ઈ મોવડીના કપાળની ટીલડીમાં નોંધીને કર ભડાકો ! ને કાંચલા કરી નાખ્યા એની ખોપરીના. દે ઝટ, ચાર જુગ તારું નામ રેશે."

પણ વાઘરીના હાથ કંપવા માંડ્યા. બંદૂક ફોડવાની એની છાતી ન ચાલી. માથે વીજળી પડી હોય એવો એ ત્યાં ને ત્યાં સજ્જડ થઈ ગયો. તે વખતે એક સુતાર હાથમાં હાથલો લઈને ઊભો હતો. કાનિયાએ તરઘાયા ઢોલ પર ડાંડી નાખી, ત્યાં સુતારનું સત જાગી ગયું. એના મનમાં અજવાળું થઈ ગયું કે, 'હાય હાય ! હુંય સુદામડાનો સરખો ધણી ! અને આવો લાગ જાય !"

એણે દોટ દીધી. વાઘરીના હાથમાંથી ઝૂંટવીને એણે બંદૂક ખભે ચડાવી લખા પાડેરના કપાળ સામે નોંધી, દાગી, અને હુડુડુડુ દેતી ગોળી છૂટતાં વાર જ લખાની ખાપરીમાં 'ફડાક!' અવાજ થયો. હરદ્વારના મેળામાં કોઈ જોરદાર હાથની થપાટ વાગતાં દૂબળા સાધુડાના હાથમાંથી સવાશેર ખીચડી સોતું રામપાતર ઊડી પડે તેમ લખાની ખાપરી ઊડી પડી. જીવતરમાં પહેલી જ વાર હાથમાં બંદૂક ઝાલનારા એ સુતારે રંગ રાખી દીધો.

અને પછી તો 'ધો ! ધો !' એમ દેકારો બોલ્યો. પાડેર પડ્યો અને અંધારામાં મિયાણા આકુળવ્યાકુળ થયા. મનમાં લાગ્યું કે ઝાંપામાં કોણ જાણે કેટલા જોદ્ધા બેઠા હશે. ગોકીરો પણ કાળા ગજબનો થઈ પડ્યો. પથરા છૂટ્યા. મિયાણાઓની જામગરીઓ બંદૂકોના કાનમાં

ચંપાવા લાગી. ભડાકા થયા. પણ ગોળીઓ ઠણણણ દેતી ગાડા સાથે ભટકાઈને ભોંયે પડવા માંડી. તોય એ તો મિયાણાની બંદૂકો ! કંઈકને ઘાયલ કરીને લખા પાડેરની લાશ લેતા કે મિયાણા રવાના થયા.

ઝાંપા ઉપર તો રંગ દાખી દીધો. પણ કાનિયો ઢોલી ગોતે છે કે, 'આપો શાદુળ કયાં ?' ઝાંપે ડંકતા ડંકતા જે ઘાયલો પડ્યા હતા તે કહે : “કાનિયા ! આપા શાદૂળને ગોત, એને બચાવજે.”

કાનિયો ઢોલી ધણીને ગોતવા લાગ્યો.

હાથમાં ઉઘાડી તલવાર લઈને આપો શાદૂળ ગઢની રાંગે રાંગે અંદરથી તપાસતા તપાસતા ચાલ્યા જાય છે. બીજું કોઈ આદમી એની પાસે નથી. એને ફડકો હતો કે ક્યાંક શત્રુઓ ગઢ ઉપરથી ઠેકીને ગામમાં પેસી જાશે.

મિયાણા પણ બહારને રસ્તે બરાબર ગઢની રાંગે રાંગે ચાલ્યા જતા હતા, એવામાં તેઓએ ગઢની દીવાલમાં એક નાનકડું ગરનાળું દીઠું. લાગ જોઈને મિયાણા અંદર પેસવા લાગ્યા, અને પડખે હાડકાંનો એક મોટો નળો પડ્યો હતો, એ ઉપાડીને મિયાણાએ આપા શાદૂળને માથે ઝીંક્યો. મિયાણાના પ્રચંડ ઘાએ આપો શાદૂળ બેહોશ બનીને ધરતી ઉપર ઢળી પડ્યા.

પણ ત્યાં તો ' ધડ ! ધડ ! ધડ ! ! ' – એમ કોણ જાણે એકસામટી કેટલી તલવારના ઝાટકા મિયાણાઓને માથે તૂટી પડ્યા. ભૂતનાથના ભેરવ જેવા કદાવર અને ખૂની મિયાણા, મોટા પહાડને માથેથી પથરા પડે તેમ ધરતી ઉપર પડવા લાગ્યા. આ કોની તલવારો ઝીંક બોલાવે છે તે જોવા ઊંચી નજર કરવાનીયે વેળા નહોતી. 'આ લે ! આ લે ! લેતો જા !' – એમ ચસકા થાતા જાય છે ને તલવારના ઝાટકા પડતા જાય છે શત્રુઓનો સોથ વળી ગયો. સામસામી તલવારોની તાળી બોલી ગઈ પણ કોણ કોને મારે છે તેની અંધારે ગમ ન પડી. મિયાણા ભાગ્યા, અને ભાગ્યા તેટલા પણ દ્વારકાના જાત્રાળુની જેમ સુદામડાની જાત્રાનાં એંધાણ તરીકે તલવારના ઝાટકાની દ્વારકાછાપ લેતા ગયા.

એ છાપો દેનારી ભુજા કોની હતી? એ અંધારામાં કોણ, કેટલા જણા વારે આવી પહોંચ્યા હતા ? બીજું કોઈ નહિ એકલો કાનિયો જ હતો. કાનિયો બાપુને ગોતતો હતો. બરાબર ટાણે એ આવી પહોંચ્યો. બાપુનો બેહોશ દેહ પટકાઈને પડ્યો હતો. તેની જ કમરમાંથી કાનિયે તલવાર ખેંચી લીધી. અને અંધારામાં એની એકલી ભુજાએ પંદર પંદર ઝાટકા સામટા પડ્યા હોય એટલી ઝડપથી તલવાર આછટી. એણે એકલાએ દેકારો બોલાવ્યો. સુદામડાને સહુથી વધુ બચાવનાર એ કાનિયો હતો.

આપા શાદૂળની કળ ઊતરી, એણે આંખો ઉઘાડી. પડખે જુએ ત્યાં પચીસ-પચીસ ઘામાં કટકા થઈ ગયેલો કાનિયો પડ્યો છે.

“બાપુ ! સુદામડા – ” એટલું જ એ બોલી શક્યો. પછી એના પ્રાણનો દીવો ઓલવાઈ ગયો.

સવારે ચોરામાં ડાયરો ભરાણો. મરેલાઓને દેન દેવાની તૈયારી થતી હતી. બધી લાશો સામે પડી હતી. એ ટાણે માણસોનો અફસોસ ઉડાડવા માટે ગઢવીએ પોરસનાં વેણ કાઢ્યાં :

“ખમા ! ખમા તને, આપા શાદૂળ ! આજે તેં કાઠિયાણીની કૂખ ઉજાળી ! જોગમાયાએ સુદામડાનું નાક રાખ્યું. વાહ રણના ખેલણહાર !”

૧

છોહડાં રણભડાં કે' એમ સાદો,

લોહ ઝડાકા બેસલડાં,

ભડ ઊભે ઝાંપો ભેળાયે,

(તો) ભઠ છે જીવન એહ ભડાં.

શાદૂળ ખવડ કહે છે : " હે બળવાન જોદ્ધાઓ, હે તલવારોના સાધેલા નરો, તમે હાજર હો છતાં જો ગામના દરવાજામાં દુશ્મનો દાખલ થઈ જાય, તો એવા શુરવીરોનું જીવતર ધૂળ મળ્યું."

૨

એમ મરદ લુણાઓત આખે,

સણજો ગલ્લાં નરાં સરાં,

નર ઊભે ભેળાય નીગરું,

તો નાનત છે એહ નરાં.

લૂણા ખવડનો પુત્ર શાદૂળ કહે છે કે, "હે પુરુષો, સાંભળજો, કે જો મરદ ઊભો હોય છતાં ગામ લૂંટાય, તો તો એવા મરદને લાંછન હજો."

૩

વળગ્યા ગઢે માળિયાવાળા,

માટીપણારા ભરેલ મિંયા,

પાતે ચકચૂર થિયો પવાડે,

એમ કેક ભડ ચકચૂર કિયા,

માળિયાવાળા મિયાણા લૂંટારા, કે જે મરદાનગી ભરેલા હતા, તે સુદામડાના ગઢ ઉપર તૂટી પડ્યા. એ વખતે બહાદુર શાદુળ ખવડ મરણિયો બન્યો અને બીજા કંઈકને એણે શુરાતન ચઢાવ્યાં.

૪

સાદે ગઢ રાખ્યો સુદલપર,

દોખી તણો ન લાગે દાવ,

એમ કરી કસળે ઊગરિયો,

રંગ છે થાને, ખવડારાવ.

સુદામડાનો ગઢ શાદૂળ ખવડે એવી રીતે બચાવી દીધો. દુશ્મનોને લાગ ફાવ્યો નહિ. એ રીતે શાદૂળ ખવડ, તુંયે ક્ષેમકુશળ ઉગરી ગયો. ખવડોના રાજા, રંગ છે તને.

પોતાના પરાક્રમનું ગીત સાંભળી શાદૂળ ખવડે ઉદાસ મુખે ડોકું હલાવ્યું.

ચારણ પૂછે છે : "કાં, બાપ ! કાંઈ મોળું કહ્યું ?"

"ગઢવા ! કવિની કવિતાયે આભડછેટથી બીતી હશે કે ?"

"કાંઈ સમજાણું નહિ, આપા શાદૂળ!"

"ગઢવા ! તમારા ગીતમાં મારો કાનિયો ક્યાં ? કાનિયાના નામ વિનાની કવિતાને હું શું કરું ?"

ચારણને ભોંઠામણ આવ્યું. એણે ફરીથી સરસ્વતીને સાદ કર્યો. બે હાથ જોડીને એણે દિશાઓને વંદના દીધી, ત્યાં એની જીભમાંથી વેણ ઝરવા માંડ્યાં –

અડડ માળિયો કડડ સુદામડે અફળ્યો,
ભુજ નગર વાતનો થિયો ભામો,
કોડ અપસર તણા ચૂડલા કારણે,
સુંડલાનો વાળતલ ગિયો સામો

માળિયાના મિયાણા સુદામડા ઉપર તૂટી પડ્યા, જાણે કે ભુજ ભણી નગર વચ્ચે યુદ્ધ મંડાયું. એ વખતે રણક્ષેત્રમાં મરીને અપ્સરાઓને પરણવાના કોડથી એક ઝાડુ કાઢનાર ભંગી શત્રુઓ સામે ગયો.

વરતરિયા તણો નકે રીઓ વારીઓ,
ધધુંબ્યો પાળ ને ચડ્યો ઘોડે,'
ઢોલના વગડાવતલ કેમ નવ ધડકીઆ,
ઢોલનો વગાડતલ ગિયો ધોડે.

પોતાની બાયડીનો વાર્યો પણ એ ન રહ્યો. લશ્કર તૈયાર થયું. પોતેય ઘોડે ચડ્યો, અને એની પાસે ઢોલ વગડાવનારાઓ – શૂરવીરોને તો હજી શૌર્ય ચઢતું રહ્યું, ત્યાં તો ઢોલ વગાડનાર પોતે જ રણઘેલો બનીને દોડ્યો.

વીભડા તણાં દળ કરમડે વાઢીઅં,
સભાસર આટકે લોહી સૂકાં,
અપસરાં કારણે ઝાટકે આટકી,
ઝાંપડો પોળ વચ થિયો ઝૂકા.

શત્રુઓનાં ટોળાંને એણે તલવારથી કાપી નાખ્યાં. અપ્સરાઓને વરવાનો ઉત્સાહી એ કાનિયો ભંગી લડીને આખરે શેરી વચ્ચે મર્યો.

ભડ્યા બે રખેહર જેતપર ભોંયરે,
વજાડી આગ ને, આગ વધકો,
રંગે ચડ્યો ગામને, સામે કસળે રિયા,
એટલો કાનિયાનો મરણ અધકો.

અગાઉ પણ બે અછૂતો લડેલા હતા : એક જેતપુરમાં ચાંપરાજ વાળાના યુદ્ધ વખતે ને

બીજો ભોંયરગઢની લડાઈમાં. તે બન્નેએ પણ પોતાના ગામને ખાતર ખડ્ગ વાપર્યાં. પણ કાનિયાનું મરણ તો એથીયે અધિક છે, કેમ કે એક તો એણે ગામને વિજયનો રંગ ચડાવ્યો, ને વળી પોતાના માલિકને એણે કુશળ રાખ્યા.

૧૭

ચમારને બોલે

વાં કાનેરના દરબારમાં આજ રંગરાગની છોળો ઊડે છે. ગઢમાં માણસો તો શું, પણ કૂતરાં-મીંદડાંયે ગુલતાનમાં ડોલે છે. ઓરડામાં વડારણોનાં ગીતો ગાજે છે અને દોઢીમાં શરણાઈઓ પ્રભાતિયાંના સૂર છેડીને વરરાજાને મીઠી નીંદરમાંથી જગાડે છે. દરબારના કુંવર પરણે છે. વાંકાનેરની વસ્તીને ઘેર સોનાનો સૂરજ ઊગ્યો છે.

આખું ગામ જ્યારે હરખમાં ગરકાવ હતું, ત્યારે એક માનવીના હૈયામાંથી અફસોસના નિસાસા નીકળી રહ્યા છે. આખી રાત એણે પથારીમાં આળોટી આળોટીને વિતાવી છે : મટકુંયે નથી માર્યું. જાગીને મનમાં મનમાં ગાયા કર્યું છે કે –

વીરા, ચાંદલિયો ઊગ્યો ને હરણ્યું આથમી રે,

વીરા, ક્યાં લગણ જોઉં તમારી વાટ રે,

મામેરા વેળા વહી જાશે રે.

ડેલીએ જરાક કોઈ ઘોડા કે ગાડાનો સંચાર થાય ત્યાં તો આશાભરી ઊઠી ઊઠીને એણે ડેલીમાં નજર કર્યા કરી છે. પણ અત્યાર સુધી એ જેની વાટ જોતી હતી તે મહેમાનના ક્યાંયે વાવડ નથી.

એ શોકાતુર માનવી બીજું કોઈ નહિ, પણ વરરાજાની ખુદ જનેતા છે. જેનું પેટ પરણતું હોય એને અંતરે વળી હરખ કેવા ? એને તો કંઈક કંઈક રિસામણાનાં મનામણાં કરવાના હોય, સંભારી સંભારી સહુ સગાંવહાલાંને લગ્નમાં સોંડાડવાનાં હોય.

એ બધું હોય, પણ વાંકાનેરના રાજકુંવરની માતાને હૈયે તો બીજી વધુ અણીદાર બરછી ખટકતી હતી. રાજાજી આવી આવીને એને મે'ણાં મારતા હતા : “કાં ! કહેતાં'તાં ને કુંવરના મામા મોટું મોટું મોસાળું કરવા આવશે. કાં ગાંફથી પહેરામણનું ગાડું આવી પહોંચ્યું ને ? તમારાં પિયરિયાંએ તો તમારા બધાય કોડ પૂર્યા ને શું !”

ઊજળું મોં રાખીને રાણી મરકતે હોઠે ઉત્તર દેતાં : “હા ! હા ! જોજો તો ખરા, દરબાર ! હવે ઘડી-બે-ઘડીમાં મારા પિયરનાં ઘોડાંની હણહણાટી સંભળાવું છું. આવ્યા વિના એ રહે જ નહિ.”

પહેરામણીનું ચોઘડિયું બેસવા આવ્યું. ગોખમાં ડોકાઈને રાણી નજર કરે છે કે ગાંફને માર્ગે ક્યાંય ખેપટ ઊડે છે ! ક્યાંય ઘોડાના ડાબા ગાજે છે ! પણ એમ તો કંઈ કંઈ વાર તણાઈ તણાઈને એ રજપૂતાણીની આંખો આંસુડે ભીંજાતી હતી. એવામાં ઓચિંતો મારગ ઉપરથી અવાજ આવ્યો : “ બા, જે શ્રીકરશન !”

સાંભળીને રાણીએ નીચે નજર કરી. ગાંફના ચમારને ભાળ્યો – કેમ જાણે પોતાનો માનો જાયો ભાઈ આવીને ઊભો હોય, એવો ઉલ્લાસ પિયરના એક ચમારને દેખીને એના અંતરમાં ઊપજવા લાગ્યો; કેમ કે એને મન તો આજ આખું મહિયર મરી ગયું લાગતું હતું. એ બોલ્યાં: “ઓહોહો ! જે શ્રીકરશન ભાઈ ! તું આંહીં ક્યાંથી, બાપુ ?”

“બા, હું તો ચામડાં વેચવા આવ્યો છું. મનમાં થયું કે લાવ ને, બાનું મોઢું તો જોતો

જાઉં, પણ ગઢમાં તો આજ લીલો માંડવો રોપાતો હોય, ભામણબામણ ઊભા હોય. એટલે શી રીતે જવાય? પછી સૂઝ્યું ગોખેથી ટૌકો કરતો જાઉં !"

"હેં ભાઈ ! ગાંફના કાંઈ વાવડ છે ?"

"ના. બા ! કેમ પૂછ્યું ? વીવાએ કોઈ નથી આવ્યું ?"

રાણી જવાબ વાળી ન શક્યાં. હૈયું ભરાઈ આવ્યું. ટપ ટપ આંખોમાંથી પાણી પડવા લાગ્યાં. ચમાર કહે : "અરે, બા ! બાપ ! ખમ્મા તમને, કાં કોચવાવ ?"

"ભાઈ ! અટાણે કુંવરને પે'રામણીનો વખત છે. પણ ગાંફનું કોઈ નથી આવ્યું. એક કોરીય મામેરાની નથી મોકલી. અને મારે માથે મે'ણાંના મે વરસે છે. મારા પિયરમાં તે શું બધાં મરી ખૂટ્યાં ?"

"કોઈ નથી આવ્યું ?" ચમારે અજાયબ બનીને પૂછ્યું.

"ના બાપ! તારા વિના કોઈ નહિ."

ચમારના અંતરમાં એ વેણ અમૃતની ધાર જેવું બનીને રેડાઈ ગયું. મારા વિના કોઈ નહિ ! – હાં ! મારા વિના કોઈ નહિ ! હું ય ગાંફનો છું ને ! ગાંફની આબરૂના કાંકરા થાય એ ટાણે હું મારો ધરમ ન સંભાળું ? આ બે'નડીનાં આંસુડાં મારાથી શું દીઠાં જાય ? એ બોલી ઊઠ્યો : "બા ! તું રો તો તને મારાં છોકરાંના સોગંદ. હમણાં જોજે, ગાંફની આબરૂને હું જાતી રોકું છું કે નહિ ?"

"અરેરે ભાઈ ! તું શું કરીશ ?"

"શું કરીશ ? બા, બાપુને હું ઓળખું છું. આજ એની કોણ જાણે કેમ ભૂલ થઈ ગઈ હોય ! પણ હું એને ઓળખું છું. હવે તું હરમત રાખજે હો, મા ! શું કરવું તે મને સૂઝી ગયું છે."

એમ કહીને ચમાર ચાલ્યો. દરબારગઢની દોઢીએ જઈને દરબારને ખબર મોકલ્યા : "ગાંફથી ખેપિયો આવ્યો છે અને દરબારને કહો, ઝટ મોઢે થાવું છે."

દરબાર બહાર આવ્યા. તેમણે ચમારને દેખ્યો; મશ્કરીનાં વેણ કાઢ્યાં , "કાં, ભાઈ ! મામેરું લઈને આવ્યા છો કે ?"

"હા, અન્નદાતા ! આવ્યો છું તો મામેરું લઈને જ."

"એમ ! ઓહો ! કેમ, તમને મોકલવા પડ્યા ? ગાંફના રજપૂત ગરાશિયા શું દલ્લીને માથે હલ્લો લઈને ગયેલ છે ?"

"અરે, દાદા ! ગાંફના ધણીને તો પોતાની તમામ વસ્તી પોતાના કુટુંબ જેવી છે. આજ મારા બાપુ પંડે આવતા હતા, પણ ત્યાં એક મરણ થઈ ગયું. કોઈથી નીકળાય તેવું ન રહ્યું, એટલે મને દોડાવ્યો છે."

"ત્યારે તો મામેરાનાં ગાડાંની હેડ્ય વાંસે હાલી આવતી હશે, કાં ?"

"એમ હોય, બાપા ! ગાંફના ભાણેજનાં મોસાળાં કાંઈ ગાડાંની હેડ્યુંમાં સામે ?"

"ત્યારે ?"

"એ અમારું ખસતા ગામ કુંવરને પે'રામણીમાં દીધું."

દરબારે મોમાં આંગળી નાખી : એને થયું કે આ માણસની ડાગળી ખસી ગઈ હશે. એણે પૂછ્યું : “કાંઈ કાગળ દીધો છે ?”

“ના દાદા ! કાગળ વળી શું દેવો'તો ! ગાંફના ધણીને એમ ખબર નહિ હોય કે જીવતાજાગતા માનવીથીયે કાગળની કટકીની આંઈ વધુ ગણતરી હશે !”

ચમારનાં તોછડા વેણની અંદર વાંકાનેરના રાજાએ કંઈક સચ્ચાઈ ભરેલી ભાળી. આખા ગઢમાં વાત પ્રસરી ગઈ કે ગાંફનો એક ઢોર ચીરનારો ઢેઢ આવીને ખસતા ગામની પહેરામણી સંભળાવી ગયો. રાણીને માથે મે'ણાંના ઘા પડતા હતા તે થંભી ગયા. બીજી બાજુએ ચમારે ગાંફનો કેડો પકડ્યો. એને બીક હતી કે જો કદાચ વાંકાનેરના અસવાર છૂટીને ગાંફ જઈ ખબર કાઢશે તો ગાંફનું ને મારું નાક કપાશે. એટલે મૂઠીઓ વાળીને એ તો દોડવા માંડ્યો. ગાંફ પહોંચીને ગઢમાં ગયો, જઈને દરબારને મોઢામોઢ વેણ ચોડ્યાં:

"ફટ્ય છે તમને, દરબાર ! લાજતા નથી ? ઓલી બેનડી બચારી વાંકાનેરને ગોખે બેઠી બેઠી પાણીડાં પાડે છે. એને ધરતીમાં સમાવા વેળા આવી પહોંચી છે. અને તમે આંહીં બેઠા રિયા છો ? બાપુ ! ગાંફને ગાળ બેસે એનીય ખેવના ન રહી ?”

“પણ છે શું, મૂરખા ?” દરબાર આ મીઠી અમૃત જેવી ગાળો સાંભળીને હસતા હસતા બોલ્યા.

“હોય શું બીજું ? ભાણેજ પરણે છે ને મામા મોસાળાં લઈને અબઘડી આવશે એવી વાટ જોવાય છે.”

“અરર ! એ તો સાંભર્યું જ નહિ : ગજબ થયો ! હવે કેમ કરવું ?”

“હવે શું કરવાનું હતું ? ઈ તો પતી ગયું. હવે તો મારે જીવવું, કે જીભ કરડીને મરવું એ જ વાત બાકી રઈ છે.”

“કાં, એલા ! તારું તે શું ફટકી ગ્યું છે ?”

“હા બાપુ ! ફટકી ગ્યું'તું એટલે જ તમારા થકી મામેરામાં ખસતા ગામ દઈને આવ્યો છું.”

“શી વાત કરછ ? તું આપણું ખસતા દઈ આવ્યો ?”

“હા, હા ! હવે તમારે જે કરવું હોય તે કહી નાખો એટલે મને મારો મારગ સૂઝે.” દરબારનું હૈયું ભરાઈ આવ્યું : “વાહ ! વાહ, મારી વસ્તી ! પરદેશમાંય એને મારી આબરૂ વહાલી થઈ. ગાંફનું બેસણું લાજે એટલા માટે એણે કેટલું જોખમ ખેડ્યું ! વાહ, મારી વસ્તીને મારા ઉપર કેટલો વિશ્વાસ !”

“ભાઈ! ખસતા ગામ તેં તારા બોલ ઉપર દીધું. એ મારે અને મારી સો પેઢીને કબૂલ મંજૂર છે. આજ તારે મરવાનું હોય? તારા વિના તો મારે મરવું પડત!”

ચમારને દરબારે પાઘડી બંધાવી અને ડેલીએ ભાણેજનાં લગ્ન ઊજવવાં શરૂ થયાં. ચમારવાડે પણ મરદો ને ઓરતો પોરસમાં આવી જઈ વાતો કરવા લાગ્યાં : “વાત શી છે ? આપણા ભાણુભા પરણે એનાં મોસાળાં આપણે ન કરીએ તો કોણ કરે ? ધણી ભૂલ્યો, પણ આપણાથી ભુલાય ?”

વાંકાનેરના અસવારે આવીને ખબર કાઢ્યા. ગાંફના ધણીએ જવાબ મોકલ્યો : “એમાં પૂછવા જેવું શું લાગ્યું ? ગાંફની વસ્તીને તો મેં કોરે કાગળે સહિયું કરી આપી છે.”

વરની માતા હવે દાઝ કાઢીકાઢીને વાંકાનેરના દરબાર ગઢમાં લગ્નગીત ગજવી રહ્યાં છે કે–

તરવાર સરખી ઊજળી રે ઢોલા !
તરવાર ભેટમાં વિરાજે રે વાલીડા વીરને,
એવી રે હોય તો પ્રણજો રે ઢોલા,
નીકર સારેરી પરણાવું રે વાલીડા વીરને.

આજે એ ખસતા ગામ તો છેક ભાલમાં ગાંફ રાજની પડખે જ છે, આજુબાજુ ગાંફની જ સીમ છે, અને વાંકાનેર તો ત્યાંથી પચાસ ગાઉ દૂર હશે. છતાં અત્યારે એ ગામ વાંકાનેરને તાબે છે. આજુબાજુ બીજે ક્યાંય એક તસુ જમીન પણ વાંકાનેરની નથી.

૧૮
ઝૂમણાની ચોરી

૫ ચાસ વરસ પહેલાં ખુમાણ પંથકના ખડકાળા ગામમાં કાળા ખાચર નામના એક કાઠી રહેતા હતા. આપા કાળાને ઘેરે આઠ સાંતીની જમીન હતી, પણ એંશી સાંતીના ધણીને પાલવે એવી પરોણાચાકરી પોતાને આંગણે રાખવાનું આપાને બંધાણ થઈ ગયું હતું, એટલે આપો આજ આધેડ અવસ્થામાં પૈસેટકે ડૂબી ગયા હતા. ડેલીએ બેઠાં બેઠાં કસૂંબાની કેફ કરીને કાઠી પોતાનું દુઃખ વીસરતા હતા.

પણ ઓરડે બેઠેલી કાઠિયાણીને તો પોતાની આપદા વીસરવાનો એકેય ઉપાય નહોતો. મહેમાનોનાં ભાણાં સાચવવાં અને મોળપ કહેવાવા ન દેવી, એવી એવી મૂંઝવણો દિવસરાત આઈને ઘેરી લેતી. એમાંય સાત ખોટના એક જ દીકરા લાખાને હવે પરણાવ્યા વિના આરોવારો નહોતો. વેવાઈ ઘોડાં ખૂંદી રહ્યા હતા. વહુ મોટાં થયાં હતાં. પણ વેવાઈની સાથે કાંઈક રૂપિયા ચૂકવવાનો કરાર હતો તે વિઘ્ન હતું.

“કાઠી !” આઈએ આપા કાળા ખુમાણને ધધડાવ્યા. “કાઠી, આમ કાંઈ આબરૂ રે'શે ? તમારું તો રૂંવાડુંય કાં ધગતું નથી ? વેશવાળ તૂટશે તો શું મોઢું દેખાડશો ?”

“ત્યારે હું શું કરું ?”

“બીજું શું ? ભાઈબંધોને ઊભે ગળે ખવરાવ્યાં છે, તે આજ તો એકાદાને ઉંબરે જઈ રૂપિયા હજારનું વેણ નાખો ! આપણે ક્યાં કોઈના રાખવા છે? દૂધે ધોઈને પાછા દેશું."

આપા કાળાને ગળે ઘૂંટડો ઊતર્યો. એણે નજર નાખી જોઈ. મનમાં થયું કે, “વંડે પહોંચું. ભૂવો આયર તો મારો બાળપણનો ભાઈબંધ છે, ઘોડિયાનો સાથી છે. ભગવાને એને ઘરે માયા ઠાલવી છે. લાવ્ય, ત્યાં જ જાવા દે.”

વંડા એ ખુમાણ પંથકમાં એક ગામડું છે. ઘોડીએ ચડીને આપા વંડે ગયા. ભૂવો આયર મોટો માલધારી માણસ હતો. એના ઘરમાં લક્ષ્મીનો વાસ હતો. આપા કાળાને આવે વખતે એ ટેકો આપેય ખરો. પણ જઈને જુએ તો ભાઈબંધ ઘેર ન મળે. ગામતરે ગયેલા.

ઘરમાં આયરાણી હતાં. તેણે આપાને તાણ કરીને રાત રોક્યા. વાળુ કરતાં કરતાં આપાએ વાત ઉચ્ચારી : “બાપ! બેન ! લાખાને વિવા કરવાની ઉતાવળ છે. રૂપિયા હજાર સારુ થઈને મારે જમીન મેલવા ન જાવું પડે તેવી આશાએ હું આંહીં ભાઈને મોઢે થવા આવ્યો, પણ ભાઈ તો ન મળે.”

રસોડામાંથી આયરાણીએ કહેવરાવ્યું : “આયર તો લાંબે ગામતરે ગયા છે.”

“હશે, બાપ, જેવાં મારાં તકદીર. સવારે તો હું વહેલા ઊઠીને ચડી નીકળીશ.”

રાતે બાઈએ વાળંદને કહ્યું : “આપાને માટે હું વાપરું છું તે ગાદલું નાખજે, અને મારો ઓછાડ કાઢી લઈને નવો આછાડ પાથરજે.”

વાળંદ ગાદલું ઢાળીને ઓછાડ ઉપાડે, ત્યાં ગાદલાની અંદર સોનાનું એક ઝૂમણું દેખ્યું. સ્ત્રીઓનો નિયમ છે કે ઊંઘતી વખત ડોકના દાગીના ઉતારીને ઓશીકે મૂકે. બાઈ એ આગલી રાતે ઝૂમણું કાઢીને ઓશીકે મૂકેલું, પણ સવારે ઝૂમણું સરતચૂકથી ગાદલામાં જ રહી ગયેલું.

વાળંદે પથારી કરી. આપાને પોઢાડી, ઝૂમણું સંતાડીને પડખે જ પોતાનું ઘર હતું ત્યાં ચાલ્યો ગયો, જઈને બાયડીને કહ્યું : “આ લે, આ સંતાડી દે.”

“આ ક્યાંથી લાવ્યા ? આ તો માનું ઝૂમણું !” બાઈ ચોંકી ઊઠી.

“ચૂપ રે, રાંડ ! તારે એની શી પંચાત ! ઝટ સંતાડી દે.”

“અરે પીટ્યા, આ અણહકનું ઝૂમણું આપણને નો ઝરે."

હજામે બાયડીને એક થપાટ લગાવી દીધી. ઝૂમણું કઢીના પાટિયામાં નાખ્યું, અને આખો પાટિયો ચૂલાની આગોણમાં દાટી દીધો.

ભળકડું થયું એટલે કાળો ખુમાણ તો બાઈને મોઢે થયા વગર ઘોડીએ ચડીને ચાલી નીકળ્યા. ઘેર જઈ આઠ સાંતીમાંથી ચાર સાંતી જમીન વાણિયાને થાલમાં માંડી દીધી. જમીન માથે રૂપિયા હજાર લીધા અને દીકરાનાં લગ્ન કર્યાં.

૨.

આંહીં, વંડાના દરબારમાં શું બન્યું ? કાળા ખુમાણ સિધાવી ગયા ત્યાર પછી બાઇને પોતાનું ઝૂમણું સાંભર્યું. એણે ગાદલામાં તપાસ કરી, પણ ઝૂમણું ન મળે. વાળંદને બોલાવ્યો; પૂછ્યું : “એલા, ઝૂમણું ગાદલામાં જ હતું એ ક્યાં ગયું ?”

હજામ કહે : “માડી, મને ખબર નથી.”

બાઇ સંભારવા લાગ્યાં : “તઈં કોણે લીધું હશે ?” વાળંદ બોલ્યો : “હેં મા, આપો કાળો ખુમાણ તો નહિ લઈ ગયા હોય ને ?”

“ઈ શું કામ લ્યે ?”

“રાતે વાત કરતા'તા કે દીકરાના લગ્નમાં એક હજાર રૂપિયાની જરૂર હતી.”

”હા, વાત ખરી, પણ કાંઈ છાનામાના લઈ જાય ?”

”એમાં શું, માડી ? મારા બાપુ ને એને ભાઈબંધી ખરી ને ! પૂછીને લેતાં શરમ આવે. મનમાં એમ હોય કે પછી કાગળ લખી નાખીશ. બાપડાને જરૂર ખરી ને ! એટલે બહુ વિચાર નયે કર્યો હોય !”

“હા, વાત તો ખરી લાગે છે.” બાઇને ગળે ઘૂંટડે. ઊતરી ગયો !

થોડે દિવસે ભૂવો આયર ગામતરેથી ઘેરે આવ્યા. બાઈએ એને બધી વાત કહી. ઝૂમણાની વાત એને પણ ગળે ઊતરી ગઈ. એના મનમાં મિત્રને માટે બહુ માઠું લાગ્યું. પણ રૂપિયા એક હજારનું ઝૂમણું ! કળવળથી કઢાવી લેવું જેઈએ. એણે ખેપિયો કરીને કાગળ મોકલ્યો.

ધામધૂમથી દીકરાનાં લગ્ન પતાવીને, જાણે નવ ખંડની બાદશાહી સાંપડી હોય તેવા સંતોષથી કાળો ખુમાણ ડેલીમાં બેઠા બેઠા ડુંઘાની ઘૂંટ તાણતા હતા. દીકરાનાં વહુ કોઈ સારા કુળમાંથી આવેલાં એટલે લગ્નની સુખડીમાંથી જે બાકી વધેલું તેમાંથી રોજ સવારે ને બપોરે સસરાજીને કસુંબા ઉપર ઠુંગો કરવા માટે તાંસળી ભરી ભરી મોકલતાં અને સસરાજી બેઠા બેઠા સુખડી ચાવતા. ચાર સાંતીની જમીન ચાલી ગઈ તેનો કાંઈયે અફસોસ નથી રહ્યો – દીકરો પરણાવીને બાપ જે સંતોષ પામે છે, તેની જાણે જીવતી મૂર્તિ ! ખેપિયે ભરડાયરા વચ્ચે આવીને આપાના હાથમાં કાગળ મેલ્યો. અંદર લખ્યું હતું : “ગાદલામાંથી ઝૂમણું લઈ ગયા છો, તે હવે

જરૂર ન હોય તો પાછું મોકલજો. અને જો ખરચાઈ ગયું હોય તો એની કિંમતના રૂપિયા એક હજાર વેળાસર પહોંચાડજો.”

ભરનીંદરમાં પોઢેલા કોઈ નિર્દોષ માણસને મધરાતે સરકારી સિપાઈ આવીને હાથકડી પહેરાવે, તેમ આપા કાળાને આ કાગળ વાંચીને થઈ ગયું. માનવીને માથે આભ તૂટી પડે એ વાત એને ખરી લાગી. ધરતી જાણે એની નજર આગળ ચકર ચકર ફરવા લાગી. પણ કાઠીનો દીકરો, ઘૂંટડો ગળતાં આવડે. ખેપિયાને જવાબ લખી આપ્યો – લખ્યું : “હા, ઝૂમણું લાવ્યો છું, ઘરેણે મુકાઈ ગયું છે. છોડાવીને થોડા વખતમાં આવું છું.”

બાકીની જે ચાર સાંતીની જમીન રહી હતી તે માંડી કાઠીએ બીજા એક હજાર રૂપિયા ઉપાડ્યા. નવું સોળવલા હેમનું ઝૂમણું ઘડાવ્યું. ઝૂમણું લઈને ઘોડે ચડી એણે વંડાનો રસ્તો લીધો. રસ્તે ચાલતાં એને વિચાર આવે છે કે, “આ ઝૂમણું અમારું નહિ, એમ કહેશે તો ! ઝૂમણા ઉપરવટ કાંઈ રકમ માગશે તો ? તો આ ઘોડી આપીશ. અને એટલેથી પણ નહિ માને તો ? એથીય એના ઝૂમણાની વધારે કિંમત માગશે તો ? મરીશ !” પડખામાં તલવાર તૈયાર હતી.

ડેલીની ચોપાટમાં ભૂવો આયર બેઠા હતા. તેણે ઊઠીને હાથ લંબાવ્યા : “ઓહોહો ! આવો, આવો, કાળા ખુમાણ ! પધારો.” એમ આવકાર દીધો, બેસાડ્યા.

ઉતાવળા થઈને કાળા ખુમાણે તો ફાળિયાની ગાંઠ છોડવા માંડી; બોલ્યા : “ભાઈ ! આ તમારું ઝૂમણું, સંભાળી લ્યો.”

"ઊભા રહો. ઊભા રહો. ડાયરાને કસૂંબા લેવા બોલાવીએ. ઝૂમણાની ક્યાં ઉતાવળ છે, આપા કાળા?”

કાળા ખુમાણના રામ રમી ગયા. એને પૂરેપૂરો ધ્રાસકો પડી ગયો કે ભાઈબંધ આજ ભરડાયરામાં મારું મોત ઊભું કરશે.

દરમિયાનમાં વાળંદ ત્યાંથી સરકી ગયો.

ડાયરો ધીમે ધીમે ભરાવા લાગ્યો, તેમ તેમ કાળા ખુમાણના ટાંગા તૂટવા મંડયા. હવે વાર નહોતી. ત્યાં ભૂવો આયર ઊભા થઈને પડખાની એક પછીતે નાડાછોડ કરવા બેઠા. અચાનક એના કાન ચમકયા. પછીતની અંદર આ પ્રમાણે વાતો થતી હતી :

“કાં રાડ ? કે'તી'તી ને કે નહિ જરે ?”

"શું છે ?"

“ઝૂમણું ઘડાવીને લાવ્યો.”

"કોણ ?"

“તારો બાપ – કાળો ખુમાણ.”

“અરરર ! પીટ્યા, કાઠીનું મોત ઊભું કર્યું !”

પેશાબ કરતો કરતો ભૂવો આયર ઠરી ગયો. “હાય હાય! હાય હાય !” – એવા ઊના હાહાકાર, ધમણે ધમાતી આગના ભડકાની માફક, એના હૈયામાં ભડભડી ઊઠ્યા. માથાની ઝાળ વ્રેહમંડે લાગી ગઈ. એ ઊભો થયો. એ પરબારો વાળંદના ઘરમાં ગયો. વાળંદ ઊભો ઊભો વાતો કરતો હતો, ત્યાં આયરે એના ગાલ ઉપર એક અડબોત લગાવી દીધી. પોતે પાંચ આંગળીએ સોનાના વેઢ પહેરેલ હતા એની વાળંદના ગાલ ઉપર છાપ ઊઠી આવી. વાળંદે ચીસ

પાડી : "એ અન્નદાતા ! તમારી ગૌ !" "કાઢ્ય, ઝૂમણું કાઢ્ય, નીકર કટકા કરી નાખું છું."

આગોણમાંની ખોદીને વાળંદે કઢીનો પાટિયો કાઢ્યો; અંદરથી ઝૂમણું કાઢ્યું. એ જ ઝૂમણું ! ખૂબ કાળું પડી ગયેલું હતું. ફાળિયામાં વીંટી બગલમાં દાબી, ભૂવો ડાયરામાં આવીને બેઠો. કસૂંબો તૈયાર થયો એટલે નોકરને કહ્યું : " જા ઓરડે, ઓલ્યું જોડ્યવાળું ઝૂમણું લઈ આવ્ય."

કાળા ખુમાણનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. ઝૂમણું ગઢમાંથી આવ્યું, સામે મુકાણું. પછી મોં મલકાવીને ભૂવો આયર બોલ્યો : "આપા કાળા, લ્યો કાઢો ઓલ્યું, તમે લઈ ગ્યા'તા ઈ ઝૂમણું."

કાળા ખુમાણે ઝૂમણું કાઢ્યું. એના હાથ કંપતા હતા. ડાયરાના એકબે ભાઈઓ બોલી ઊઠ્યા : " કાં આપા, અફીણનો બહુ ઉતાર આવી ગયો છે તે ધ્રૂજો છો ?"

ભૂવો આયર બોલ્યો : "હા, હા, આપાને મોટો ઉતાર આવી ગયો છે ! હમણાં કસૂંબો પાઈએ."

કાળા ખુમાણની આંખે અંધારાં આવ્યાં. ભૂવો ઝૂમણું ઊંચું કરીને બોલ્યો : " ડાયરાના ભાઈઓ, અમારા ઘરમાં આવાં બે ઝૂમણાં હતા. તેમાંથી એક આપો કાળા ઉપાડી ગયેલા."

ચમકીને ડાયરાએ પૂછયું : "હે ! ક્યાંથી ?"

"ગાદલાના બેવડમાંથી. કેમ ખરું ને, આપા ?"

"અને ભાઈઓ, આપો અમારા બાળપણના ભાઈબંધ થાય છે, હો !"

"અરર !" ડાયરામાં ચીસ ઊઠી.

"આપાને ઉઘરાણી લખી એટલે આ હલકી કિંમતનું ઝૂમણું ઘડાવીને લઈ આવ્યા, ને ઓલ્યું હજાર રૂપિયાનું ઝૂમણું ગળત કરી ગયા." "ભૂવા ભાઈ, આ મારી ઘોડી." કાળા ખુમાણનો સ્વર તૂટી ગયો.

ધીરે રહીને ભૂવા આયરે પોતાની બગલમાંથી ફાળિયું લીધું. ઉખેળીને અંદરથી ઝૂમણું કાઢયું. ત્રણે ઝૂમણાં ડાયરાની વચ્ચે ફગાવ્યાં; બોલ્યો : " લ્યો બા, હવે જોડ્ય મેળવો તો ?"

ડાયરો સજ્જડ થઈ ગયો : અખંડ જોડનાં બે ઝૂમણાં ને ત્રીજું નવીન ! શું થયું ?

આયરની આંખમાંથી આંસુની ધાર હાલી. હિમાલય રુએ ત્યારે એનાં નેત્રમાંથી ગંગા ને જમના વછૂટે. કાળા ખુમાણના પગની રજ લઈને એ બોલ્યો : "કાઠી, ધન્ય હોજો તારી માને ! અને મારી માને માથે – ના, મારી માનો શો વાંક ? મારે પોતાને માથે એક હજાર ખાસડાં હોજો ! ડાયરાના ભાઈઓ, આજ આ લાખ રૂપિયાના ગલઢેરાનું મોત બગાડવા હું ઊભો થયો'તો. મારી બાયડીએ એક વાળંદનું કહ્યું માન્યું ! પણ બાયડીને શું કહું ! મેં પોતે જ આવું કાં માન્યું ? પેશાબ કરવા હું ઊભો ન થયો હોત, તો આજ આ કાઠીને અફીણ ઘોળવું પડત ને !"

પછી પોતે કાળા ખુમાણને બે હાથ જોડી કહ્યું : "ભાઈ ! નવું ઝૂમણું તો તમારું જ છે. અને આ બેમાંથી એક રૂમણું મારી બે'નને કાપડામાં : આ રૂપિયા એક હજાર ભાઈને વધાવાના : ના પાડે એને જોગમાયાના સાગંદ છે."

આજ એ બેય જણાની ત્રીજી પેઢી ચાલે છે.

૧૯
અભો સોરઠિયો

સો રઠ દેશને દખણાદે કિનારે, માલણ નદીના કાંઠા ઉપર, મહુવા નામનું બંદર આવેલું છે. અરબી સમુદ્રનાં આસમાની મોજ રાતદિવસ મહુવાની ધરતીનાં વારણાં લીધા કરે છે. દરિયાની ગુંજારવ આઠે પહોર એ નગરીના લોકોને કાને સંભળાતો રહે છે. તે દિવસ તો માલણ નદી સેંજળ વહેતી હતી. એનાં પાણી મહુવાને થપાટો મારતાં હતાં; પણ આજે માલણમાં એકલો વેકરો ધખધખે છે.

આજથી દોઢસો વરસ પૂર્વે આ રઢિયાળા બંદરને માથે ત્રણસો પાદરનો વાવટો ફરકતે. એ ત્રણસો ગામડાંની ઉપર જસા ખસિયા નામના રજપૂત-કોળી રાજાની આણ ફરતી હતી. મહુવાની બે દિશાઓમાં પંદર પંદર ગાઉના પલ્લા પકડીને ગીચ ઝાડી ઊભી હતી. નેવુ નેવુ હાથને માથે ડોકાં કાઢીને સાગરના દરિયાનાં જૂથ આકાશની સામે માથાં ઝુલાવતાં, નાળિયેરીઓ સામસામાં ઝુંડ બાંધીને સૂરજનાં અજવાળાંને રોકી રહી હતી, અને એકબીજાના આંકડા ભીડીને ઊભેલાં કંઈક કાંટાવાળાં ઝાડઝાંખરાંની ને ડાળડાળીઓની એવી તો ઠઠ લાગેલી કે માંહીંથી સસલું જાય તો એની ખાલ ઉતરડાઈ જાય. નવ નવ હાથ લાંબા, ડાલામથ્થા સિંહ જ્યારે એ ઘટામાં કારમી ડણકો દેતા, ત્યારે એ નેસના ડુંગરા હલમલી હાલતા.

1. * ભાવનગર રાજ્યે પોતાની નાળિયેરીઓના વાવેતર માટે નદીનું વહેણવાળી લીધું છે.

કુદરતે મહુવાને એવા કુદરતી ગઢકિલ્લા આપ્યા હતા.

ભાવનગરના લોંઠકા ભોપાળ આતાભાઇએ આ ફૂલવાડી જેવા પરગણા ઉપર ત્રણ-ત્રણ વાર નજર નાખી હતી. ત્રણ-ત્રણ વાર એની ફોજ જસા ખસિયા ઉપર ચડી હતી, પણ કાંઈ કાર ફાવ્યો નહિ. સૂરજનું કિરણ પણ ન પેસી શકે એવી કાંટાળાં ઝાડની ઝાડીમાં તો કીડીઓનું કટક કર્યા વિના પેસાય તેવું નહોતું.

*

ભરતીનાં પાણી પાછાં વળી જતાં ત્યારે અરબી સમુદ્રમાંથી એ ઉઘાડી પડેલી ભૂમિમાં, મહુવાને કિનારે, પાંચ રૂપાળા વીરડા દેખાતા હતા. એક વાર એ વીરડાને ઉલેચી નાખવાથી પાંચેની અંદર મીઠાં અમૃત જેવાં નીર છલકાતાં. ખારા સાગરની આ મીઠી વીરડીઓની જાત્રા કરવા દેશપરદેશનાં ઘણાં જાત્રાળુઓ આવતાં, અને જસા ખસિયાને દાણ ભરીને પછી એ પાણીથી સ્નાન કરતાં.

મહુવાના પાડોશમાં દાઠા નામનું એક પરગણું છે. તે સમયમાં દાઠાની ગાદીએ ગોપાળજી સરવૈયા નામના ઠાકોર હતા. ગોપાળજી સરવૈયા મહુવાના ખારા સાગરની મીઠી વીરડીઓની જાત્રા કરવા આવ્યા. ખસિયા રાજાએ ગોપાળજી પાસે દાણ માગ્યું.

મૂછો મરડીને ગોપાળજી કહે : “મારું દાણ ? હું દાઠાનો ધણી.”

“દાણ તો દેવું પડશે - રાજા હો કે રાંક.”

“મારું દાણ હોય નહિ. હું ભાવેણાના ધણી આતાભાઈનો મામો.”

“એમ હોય તો ફોજ લઈને આવજો, અને વિના દાણ સ્નાન કરી જાજો.” ધમેલ ત્રાંબા

જેવી આંખો કરીને ગોપાળજી સરવૈયો વળી ગયો. ભાવનગરમાં ભાણેજ પાસે જઈને મામા કહે: "બાપ, મહુવા અપાવી દઉં; સાબદો થા."

"અરે, મામા ! મહુવા તે કોણીનો ગોળ કહેવાય. પાંચ-પાંચ ગાઉના પલ્લા પકડીને અંધારી ઘોર કાંટ્ય ઊભી છે, જેમાં માનવી તો શું, પણ સૂરજનું અજવાળુંય ન પેસે. એમાં થઈને સોંસરવી આ સેના શી રીતે નીકળે ?"

"બાપ, મારગ દેખાડું. બાકીની કાંટ્ય કાપી નાખીએ."

ચાર હજાર કુહાડા લઈને આતાભાઈની ફોજ ઊપડી. મામાએ માર્ગ બતાવ્યો. ચાર હજાર કુહાડીવાળા ઝાડ કાપતા જાય અને ફોજ આગળ વધે. જોતજોતામાં તો ઝાડી હતી ત્યાં મેદાન કરી મૂકીને મહુવાના પાદરમાં સેના આવી પહોંચી. ગામ ફરતે ગઢ હતો તેને માથે હડુડુડુ ! હડુડુડુ ! હડુડુડુ ! કરતી દસ-દસ તોપો સામટી વછૂટી. ગઢ તૂટવા લાગ્યો. મૂંઝાઈને જસા ખસિયાએ સંધિનું કહેણ મોકલ્યું. ઈ. સ. ૧૭૮૪ની સાલ હતી.

ભાવેણાનો નાથ બોલ્યા : "અમારે કાંઈ મહુવા કબજે નથી કરવું; પણ જીભ કચરીને આવ્યા છીએ માટે થોડા દિવસ તો દરબારગઢમાં રહીને દરિયાની લહેરો ખાવી જોશે. આજુબાજુની શોભા જોશું. ખિસિયાને કહો કે થોડા દિવસ ગઢ ખાલી કરી આપે."

ચાર જણાનું પંચ નિમાણું : શકરગરજી સાધુ, બીજા દયાશંકર ગોર, ત્રીજા ગોપાળજી મામો ને ચોથો જસા ખસિયાનો કામદાર અભો વાણિયો. "દસ દિવસે આતોભાઈ મહુવા ખાલી કરી જાય, અને ન ખાલી કરે તે અમે ચારે જણ ખોળાધરી લઈએ છીએ."

મહુવા ખાલી કરી દઈને જસો ખસિયો પોતે સેદરડા ગામમાં જઈને રહ્યો. આંહીં આતાભાઈ એ સેના સહિત ગામનો કબજો લીધો. કિલ્લાના કાંગરે ભાવેણાના નાથની ધજાઓ ફડાકા દેવા લાગી. ગોહિલરાજે કિલ્લાને માથે ચડીને દસે દિશાએ નજર નાખી ત્યાં તો લકૂંબઝકૂંબ લીલુડાં આંબાવાડિયાંએ એની આંખોમાં લોભનું આંજણ આંજી દીધું. મોરલાના મલારે અને કોયલોના ટહુકારે એના કાનમાં સ્વાર્થનું હળાહળ રેડી દીધું : "હાય હાય ! નંદનવન જેવી આ સમૃદ્ધિને શું કોળો ભોગવશે ? આવી કામણગાર ધરતીને શું કોળો ધણી ગમતો હશે ? અહાહાહા ! મહુવા વગરનું મારું ભાવેણું લૂખું લૂખું !"

"અને બાપુ !" હીરાજી કામદાર બોલી ઊઠ્યા : "ભાવેણાના નાથની ધજા ચડી તે શું હવે ઊતરશે ? અપશુકન કહેવાય."

"ત્યારે શું કરશું, કામદાર ?"

"મહુવા નથી છોડવું, બીજું શું ?"

"પણ દગો કહેવાશે."

"દગો શેનો ? આપણી જીત થઈ છે ને !"

"પણ ચાર પંચાતિયાનું શું કરશું ?"

"એ હું કરીશ. એ ચાર જણા પણ માનવી જ છે ને!"

દસ દિવસને સાટે તો બે મહિના વીતી ગયા, પણ મહારાજ મહુવામાંથી સળવળતા નથી. જસાએ પંચને કહેવરાવ્યું. પચ માંહેલા શંકરગરજીએ જઈને મહારાજને કહ્યું : "દરબાર, ગામ ખાલી કરો. જુઓ, હું અતીત છું; મારો ભગવો ભેખ જોયો ? મારા તમામ ચેલાને લઈને હુ તમારા ઉંબરે લોહી છાંટીશ. બાવાની હત્યા લેવી છે ? નીકર બહાર નીકળો."

મહારાજાએ આ બાવાજીને ગોપનાથનાં પાંચ ગામ લખી આપ્યાં; બાવાનું મોં ભરાઈ ગયું, એનો ભગવો ભેખ વેચાઈ ગયો ! એણે તો જઈને જસા ખસિયાને કહ્યું : "મહારાજ નથી નીકળતા. અમે શું કરીએ, ભાઈ? અમારી પાસે કાંઈ ફોજ નથી તે લડીએ. તમે કહો, તો લોહી છાંટીએ."

"ના, બાપ !" જસો બોલ્યો : " સાધુની હત્યા મારે નથી લેવી. તમે તમારે ગોપનાથને કાંઠે બેસીને લીલાલહેર કરો."

બીજો વારો આવ્યો દયાશંકર ગોરનો. એ બ્રાહ્મણનું બ્રહ્મતેજ પલક વાર તો બાળી નાખે તેવી વરાળ કાઢવા લાગ્યું. પણ મહારાજાએ એને વીજપડી નામનું ગામ માંડી આપ્યું, એટલે અગ્નિની ઝાળ શમી ગઈ. બ્રહ્મતેજ વેરાઈ ગયાં. જસાને એણે કહ્યું : "આતોભાઈ મારું નથી માનતો; અમે શું કરીએ, ભાઈ?"

જસો બોલ્યો : "ગોર દેવતા ! તમેય છૂટા."

એક ચારણ પણ જામીન થયો હતો. એણેય કટાર કાઢીને પેટ નાખવાનો ડર દેખાડ્યો : એને મહોદરીનાં ત્રણ ગામ આપીને ચૂપ કર્યો.

૨.

જસાએ અભા કામદારને પૂછયું : "અભા ! શું કરવું ?"

"બાપદાદાનો આખરી ધરમ : બહારવટું. બીજુ શું ?"

"પણ પહોંચાશે ? જો તો ખરો – એની તોપો મહુવાના ગઢની રાંગ ઉપર બેઠી બેઠી મોં ફાડી રહી છે."

"પહોંચવાની વાત નથી; મરદની રીતે મરવાની વાત છે."

"મરું તો વાંસે મારાં બાયડી-છોકરાં ?"

"મારા માથા સાટે. તારું અન્ન હજી મારા દાંતમાં છે. લૂણહરામી નહિ થાઉં. હું સોરઠિયાણીને પેટ ધાવ્યો છું." બસો ઘોડેસવારો લઈને જસો ખસિયો મહુવાને માથે બહારવટું ખેડવા મંડ્યો અને કાયામાં પ્રાણ રહ્યા ત્યાં સુધી એણે આતાભાઈને મહુવાના દરબારગઢમાં સુખની નીંદર કરવા ન દીધી. આખરે, એનો દેહ પડ્યો, માણસો વીંખાઈ ગયાં. ફક્ત ત્રણ જ જણાં બાકી રહ્યાં : જસાની રાણી, નાનો એક છોકરો અને અભો કામદાર. પોતાના અન્નદાતાની ઓરતને અને દીકરાને એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંતાડતો સંતાડતો અભો વાણિયો રઝળ્યા કરે છે. પોતાની પાસે જે મૂડી હતી તે ખરચી ખરચીને પોતાના બાળારાજાને નભાવી રહ્યો છે અને મહારાજા આતાભાઈની સાથે વિષ્ટિ ચલાવે છે કે, "હવે જસો ખસિયો તો મરી ગયો. હવે આ બાળકને ઠરીને બેસવાનું ઠેકાણું કાઢી આપો. બીજુ કાંઈ નહિ તો લીલિયા પરગણું આપો. શુરવીરાઈના હક્ક દગાથી ડુબાવો મા. ભાવનગરના ધણીને લીલિયું ભારે નહિ પડે."

પણ મહારાજ ન માન્યા. બરાબર પાંચ વરસ વીતી ગયાં. અભાને ગઢપણે ઘેરી લીધો, એની ડોકી ડગમગવા લાગી. માથું, મૂછો અને આંખનાં નેણ-પાંપણ પણ રૂની પૂણીઓ જેવાં ધોળાં બની ગયાં. એક વાર સાંજરે એ વૃદ્ધ કામદાર પોતાના સાત વરસના ધણીને ખોળામાં લઈને બેઠો હતો, ધણીનાં લૂગડાં ઉપરથી ધૂળ ખંખેરતો હતો અને માયાભર્યા સ્વરથી પૂછતો હતો : "કાં બાપા, રમી આવ્યા ? વાહ, મારો બાપો ! ભારે બહાદર ! લોંઠકાઈ તો બાપુના જેવી જ, હો !"

નાનો કુંવર ગર્વ પામીને એની કાલી કાલી વાણીમાં પડકારા દેતો : “કામદાર, આજ મેં ઓલ્યા છોકરાને હરાવી કાઢ્યો. ઓલ્યો મારાથી મોટો; એનેય મેં પાડી દીધો. ”

“અરે રંગ રે રંગ, બાપલિયા !” બરાબર સાંજ નમેલી. સૂરજ મહારાજ મેર બેસતા હતા. રાજા અને કામદાર સંસારથી આઘેરા જઈને જાણે સાચો આનંદ લૂટતા હતા. જાણે આખા જગતનું એકચક્રી રાજ મળ્યું હોય તેવા તોરથી રાજા-કારભારીની રમત રમાતી હતી. તે વખતે બાળકની વિધવા માતાએ ઓરડામાંથી વજ્ર-બાણ છોડ્યાં :

“બાપ કામદાર, શીદને આમ ફોસલાવવાં પડે છે ? હવે અમારી મરેલાંની મશ્કરી કાં કરો છો, ભા ? છોકરાને કંઈક દા'ડીદપાડી કરતાં શીખવા ધો ને ! હવે અમને ક્યાં સુધી આમ ધૂળ મેળવવાં છે ? ક્યાં સુધી આશા દીધા કરશો ? કોણ જાણે માણસનાં પેટ કેવાં મેલાં થાય છે ! બધાય બદલી ગયા. અરે ભગવાન !”

ટપક ! ટપક ! અભાની વૃદ્ધ આંખોમાંથી ઊનાં-ઊનાં આંસુનાં ટીપાં ટપકીને પોતાના ખોળામાં બેઠેલા કુંવરના માથા પર પડવા લાગ્યાં. સાચો રાજ્યાભિષેક થઈ ગયો. રાજમાતાએ જેટલાં વેણ કહ્યાં તેટલાં એણે મૂંગે મોઢે સાંભળી લીધાં; સામો ઉત્તર ન વાળ્યો. રાત પડી ગઈ. આકાશનાં ચાંદરડાં ઘડીક ઝગતાં ને ઘડીક વળી ઓલવાતાં આંખમીંચામણીની રમત રમતાં હતાં. પોતાનો નાનો ધણી પોતાના ખોળામાં જ પોઢી ગયો હતો. એવી મોડી રાતે એક ફાટેલી પથારીમાં બાળકને સુવાડીને પછી અભો ઘેર ગયો.

સવાર પડ્યું. કામદાર આવ્યા નહિ. ખબર કઢાવી. કામદાર રાતના ઊઠીને અલોપ થયા હતા. ક્યાં ગયા તે કોઈ ન કળી શકયું.

૩

બરાબર બપોર તપતા હતા. ભાવનગરના રાજમહેલમાં છેલ્લી અટારીએ ઠાકોર આતાભાઈ બેઠા હતા. ગાદી માથે બાળકુંવર વજેસંગજી ખેલતા હતા. બાજુએ ભા દેવાણી અને જસોભાઈ વજીર બેઠેલા હતા. બારીએ બારીએ જ્વાસાની ટટ્ટીઓ બંધાઈ ગઈ હતી, પાણી છંટાતાં હતાં, સુગંધી હવાના હિલોળા છૂટતા હતા, ચંદનના લેપ થઈ રહ્યા હતા. રૂપાની ઝારીમાંથી દૂધિયાં પિવાઈ રહ્યાં હતાં. અચાનક મેડીનાં પગથિયાંમાંથી ધબ ! ધબ ! મોટા ધબકારા ગાજી ઉઠ્યા. ભાવેણાનાથની નિસરણીએ આવો કાળા માથાનો કોણ માનવી ચડી રહ્યો છે ? મહારાજ અને એના બે સાથીઓ ચોંકી ઊઠ્યા. કાળી રાડ સંભળાણી કે “ક્યાં છે તમારો ઠાકોર? હિસાબ કરવા આવ્યો છું.”

ઊભા થઈને જોવાની હિંમત કોઈ કરે ત્યાં દાદર ઉપર ધોળા વાળથી વિભૂષિત માથું દેખાણું, રાતીચોળ આંખો દેખાણી, ખેંચાઈને ભેળી થઈ ગયેલી ધોળી ભ્રકુટી દેખાણી. અરરરર ! આ તો અભો ! કાળસ્વરૂપ વાણિયો !

“કાં મહારાજ ! ભાવનગરના ધણી ! બોલો, જસા ખસિયાના કુંવરનું શું ધાર્યું છે? આવો, આજ હિસાબ ચોખ્ખો કરો.”

એટલું બોલીને અભાની અગ્નિઝરતી આંખો ગાદી ઉપર ખેલતા કુંવર વજેસંગજી ઉપર ઠેરાણી. અભાની છાતીમાં શ્વાસ ધમાઈ રહ્યો હતો.

“અભા કામદાર !” ગરીબડું મોં કરીને મહારાજ બોલ્યા, “ આમાં હું જો કાંઈ જાણતો હોઈશ તો મને આ વજેસંગના સોગંદ છે.” એમ કહીને મહારાજાએ કુંવરને માથે હાથ મેલ્યો.

"ત્યારે ? બીજું કોણ જાણે છે ?”

“હીરજી મેહતો. ”

પટ દઈને અભો પાછો ફરી ગયો. એક પણ ઉચ્ચાર કર્યા વગર ધબ! ધબ ! ધબ ! ધબકારા કરતો, આખો ગઢ ગજાવતો એ મેડીએથી ઊતરી ગયો. ડેલીએ બેઠેલા આરબની બેરખમાંથી એની સામે જોવાની પણ કોઈની છાતી ન ચાલી, કોઈ એને રોકી ન શક્યું. મહારાજાના શરીરમાંથી પરસેવો છૂટી ગયો.

“અરે, મહારાજ !” ભા દેવાણી બોલ્યા, “ ભાવનગરનો ધણી એક વાણિયાની પાસે પોતાના કુંવરના સમ ખાઈ બેઠો ! એટલી બધી બીક હતી ?”

“ભાઈ! તમે નહોતા સમજ્યા, પણ હું સમજ્યો હતો. હું એની અંખો ઓળખી ગયો હતો. એ આંખમાં ખૂન હતું. આ વજેસંગ અટાણે હતો-ન-હતો થઈ ગયો હોત. હમણાં તમે સનાનના સમાચાર સાંભળશો. માટે ઝટ આરબની બેરખ હીરજી મહેતાને ઘેર દોડાવો.”

આરબની બેરખને હીરજી મહેતાને ઘેર પહોંચવાનો હુકમ થયો. “એલી ! એલી !” કરતા પચાસ જમૈયાદાર આરબો હાથમાં દારૂ ભરેલી ઝંઝાળો લઈને ઊપડ્યા. બજારમાં સૂનકાર પથરાઈ ગયો.

કેળાં અને રોટલીનું ભોજન જમીને મોટી ફાંદવાળા હીરજી મહેતા સીસમના પલંગ ઉપર પોઢી ગયા હતા. એ ભીમસેની શરીરને કેટલીયે લડાઈઓની ફતેહની નિશાનીઓ પડી હતી. એની પ્રચંડ ભુજાને શોભાવનારી મોટી તલવાર સામી ખીંટીએ ટિંગાતી હતી. બખ્તર, ઢાલ અને ભાલું ભીંત ઉપર બેઠાં બેઠાં જાણે કે એ સૂતેલા ધણીની ચાકી રાખતાં હતાં. આતાભાઈને મહુવાનાં ત્રણસો પાદર કમાવી દીધાનો સંતોષ એના મુખમંડળ ઉપર પથરાઈ ગયો હતો.

ત્યાં તો કાળના ધબકારા બોલ્યા, મેડી ધણધણી ઊઠી : “હીરજી મે'તા ! સાબદો થાજે.” એટલી હાકલની સાથે જ દાદર ઉપર ઉઘાડી તલવારે ડોકું કાઢ્યું.

“કોણ છે ?” મહેતા હીરજી કામદાર ઝબકી ઉઠ્યા. કાળને જોયો. ખીંટીએથી તલવાર ખેંચવા ભુજા લંબાવી, પણ વખત ન રહ્યો. બીજે પલકારે તો અભો ઠેકીને એના ઢોલિયા ઉપર જઈ પહોંચ્યો ને એની તલવાર ખીંટી પરથી ખેંચી.

“એ અભા, તારી ગા ! મહુવાનો હિસાબ ચુકાવું !”

“હવે તો હિસાબ કરશું ત્યાં, ધણીના દરબારમાં જસા પાસે.”

એટલું બોલી અભાએ ખડગ ઉગામ્યું. મહેતાની ફાંદ ઉપર ઝાટકો દીધો. હીરજી મહેતાનું શરીર ઢળી પડ્યું. પેટમાંથી કેળાં-રોટલી બહાર નીકળી પડ્યાં. એ ઉપર અઢાર ઘા ઝીંકીને અભો ઊભો થયો; આકાશમાં જોઈને બોલ્યો: “હીરજી મહેતા ! હું યે હમણાં આવું છું. મૂંઝાઈશ મા. મારો ધણી મારી વાટ જોતા હશે. હીરજી મહેતા, આવું છું !”

“માટી થાજે, હિંગતોળ, માટી થાજે !” એવો અવાજ આવ્યો. અભાએ પાછળ જોયું, ત્યાં કલિયા હજૂરીને તલવાર લઈને આવતા જોયો. અભાએ દોટ કાઢીને કલિયાનેય ઢાળ્યો, એના કાન અને ખભા કાપી નાખ્યા, આખી મેડીમાં હોકારા-પડકારા બોલ્યા. હેઠળ “એલી ! એલી ! એલી !” અવાજ સંભળાણો, આરબની બેરખ આવી પહોંચી. અભાએ વિચાર્યું કે, “હમણાં મને બંદૂકે દેશે, મને ભૂંડે મોતે મારશે.”

અભાએ ચારે બાજુ જોયું. એક બ્રાહ્મણને ભાળ્યો. અભો દોડીને એની આગળ ગયો, કહ્યું :

"એ મા'રાજ, આ લે તલવાર, આરબને હાથે મરવા કરતાં બ્રાહ્મણને હાથે મરવું ભલું, ઉડાવી દે મારું ડોકું."

" બા...પા ! હું... હું ! તમારી...હ... ત્યા !"

" જલદી તલવાર ઝીંક, મા'રાજ! નીકર તનેય હમણાં હીરજી મહેતાની પાસે પોગાડું છું. લે, ઝટ કર્ય." બ્રાહ્મણે તલવારનો ઘા કર્યો, અભાનું માથું ઊડી પડ્યું. એનું ચારણી બિરદ-ગીત છે :

૧

વાગી હાક બપોરા વખતે,
લોપી એક વેણમાં લાજ,
ઊઠી ચડ્યો કઠોડે અભલો,
અભલો મણા ન રાખે અજ.

બપોરને વખતે હાક વાગી. પોતે પોતાના ધણીને આપેલ એક વચન ખાતર અભાએ લાજ લોપી. અભો કૂદીને મેડીને કઠોડે ચડ્યો.

૨

જાગી મે'તે હાથ જોડિયા,
દજડી દાઝે મુજ મ દાખ્ય,
લેણું ભરાં, દંડ દિયું લાખાં,
રૂડાં સેઠ, મું જીવતો રાખ્ય.

જાગીને હીરજી મહેતાએ હાથ જોડ્યા : હે અભા, મારી સામે તું સળગતી દાઝે ન જો. હું કરજ ભરું, લાખો રૂપિયાનો દંડ દઉં. હે ભલા વણિક, મને જીવતા રાખ.

૩

કહે સોરઠિયો વગધાં કરી લે,
મેલું (તો) લાગે ખોટ મને,
મૂંઝવણ મને આજે મ'વાની,
કરશું સમજણ જસા કને.

અભો સોરઠિયો કહે કે, હવે ગલ્લાંતલ્લાં કરવાં હોય તેટલાં કરી લે. હવે તને છોડું તો મને બટ્ટો બેસે. મને તો મૂંઝવણ મહુવા વિષેની જ છે. મારે કાંઈ રૂપિયા કે દંડ નથી જોતા. એવો બધો હિસાબ તો હવે સ્વર્ગ લોકમાં જસા ખસિયા પાસે જઈને કરશું.

૪

અભલે તાતી ખાગ અછટી,
થરહર ભાવનગર થિયો,

હેડી અતા તણી હીરજી,

કટકા મેડી માંય કિયો.

અભાએ તાતી તલવાર ઝીંકી. ભાવનગર થથરી ઊઠ્યું, ને ઠાકોર આતાભાઈના જોડીદાર હીરજી મહેતાના મેડી ઉપર કટકા કર્યા.

૫

ધજવડ ભાંગી તોય ધડુશિયો,

કલિયા તણો ખભો ને કાન,

એ સમયે વિપ્ર એક આવિયો,

દીધું શીશ વિપ્રને દાન.

પછી તલવાર ભાંગી ગઈ તોપણ કલિયાના ખભા ને કાન કાપ્યાં. એ વખતે એક બ્રાહ્મણ ત્યાં આવ્યો, તેને અભાએ પોતાનું મસ્તક દાનમાં દીધું.

૬

ઈડો લાખો, પેથો, અમરો,

રાધા જેવડા મૂવા રઘુ,

અઠગણી ખત્રવટ એનાથી,

વણિક તણો કાંઈ ખેલ વધુ.

પૂર્વે ઈડા વગેરે જે જબરા નરો મૂઆ છે, તેમનાથી પણ આ વણિકની ક્ષત્રવટ તો આઠગણી વધી ગઈ.

મરેલા અભાને મેડીએથી નીચે ફગાવ્યો. ઠાકોર આતાભાઈની આજ્ઞા થઈ: "એને કૂતરાની માફક ઘસડતા મસાણે લઈ જાવ."

આવી દશામાં અભાની લાશ નીકળી. સહુ જોઈ રહ્યા. હજારોમાંથી ફક્ત એક જણથી આ હાલ જોઈ ન શકાણા. એનું લોહી ઊકળી આવ્યું : એનું નામ મોડભાઈ નામનો ચારણ અટારીએ ઊભા રહીને આ શબને ઢસરડાતું જોતાં આતોભાઈ મૂછે તાવ દઈ રહ્યા છે, તે વખતે મોડાભાઈએ બજારમાં ઊભીને દુહો લલકાર્યો :

માર્યા ને મૂવા તણો, ઘોખો કાંઉ ધરે ?

મે'તાને મોર્ય કરે, હાલ્યો સોરઠિયો અભો,

એ ઠાકોર, માર્યા-મૂઆનો આવો ખાર મનમાં શું રાખી બેઠો છે ? તું હવે અભાને ઢસરડાવીને લઈ જા, તોપણ શું થઈ ગયું ? અભો મસાણે જાય છે ખરો, પણ મહેતા હીરજીને મોખરે કરીને જાય છે, એમાં કાંઈ વાંસા-મોર્ય થોડું થવાનું છે ?

મે'ણું સાંભળીને આતોભાઈ શરમાઈ ગયા. અભાના શબની આ દશા અટકાવી દઈને રીતસર દેન દેવરાવ્યું.

પાસે એને મોકલ્યો. હીરજી મહેતા સૂતા હતા. અભાએ પ્રથમ એને દોરી વડે પલંગ

સાથે બાંધી લીધા ને પછી હીરજી મહેતાની જ તલવાર લઈને એનો ઘાત કર્યો. પછી ભાને હીરજી મહેતાના આરબોએ માર્યો, મેડી પરથી એની લાશને નીચે ફગાવી, અને ઘસડીને સ્મશાન લઈ ગયા. ત્યાર પછી મહારાજે પોતાની હદમાંથી સોરઠિયાઓને કાઢી મૂક્યા હતા.'

પણ અમે આપેલી હકીકતની સાક્ષી તો ઉપર ટાંકેલા ગીતમાંથી જ જડે છે. ખાસ કરીને–

' કરશું સમજણ જસા કનેં,'

–એ ચરણ બતાવે છે કે આમાં કંઈક જસા ખસિયાનો સવાલ હતો.

આ બનાવ બની ગયા પછી આતાભાઈએ જસા ખસિયાના પુત્ર ખીમાને મોણપર અને સેદરડાનાં બાર ગામ પાછાં આપ્યાં હતાં. અત્યારે ખસિયાઓ એ બાર ગામ ખાય છે.]

૨૦
મેર જેતમાલ

લખનાર : સ્વ. જગજીવનદાસ કા. પાઠક

આ જે આસો સુદ નોમનો દિવસ છે.

પાણકોરાના ચોરણા, પાસાબંધી આંગડીઓ ને માથે બાંધેલાં ભોજપરાંથી શોભતા હજારો રબારીઓ આજે બળેજમાં મમાઈને મઢે મેળે આવેલ છે. તેલમાં ભીંજાવેલા ગુલાલનો શણગાર તેમનાં હેતાળ હૈયાં ઉપર તથા પહોળી પરાક્રમી પીઠ ઉપર માતાની પ્રસાદીરૂપે શોભી રહ્યો છે. રબારીનો બચ્ચો શોણિતવર્ણા આ શણગારને મહામૂલ્યવાન માની મહિનાના મહિના સાચવે છે. જોનારને આ શણગાર ઘાયલ રણસૈનિકોની ભ્રાંતિ કરાવે છે. બળેજમાં એની આથમણી દિશામાં આવેલા ભૂવાકેડામાં આજે મેદની માતી નથી.

એટલામાં પોતાનું પવિત્ર અને વહાલું 'સરજુ'નું સંગીત ગાતી સેંકડો રબારીની એક મંડળી મઢની બહાર નીકળી. સાંભળનારને તો એ ગાનમાં માત્ર 'હા – હે – હૂ-હે'નો લાંબો રાગડો જ લાગે છે; ને એ બોલનાર જંગલી છે એટલો જ ભાસ થાય છે; પણ તેમ નથી. 'હા – હે – હૂ– હે ' એ સૂરોમાં પોતાના ઈષ્ટદેવની 'સરજુઓ' રબારી લોકોએ સાચવેલી છે. સરજુઓ એ સ્તવનકાવ્યો છે, ને વેદમંત્રોની પેઠે અનધિકારીઓથી ગુપ્ત રાખવા માટે તેમાં 'હા – હે – હૂ-હે' એવા સ્વરોની પૂરણી કરેલી છે. એ સરજુ ગાનારી ટોળીમાં એક માણસે હાથમાં 'માતાની પીંછી' ઝાલેલી હતી, શ્રી કૃષ્ણ શિરે ધરાવેલ એ મયૂરપિચ્છ તે માતાની વહાલામાં વહાલી વસ્તુ છે એમ રબારીઓ માને છે.

હાથમાં કડિયાળી ડાંગોવાળા, કદાવર રબારીઓ સરજુઓ ગાતા ગાતા મઢની બહાર ડાબી બાજુએ ખોડેલા એક પાળિયા પાસે આવ્યા, સિંદૂરે અર્ચેલા એ પાળિયાને શિરે તેમણે માતાની પીંછી અડાડી, ત્યાં ઊભા રહી કેટલીય વાર લાંબે રાગે સરજુઓ લલકારી, કેમ જાણે તેઓ પાળિયાનાં યશોગાન ગાતા હોય, આમ કરવાનું મેં કારણ પૂછતાં તેમણે કહ્યું :

આજથી આશરે ૧૫૦ વર્ષ ઉપર આ બળેજમાં આલા મેરનો દીકરો જેતમાલ થઈ ગયો. તેનો આ પાળિયો છે. એ જેતમાલ કદે પાંચ હાથ પૂરો : એના ખભા જાણે પાડાની કાંધ : શી એની જુવાની ને શી એની ભલાઈ ! શુરવીરતા તો જાણે એના બાપની ! ઘરનો પણ સુખિયો : મોટો માલધારી : એણે દેવળિયામાં નેસ નાખેલો, અને ત્યાં પોતાનો માલ તથા સગાંસંબંધી રહે.

એક વાર બાબીની ગિસ્તે આવીને બળેજનાં ઢોર વાળ્યાં. જેતમાલ બેઠો બેઠો રોટલો ખાતો હતો, ત્યાં સુદાખડા મીરે આવી કહ્યું:

સીમાડે સાવજ તણે , બાકરથી કેમ બેસાય ?

જોતાં જોણ કે ' વાય , અચરત આલણરાઉત !

તારા જેવા સિંહને સીમાડે બકરા જેવા બાબીથી કેમ બેસી શકાય? હે આલણનાં સુત જેતા, તું જેવો ભડ બેઠો છતાં જો ગિસ્ત ઢોર હાંકી જશે, તો તુંમાં જોણ કહેવાશે.

ખાવું પડ્યું મૂકી જોગમાયાની જીભ જેવી વિકરાળ તલવાર તાણી, ઘોડીએ ચડી, જેતમાલ પોતાના સાથીઓ સાથે ગિસ્ત પાછળ દોડ્યો. શત્રુઓને પકડી પાડ્યા, અને કાઠાની કદાવર કણબણ દાતરડે કણસલાં કાપે તેમ ગિસ્તને કાપવા લાગ્યા.

મચ્યો ખડગ જોટા તણો દેવાળચે મામલો,
કાહેરાં કાપિયાં દેખ કેતાં,
આલાતણો કુત અજર તન ઊપડ્યો,
ઝેંપથી ઠારિયા હાથ જેતા. (૧)

ત્રેહકે નગારાં ત્રંબાળાં ઘૂઘવે,
લોહાં વઢંતે દાવ લાધ્યો,
ઝીંક કુંતાંદ્ર તણી રાહોતાં ઝુફરે,
બળેજો અભંગ ભડ ભીસ બાધ્યો. (૨)

અભંગ દળ બાબિયાં આવિયાં કંઠાડે,
વાગિયાં તબલ્લાં બલા વાજાં,
તેજીલી તેગને વીંઝતો જેતડો,
ઝોળીએ ટપકતાં ગયાં ઝાઝાં. (૩)

કવિ કે' વેડો કર્યો વીર તેં વંકડા,
જામખાના લગણ વાત જાણી,
કિરત અવિચળ કરી કુશળ ઘર આવિયો,
પરીએ ચડાવ્યું અમર પાણી. (૪)

ગિસ્તના ભાડૂતી સિપાઈઓ મરદ મેરોની ઝીક ક્યાં લગી ઝીલે ? સિપાઈઓ ઘવાણા ને ઝોળીમાં પડી ટપકતે લોહીએ ઘર ભેગા થયા. એમ પરિયાંને અમરતાનું પાણી પાઈ જેતો ક્ષેમકુશળ ઘેર આવ્યો.

એક બીજો પ્રસંગ: બાલોચ કોટડા તરફ જે સંધી વસતા, તેમને કાંઈક કારણે રબારીઓ સાથે વેર બંધાયેલું. એ વેર વાળવાને મનસૂબે મદોન્મત્ત પંદર સંધીઓ માતાનો મઢ લૂંટવા ભૂવાકેડે આવ્યા. મઢમાં પેસવા જાય છે ત્યાં

1. ૧ તલવાર.
2. ૨ કાયર.
3. ૩ કેટલાં.
4. ૪ સુત
5. ૫ ઝડપથી.
6. ૬ ભાલાં
7. ૭ રાજાનું.
8. ૮ જૂથ.
9. ૯ બળથી.
10. ૧૦ કંઠાળ પ્રદેશમાં.
11. ૧૧ ભારે.
12. ૧૨ પૂર્વજને.

એક ઘરડા રબારીએ તેમને ટપાર્યા, પણ ત્યાં તો તેમણે

પોતાનું પોત પ્રકાશ્યું. વૃદ્ધ રબારીને તરવાર મારી ધૂળ ચાટતો કર્યો.

ભૂવો બહારગામ ગયેલા અને પુરુષવર્ગ સીમમાં ગયેલો. ઘેર હતાં માત્ર બૈરાં-છોકરાં. તેમણે રોકકળ અને બૂમાબૂમ કરવા માંડી. પાસેને રસ્તે ચાલ્યા જતા જેતમાલે એ બૂમો સાંભળી. દોડીને તે ભૂવાકેડામાં આવ્યા. જુએ છે તો માતાના પવિત્ર મઢમાં સંધીઓ ઘૂસેલા ને એક રબારી બહાર ઘાયલ પડેલો.

મામલો જોતાં જ જેતાની આંખ ફાટી. કાળી નાગણના જેવી તલવાર તાણી તે સંધીઓ ઉપર તૂટી પડ્યો. “લેજે મમાઈ !” કહેતો જાય ને એક ઘા ને બે કટકા કરતો જાય. જેને જેતાનો એક ઝાટકો લાગે તે સંધી ફરી શિખામણ ન માગે. એ ધીંગાણામાં એણે બાર જણાને લાંબા તાર કર્યા, પણ છેલ્લા ત્રણ સંધીઓ મરણિયા થઈ જેતા ઉપર ધસ્યા ને આ ઠેકાણે એ મરદ મેરનું માથું નોખું કરી એ લોકો નાઠા. ભાઈ ! એ જોરાવર જેતાની આ અમારે ખાંભી છે. માતાનો મઢ સાચવવા એ ભડે પ્રાણ આપેલા છે. એથી જ અમે એને માથે માતાજીની પવિત્ર પીંછી અડાડીને એને આશીર્વાદ આપીએ છીએ.

મઢ મેલી માતા તણો, જો તું જેતા જાત,
તે સ્ત્રવખંડ ચે'રો થાત, સૂરજ ઊગત નૈ.

૨૧
ભાઈબહેન

ચો ટીલાથી ત્રણ ગાઉ પાંચાળમાં રેશમિયું ગામ છે. ગામને સીમાડે ભેડાધાર નામની એક ગોળાકાર ધાર છે. ધાર ઉપર પાળિયા છે. એક પાળિયો સ્ત્રીનો છે. સ્ત્રીની સાથે બે બાળકો છે : એક આંગળીએ વળગેલું અને બીજુ કેડમાં તેડેલું. બીજો પાળિયો એક ઘોડેસવારનો છે.

કેટલાં વરસ પહેલાંની આ વાત હશે તે તો કોણ જાણે ! કચ્છ તરફથી એક ચારણી ચાલી આવતી હતી, સાથે એનાં બે છોકરાં હતાં. ચારણી એની ભેંસો હાંકીને પોતાને દેશથી નીકળી હતી. વાટમાં ખાવાનું નહોતું મળ્યું. કેડે બેઠેલાં બાળકે માની છાતી ચૂસી ચૂસીને ગાભા જેવી કરી નાખી હતી. આંગળીએ ટિંગાતું બાળક, ભેસનું પળી-બે- પળી દૂધ મળતું તે ઉપર નભ્યે આવતું હતું. ચારા વગરની ભેંસો માર્ગે મરતી આવતી હતી. ચારણીને માથે ધાબળી પડી હતી, અંગે કાળી લાયનું કાપડું અને ગૂઢા રંગમાં રંગેલ ચોળિયાની જીમી પહેર્યા હતાં. ડોકમાં શૂરાપૂરાનું પતરું, હાથમાં રૂપાના સરલ અને પગમાં દોરા જેવી પાતળી રૂપાના વાળાની કાંબીઓ એ એનો દાગીનો હતો. એક તો ચારણ વર્ણની બાઈઓ કુદરતી જ ઉદાસ રહે છે : તેમાંયે આ બાઈને તો સંસારનાં વસમાં વીતકોએ વધુ ઉદાસ કરી મૂકી હતી.

બાઈ રેશમિયા ગામને સીમાડે જ્યારે ધાર ઉપર આવી ત્યારે એના હૈયાની મૂંગી આપદા સરખી સાંજ નમતી હતી. તે ટાણે બરાબર તે જ ધાર ઉપર એક ઘોડેસવાર સામે મળ્યો. બાઈને કાંઈક અણસાર આવી. બરાબર ઓળખાણ ન પડી એટલે બાઈએ પૂછ્યું :

"ભાઈ, મારો ભાઈ રેશમિયો આયર આ ગામમાં છે કે નહિ ?"

"કેવાં છો તમે, બાઈ?"

"અમે ચારણ છયેં, બાપ !"

"ત્યારે રેશમિયો આયર તમારો ભાઈ ક્યાંથી ?"

"બાપ, બહુ વહેલાનો મેં એને વીર કીધો છે. પંદર વરસ થયાં અમે એક-બીજાને મળ્યાં નથી. ઓણ અમારે કચ્છમાં દુકાળ પડ્યો ને ઘરવાળો પાછા થયા. મને સાંભર્યું : કે માલ હાંકીને રેશમિયાની પાસે જાઉં તો કાળ ઊતરી જવાય. બાપુ, પાણીયે મોંમાં નથી નાખ્યું. હશે, હવે ફકર નહિ. ભગવાને ભાઈ ભેળાં કરી દીધાં."

પોતે ઘોડિયે સૂતી હતી તે દિવસે પોતાનાં માવતરનું મવાડું સોરઠ દેશમાં નીકળેલું. માર્ગે એક વખત વગડો આવ્યો ને ઝાડને થડ પડેલું તાજું અવતરેલું બાળક રોતું દીઠેલું. દુકાળ બળતો હતો, માવતર પેટનાં છોરુને રઝળતાં મેલી પોતાનો બચાવ ગોતતાં ભમતાં હતાં, માયા-મમતાની અણછૂટ ગાંઠ્યો પણ છુટી પડતી - એવા કાળા દુકાળને ટાણે ચારણ્યના માબાપે આ છોકરાને તેડી લીધું અને માએ એક થાનેલેથી પેટની દીકરીને વછેડી નાખી આ પારકા દીકરાને ધવરાવી ઉછેર્યો, મોટો કર્યો, કમાતો કર્યો, વરાવ્યો-પરણાવ્યો હતો. એ પોતે જ ધર્મનો ભાઈ રેશમિયો. નોખાં પડ્યાં તે દિવસ કહીને ગયેલો કે, 'બોન ! વપત પડે તે દિવસે હાલી આવજે !' આજ વખાની મારી બહેન એ રેશમિયા ભાઈનું ઘર ગોતતી આવી છે. ઘોડેસવાર વિચારમાં પડી ગયો. એને સાંભરી આવ્યું. એ બોલી ઊઠ્યો : "અરે બેન, રેશમિયો તો પાછો થયો !"

પોતે જ રેશમિયો ભેડો હતો, પણ પેટમાં પાપ પેસી ગયું.

"રેશમિયો પાછો થયો ?" બાઈને જાણે પોતાના કાન ઉપર ભરોસો ન આવ્યો હોય તેમ ફરી પૂછ્યું.

" હા, બાઈ, પાછો થયો – આઠ દિવસ થયા."

"ભાઈ પાછો થયો ? ના, ના, થાય નહિ." બાઈ ગાંડી થઈ ગઈ હોય તેમ લવવા માંડી. 'હેં, પાછો થયો ?' 'પાછો થયો ?' 'થાય કાંઈ?' એમ ધૂન ચડવા લાગી. આંખો જાણે નીકળી પડતી હોય તેમ ડોળા ફાડીને ચારણી આકાશને, ધરતીને અને ઝાડપાનને પૂછવા લાગી કે, 'વીર મારો પાછો થયો ?'

ઘોડેસવારને થર થર કંપ વછૂટ્યો. ઘણુંય મન થયું કે નાસી છૂટું; પણ ઘોડાની લગામ હલાવી-ચલાવીયે ન શકાણી. ધરતી સાથે ઘોડાના ડાબલા જાણે જડાઈ ગયા. પાગલ બનેલી ચારણીએ ઘૂમટો તાણીને ચોધાર આંસુ પાડતાં પાડતાં મરશિયા ઉપાડ્યા:

ભલકિયું ભેડા, કણાસયું કાળજ માંય,

રગું રેશમિયા, (મારીયું) વીધીયું વાગડના ધણી !

હે ભેડા, તેં તો મારા કાળજામાં ભાલાં ભોંકયાં હે વાગડિયા શાખાના આયર, મારી નસો તેં વીંધી નાખી.

ઘોડો મૂવો ઘર ગિયાં, મેલ્યાં મેવલીએ,

રખડી રાન થિયાં, (ત્યાં) રોળ્યાં રેશમિયે.

ઘોડા જેવો મારો ધણી મર્યો. મારાં ઘર ભાંગી ગયાં. વરસાદે પણ રઝળાવ્યાં. રખડી રખડીને હેરાન થઈ ગયાં. ત્યાં જેની છેલ્લી આશા રહી હતી તે રેશમિયે પણ રોળી દીધાં.

કેંક કઢારા, કાઢિયા, (હવે) છોરું બાંન પિયાં,

રેશમિયો ભેડો જાતે, માથે દાણિંગર રિયાં,

મારે માથે કરજ હતું, તે મારો ભાઈ રેશમિયો ચૂકવશે એમ આશા હતી. આ તો કરજ માથે રહી ગયું. ઘણા ઘણા કાળ સુધી કઢારે અનાજ લઈને ખાધું, પણ આજ તો મારા છોકરાને લેણદારો બાન કરી લઈ ગયા છે.

ભેડો અમણો ભા, (જાણ્યો) વાંઢિયા,ને વરતાવશે,

(ત્યાં તો) વાટે વિસામા, રોળ્યા રેશમિયા !

આશા હતી કે, રેશમિયો ભેડો મારો ભાઈ છે તેથી દુકાળ પાર ઉતરાવી દેશે; ત્યાં તો હે રેશમિયા, હે અમારા વિસામા, તેં અમારા જીવન-પ્રવાસને માર્ગે જ અમને રઝળાવ્યાં.

ભેડા ભાંગી ડાળ, જેને આધારે ઊભતા,

કરમે કોરો કાળ, રોળ્યાં રેશમિયા !

હે ભેડા, જેને આધારે અમે ઊભાં હતાં તે ડાળી જ ભાંગી પડી. હવે કર્મમાં કાળો દુકાળ જ રહ્યો.

(આ) ટોળાં ટળ્યાં જાય, નવરંગી નીરડીયું તણાં,

(એના) ગોંદરે નૈં ગોવાળ, રેઢાં ટોળ્યાં રેશમિયા !

આ જાતજાતની રૂપાળી ગાયોનાં ધણ રેઢાં ચાલ્યાં જાય છે, કારણ કે આજ એને હાંકનાર ગોવાળ નથી. ગોવાળ વિનાની ગાયો ભાંભરતી જાય છે.

જેમ જેમ મરશિયા કહેવાતા ગયા, તેમ તેમ રેશમિયો ઘોડેસવાર પથ્થર બનવા લાગ્યો. ઘોડાના ડાબલા થીજી ગયા, ઘોડાની આખી કાયા કઠણ કાળમીંઢ જેવી બની ગઈ. ઉપર બેઠેલ અસવારનું લોહી થંભી ગયું, છાતી સુધી જ્યારે

1. * નીરડી, ખેરડી, ઝરિયું, કાબરી, ગોરી, ધોળી — એ બધી ગાયોનીજાત છે. ગોરા શરીર ઉપર કાળા ડાઘ હોય તેને 'નીરડી' કહેવાય.

પથ્થર બની ગયો ત્યારે રેશમિયો કારમી ચીસ પાડી ઊઠ્યો !

"એ બહેન, ખમૈયા કરી જાઃ હું જ તારો ભાઈ - હું જ રેશમિયો. મેં ઘોર પાપ કર્યું. હવે દયા કરી જા."

ચારણીના હાથમાં વાત નહોતી રહી. એના રોમ-રોમમાં જાગી ઊઠેલું સત હવે શમે નહિ. એના હાથમાંથી તીર છૂટી ગયું હતું. એ બોલી :

ભેડા ભેળાતે, વીણેલ વણુંને વાળીએ,

(પણ) સાંઠી સુકાતે, રસ ન રિયો રેશમિયા !

હે ભાઈ ભેડા, કપાસના છોડમાંથી કપાસ વિણાઈ ગયો હોય, ખેતર કોઈએ ભેળી દીધુ હોય, તો તો ફરી પાણી પાઈને આપણે એને કોળવી શકીએ. ફરીવાર એને કપાસનો ફાલ આવે. પણ કપાસના છોડની સાંઠી સુકાઈ ગયા પછી એમાંથી રસ જ નીકળી જાય. ત્યારે એને પાણી પાવું નકામું. એ રીતે, હે વીર, તારા જીવનની સાંઠી જ સુકાઈ ગઈ. એટલું બધું કૂડ તારામાં વ્યાપી ગયું, કે હવે ફરી વાર એમાં પ્રાણ મૂકી ન શકાય.

ભેડાને ભોંય લેતે, દૃશ્યું ચારે ડૂલિયું,

સો ગાઉએ સગા, પંથ બધો માથે પડ્યો.

રેશમિયા ભેડાને મરવા ટાણે જ્યારે ભોંય લીધો – જમીન પર સુવાડ્યો ત્યારે ચારે દિશાઓ પડી ગઈ. અને હે મારા સાચા સગા, મારો સો ગાઉનો આખોય પંથ નિષ્ફળ નીવડ્યો.

આંખે અમરત હોય, (તો) જાતાંને જિવાડીએ,

(હવે) ઝરવા માંડ્યું ઝેર, રસ ગ્યો રેશમિયા !

હે ભાઈ રેશમિયા, મારી આંખમાં અમૃત રહ્યું હોય તો તો મરતાને એક વાર એ દૃષ્ટિનું અમૃત છાંટીને જીવતો કરીએ. પણ હવે તો મારાં નેત્રોમાંથી દુનિયાના મતલબીપણા ઉપર ધિક્કારનું ઝેર ઝરવા લાગી ગયું, હવે મારી આંખમાંથી સંજીવનીનો રસ ખૂટી ગયો. મારો ઈલાજ નથી રહ્યો.

ભરદરિયે કોઈ વાણ, ભેડાનું ભાંગી ગયુ,
પંડ થાતે પાખાણ, રસ ગ્યો રેશમિયા !
હે રેશમિયા ભાઈ, તુજ સમું વહાણ મારે જાણે કે જીવતરને મધદરિયે ભાંગી

પડયું. મારું પિંડ પણ હવે પાષાણ બની ગયું, હવે મારા અંતરમાં રસ ન રહ્યા.

ટોળામાંથી તારવ્યે **(જેમ)** ઢાઢું દિયે ઢોર**,**
(તેમ) કાપી કાળજ**-**કોર**,** ભેડા ભાંભરતાં રિયાં**.**

હે ભાઈ ભેડા, જેમ કોઈ પશુને એના ટોળામાંથી વિખૂટું પાડતાં એ વેદનાની ચીસો પાડે છે, તેમ આજ હુંયે તું વિહોણી થતાં પોકારું છું. તેં મારા કાળજાની કોર કાપી નાખી. હું એકલા પશુ જેવી ભાંભરતી જ રહી.

આખો અસવાર નિર્જીવ પથ્થર બની ગયો. ચારણી પણ છોકરાં સાથે પથ્થરની પૂતળી બની ગઈ ભેંસો એ સાંજને ટાણે ધાર ઉપર એકલી ભાંભરતી રહી.

૨૨
પિંજરાનાં પંખી

સં. ૧૯૬૭ના અષાઢની અંધારી બારશની અધરાતે આ વાત બની ગઈ છે. બારાડી * તાલુકાના કોઈ પણ તુંબેલ ચારણ જયારે ભેટી જાય છે ત્યારે જેઠા મોવડ અને કરમાબાઈની વાત ઉચ્ચારતાં વાર જ ડોકું ધુણાવીને ધીરી, મીઠી હલકે એ ગાવા લાગે છે :

જેઠો મોવડ જુગ માં જીત્યા, કરમાબાઈ કુળનો દીવો.

એ ધણી-ધણિયાણીનું ગામ રાણાગામ :

રાણાગામ ઋષિનો ટીંબો, કરમાબાઈ કુળનો દીવો,

મનાય છે કે આજ જયાં એ ગામ છે, ત્યાં જ અસલના જુગમાં જમદગ્નિ ઋષિનો આશ્રમ હતો, અને એ જ રેણુકા નદીનાં ગંગાજળિયાં નીરને ઋષિનાં અધાઁગિની રેણુકા માતા લૂગડે બાંધી બાંધીને પર્ણકુટિમાં ઉપાડી લાવતાં હતાં. માણસો વાતો કરે છે કે જેઠા મોવડ અને કરમાબાઈ એ તપિયાંનાં અવતારી હતાં.

જાતનાં એ તુંબેલ ચારણ હતાં. જેઠાની અવસ્થા પચીસેક વરસની હશે, અને બાઈ પણ વીસેક વરસનાં હશે. બેય જણાંની ભરજુવાની ચાલી જતી હતી. દેવતાઈ તો એમનાં રૂપ હતાં. બેયની મુખમુદ્રામાંથી સામસામી જાણે પ્રીતની ધારાઓ છૂટતી હતી. ઘડીક વાર નોખાં પડે તો પાણી વિનાનાં માછલાંની જેમ તરફડવા માંડે, એકબીજાની સામ નજર નોંધે ત્યાં તો રૂંવાડે રૂંવાડું જાણું હસીને બેઠું

1. * જામનગર અને દ્વારકા વચ્ચેનો જામનગર તાબાનો પ્રદેશ.

થઈ જાય. વળી, બેય માનવી રામાયણનાં ખરાં પ્રેમી હતાં.

મોરલો કળા કરીને ટૌકતો હોય ત્યારે જેમ ઢેલડી એની પડખે ઊભી ઊભી ટૌકારા ઝીલે, તેમ રોજ રાતે જેઠો લલકારી લલકારી રામાયણ ગાતો અને પડખે બેઠી બેઠી જુવાન ચારણી એ મધઝરતા સૂરને એકાગ્ર ધ્યાને સાંભળતી હતી. ખારો ધૂધવા જેવો સંસાર એ ચારણ જોડલીને તો મીઠો મહેરામણ જેવા લાગતો હતો.

જેઠો દિલનોય દાતાર હતો. પૈસેટકેય સુખી હતો. ઘેર પચાસ પચાસ હાથણીઓ જેવી ભેંસો ટલ્લા દેતી હતી. લેવડદેવડનું કામકાજ હોવાથી એના પટારામાં ગામપરગામના લોકોની થાપણ પણ પડી રહેતી. એનો મોટેરો ભાઈ પણ હતો. પોતે અને પોતાનો ભાઈ એક જ ફળીમાં નોખનોખ ઓરડે રહેતા હતા.

કોઈ કોઈ વાર મધરાતનો પહોર ગળતો હોય, આખું જગત દિવસની આપદા ભૂલીને રાતને ખોળે પોઢતું હોય, રામાયણના સૂર સાંભળી સાંભળીને

હવા પણ થંભી ગઈ હોય, આભમંડળ એના અવાજને હોંકારો દેતું હોય અને ચાંદરડાં આ ચારણની બેલડીને માથે શીતળ તેજ ઢોળતાં હોય, તેવે ટાણે જેઠો મોવડ કરમાબાઈનાં નેત્રોનું અમી પીતો પીતો નિસાસા નાખીને કહેતો :

"અરે ચારણી ! આટલાં બધાં સુખ હવે તો સહેવાતાં નથી. એક દી આનો અણધાર્યો અંત આવશે તો ?"

ચારણી સામે ઉત્તર નહોતી વાળી શકતી. એની મોટી મોટી આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવતાં. એના અંતરમાં ફાળ પડતી : "અરેરે ! જોડલી કયાંક ખંડાશે તો ?"

સોનાના પિંજરમાંથી બેય જણાંના પ્રાણ ઊડું ઊડું થતા હતા. એમ કરતાં કરતાં સંવત ૧૯૬૭નો પુરુષોત્તમ મહિનો આવ્યો. અગાઉ એક વાર જેઠો વાતવાતમાં બોલી ગયો હતો : "મેં તો મારું માથું શંકરને અર્પણ કર્યું છે." કોઈકે આ વેણ સાંભળ્યાં, કોઈકે હસી કાઢ્યાં, ને એમ વાત રોળાઈટોળાઈ ગઈ હતી. પણ ફક્ત ચતુર ચારણીને હૈયે એના ભણકારા વાગી ગયા હતા. એની આંખો જેઠાની વાંસે વાંસે ભમવા માંડી હતી. જેઠાના મોં ઉપર દિવસે દિવસે નવીન કાન્તિ ઝળહળવા લાગી હતી.

અષાઢ મહિનાની દશમ અને શુક્રવારે જેઠાએ એક કાગળનો ખરડો લાવીને કરમાબાઈના હાથમાં મેલ્યો અને કહ્યું : "આમાં આપણી લેણદેણ લખી છે. તેમાં જેની જેની થાપણ નોંધેલ હોય તેને તેને પાઈએ પાઈ ચૂકવી દેજે."

"મને કાં સોંપો ?"

"મારે ગામતરે જાવું છે."

"હું જાણું છું, પણ હું તો તમારા મોઢા આગળ હાલી નીકળવાની છું." એ વધુ ન બોલી શકી. એનું ગળું રૂંધાઈ ગયું.

"ચારણી ! એ ગામતરાનાં પરિયાણ કાંઈ રોતાં રોતાં થતાં હશે ?" જેઠાએ કરમાબાઈને માથે હાથ મૂક્યો.

"લ્યો, નહિ રોઉં, હો ! હસીને હારે હાલીશ. પણ સદાય એ હાથને મારે માથે જ રાખ્યે આવજો." એટલું બોલીને ચારણીએ આંખો લૂછી નાખી.

બેય જણાંએ રૂપિયા ગણી જોયા. પટારામાંથી જેની જેની થાપણ હતી તેને તેને બેલાવીને ચૂકવી દીધી.

થાપણવાળા કહે : " જેઠાભાઈ ! અમારે ઉતાવળ નથી."

"અરે ભાઈ ! ઉતાવળ તો મારે છે. લાંબી જાત્રાએ જાવું છે."

શનિવારે બેય જણાં નિર્જળ અગિયારસ રહ્યાં. આખો દિવસ રામાયણ વાંચી ને સ્તોત્ર ગાયાં. રાતેય રામાયણ ચાલુ રહી. ભાઈ અને ભાભીએ પણ બેઠાં બેઠાં સાંભળ્યાં કર્યું. થોડી વારે ભાઈ ઊઠીને સૂવા ચાલ્યા ગયા. અધરાત થઈ એટલે ભાભીએ કહ્યું : "જેઠા, હવે તો સૂઈએ."

"બે'ન ! તમે તમારે સૂઈ જાઓ. અમારે હજી એક અધ્યાય વાંચવો છે,

પછી અમેય સૂઈ જાશું.”

ભાઈ-ભોજાઈ ભરનીંદરમાં પડ્યાં છે. ગામમાં કૂતરું પણ જાગતું નથી. અંતરીક્ષમાંથી જેઠાને જાણે કે હરિ હાકલ કરે છે. બેય જણાંએ પૂજાપાનો સામાન ભેળો કર્યો : ચોખા, પાંચ સોપારી, ગોપીચંદન, ઘીની વાટકી, બે કોડિયાં, દીવાસળીની ડાબલી, આકડાનાં ફૂલ, બે કળશિયા અને એક તલવાર.

વર-વહુએ સ્નાન કર્યાં. માથામાં તેલ નાખ્યાં. એકબીજાના વાળ ઓળ્યા. કોરાં રૂપાળાં લુગડાં પહેર્યાં. આંખોમાં આંજણ આંજ્યાં. પૂજાનો સામાન લઈને ઘરની બહાર નીકળ્યાં. તાળું વાસ્યું, કૂંચી ટોડલે મૂકી, અગિયારસની અંધારી રાતે બરાબર એક વાગ્યે, ગામની બહાર, રેણુકા નદીને સામે કાંઠે રામેશ્વર મહાદેવને મંદિરે બેય જણાં ધીરે પગલે આવી પહોંચ્યાં – જાણે માહ્યરામાં પરણવા આવ્યાં.

પૂજાપાનો સામાન શિવાલયને ઓટલે મૂક્યો. સ્નાન કરવા માટે એક જ પોતિયું સાથે લીધું હતું. એટલે અકેક જણ પોતિયું પહેરીને નદીમાં નાહવા ગયું. પ્રથમ કરમાબાઈ નાહી આવ્યાં; એટલે એ ભીનું પોતિયું પહેરીને જેઠો નદીએ ગયો. નાહીને આવ્યો ત્યાં તો ઘીના બે દીવા કરીને બાઈએ તૈયાર રાખ્યા હતા. ચોખાની ઢગલી પણ કરી વાળી. ગોપીચંદન ઘસીને બેય જણાંએ શિવલિંગ પર તિલક કર્યું. પાર્વતીજીને પણ તિલક કર્યું. પોતે બેય જણાંએ પણ સામસામાં કપાળને સ્પર્શ કરી તિલક કાઢ્યાં. પડખોપડખ બેસીને રામાયણનાં પાનાં વાચ્યાં પછી જેઠાએ કહ્યું : “ત્યારે હવે ?"

“બીજું શું ? હું તો તૈયાર છું.” ચારણી મરકતી મરકતી બોલી. મોંમાં વેણ જરાય ધ્રૂજ્યાં નહિ.

“મનમાં કાંઈ રહી જાય છે ? જોજે હો, પ્રેત બનીને પીડાવું પડશે.”

“મનમાં બીજું શું રહે ? મનમાં રહેનાર તો મારી સાથે જ છે.”

જેઠાએ તલવાર કાઢી, ફરી વાર પૂછ્યું : “બીક લાગે છે ?"

“તમારા પડખામાં બીક લાગે ? હવે શું પૂછ્યા કરો છો ? કરો ને ઘા.” એમ કહીને એણે માથું ધરતી ઉપર ટેકવ્યું.

“ના, ના, મારે હાથે નહિ. હું સ્ત્રીહત્યા કરું તો શંકર મને સંઘરે નહિ.”

“ત્યારે ?”

“આ લે તલવાર ! તારે હાથે તારું પતાવ્ય.”

“કેમ બનશે ? અબળા...”

“અબળા મટ્યા વિના એ માર્ગે હીંડાશે કાંઈ ?”

"સાચું કહ્યું.”

એટલું બોલીને એણે ઓઢણાની ગાતરી ભીડી; સામે આંખો ઉઘાડીને બેઠેલી પાર્વતીની પ્રતિમાને હાથ જોડી બોલી : “માડી ! ખોળે લેજે.” પછી મહાદેવજીની પાસે બે હાથે ગરદન ઉપર હાથમાં જોર હતું એટલી ભીંસ દીધી.

પણ આખરે એનાથી બેસાયું નહિ, લાંબી થઈને ઊંધી પડી ગઈ. એના ગળાનો નળગોટો અરધો જ કપાણો. જેઠા મોવડે ૐકારનાં ગુંજન આદર્યાં. દેવળ પડછંદા દેવા માંડ્યું. ચારણીના લોહીના ખોબા ભરીભરીને પાર્વતીજી ઉપર છાંટ્યા. ચારણી પોતાના ભરથારના મુખમાંથી ગાજતા ૐકારને સાંભળતી શિવને શરણે ચાલી ગઈ.

જેઠાએ કહ્યું : "હું આવું છું હો કે ! આ આવ્યો."

જેઠાએ ફરી વાર રામાયણ વાંચી. પાઘડી ઉતારીને પડખે મૂકી. મહાદેવજીની જોડમાં વીરાસન વાળ્યું. જમણા હાથમાં તલવારની મૂઠ ઝાલી, ડાબે હાથે લૂગડા વતી પીંછી પકડી.

"લેજે દાદા ! આ મારી પૂજા "– એમ કહીને એણે ગળા સાથે તલવારની ભીંસ દીધી. તલવારને એક જ ઘસરકે માથું મહાદેવને માથે જઈ પડ્યું. ધડ બેહોશ થઈને શિવલિંગ પર ઢળી ગયું. પણ વીરાસન ન છૂટ્યું, તલવાર પણ એમની એમ હાથમાં ઝાલેલી રહી. પંખીડાંની જોડલી ધરતીને પિંજરેથી ઊડીને એ રીતે ચાલી ગઈ.

રાણાગામના જ એક રહીશની સાક્ષી વાંચીએ :

"અષાઢ વદ બારસ, રવિવારે સવારે મને ખબર મળ્યા કે રાણોસરમાં સ્ત્રી-પુરુષ મરેલાં પડ્યાં છે. હું ત્યાં ગયો. શિવલિંગની પાસે જ બે સ્ત્રી-પુરુષ મરેલાં દીઠાં. શિવલિંગની બાજુમાં ભીની પછેડી પડી હતી તેથી લાગ્યું કે બન્ને જણાં નદીમાં એક પોતિયે નાહ્યાં હશે; બે જુદેજુદે કળશિયેથી મહાદેવને નવરાવ્યા હશે; પોતાના કપાળે તથા મહાદેવને ગોપીચંદન લગાડેલ હશે. લિંગની પાસે ફૂલો પડ્યાં હતાં. બે માણસો એ બે કોડિયાંમાં ઘીના દીવા પ્રગટાવ્યા હશે એમ લાગ્યું. મંદિરના બારણા પાસે સોપારી પડી હતી, ચોખાની ઢગલી પડી હતી તેમાંથી પેન્સિલે લખેલો કાગળ નીકળ્યો. એમાં લખ્યું હતું કે, "આ કામ અમે રાજીખુશીથી કર્યું છે. અમને માફ કરજો. મારી પચાસ ભેંસોમાંથી એક ભેંસ મારી બહેનને દેજો અને ફળીમાં ખાણું છે તેમાંથી જારનાં ગાડાં દેજો." "કરમાબાઈ ઊંધી લાંબી પડી હતી. તેના પગ બારણા પાસે ને માથું પાર્વતીજી પાસે હોવાથી લાગ્યું કે એ મહાદેવની સામા ઊભા રહીને ગળામાં તલવાર નાખી પોતાને હાથે મરી હશે. એના હાથ સાફ હતા, પણ જેઠાના હાથ લોહીથી તરબોળ હતા. મહાદેવજી ઉપર ને પાર્વતીજી ઉપર લોહીનાં છાંટણાં હતાં તેથી લાગે છે કે કરમાબાઈના લોહીમાંથી ખોબા ભરીને જેઠાએ શિવપાર્વતી ઉપર અભિષેક કર્યો હશે. કરમાબાઈનો નળગોટો (ડોકું) અરધોક જ કપાયેલ હોવાથી પોતે પોતાના હાથે જ કમળપૂજા ખાધી હશે.

"જેઠાએ પોતાની પાઘડી ઉતારીને ખુલ્લે હાથે મહાદેવની જોડમાં વીરાસન વાળી તલવારથી પોતાનું માથું કાપ્યું હશે. બેઠેલો હોવાથી બેશુદ્ધ થયા પછી ગોઠણભેર ઊંધો પડી ગયો હશે. આખર સુધી તલવારની મૂઠ જમણા હાથમાં હતી અને ડાબા હાથમાં લૂગડા વતી પીંછી પકડેલી હતી. તલવારની મૂઠ તેમ જ પીછી તરફનો ભાગ લોહી વગરનો હતો. વચલો ભાગ લોહીથી તરબોળ હતો, તેથી લાગ્યું કે તલવારને બહુ વખત ચાંપીને જ કામ

પતાવ્યું હશે.

"મંદિરની બાજુમાં એ બેયની એક ચિતા ખડકી નાળિયેર, તલ તથા ઘીની આહુતિઓ આપી દહનક્રિયા કરવામાં આવી, તે સ્થળે આ યુગલની દેરી ચણી છે, આજ ત્યાં માનતા ચાલે છે."

*

આ વીરબેલડીનાં ગીત ગાનાર એક ચારણ નીકળ્યો. એ ચારણનું નામ દેવાણંદ ભગત. તંબૂરો લઈને એણે આ દંપતીનાં ભજન ગાયાં છે. બારાડીમાં એ ભજન ગળતે સાદે ઘરેઘરમાં ગવાય છે. કાવ્યદૃષ્ટિએ તો ભજનો નજીવાં છે.

એ હાલો હાલો સતી આપણે દેવળે જાયેં,
વે'લા વે'લા વૈકુંઠમાં જઈ વાસ કરીએ. – એ હાલો હાલો૦
હે સતી, જેઠો મોવડ કે' મને સપનું લાધ્યું,
જાણે કૃષ્ણજી આવીને ઊભા પાસે,
શંકરને ચરણે જઈને શીશ ધરીએં,
આવાગમન મટી જાશે રે, – એ હાલો હાલો૦
કરમાબાઈ સતી કે', સ્વામી તમે સત બોલ્યા,
એ તો મારે મન ભાવ્યાં રે,
જલદી કરો તમે સ્વામી મોરા રે,
તમ થકી અમે ઓધરીએં રે. - એ હાલો હાલો૦
ધન્ય ધન્ય સતી તારાં માતપત્યાને,
અમને ઉપમા આવી દીધી રે,
કાઠી સાંસતિયો, સધીર વાણિયો,
ત્રીજો જેસલ દીધો તારી રે. – એ હાલો હાલો૦
શ્રી ભાગવતમાં રાણી આવું બોલ્યા રે,
કોઈ પોતાના પિયુથી દુર્મતિ રાખે,
કોટિક્લપ કુંભીપાકમાં રાખશે,
પછે ઊંચ ઘેર અવતાર દેશે રે. – એ હાલો હાલો૦
જેઠો મોવડ કે એ મેં સાંભળ્યું
નવ નવ વરસે લગન લેશે રે,
વરસ અગિયારમે ચૂડાકર્મ કરશે,
એ નારી કેમ ઓધરશે રે. - એ હાલો હાલો૦
એક અસ્ત્રીને તરવાનો રસ્તો,
હરિગુણ હૈયામાં રાખે રે,
પોતાના પિયુજીને શિવ કરી માનશે,
તેને ત્રિકમજી લેશે તારી રે. – એ હાલો હાલો૦
રામનુ નામ રુદામાં રાખજો,
શામળો કરશે સારું રે,
ગુરુ ગંગારામને વચને દેવાણંદ બોલ્યા,
પ્રભુ અમને પાર ઉતારે રે, – એ હાલો હાલો૦
ઉપર જાઓ ↑ * પોતાના પતિથી ઠગાઈ રમનાર સ્ત્રીને પ્રભુ મોટા માણસના ઘરમાં અવતાર

દેશે એટલે કે સ્ત્રી ત્યાં બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્યથી દુઃખી થશે.

ભલો કામ સારો કીધો, જગજીવનને જીતી લીધો રે,
કુળ ઉજાળ્યો ચારણે, ભલો કામ કીધો રે–
પ્રભાતે ઊઠી પરિયાણ કીધું,
મમતા મેલીને ચારણે, સારો મારગ લીધો રે૦
જેઠો મોવડ કે' સતી જાપ આપણે જપીએં,
રુદામાં હરિના ગુણ આપણે ભજીએં.
કમીબાઈ સતી કહે સ્વામી ગાયત્રી પૂજા કીજીએં,
શ્રીકૃષ્ણ રામનું નામ મુખડેથી લીજીએં.
ટચલી આંગળીયું વાઢી તિલક ધ્યાન કીધાં,
શિર રે વધેરી ચારણે શંકરને દીધાં.
એવા ઉછરંગે મનમાં જાણે માયરે આવ્યાં,
પ્રથમ શીશ સતી કમીબાઈનાં વધાર્યાં.
ખમા ખમા કહીને શંકરે ખોળામાં લીધાં,
પારવતીજી પૂછે, ચારણ, તમને કોણે મારગ ચીંધ્યા ?
અમને અમારા ગુરુએ મારગડા બતાવ્યા,
એ ગુરુના પ્રબોધ્યા અમે તમ પાસ આવ્યા.
ગુરુને પ્રતાપે બારોટ દેવાણંદ બોલ્યા,
એ બાવડી ઝાલીને પ્રભુએ ભવસાગર તાર્યા.

રાણેશ્વર જાયેં જાયેં, અંગડાં આનંદમાં રાખીને,

કમળપૂજા લઈએં લઈએં રે

સરસ્વતી સમરું શારદા, ગણપતિ લાગું પાય,
એક સ્તુતિ મારી એટલી કે'જો, મારા બાંધવને કે'જો રામ રામ,

રાણેશ્વર જાયેં જાયેં.
જેઠા મોવડે કાગળ, લખ્યા, સતીએ દીધાં માન,
ભાવ રાખીને સત તમે ભાખજો, સતીએ લખાવ્યાં ઠામોઠામ,

રાણેશ્વર જાયેં જાયેં.
મોવડે મનમાં ધાર્યું , કમળપૂજા લેવાને કાજ,
સતી થાવ ને સાબદાં, ખડગ ખાંડું લીધું સાથ,

રાણેશ્વર જાયેં જાયેં.
જેઠો મોવડ કહે સતી તમે જાણજો, હું તો પૂછું પરણામ,
તમે અબળા કહેવાવ, આપણે ખેલવું ખાંડાની ધાર,

રાણેશ્વર જાયેં જાયેં.
અરે સ્વામી તમે શું બોલ્યા, પળ ચોઘડિયાં જાય,
સ્વામીની મોર્ય શીશ વધેરશું, ધન્ય ધન્ય મારાં ભાગ્ય,

રાણેશ્વર જાયેં જાયેં.

શંકર કહે હું કૈલાસમાં હતો, જેઠા મોવડની પડી જાણ,
જલદી રથ જોડાવિયા, તરત મેલ્યાં વેમાન રે,

રાણેશ્વર જાયેં જાયેં.
એકાદશીનું વ્રત્ પાળતાં, નર ને નારી એકધ્યાન,
તેત્રીશ કોટિ દેવ જોવા મળ્યા, ડોલવા લાગ્યાં સિંહાસન,

રાણેશ્વર જાયેં જાયેં.
દેવળમાં જઈ સતીએ દીવડા ઝગાવ્યા, અગરબત્તીનો નહિ પાર,
કમળ કસ્તૂરી કેવડો બે'કે બે'કે ફૂલડાં ગુલાબ,

રાણેશ્વર જાયેં જાયેં.
રેણુકા નદીમાં સ્નાન કરીને, કોરાં પાલવડાં પહેરાય,
પોતપોતાને હાથે શિર વધેર્યાં, અમર રાખ્યાં છે નામ,

રાણેશ્વર જાયેં જાયેં.
શંકર કહે સતિયાં તમે માગો, તમે સાચાં હરિનાં દાસ,
પૂતરનાં ઘેર પારણાં બંધાવું, આપું ગરથના ભંડાર,

રાણેશ્વર જાયેં જાયેં.
કમીબાઈ સતી કહે અમે શું માગીએ, આવો કળજુગ નો સે'વાય,
સદા તમારે શરણે રાખજો, રાખજો તમારી પાસ,

રાણેશ્વર જાયેં જાયેં.
તિથિ વદિ બારસ દિતવાર, મહિનો અષાઢ માસ,
સંવત ઓગણીસે સડસઠની સાલ, ચારણે સુધાર્યાં કાજ,

રાણેશ્વર જાયેં જાયેં.
ગાય શીખે ને સુણે સાંભળે, એનો વૈકુંઠમાં થાય વાસ,
ગુરુ પ્રતાપે દેવાણંદ બોલ્યા, પડનાં પ્રાછત જાય,

રાણેશ્વર જાયેં જાયેં.

જેઠા મોવડે આવું ધાર્યું, કમીબાઈએ સાથ સુધાર્યો,
એવાં સતી કમીબાઈને કહીએ, નિત ઊઠીને નામ લઈએ.
રામકથા હરિનામ લેતાં, શાસ્ત્રો વાંચીને સાર લેતાં,
એકાદશી વ્રત પણ રે'તાં, સેવા શંકરની કરતાં.
પરસોત્તમ માસ પૂરણ નાહ્યાં, અરપણ કીધાં શીશ સેવામાં,
અમર નથી રહેવાની કાયા, દુનિયાની ખોટી છે માયા.
આવી દેવળમાં દીવડા કીધા, તુલસીપાનથી પારણાં કીધાં,
રૂપા મોર મુખમાં લીધાં, ગોપીચંદનનાં તિલક કીધાં.
એવાં વિવેકી વિગતે કીધાં, પ્રેમના પ્યાલા પ્રીતે પીધા,
હરિરસ હામથી પીધા, કમલપૂજા જુગતીથી લીધા.
ગુરુ ગંગારામ વચને બારોટ દેવાણંદ એમ બોલ્યા,
જુગોજુગ અમર રહ્યાં, શંકરને શરણે થયાં.

જેઠો મોવડ જગમાં સીધ્યો, કમીબાઈ કુળનો દીવો,
રાણાગામ ઋષિનો ટીંબો, તેમાં અચરજ શું કે'વો.
દીનાનાથે મોકલ્યા અમને, જાવ પરોળીઆ પૂછો એને,
આવો કામો કોણે કીધો, આવો કોઈને ન દીઠો.

****